


[illegible]

[illegible]

પ્રભાતના રંગ

વિજયરાય કલ્યાણરાય

પ્રકાશક અને સોલ એજંટ
આર. વનમાળીદાસની કંપની: બુકસેલર્સ
૩૯૭, કાલબાદેવી રોડ: જુની ભાટિયા મહાજનવાડી સામે
મુંબાઈ—૨

પહેલી આવૃત્તિઃ સંવત ૧૯૮૩

રૂ. ૨-૪-૦

મુદ્રણસ્થાનઃ આદિત્યમુદ્રણાલય, રાયખડરોડ–અમદાવાદ.
મુદ્રકઃ ગજાનન વિશ્વનાથ પાઠક.

સૌ. વિનુમતીને

લેખકની નોંધ

આ સંગ્રહમાંનાં વીસ લખાણો ગયાં આઠનવ વર્ષમાં જુદે જુદે વખતે લખાયાં હતાં. તેમાંનાં કેટલાંક સ્વયંભૂ ઊર્મિથી અને બાકીનાં તંત્રીપ્રેરિત ઊર્મિથી લખાયલાં. આ કારણથી સઘળાં લખાણમાં એકસરખા ગુણ કે દોષ નહીં દેખાય. જો કશુંએ એક-સરખાપણું આખા સંગ્રહમાં હોય તો એટલું કે, વીસેવીસ કૃતિઓમાં રસ ને કલ્પનાનો ધીરો (ને કોઇ વાર, અ-ધીરો) પ્રવાહ વહે છે. જેવાં વિવેચનાત્મક લખાણો સાથે આ લખનારનું નામ ગયાં થોડાં વર્ષોમાં વિશેષે કરીને જોડાયું છે, તેવાં જેમ આ લખાણો એક પક્ષે નથી, તેમ બીજે પક્ષે, રસકલ્પનાનો મધ્યાન્હ પણ તેમાં તપતો નથી. આ કૃતિઓ વાંચતાં જે કંઈ પણ લાગણી વાંચનારને થશે, તે ઉઘડતા પ્રભાતના આછાકુમળા આકાશરંગોનાં દર્શને અનુભવાતાં

સંવેદનોને કૈંક મળતી આવશે. અને તેથી જ 'પ્રભાતના રંગ' એવું નામ સંગ્રહને આપ્યું છે.

ત્રીજા વિભાગના કેટલાક લેખોમાં લેખક પોતે જ પાત્ર તરીકે દેખા દે છે. એ પાત્રનું નામ તે આ લખનારનું ઉપનામ. આ વાત વાચકો ધ્યાનમાં રાખવા કૃપા કરશે, તો નકામી ગુંચવણ થતી અટકશે; તેમ જ, સખ્તાઇ અને ગંભીરાઇ માટે લગભગ દુષ્પ્રખ્યાત થએલ ટીકાકાર, કલ્પિત ઉપનામની હુંફમાં પોતે લપાયો હોય છે ત્યારે, વિનોદશીલ ક્ષણોમાં જે અંગત જેવી-આપણી રૂઢ સાહિત્ય-ભાવનાને બહુધા અપરિચિત, કદાચ અણસમજાતી એવી-બાબતો છેડવા કે વર્ણવવાની છુટ લઇ શકે છે, તેનો પણ થોડો સાક્ષાત્કાર થશે. ને એવી છુટો માટે તે ઘણું કરી વાચકવૃન્દની ક્ષમા પણ પામશે-જો બદલામાં તે વાચકને તૃપ્ત કરી શકશે તો.

ત્રણ નંબરનો સંવાદ અહીં પહેલી જ વાર છપાય છે. ચાર નંબરના સંવાદનો વિષય હજી ચર્ચાસ્પદ છે (અને ઘણું કરીને હમેશ એવો રહેવાનો), પણ જે કોઇનાં દીલ એ વાંચીને દુભાવાની અણી પર હોય, તેઓ એ સંવાદને એક અર્વાચીન આખ્યાયિકાને આધારે રચાયલો માનવા માંડશે, તો એમને તુરત શાતા વળશે એવી આશા છે. ત્રણ નંબરની વાર્તા પરાવલંબી હોવાનું દેખીતું છે; એમ છતાં જે કોઇને એ ન દેખાય, તેમનું આ લખવે એ હકીકત પર ધ્યાન ખેંચવામાં આવે છે. જોડણી પૃ. ૧૭૬મા લગી એકધારી, ને ત્યાર બાદ અન્યધારી, એવું વૈચિત્ર્ય પુસ્તકમાં પેઠું છે. પણ એ દુર્દશા માટે જવાબદાર છે તે કેવળ સંજોગબળ, લેખક-ની બેદરકારી નહીં. જે જે કૃતિમાં ટીપ મુકવી જરુરી હતી, તેમાં ટીપને પાનાને છેડે નહીં, પણ કૃતિને છેડે મુકેલી છે. છેલ્લે પાને સાલવારી છે. કયો લેખ કયે પાને શરુ થાય છે એ પણ ત્યાં કાંઉંસમાં બતાવ્યું છે.

શ્રાદ્ધપક્ષની સાતમ

૧૯૮૩

અ નુ ક્ર મ

પ્રભાતના રંગ

સંવાદો

આ કાલ્પનિક સંવાદનો મુખ્ય હેતુ સાધવા માટે તેમાં વર્ષોના અંતર વિશેની હકીકતો સાથે પુષ્કળ છુટ લીધી છે. પહેલા (કે છઠ્ઠા) શતકના કવિને આઠમાના કવિ સાથે ચર્ચામાં ઉતરતો દાખવ્યો છે. સંવાદ જો સફળ લાગે તો આ છુટ—અસાધારણ છે છતાં—ગૌણ ગણાય એમ સહુ કલાપ્રેમી સ્વીકારશે.

કાલિદાસ અને ભવભૂતિ

ઉજ્જયિનીનો વસતીવાળો પ્રદેશ જ્યાં પુરો થવા આવે છે તેવા ભાગના એક પ્રાસાદની અગાસીમાં શરદ-ના એક સાયંકાળે કાલિદાસ આસન વાળીને બેઠા બેઠા ભૂર્જપત્ર પર લખે છે.

વિશાળ અગાસીમાં ગૃહમયૂરનું જોડું થનગને છે; નીચેથી વહી આવતા ધૂપની સુગંધ વાતાવરણમાં આહ્લાદ ભરે છે; ને દૂર આવેલા મહાકાલેશ્વરમાંથી આરતીના ઘેરા ઘંટાનાદ સંભળાય છે.

આ રસલીલાથી વિશેષ સમૃદ્ધ એવી આસપાસની પ્રમત્તકારી નિસર્ગને કવિ થોડી થોડી વારે નીહાળે છે ને તે સર્વ સાથે અજબ એકતા માણે છે.

એ અનુભવનો ચમકાર તેમનાં રસાર્દ્ર નયનમાં વર્તાય છે. માધુર્યની મૂર્તિ સમું એમનું મુખમંડળ ક્ષણભર અપાર્થિવ ઓજસ્ ધારે છે.

અધઘડી વીત્યા પછી લખવાનાં સાધન પડખે મુકીને તે પલોંઠી વાળેલા ડાબા પગના ગોઠણ પર હાથનાં દસે આંગળાંના આંકડા ભીડીને ટટાર બેસે છે, નિશ્ચલ આંખે દક્ષિણ પશ્ચિમ વિંધ્યમાળાનાં દૂર દૂર સહોતાં શિખરો નીરખી રહે છે અને એમની વિચાર-સરિતાનું સ્ફુટ મંજુલ ગાન સંભળાય છે–

કાલિદાસ

સૃષ્ટિની આ સુંદરતાને અને લોકના ઉરભાવોને મેં જીવનભર અવલોક્યાં ને આલેખ્યાં. બે પાંચ કે પંદર વરસમાં મારી પ્રવૃત્તિલીલા સંકેલાશે. અને પછી? (જરા વાર રહીને) અથવા નિર્વેદ શાને? ... ... મેં કાવ્યો રચ્યાં તે મારાં પરિકલ્પનોને મૂર્ત કરવાની અનિવાર્ય ઊર્મિઓને લીધે જ. તે–થોડી કે બધી–જગતમાં ચિરંજીવ થાઓ કે નાશ પામો. હું કે કોઇએ કવિજન થોડા જ એવી અમરતા—

અનુચર (પ્રવેશીને)

મહારાજ, શ્રીકંઠ ભવભૂતિ પધાર્યા છે અને આપનાં દર્શન વાંછે છે.

કાલિદાસ (સાનંદ)

ભવભૂતિ?–એમને સત્વર અહીં લઇ આવ.

[બે પલમાં અનુચર, મુખ પર ચિંતાની ફુટતી રેખા, વદને આછી વિષાદછાયા ને આંખોમાં અતલ ગાંભીર્ય ધારતા યુવકને લઇને પાછો પ્રવેશે છે.]

અનુચર

પેલે ખૂણે, મહારાજ, પેલે ખૂણે.

[કાલિદાસને ડાબે પડખે થોડા તસુ દૂરના આસન પર ભવભૂતિ સવિનય બેસે છે.]

કાલિદાસ

પધારો કવિરાજ, કુશળ તો છો?

ભવભૂતિ

આપ સરખાના સદ્‌ભાવથી.

કાલિદાસ

દત્ત, કવિરાજને યોગ્ય સત્કારની તૈયારી કર.

[અનુચર નમન કરીને જાય છે.]

કાલિદાસ

કેમ શ્રીકંઠ, આ વખતે કૌમુદીમહોત્સવમાં કંઈ દેખાયા જ નહીં?

ભવભૂતિ

ના, આવવાનો તો હતો જ; પણ કેટલાંક મહત્ત્વનાં કાર્યોમાં રોકાવું પડ્યું.

કાલિદાસ

શું કંઈ ઘરસંસારની ચિંતા—

ભવભૂતિ

ના, ના. આપણ કવિઓએ તો તે બહુ વહોરવી જ ન ઘટે.

[કાલિદાસની ભમ્મર સહેજ સંકોચાય છે ને પાછી સ્થિર થાય છે.]

—પણ નાટ્યશાસ્ત્રનાં પ્રકરણ વિચારી જવાનાં હતાં.

કાલિદાસ

અને તે વિચારવાનો અવકાશ તમને શરત્પૂર્ણિમાની રાત્રે જ મળ્યો?

[ભવભૂતિ પહેલાં તો ઝંખવાણા પડે છે. પળેક રહી સ્વસ્થ થઇને ઉંચું જુએ છે અને જવાબ આપવાનું કરે છે ત્યાં—

કાલિદાસ

પુરજનોએ અમૃત રેલતી જ્યોત્સ્નામાં સુભગ ઉન્માદ ભોગવી જીવનની ધન્યતાના લહાવ લીધા ત્યારે તમે (સસ્મિત) શાસ્ત્રઘેલા ભરતમુનિનો આશ્રય શોધી અભ્યાસજડ બનવાનો ઉદ્યમ આદર્યો?

ભવભૂતિ (કૈંક જુસ્સામાં)

કવીશ્વર! પુરાણપ્રસિદ્ધ નારાયણમુનિ પણ વેદાભ્યાસ-જડ હતા છતાં વાસવની વારાંગનાઓને પણ લજાવે એવી રૂપાળી ઉર્વશી એમની જ સરજેલી નહોતી?

કાલિદાસ

હં હં ... ત્યારે તો તમારી કલ્પનાસૃષ્ટિમાં પણ અત્યારે કોઇક ઉર્વશી ઘડાઇ રહી છે. ક્યારે તેને અક્ષરસૃષ્ટિમાં અવતારીને સાહિત્યને અધિક શોભાવો છો?

ભવભૂતિ

એ તો થાય ત્યારે. બાકી આપણને એ વાતની અધીરાઇ શી?

કાલિદાસ

નહીં જ. તમે આવ્યા ત્યારે હું પણ એક એવો જ વિચાર કરતો હતો. તમને પણ નથી લાગતું કે સર્જનની ક્ષણનું જે કલાવૈભવથી ભરપૂર સંવેદન કવિહૃદયને પ્રફુલ્લ ને ઉત્ફુલ્લ કરે છે ને અનિર્વચનીય આનંદ વર્તાવે છે, તે જ તેની સાચી અમરતા—તે જ તેના સર્જક શ્વાસોચ્છ્વાસની સાર્થકતા?

[તેના પ્રભાવંતા વદનને ભવભૂતિ નીરખી રહે છે. ઘડીક રહીને—

ભવભૂતિ

બરાબર કહ્યું, કાલિદાસજી. કવિના આત્માની ઉચ્ચતમ તૃપ્તિ એ જ; પણ ... એ સંવેદનમાં કલાવૈભવ જ પ્રધાનપદે વિલસે?

કાલિદાસ

હાસ્તો.

ભવભૂતિ

તો પછી કાવ્યકૃતિમાં તત્ત્વશાસ્ત્રનું સ્થાન ક્યાં?

કાલિદાસ

(અતિ સૂક્ષ્મ કટાક્ષથી)

તત્ત્વશાસ્ત્રનું એટલે દર્શનોનું ? સાંખ્ય, મીમાંસા, વેદાંત—એ બધાંનું ?

ભવભૂતિ

(કટાક્ષ નહીં સમજતાં)

ના, ના. તમે સ્થૂલાર્થ જ લીધો. કવિને પણ સ્વકીય તત્ત્વદૃષ્ટિ હોય છે, એ તમે જાણો છો.

કાલિદાસ

(ડોક નમાવતાં હા કહી)

અમુક પ્રકારની.

ભવભૂતિ

એ દૃષ્ટિના પ્રભાવથી કવિ મનુષ્યોનાં હૃદયનો તલસ્પર્શી બને છે, તેનાં ચલનવલન ને વિકારનો ભોમીઓ થાય છે અને કુદરતનાં દૃશ્યોની અમોઘ ભવ્યતાને પણ યથાવત્ ઝીલી શકે છે.

કાલિદાસ

ખરું.

ભવભૂતિ

અને એ દર્શન અને અવલોકનને તે અનુરૂપ શૈલીમાં વર્ણવે છે.

કાલિદાસ

એ પણ બરાબર. પણ એ શૈલી કલાત્મક ન હોય તો—

[દત્ત અને બીજાઓ ખાનપાનના પદાર્થો થોડાં પાત્રોમાં લાવીને કાલિદાસને જમણે પડખે મુકી જાય છે.]

—તો કવિતા કરવાનું પ્રયોજન ક્યાં રહ્યું ? સર્જનનો આનંદ એટલો ઉણો જ અનુભવવાનો.

ભવભૂતિ

કલાત્મક તો હોય કે ન યે હોય. કવિનું લક્ષ્ય કલાનિર્માણ કરતાં ભાવનિરૂપણ વધુ અંશે હોવું જોઇએ. સુક્ષ્મ ભાવોને સહજ સાદી વાણીમાં ઉતારતાં જે આનંદ પમાય છે તે અધિકારીને માટે શો ઉણો છે ?

કાલિદાસ

(ઝીણી આંખે એના તરફ જોઇ)

તમને એમ લાગે છે ?

ભવભૂતિ

લાગે છે તો શું, પણ કાવ્યની કે નાટકની આના કરતાં જુદી ભાવના મારા મગજમાં ઉતરે તેમ જ નથી.

[કાલિદાસના મુખ પર ઉપહાસની આછી રેખા અંકાય છે; તરત તે એને વાળી લે છે અને–

કાલિદાસ

ત્યારે શ્રીકંઠ, કવિ અને કવિતા ઉભયની તમારી ભાવના એટલી અપૂર્ણ લાગે છે. ઉત્તર વયમાં તમે એને કદાચ પૂર્ણ અને સર્વાંગસુંદર કરશો.

ભવભૂતિ

કોણ જાણે ... ... એ તો થાય તે. હમણાં તો તમે જ તમારી દૃષ્ટિએ આ વિષયનું નિરૂપણ કરો તો મને કૈંક વિચારવાનું મળે.

કાલિદાસ

હા, કરીએ. પણ પહેલાં (પાત્રો તરફ નજર કરતાં) આ ઉપહાર લઇને શરીર ને મન ઉભયને પ્રફુલ્લ કરીએ.

[હાથ લંબાવીને ફળફુલાદિનો થાળ પાસે લે છે, ભવભૂતિ આગળ તે મુકે છે અને કળશમાંથી સોનાના કટોરામાં દુધની ધાર કરે છે. તે જોઇને-

ભવભૂતિ

કઢેલા કરતાં સાદું દુધ મને વધારે અનુકૂળ આવશે.

કાલિદાસ

કેમ ? કૈં —

ભવભૂતિ

નહીં. બીજું તો શું કારણ હોય ? ઇંદ્રિયસુખને પોષે તેવી ભોગવિલાસની વસ્તુઓ મને રુચતી નથી.

કાલિદાસ

હવે તમારો કલાસૌંદર્ય અને નર્યા ભાવનિરૂપણ વચ્ચેનો વિરોધ કૈંક સમજાય છે ... ... વારુ, એ વાત પછી. ત્યારે આ સીતાફળ કે અમૃતફળ—

ભવભૂતિ

ના, કદલીફળ એકલાં ચાલશે.

[એક કેળુ લે છે. કાલિદાસ અનુચરને બોલાવીને સાદું મોળું દુધ લાવવા કહે છે. તે આવે છે ને સાથે મુખવાસ પણ આવે છે. ખાવા-પીવાનું પુરું કર્યાં પછી મુખવાસનો પણ ભવભૂતિ અસ્વીકાર કરે છે તે જોઇ—

કાલિદાસ

તમે તો ઉગ્ર દેહદમન માંડયું જણાય છે. ને તે આટલી વયમાં જ ! પણ મારું જીવન જુઓ: સાઠની ભરતીમાં આવ્યા છતાં હું ટંકેટંક સ્વાદિષ્ટ ભોજન જમું છું; વચ્ચે વચ્ચે ઉપહાર પણ આનંદ આપે છે; માદક સુગંધો ને મીઠાં સંગીતથી મુગ્ધ થઇ શકું છું; નયન સુંદરીઓ નીરખતાં થાકતાં નથી; અને ઉષાસંધ્યાની વાયુલહરિના સ્પર્શથી વધારે આહ્લાદક વિશ્વમાં કૈં જ નથી એમ નિત્યે અનુભવું છું. વધુમાં, ‘ ઋતુસંહાર ’ હજુ પણ મારું પ્રિયતમ કાવ્ય છે.

[જાણે તેની મરજી વિરુદ્ધ ફરકતું હોય તેવું સ્મિત ભવભૂતિના મુખ પર દેખાય છે ને વળતી પળે ઉડી જાય છે. તેને લાગે છે કે આ સુખપૂજક જડવાદી કવિની લોકપ્રિયતા, વાકયોના મોહક વણાટ પર જ અવલંબે છે; કાવ્યનો આત્મા–જ્ઞાન–તેનામાં આછેરો જ, પ્રાકૃતજન ઝીલી શકે એવો એટલો જ છે.

કાલિદાસ તેની આ મનોદશા કૈંક વરતે છે પણ તે વખત એ વાત કાઢતા નથી. વિષય બદલે છે.]

કાલિદાસ

તમે મારી કાવ્યભાવના નિરૂપવાનું કહેતા હતા, નહીં ? સાંભળો. સુકુમાર પુષ્પ કે સુંદરીના સોહાગ કે જનહૃદયના હર્ષશોકાદિ ભાવો સાથે તન્મયતા સાધતી કવિની પ્રતિભા પ્રેરણાની ક્ષણોમાં પોતાના રસસ્વરૂપનો સાક્ષાત્કાર અનુભવે છે. એ દર્શન એટલે કલાસંવેદન; તેનું સ્ફુટ અંગરંગસમેત વિધાન એટલે કલાસંયોજન.

ભવભૂતિ

પણ કૃતિ જન્મ્યા પહેલાં તેમાં કલા શી રીતે આવે ?

કાલિદાસ

કેમ ન આવે ?

ભવભૂતિ

જુઓ, તમે જેને કલાસંવેદન કહો છો તેને ભાવસંવેદન કહીએ એ વધુ બંધ બેસે છે.

કાલિદાસ

શી રીતે ?

ભવભૂતિ

મને તો સાક્ષાત્કાર હંમેશાં રસસ્વરૂપનો નથી થતો.

કાલિદાસ

ત્યારે ?

ભવભૂતિ

જનહૃદયની કે પ્રકૃતિની લીલામાં તદ્રૂપ થઇને તમ સરખા સૌંદર્યનો સૂક્ષ્મ અનુભવ કરો છો. હું પણ વિયોગ આલેખતાં પાત્ર સાથે, કે કુદરત ચીતરતાં તેનાં અંગાંગ સાથે, એકત્વ અનુભવું છું. પણ એ ભાવસ્વરૂપનું એકત્વ. સૌંદર્યદર્શન તે સમે નથી થતું, પણ ભવ્યતાની અવાક્ કરી મુકતી છાયા આત્મા પર પથરાય છે.

[કાલિદાસ સકૌતુક તેની તરફ જોઇ રહે છે.
પળવાર એકે જણ કૈં બોલતા નથી. પછી—

કાલિદાસ

તમે કવિની તત્ત્વદૃષ્ટિ કહેતા હતા તે આ જ અનુભવ કે ?

ભવભૂતિ

હા. અને કવિના આવા અનુભવો વ્યક્ત કરવા પુરતું જ કલાતત્ત્વ–અલંકારાદિ–ગૌણરૂપે કાવ્યમાં આણવાનું.

કાલિદાસ

'આણવાનું'?

ભવભૂતિ

હા–ના ... એટલે એમ કે કલાવિધાન ઓછામાં ઓછું ને સાદામાં સાદું જ જોઇએ.

કાલિદાસ

પણ સમૃદ્ધ કલાત્મકતા જો સ્વયમેવ કૃતિમાંથી, તેની સાથે જ, પ્રગટે તો શી ખોટી? મૂળ ભાવના જ રસવૈભવ અને કલાગુણથી ભરી ભરી હોય, મેં કલાસંવેદન કહ્યું તેમાં જ બીજરૂપે વિધાનકૌશલ વસ્યું હોય, તો કલાતત્ત્વને ગૌણ કે પ્રધાન ગણવાની વાત જ ક્યાં રહી?

[ભવભૂતિ ગુંચવાડામાં પડી જાય છે એટલે અનુત્તર રહે છે.]

કાલિદાસ

તમે વાણીને અર્થથી સ્વતંત્ર દેવતારૂપે કલ્પી છે, ખરું? 'अमृताम्' 'आत्मनः कलाम्' એવી?

ભવભૂતિ

હા. અર્થથી છેક સ્વતંત્ર તો નહીં, પણ આત્માની પુણ્ય-પાંદડી સમી એ શુભ્રદેહધારિણી, અવિનાશી વિરંચીકન્યા–

કાલિદાસ

જરા રહો. એ શુભ્ર શબ્દ આપણને દિશા સુઝાડશે.

ભવભૂતિ (કૈંક ખશીઆણા પડીને)

શી રીતે ?

કાલિદાસ

કેવળ શુભ્રતા એ દેવીના સ્વરૂપમાં તમે જુઓ છો, એટલે તમારી કાવ્યશૈલી પણ રંગવિહીન, એકવિધ ને કેવળ ભાવાત્મક બને છે.

ભવભૂતિ

તેમાં શું ખોટું ?

કાલિદાસ

ખોટું તો શું ? હું માત્ર એ પ્રકાર વર્ણવતો હતો.

ભવભૂતિ

હં—હં. પણ કવીશ્વર ! આટલું તો તમે યે સ્વીકારશો કે રંગસમૃદ્ધિ મારી શૈલીમાં આછી, તેટલાં મારાં રેખાઓનાં અંકન વધારે વિશદ પડે છે.

કાલિદાસ

હા. પણ રંગ ને રેખા ઉભય પર પ્રભુતા દાખવતી, મેં કહી તે સંનદ્ધ ચિત્રશૈલી કરતાં એનું સ્વરૂપ જુદું છે.

ભવભૂતિ

આને કાવ્યની શિલ્પશૈલી કહીએ તો ચાલે.

કાલિદાસ

ચાલે. પણ શિલ્પની જડતા, ગતિહીનતા આદિ ઉપર ભાર મુકીએ નહીં; તથાપિ પેલી માનવહૃદયને જેટલી સરલતાથી વશ કરે તેટલી આ એકલક્ષી, વિચારપ્રભાવથી જ પ્રકાશતી શૈલી નથી કરી શકતી.

ભવભૂતિ

એ તો ન પણ કરે ... ...

[દત્ત અગાસીના બારમાં આવી, પળેક ઉભો રહી, પાછો જાય છે. તેના આવવાને ભોજનવેળાનું ચિન્હ જાણી કાલિદાસ ઉઠવા-ની તક શોધે છે. દરમીઆન ભવભૂતિનું સંભાષણ ચાલુ જ છે.]

આ યુગના,–અથવા, ખરું કહું તો, તમારા યુગના લોકોને રસરાજ શૃંગારનો આલેખક, કરુણરસિક કવિ કરતાં પ્રિયતર થાય એ સમજવું અઘરું નથી.

કાલિદાસ

[વડીલો જ જુવાનો તરફ કરી શકે તેવું સ્મિત કરીને]
નથી જ. ને તમે સૌ હવે શૃંગારને પણ સાંકેતિક ને રૂઢ પ્રથાથી જ વર્ણવી શકો છો એટલે કાવ્યમાંથી શુદ્ધ રસ અને કલા જવાનાં.

ભવભૂતિ

ને તેનો આત્મા–જ્ઞાન–તેમાં ફરી અવતરશે.

કાલિદાસ

જીવનરસને ભોગે એ જન્મ થશે એટલે તેનાં આયુષ્ય ને વ્યાપકતા એવાં જ રહેવાનાં; ને શી શોકની વાત કે તમ સરખા સાચા કવિ પણ એ નવતર અરસિક સંપ્રદાયના પ્રણેતા થવા ઝંખો છો ?

ભવભૂતિ (ક્ષોભથી)

કવિકુલાવતંસ ! હું પદવીનો લોભી નથી. શાથી તમે મને એવો માની લ્યો છો ? જે એક જ કાવ્યશૈલી મને સાચી લાગે

છે તેને અનુસરવામાં પણ પાપ થાય? મારા સ્વભાવને ત્યજીને હું ક્યાં રહું?

[તેનાથી વધુ બોલાતું નથી. આંખો ક્રોધમાં અધિક ગહનતા પામે છે, ભાલદેશ પર વિરલ ચમકાર જણાય છે. તેને જીતવાની આશા રહેતી નથી. એટલે–

કાલિદાસ (સૂક્ષ્મ કટાક્ષથી)

એ ખરું; હું ભુલ્યો. પોતાના સ્વરૂપનો–ભાવસ્વરૂપનો–સાક્ષાત્કાર ગણવો એ તો કવિનો પહેલો ધર્મ.

ભવભૂતિ

એમ જ.

[કાલિદાસ ઉઠીને ઉભા થાય છે, એટલે એ પણ ઉભા થઇ ઉત્તરીય સરખું કરીને સ્વસ્થ થવા માંડે છે. ત્યાં કાલિદાસનો નાનકડો પુત્ર પિનાકપાણિ મણિમય કલ્લીઓ ને કટિ-મેખલાથી રુમઝુમ થતો આવીને પિતાને વળગી પડે છે.

ચાલો ચાલોને, પિતાજી! જમવાનો વખત થયો. રંગોળીઓ પુરાઇ ગઇ ને–

[કાલિદાસ તેને ચુમી લેતા, કોટે બઝાડી, છાતી પર લટકતો રાખીને શ્લોક ગણગણતા, ડોલતી ગતિએ અંદર જાય છે. એ બંને તરફ સ્થિર આંખે જોતા અને પોતાની પવિત્ર મહત્તા પણ અનુભવતા ભવભૂતિ તેમની પાછળ ધીમે ધીમે શરદનાં ચંદ્રિકાજલના હોજ સમી અગાસીમાંથી અદશ્ય થાય છે.]

બલ્લાળકૃત 'ભોજપ્રબંધ' વાંચવા પછી મન પર રહેલા સંસ્કારોને આધારે આ સંવાદ રચ્યો છે; ખાસ કરીને, શરૂઆતની શૃંગારવર્ણનવાળી હકીકત તેમાંથી છે. પણ બાકીનો પ્રસંગ ને પાત્રાલેખન નવાં જ છે, એટલે એ ગ્રંથથી અજાણ વાચકોને પણ સંવાદ સમજવામાં અડચણ નહીં આવે.

રાજા ભોજ અને સીતા પંડિતા

રાતનો પહેલો પહોર ઉતરવા માંડયો છે શયન-ગૃહની બહારના ખંડમાં હીંચકા પર ભોજરાજ તાંબુલ ચાવતા બેઠા છે. તેમની મુખમુદ્રા આનંદમય છે, નયનો વિશાળ ને મસ્તીઘેરાં છે, અંગેઅંગની સુપ્રમાણતા મોહક છે.

હીંચકો આસ્તે આસ્તે ચાલે છે. સામે ડાબા હાથ તરફ મંચ પર પંડિતા સીતા નિયામત ગતિથી સ્વસ્થપણે વીંઝણા વતી પવન ખાતી હોય છે. અમૂર્ત ભાવોના સતત ચિંતને તેની આંખોમાં ઉંડાણ અને અચેતન સ્થિરતા આણ્યાં છે. વાત કરતી વખતે પણ તે સામે બેઠેલા માણસ કરતાં ભીંત કે છત તરફ જ નજર વધારે ઠેરવે છે.

તે એમ ને એમ કલાકો સુધી બેસી રહેત, પણ રાજાથી બોલ્યા વિના રહેવાતું નથી. એટલે—

ભોજ

કેમ પંડિતા, કૈં બહુ વિચારમાં છો?

સીતા

હા. અને તે આપના જ પ્રતાપે.

ભોજ

(ચમક્યાનો ડોળ કરીને)

મારા ? મેં શું કર્યું વળી ? તમને ખોટું લાગે તેવું તો–

સીતા

નહીંસ્તો. ખોટું લાગે એવું કૈં જ નથી બોલ્યા. ફક્ત, ભરી સભામાં મને શૃંગાર વર્ણવવાનું કહ્યું અને તે પણ–

ભોજ (હસી પડતાં)

પણ એમાં તે—

સીતા

તે પણ વિપ્રલંભશૃંગાર નહીં. શી ઘેલછા !

[સીતાના રોષને વધતો જોઇ રાજા ખડખડાટ હસી પડે છે. ગેલી વધુ વધુ કચવાય છે, રાતી આંખે ઉઠીને ચાલી જવાનો દેખાવ પણ એક વાર કરે છે ત્યાં—

ભોજ (હસવું ખાળીને)

સીતા ! મારી વિદ્વદ્વૃંદવંદિતા ! આમ ગુસ્સે શું થાય છે ? આપણી સભામાં શૃંગારવર્ણન કૈં નવી ચીજ છે જે તું આટલી આકળી પડે છે ? લે ચાલ, હવે બીજી વાર એવું નહીં કહું. થયું ?

[ક્રોધની છાયા સીતાને વદનેથી ઓસરે છે. રાજાને પણ નીરાંત થાય છે.]

સીતા (સસ્મિત)

જુઓ, વચન પાળજો હોં. ને હું પણ કૈં જેવી તેવી છું ? તમે વર્ણન માગનાર ને હું આપનાર એટલે—

ભોજ

હા રે ! મને પંડને જ સપાટામાં લીધો. પણ સીતા, ખરું કહું કે એવી વાત મેં શીદ પુછી ?

સીતા

મને જરા બાળવા.

ભોજ

ના. તને ચીઢવીને કયાં રહું ?

[પંડિતા એક કટાક્ષ ફેંકે છે. રાજા તે ઝીલતો પ્રફુલ્લ સ્મિત કરે છે. પછી—

ભોજ

પણ મને આજે એમ થયું કે આ કવિઓની એકસૂરી ઉપમાઓ ને નિશ્ચેતન થવા માંડેલી કલ્પનાઓ તો બહુ સાંભળી ને બહુ ભોગવી. હવે તો, આ અનેક શાસ્ત્રોની ઉપાસિકા કૈં અવનવું સુણાવે તો જ ખરી લહેર આવે. એટલે તને કહ્યું.

સીતા

અને એમ પણ ઉમેરોને સાથે કે મારું કહેલું તમને ભાવ્યું નહીં.

[તોફાનની વીજ અધપળ રાજાનાં નેણમાં પ્રગટે ને ઓલાય છે. અને—

ભોજ

હાસ્તો. તારામાં કવિત્વની આશા રાખવી એ સસલાનું શીંગડું શોધવા નીકળ્યા જેવું છે.

સીતા (સરોષ)

આ શું કહો છો, મહારાજ ?

ભોજ

ખરું જ કહું છું. ને એમાં તને વસમું શાનું લાગે છે? ભુલ મારી જ થઈ કે તારે માથે એ કામ નાંખ્યું.

સીતા

કેમ ! અમારામાં રસિકતા હોય જ નહીં, ખરુંને ?

ભોજ

છેક એમ તો શું, પણ—

સીતા

પણ પેલા કાલિદાસ જેવી નહીં. વેશ્યા વિલાસવતીના ઘરમાં જે પડયો પાથર્યો દહાડા ગાળે છે તેના જેવી નહીં.

ભોજ

એ છે તે છે. તને એની અદેખાઇ આવતી હોય તો તું પણ કોઇક સોહામણો, ગુણભંડાર—

સીતા (ચક્ષુ ચઢાવતી)

મહારાજ ! ... ...

ભોજ

ત્યારે શા માટે દેહધારી વિલાસ જેવા, મૂર્તિમાન શૃંગાર જેવા, મારા કવિઓના ઇન્દ્રનું અપમાન કર્યું ?

સીતા

એ શબ્દખેલાડી કવિઓનો ઇન્દ્ર ! શી ખુબી ! ને તમારા આ બોલ પણ એવા જ ખેલ દાખવે છે. નહોતું જાણ્યું કે પરમ રસવેત્તા ભોજરાજની કાવ્યપરીક્ષા આટલી કાચી હશે.

ભોજ

(ટાણો ગળી જઇને)

સીતા! કાલિદાસની વાત જવા દે. મને એટલું જ કહે કે આપણાં નવ રત્નોમાં તને સર્વોત્તમ કવિ કોણ લાગે છે?

સીતા

માઘ.

ભોજ

તેનાથી ઉતરતો?

સીતા

બાણભટ્ટ.

ભોજ

અને તેનાથી?

સીતા

શ્રીકંઠ ભવભૂતિ.

ભોજ (સસ્મિત)

તારી આવી પ્રસંદગીનું કારણ કહું?

સીતા

કહોને.

ભોજ

ખોટું લાગશે તો?

સીતા

(જરાક છણકો કરી)

તો એનીએ ક્યાં અમારે નવાઇ છે, હવે?

ભોજ

ત્યારે તો નહીં કહું.

સીતા

(જિજ્ઞાસા રોકાતી નથી એટલે)

ના ના. કહો જે હોય તે. હું ખોટું નહીં લગાડું.

ભોજ

તું અભ્યાસજડ બની છે. એકલા પાંડિત્યમાં બધું સાહિત્ય સમાઇ જતું તને ભાસે છે; તેથી, તું પહેલવહેલી આપણે ત્યાં આવી ત્યારે જે અનહદ રસિકતા તારી આંખમાંથી ઝરતી તેને સ્થાને હવે ત્યાં કૈં જુદું જ દેખાય છે.

સીતા

શું દેખાય છે ?

ભોજ

એ કોણ જાણે. મને પણ બરાબર સમજાતું નથી. પણ એટલું તો ખરું કે તારામાં તારી આગલી રસઘેલછા હજી હોત તો, માનીતા કવિઓમાં પંડીતાઇની પ્રતિમા ને રસના જાણે દુશ્મન જેવા આ ત્રણને તો તેં ન જ ગણ્યા હોત.

સીતા

મહારાજ ! કરુણરસનો અજોડ આલેખક ભવભૂતિ પણ રસનો દુશ્મન ? જુલમ થાય છે.

ભોજ

(સીતાને રીઝવતો)

જુલમ નથી. તું વિચાર. એનામાં કવિતા નથી જ એમ તું નથી કહેતો. પણ કાલિદાસને તોલે તો કોણ આવી શકે ?

સીતા

(મોં સહેજ મરડીને)

હજુ તો હમણાં જ કહેતા હતા કે બધા જ કવિઓની ઉપમા ને કલ્પનાઓથી કંટાળ્યા છો. એ બધામાં કાલિદાસ નહીં કે ?

ભોજ

તું ભુલી જાય છે કે આજે આખો દિવસ એ આજન્મ વિલાસી વિલાસવતીના ઘરમાંથી બહાર જ આવ્યો નથી. અને એ ન હોય, બીજા કવિબટુઓ વાગ્જાળો વણ્યા કરતા હોય અને તારામાં પણ કવિતા ન મળે, ત્યારે કંટાળું નહીં તો કરું શું, એ કોઇ કહેશે ?

[સીતા નિરુત્તર બને છે; રાજાને વળી કાલિદાસ હૈયે ચઢ છે.]

ભોજ

બાકી તો એની જીભે સાક્ષાત સરસ્વતી વસ્યાં છે.

સીતા

અને તમારે હાથે લક્ષ્મી વર્યાં છે. એટલે વેરાય એટલું વેરો છો, એના જેવા પર.

ભોજ

સીતા ! તું પાછી ક્રોધે ભરાઇ, આપણે બોલી શી કરી'તી ? ... પણ સ્ત્રીની જાતે વચન પાળતાં હજુ હવે શીખવાનું છે.

સીતા

એ ચર્ચા તો લાંબી થશે. ને અહીં કોઇ નમતું આપે તેમ છે નહીં. એટલે આપણે કૈં બીજી વાત કરીએ.

ભોજ

તું કહે તો પંડિત ને કવિનો ભેદ વિચારીએ.

સીતા

એ ઠીક પડશે. હમણાં જ આપણે એ વાત પર હતાં.

ભોજ

સાંભળ ત્યારે.

કવિ એટલે દ્રષ્ટા. આદ્યદ્રષ્ટા ઋષિમુનિઓએ મંત્રોનાં દર્શન કર્યાં કહેવાય છે એ તો ખબર હશે. કુદરતનો અમોઘ રસે ભર્યો પ્રસંગ–ઉષાના આગમન જેવો–રોજ ને રોજ નીરખતાં, તેનું સતત ચિંતન કરતાં કરતાં, એ ઋષિના નિત્યજીવનનું અંગ જ બની રહેતો. જેટલી જેટલી વાર એ ચિંતન એટલું અખંડ ને ઉત્કટ બનતું કે તે પળે આત્માની સર્વે નાની મોટી કલાઓ સંકેલાઈ એકાગ્ર બને અને તે એક જ પ્રસંગ કે પ્રાકટ્યનું ભાન તેને રહે, તેટલી બધીએ વાર ઋષિજનો સ્વ–સ્વરૂપનો પરિપૂર્ણ, પરિપક્વ સાક્ષાત્કાર અનુભવતા; એ અનુભવોનો મંત્રરૂપ ઉદ્‌ગાર એમને અનિવાર્ય થતો.

કવિઓને પણ તેમજ બને છે. તેમના મનથી સારો સંસાર રસનું અક્ષયપાત્ર છે. શૃંગાર કે કરુણ, હાસ્ય કે શાંતઃ કોઇ પણ રસનો જેથી આવિષ્કાર થતો હોય તેવો પદાર્થ, પ્રસંગ કે પાત્ર, શું કુદરતની લીલાનો કે માનવીની, કવિના મનોરાજ્યમાં અવિચળ, અદ્‌ભુતગુણી સ્થાન લે છે. કવિનું એવું અંતર્જીવન એ જ કવિતા, એ જ કલા. રસર્ષિનું એ મંત્રદર્શન.

[રાજાની વાણી પોતે પી જતી હોય તેવી નિશ્ચલતાથી સીતા બધું સાંભળી રહી છે. પોતાની પ્રવચનકલાના પ્રભાવથી મુગ્ધ ભોજ આગળ ચલાવવા જાય છે.]

ભોજ

એ દર્શન—

સીતા

(વિચારતન્દ્રામાંથી મુક્તિ પામતી)

મંત્રદર્શન એકલા કવિઓ અને ઋષિઓને જ થાય ?

ભોજ (પળેક રહીને)

ના. હું પણ ધીમે ધીમે એ વાત પર જ આવવાનો હતો. હવે તેં પુછ્યું તો પહેલું એ સ્પષ્ટ કરીએ.

સાધારણ માણસનો જીવ પણ જ્યારે સ્વાદુ ભોજનની મજા માણતો હોય છે; મીઠી ઉંઘ ભોગવી રહ્યો હોય છે; ભયની કે તારામૈત્રકની પળોમાં અનેરી સમાધિ લગાવી રહે છે; પરનિંદાની પ્રલોભક રમત રમવી એ ફરજ સમજે છે; પિંડને બ્રહ્માંડનું મધ્યબિંદુ માનતો અહંતાના માદક ઘુંટડા ભરે છે; ધડકતું હૈયું સામા હૈયાને ચંપાય છેઃ ટુંકમાં, મન, વચન કે કર્મની કોઇ પણ ક્રિયામાં પોતાની ત્રિગુણાત્મક માનવતાનું રસભર, અનપૂર્ણ સંવેદન તેને થતું હોય છે, ત્યારે ત્યારે, મંત્રદર્શનને મળતી જ તદ્રૂપતા તે સાધે છે. એવી કોઇ ને કોઈ ક્રિયા જીવનમાં પ્રતિપળ ચાલતી જ હોય છે. સુખદુઃખ, લાભાલાભ, જયાજય, સર્વમાં એ અનુભવ વ્યાપક હોય છે.

સીતા

એ ખરું લાગે છે. આ મીમાંસા તમે કરતા હો છો, ત્યારે પણ એ સુણવામાં મને જે આનંદ ઉપજે છે તે આવો જ, નહીં ?

ભોજ

ખરો અને નહીં. મંત્રદર્શન કે માનવતાના સાક્ષાત્કારમાં કેવળ આનંદ નથી, યોગીઓ જેને પરમાનંદ ઉર્ફે દુઃખનો આત્યંતિક અભાવ કહે છે તે પણ એકલો નથી. એ દશા શબ્દો અને વ્યાખ્યાથી પર છે. અનુભવ વિના અગમ્ય છે. મને લાગે છે તેને અનન્યસાધારણ તૃપ્તિ આપનાર 'સંતર્પણ' અથવા રસસમાધિ કહીએ તો ચાલે.

સીતા

ત્યારે સાધારણ માણસ ને કવિમાં ફેર શો ?

ભોજ

આટલો જ કે કવિ કે કલાકાર પોતાની માનવતાને અંતરમાં માણીને જ તૃપ્ત રહી શકતો નથી; સ્થૂલ જગતમાં પણ તેને અવતારવા મથે છે.

સીતા

પણ એમ તો આત્મસિદ્ધિની વાંછના સહુને જ ક્યાં નથી વરી ? પોતપોતાની સારીનરસી ભાવનાને નાશવંત સાધને અવિનાશી કરવા રાજપુરુષો કે વેપારી કે કારીગર, બધા જ ફાંફાં માર્યા કરે છે. તેમ કવિઓ પણ.

ભોજ

બરાબર. પણ કલાકારની જે પ્રતિભા, કલ્પકવૃત્તિ, અતીવ સુકુમાર ને સૌંદર્યલક્ષી રચના કરે છે તે બીજાઓને નસીબે નથી હોતી.

[થોડી વાર એકકે બોલતું નથી. વચ્ચે બંધ પડેલા હીંચકાને સજ્જનો પગ ફરી હલાવે છે. જરા રહીને–

ભોજ

તારા માનીતા પંડિતો ને પંડિતકવિઓમાં પણ નહીં,

સીતા

એ તો સાબીત કરવું અઘરું પડશે.

ભોજ

તને એમ લાગે છે. તારું મન પાંડિત્યનાં દુરબીનમાંથી દેખાય એટલાને જ કવિતા કહી શકે છે તેથી.

સીતા

(ચેતવણી આપતી હોય તેમ)

જુઓ મહારાજ, ઉપાલંભ એ દલીલ નથી. તાકાત હોય તો, જે હુશીઆરી ને ઝીણવટથી કવિના આત્મસ્વરૂપનું નિરૂપણ તમે કર્યું, તેવું જ પંડિતોની મહત્તાનું ખંડન કરો. તે વિના હું સરખી સ્થિતપ્રજ્ઞાને, વેધક બુદ્ધિવાળીને, પોતાના મનથી ચળાવવાની મથામણ નકામી છે.

[ગર્વનું આ મનહર પ્રદર્શન રાજાને મુખે સ્મિત પ્રસારે છે. તેની આંખ પણ કહે છે કે સીતા માટેનું તેનું માન વધ્યું છે. તે હીંડોળાને જમણે પડખે તકીઆને અઢીંગીને પળ બે પળ પંડિતાને જોઈ રહે છે. પછી—

ભોજ

સીતા ! શું તારૂં અભિમાન છે ! ને કેટલું મોહક ! આ પળોમાં તારી કુદરતી કાન્તિ અનેકધા—

સીતા

મહારાજ, મજ રંકનું સ્વરૂપ તો છે તે છે. પંડિતની મનોદશાનું સ્વરૂપ સમજાવશો તો વધુ આનંદ થશે.

ભોજ

(સ્હેજ ખસીઆણો, પછી સ્વસ્થ થઇને)

ત્યારે સાંભળ, એ સાંભળ.

કવિ મેં કહ્યું તેમ રસયોગી છે. અધદેખતા જીવોની આ સૃષ્ટિમાં તે એકલો જુએ છે; અધબહેરાઓમાં તે એકલો સાંભળે છે; હૈયાહીણાના મહાસમાજમાં તે એકલો સહૃદય છે. અને તે સર્વ શક્તિઓ તેની વાપરી નથી વપરાતી, આપમેળે વપરાય છે ને તેને જગતનો સાક્ષાત્કાર સધાવે છે. વિશ્વમાં એક વસ્તુ એવી નથી, સારી કે માઠી, જેમાં તેને રસ ન પડતો હોય; એક બનાવ એવો નથી, જેની સાથે તદાકાર થવા તે ન તલસતો હોય; એક જીવ કે માણસ એવો નથી જેની હાલચાલ કે ચેષ્ટામાં, શબ્દેશબ્દમાં, શોકમોહની ભરતીઓટમાં, દુષ્ટતા કે સ્વાર્થમાં, વિજયમાં, મહેચ્છામાં, શાંતિપ્રેમમાં તદ્રૂપ બનીને, રસભોગ કરતો, તેમાં લય પામતો, અદ્વૈત સાધતો તેનો આત્મા હૃદયોનાં રમણ ને જીવનનાં રહસ્ય ન પ્રીછતો હોય.

સીતા

એ તો પાછું કવિની મનોદશાનું નિરૂપણ થયું.

ભોજ

(ન સાંભળતો હોય તેમ, ધ્યાનમગ્ન)

પંડિત તેવો નથી. તેના સ્વભાવનું ઘડતર ને બંધારણ જ એવું હોય છે કે સજીવ સૃષ્ટિની લીલા તેને બહુ આકર્ષે નહીં.

આખું વિશ્વ તેના ચિંતવનનો વિષય બની શકતું નથી. તેણે તો શબ્દોની વંશાવળી શોધવી, સ્વમતના ટેકામાં પ્રમાણો મેળવવાં, તેમાંનાં કોઇનો જડસુની જીદથી બચાવ કરવો, કોઇને રોષ કે હાંસીના હથીઆરે તોડી પાડવા—આવી આવી પ્રવૃત્તિમાં રાચવાનું હોય છે. તેનું દષ્ટિક્ષેત્ર સાંકડું છે. તે ઉંડી ઊર્મિઓ અનુભવતો કે આલેખતો નથી. તેને મન સત્ય ને સૌંદર્ય જીવતી જાગતી શક્તિઓ કરતાં અમૂર્ત ભાવનાઓ વધુ અંશે છે.

સીતા

(સંશયાત્માના કટાક્ષથી)

ત્યારે તમારી સાહિત્યસૃષ્ટિમાં પંડિત એટલે લાગણી વગરનું પ્રાણી.

ભોજ

લાગણી તો, પંડિતો પણ માણસ પડયા એટલે, તેમને હોય. પણ એ ઘણે ભાગે કાચી અને ઉપલક હોય છે, ચીલે ચાલતી નીકમાં જ વહી શકે છે, ને કોઇ વાર સહેજ કારણ મળતાં ઉભરાય છે, તો બીજે વખતે, હલમલવાનું સબળ કારણ છતાં, હૃદયના રસાતળમાં જ આછી આછી લહેક્યા કરે છે.

[રાજાનું સૂક્ષ્મ પૃથક્કરણ પેલીની માન્યતાઓ ઢીલી કરે છે છતાં—

સીતા

પણ તમે બાણભટ્ટ અને કવિ માઘને—

ભોજ

એ બે સાવ પંડિત નહીં, તેમ કવિ નહીં; પંડિતકવિ ખરા. ને તારો મહાઆદર્શ ભવભૂતિ પણ પાંડિત્યથી પીડાતો છતાં કવિ તો ખરો જ.

સીતા

એમ ખરું કે ? ચા ... લો, એટલું પણ સ્વીકારો તો ક્યાં ?

ભોજ

સ્વીકારવામાં તો એમ કે તારી મનોમૂર્તિઓ પાણિનિ ને સાયણ કરતાં એ સારો. તું જ્યારે ત્યારે એ એનાં સૂત્રો કે ભાષ્યખંડો ઉચ્ચારે છે, તેને બદલે ‘ કાદંબરી ’ કે ‘ શિશુપાલવધ ’નો ઉપયોગ કરતી હોય તો તારો રસાત્મા એટલો વ્હેલો મોક્ષ પામે.

સીતા

એ લાલચ નકામી છે. તમે કહ્યા એ બે મુનિવરોના પગ પખાળવાનો પણ અધિકારી થઇ શકે તેવો એક તો બતાવો તમારી સભામાં !

ભોજ

પાડ પ્રભુનો કે બતાવી શકું તેમ નથી. મારે એવાનું શું કામ ? મેં તો રસોમાં પણ શૃંગારને જ[1] રસ માન્યો છે. ને આ માઘબાઘને પણ નીભાવવા પુરતા જ નીભાવું છું, બાકી તો—

સીતા

બાકી તો તમારૂં ચાલે તો પાંડિત્યની અવહેલના કરો. ને ખ્યાતિને વધુ ઉજ્જ્વલ કરો.

ભોજ

છેક એમ તો શું ? પણ મારી ફરિયાદ એ છે કે

પંડિતો ને સાક્ષરો સાહિત્યમંદિરના દ્વારપાલ જ છે, દેવ નહીં, એ તમે કોઇ જોઈ શકતાં નથી.

સીતા

ને દેવ તો તમારા કવિઓ, નહીં ?

ભોજ

એમાં શક શો ? વળી, દેવ છે તો દ્વારપાલ છે; ને દેવ તો સ્વયંભૂ જ હોય હમેશાં.

સીતા

કોણ જાણે. કેટલાક તો એવા હોય છે કે પોતાની સ્વયંભૂ અવસ્થામાં રહ્યાં હોત, ને વાગ્દેવીનો અકસ્માત પ્રસાદ ન પામ્યા હોત તો આજે તમારી સભાના કવિ-શિરોમણિને બદલે મૂર્ખશિરોમણિ તરીકે પ્રકાશતા હોત.

ભોજ

(હીંચકેથી ઉતરતો)

બીચારો કાલિદાસ ! તને ખુબ સાલતો લાગે છે.

સીતા

ના રે. એવા મહાપુરુષની અદેખાઇ કરવી અમ પામર-ને પાલવે ? ... ... ચાલો, જઇશ.

ભોજ

હા. ને કાલે જરૂર આ વાત સભામાં સંભારજે. બધા પાસે વાદ કરાવશું. જબરી સાઠમારી જામશે.

સીતા

નાહક શું કામ, એવું કરીને ?

ભોજ

કેમ, તારો પક્ષ હારી જવાની બીક લાગે છે કે ?

સીતા (જતી જતી)

ના. ધારાનરેશની કીર્તિ અને સમયનો વધારે સારો ઉપયોગ થાય એ આશાથી કહું છું.

[એ ગઇ એટલે ભોજ મરકતે મુખે પડખેના શયનખંડમાં પ્રવેશે છે.]

૧. 'સરસ્વતીકંઠાભરણ'માં.

૨ કાલિદાસ જન્મથી તદ્દન મૂર્ખ હતા અને સરસ્વતીની કૃપાથી કવિ બન્યા એ દંતકથાનું અહીં અનુલક્ષણ છે.

જગન્નાથ અને લવંગી

સંવત્ ૧૭૦૪ની શરદઋતુમાં સાંજને સમયે વારાણસીના સીમાપ્રાન્તે વિસ્તરતા ગંગાતીરે જગન્નાથ અને લવંગી જોડાજોડ ચાલતાં હોય છે.

પંડિતરાજ પોતે પત્નીના શિક્ષણ કાજે તાજેતરમાં રચવા માંડેલ 'ભામિનીવિલાસ'ના કેટલાક શ્લોકો તેને સમજાવતા સમજાવતા ઘેરથી નીકળેલા; તે કામ શહેર બહારનો આ રમણીયતર પ્રદેશ આવતાં અટકે છે. બંને જણ હવે મુંગાં મુંગાં કુદરતની મનોરમ સુન્દરતાને નયનવાટે પી રહ્યાં છે.

ઘડીક પછી જગન્નાથ ઉભા રહે છે–અને ડાબી બાજુ ચાલતી લવંગી પણ. ઉભી રહેતાં વેંત જ, થાકને લીધે, તે પહેલાં પતિના ડાબા ખભાનો ટેકો લઇ થંભે છે. પછી હાથને તેમની ડોક પર થઇને જમણા ખભા પર પ્રલંબિત કરે છે, એટલે દેહલતા પ્રીતમશરીરના સંશ્રયે વિરામે છે. અને તેમનો પણ ડાબો હાથ લવંગીની કમ્મર પર અર્ધચંદ્રાકારે વળીને ઉભયના સ્પર્શનને ગાઢતર કરે છે.

ગંગાજીનું સાન્નિધ્ય અને એ સ્પર્શસંવેદનની પળ જગન્નાથના મનમાં પૂર્વના એક મધુર પ્રસંગને તાજો કરે છે. એ સમયે પોતે રચેલા કાવ્યનો શ્લોક, ડાબી પાસ વહેતી સરિતાના ગંભીર અને નિરવ પ્રવાહ પર મીટ માંડી, રસસમાધિમાં લીન થઇ, સુસ્પષ્ટ પ્રભાવભર સ્વરે તેઓ ઉચ્ચારે છે:

જગન્નાથ

न यत्साक्षात्वेदैरपि गलितभेदैरवासितम्
न यस्मिञ्जीवानां प्रसरति मनोवागवसरः ।
निराकारं नित्यं निजमहिमनिर्वासिततमो
विशुद्धं यत्तत्त्वं सुरतटिनि तत्त्वं न विषयः ॥१॥

[ઉચ્ચારણ દરમીઆન લવંગીનું માથું તેમના ખભા પર ઢળકે છે અને તેનાં પોપચાં પણ આસ્તે આસ્તે પ્રવાહને નીહાળતાં બીડાય છે. કેટલીક ક્ષણો પછી આંખ ઉઘાડી, માથું જરા ઉંચું કરી—

લવંગી

નાથ, તમારી નજરે ગંગામાતા બ્રહ્મસ્વરૂપ છે, પણ મને તો તેની અદેખાઈ આવે છે.

જગન્નાથ (સસ્મિત)

આવે જ ને ? સ્ત્રી કોનું નામ ? ગંગા કદી મારી પત્ની થવાની નથી એની તો સૌને તેમ તને ખાતરી છે. પણ તને સાલે છે તે એ કે તારા શીવાય કોઈની પણ આવડી ભારે સ્તુતિ મારે મુખે થઇ. કેમ, ખરુંને ?

લવંગી

(સહેજ ભ્રૂભંગ દર્શાવી)

એમ જ વળી.

[હવે તે જગન્નાથનું પાસું અલગ કરે છે. બંને જણ આંગળાંના આંકડા ભીડી પાછાં ચાલવા માંડે છે.]

જગન્નાથ

અને છતાં, એ શ્લોક ક્યારે રચાયલો? જ્યારે તારા પ્રત્યેની મારી પ્રીતિ તો અખંડ જ હતી, પણ તારો સહવાસ નિત્યનો બને તેટલા સારુ મારે નાતભાઈઓને ચમત્કાર કરી દેખાડવો પડ્યો ત્યારે. એ રચાયો તારે ખાતર અને એ ગાતાં ગાતાં હમેશાં તેમ હમણાં પણ મને તો વિચાર આવતો હતો તે એ જ કે ગંગા જો આટલી વર્ચસ્વી છે, તો લવંગી પણ ક્યાં નથી?

લવંગી (હસી પડી)

ખુશામત કરો છો કે? મોગલ શાહનો દરબાર છોડયાને બાર વર્ષ થવા આવ્યાં પણ તમારી એ ટેવ ટળી નહીં.

[આ શબ્દો સાંભળતાં જ કવિના મોં પર આછા શેરડા પડે છે. પળવાર એમનું ઘવાયલું સ્વમાન જવાબ વાળવાની પણ દરકાર કરતું નથી. પછી તે બોલવા જાય છે ત્યાં ફરીથી એમની અડોઅડ આવી, ઉભા રાખી—

લવંગી

આમ શું કરો છો, પંડિતરાજ? તમને માઠું લગાડવા મેં એ કહ્યું હશે? મને પણ મુઇ મશ્કરીની આદત જ ખરાબ પડી છે. ચાલો શાંત થાઓ જોઇએ, કેવા ડાહ્યા છો?

[એ પટામણીની અસર થાય છે. જગન્નાથ પાછા સ્વસ્થ બનીને બચાવ આદરે છે.]

જગન્નાથ

એમાં તારો વાંક નથી, લવંગી. મારે થાય છે જ એવું. હું ગમે તેટલી સાચી નિષ્ઠાથી વાત કરું, મારું કહેવું મારા મનથી તેમ જ સિદ્ધાંતની નજરે ગમે તેટલું વાજબી હોય, છતાં આખી દુનીઆએ જાણે મને જુદી રીતે સમજવાનું કાવતરું જ રચ્યું ન હોય, એવું ઘણી વાર લાગે છે. આ ખુશામતની જ વાત લઇએ. મેં ' અસફવિલાસ ' લખ્યો ત્યારે આખા ય દરબારના માનવકાકો જ્યાં હોય ત્યાં ખાનગી રાહે લવતા કે મેં બાદશાહના એ માનીતા સરદારને ખુશ કરવા મારી પ્રતિભા વેચી. હકીકત તરીકે, અસફખાંના અમીરી સ્વભાવનાં અનેક વખત મેં ગુણગાન સાંભળેલાં, એની ભલાઇના કેટલા ય દાખલા નજરે નીહાળેલા, એટલે એ પ્રશસ્તિ મારી સ્વાભાવિક લાગણીઓનો જ ઉદ્‌ગાર હતો.

લવંગી

એ તો બરાબર. અને એમ તો, શાહજહાંએ રુપા સાથે તમારી તુલા કરાવીને એ સાડા ચાર હજાર રુપીઆના નગદ પાટો તમને ભેટ કર્યા, ત્યારે પણ એવું જ આળ માથે આવેલું ને ?

જગન્નાથ (હસીને)

હા. દખ્ખણના એક રાજાએ પોતાના રાજકવિ બનવાનું મને કહેવરાવ્યું, ત્યારે મેં સગર્વ જવાબ મોકલેલો ને, કે મારા મનોરથો તો દિલ્લીશ્વર પુરી શકે, નહીં તો જગદીશ્વર. બીજા રાજાઓથી અપાય એ તો, એમણે ગમે તેટલું આપ્યું હોય છતાં મારે તો શાક કે લવણના ખર્ચમાં જ ચાલ્યું જાય.

લવંગી

બીચારાને સખત ભોંઠો પાડચો. જબરા છો તમે પણ.

જગન્નાથ

ત્યારે બીજું શું કરું? ને એ જવાબમાં હતો મારો ગર્વ, પણ દેખનારને દેખાઇ દિલ્લીપતિની ખુશામત.

લવંગી

અને એમ દેખાવાનું કારણ તો એ જ કે તમારા જવાબ પછી તુરત જ બાદશાહે પેલી તુલા કરાવી. બાકી તુલાનો વિચાર તો, બેગમસાહેબા એક વાર કહેતાં હતાં તેમ, બાદશાહના મનમાં વર્ષો થયાં હતો.

જગન્નાથ

શું દુનીઆ છે! અથવા, દુનીઆએ શું કરે? એનો ઝાઝો વાંક નથી. ઘણી વાર કાગ બેસે ને તાડ પડે–એના જેવું થાય છે ને લોકોની ટુંકી નજર એ બેને સાંધી દે છે. (થોડી વાર પછી) મને લાગે છે એવી દુનીઆમાં કવિએ અવતરવું પડે છે એ તેનાં જ કોઈ પૂર્વનાં પાપે કરીને હોવું જોઇએ.

લવંગી (સચિંત સ્વરે)

એમ નિરાશાને કાં વશ થાઓ? તમે પંડે જ ક્યાં અત્યાર લગીમાં દુનીઆ સામે સફળતાથી ઓછી ટક્કરો ઝીલી છે કે આમ બોલો છો? તમારી અંકુરતી પણ ઉત્કટ મહત્ત્વાકાંક્ષાઓ માટે રાજમહેંદ્રી નાનું પડચું એટલે કિશોરવયમાં જ વિદ્વાન ને સ્નેહાળ પિતાને ત્યજીને, એમને નારાજ કરીને પણ, તાંજોર જઇ રહ્યા. તાંજોરનરેશે તમને લેખવ્યા નહીં.

કહેવાય ત્યારે મોટો પંડિતપોષક, ને પોતાના જુના ગોખણીઆ પંડિતો કરતાં તમે ચઢીઆતા છો એ જાણવા છતાં, સમજ્યા છતાં, તમને અગ્રાસન ન આપ્યું તે ન જ આપ્યું. વાત ત્યારે આસનની જ, પણ સિદ્ધાંત કેટલો મોટો ?

જગન્નાથ

હાસ્તો. મારું મન એ વખતે બહુ જ દુભાયલું. અને એને છોડીને જયપુરની આ તરફ આવ્યો ત્યારે વળી એક જુદા જ બનાવે ચિત્તને ક્ષોભ કરાવ્યો.

લવંગી

કાજીવાળી વાત ને ? એમાં તો વળી અંગત માનઅપમાનનો પ્રશ્ન પણ નહોતો. એનાથી બધા શાસ્ત્રીઓ હારતા પણ તમે એને જ હરાવીને હીંદુ ધર્મની નોક જાળવી.

જગન્નાથ

પણ એ સહેલું કામ નહોતું હોં, લવંગી. આખું એક વર્ષ મારે સંસ્કૃતપ્રાકૃતને છેક વિચારે નાંખીને અરબ્બી ફાર્સી ને કુરાનની એકલક્ષી ભક્તિ આદરવી પડેલી. પણ એટલું ખરું કે તપની સિદ્ધિ મળી પુરેપુરી.

લવંગી

એ તો એમ જ. અને ત્રીજો મહાવિજય તે મને જીતવાનો: બાદશાહ પાસેથી તો ખરી જ, પણ નાત સામે જાત્યંતર લગ્નનો ઝુંડો ઉઠાવીને પણ.

[છેલ્લા શબ્દો બોલતાં તે પાછું વાળી જુએ છે.
નગર સારી રીતે આઘું પડી ગએલું જાણીને
બેસવા માટે હરીઆળી જમીનનો સ્વચ્છ

ભાગ નજરથી શોધે છે. જરા વારે એ જડતાં પોતે અટકે છે. વિચારમગ્ન જગન્નાથ પણ અટકે છે. લવંગી પહેલી બેસી જાય છે, એટલે પંડિતરાજ તેના ખોળામાં માથું મુકી ઘાસ પર અળેટાય છે. થોડી પળો બાદ વિચારપાશમાંથી મુક્ત થતાં—

જગન્નાથ

એ તો બધું ખરું. અને નાત સાથેની લડત તો તારે ખાતર હતી એટલા પુરતી એની જુદી વાત. પણ તે શીવાય તો શું તને એમ નથી લાગતું કે કવિઓ અને પંડિતોની શક્તિ ને સમય કોઇ પણ તરેહની–જીવનની કે સાહિત્યની–લડતોમાં વેડફાય એ ઘણું જ શોકકારક છે ?

લવંગી

(નિર્દોષતાના ભાવથી)

એ તો વેડફનારા જાણે. આપણને શી ખબર ?

જગન્નાથ

(કટાક્ષ સમજી જઇ)

ના ના એમ નહીં. મેં જ એવી વેડફ કેટલી બધી વાર કરી છે એ હું ભુલી જતો નથી. પણ—

લવંગી

પણ 'પરોપદેશે પાંડિત્યં' હમેશાં જ આકર્ષક હોય છે.

જગન્નાથ

સાંભળ તો ખરી. પરોપદેશની વાત નથી. ખરું કહું તો કોઈને ય ઉપદેશ દેવાની વાત નથી. મને આજ લગીની

જીંદગીનું સિંહાવલોકન કરતાં આત્મનિરીક્ષણની ઘડીમાં કદીક આવા વિચારો આવે છે, એટલે–થનાર તો થઈ ગયું, પણ સિદ્ધાંતદષ્ટિએ, હું કહું છું તે બરાબર છે કે નહીં એ આપણે તપાસવું ઘટે.

લવંગી (મીઠી નફ્ટાઇથી)

અને સો ચુઆ મારીને બીલ્લી પાટે બેસે તે બરાબર છે કે નહીં એ પણ આપણે તપાસવું ઘટે.

જગન્નાથ (હસે છે)

તારે મને ફરીથી દુભવવો હોય તો એ પ્રયાસ મિથ્યા છે. પણ રીતસર વાત કર ને. મેં—

લવંગી (સામું હસીને)

નહીં કરું. તમે કેટલી વાત રીતસર કરી? પહેલાં મનભંગ થયા; પછી બચાવ આદર્યો; તે વખતે મેં તમારી હામાં હા મેળવી, ત્યારે વળી દુનીઆ વિશે કૈં ભળતું જ બોલવા માંડયું; અને તેમાંથી હું તમને છોડવતી હતી, તમારા જીવનનું સાચું રહસ્ય બતાવતી હતી, ત્યાં તો કોણ જાણે કયાંથી પશ્ચાત્તાપનો દાવાનળ દીલમાં પ્રગટયો, તે કવિએ સાહિત્યમાં લડત કરવી, ને જીવનમાં ન કરવી ને—

જગન્નાથ

અરે રે! આ શું ભરડે છે? મેં તો કવિએ કયાં યે લડત ન કરવી એમ કહ્યું.

લવંગી

હં હં, એમ કે? ચાલો એમ તો એમ. પણ મને એ ખરું નથી લાગતું. હજી તો ગયે વરસે જ 'મનોરમાકુચમર્દિની'

તમે પુરું કર્યું તેમાં બીચારા ભટ્ટોજીને કેવો ઉધડો લીધો છે ? બદલામાં એ જ્યાં જ્યાં જાય ત્યાં, ગામેગામ ને શહેરેશહેર, તમારું નામ બદનામ કરવાનો ધંધો લઇને બેઠો છે. તમારી બેઉની સાઠમારીમાં, વ્યાકરણના જે નિયમો કે પ્રયોગો વિશે તમારે મતભેદ હશે એ તો કોરાણે રહે છે ને કૈં ત્રીજું જ નવતરું ફુટી નીકળે છે. (જરા રહીને) અને હમણાં વળી 'રસગંગાધર'નો વિચાર કરો છો તેમાં પણ અપ્પય દીક્ષિતની સાત પેઢીને ઉખેડી નાંખશો એની મને ખાતરી છે. એના 'કુવલયાનંદ' સામે છે ને, એ તો ?

જગન્નાથ (બેદરકારીથી)

હોય. કોઇની સામે તો કોઇ બીજાની તરફેણમાં પણ હોય.

લવંગી

બીજો વળી કોણ ?

જગન્નાથ

મહાગુરુ પેરુભટ્ટસુત પંડિતરાજરાજિતિલક જગન્નાથરાય. એમના જ રચેલા શ્લોકો દૃષ્ટાંત લેખે અપાવાના છે–કાં તો આગળની કૃતિઓમાંથી, નહીં તો નવા રચીનેઃ જેવો અલંકાર.

લવંગી

તોબાહ તમારાથી તો. તમારે આત્મસ્તુતિ કરવી છે, પરનિંદા કરવી છે ને પાછું—

જગન્નાથ

શ્—શ્—શ્. પરનિંદા નહીં, પરસિદ્ધાંતોનું–પારકાના અપસિદ્ધાંતોનું ખંડન.

લવંગી

એ જે કહો તે. ઝાઝો ફેર નથી પડતો. પણ હું એમ પુછું, પંડિતરાજ, કે તમને જો ખંડન કરવામા રસ પડયા કરે છે, તો પછી લડતોથી વળી કાયર શાના થાઓ છો? શક્તિ વેડફાય, ને એવું શીદ કહો છો? મને તો એ બધો વદતો-વ્યાઘાત લાગે છે. કૈં સમજાતું નથી.

જગન્નાથ

(માર્મિક સ્મિત કરતાં)

ન જ સમજાય. સ્ત્રીની મતિ પાનીએ.

[લવંગીનાં ભવાં સહેજ સંકોચાય છે, બત્રીસી સજ્જડ બીડાય છે, પણ એ કૈં બોલતી નથી. જગન્નાથ મોં મરકાવી સંભાષણ ચાલુ રાખે છે.]

પણ આ વાતમાં સૂક્ષ્મ વિવેક કરવાની જરુર છે. અને તે એવી રીતે કે, તેં કલ્પી લીધું છે તેમ હું કૈં યુદ્ધની મજા ખાતર વાગ્યુદ્ધોમાં ઉતરતો નથી. ન છુટકે જ, ધર્મને ખાતર, જ્યારે મને અગત્ય જણાય ત્યારે ખંડન કે આક્રમણનો માર્ગ લઉં છું—જીવનમાં અને સાહિત્યમાં પણ.

લવંગી

બરાબર. પણ તો પછી એ વાતનો ખરખરો શો? લડયા વિના રહેવાતું નથી, ચાલે તેમ નથી, તો શાંતિની આવડી ઝંખના શી?

જગન્નાથ

એ તો સમસ્ત જીવન જ એવું છે ને, લવંગી? સંસારના ભેદોને ગાળી નાંખીને તેમાંથી અભેદ પામવા આપણે ચાહીએ છીએ. અને તે ચાહના ખરી થાય ત્યાર પહેલાં કેટલા ય

ક્લેશમાં થઇને માર્ગ કરવાનો હોય છે. સંસારજીવનનો એ તો મહાસિદ્ધાંત. પણ મને કોઈ કોઈવાર એમ થાય છે કે સામાન્ય સંસારીઓ કરતાં કોઇ જુદી રીતે શું કવિને ઇષ્ટપ્રાપ્તિ ન થઇ શકે ? બ્રહ્મનિષ્ઠ તો કોણ થયું છે ને કોણ થશે ? એ વાત જવા દઇએ. પણ અભેદમાર્ગના પ્રવાસી તો માનવીમાત્ર છે. એ પ્રવાસ ઉગ્ર તપશ્ચર્યા માગી લે છે એ પણ ખરું. પરંતુ કવિને પોતાના આંતરજીવનમાં જ એવાં તપ ને એવી સાધના ક્યાં ઓછી કરવાની છે કે તેણે બાહ્યજીવનની વિષમતા પણ વહોરી લેવી પડે ?–પ્રતિસ્પર્ધીઓ ને વિરોધીઓ સામે કે પ્રતિકૂળ મનનાં માણસો સામે ટંટામાં ઉતરવું પડે ? ઘણા આંતર કલહ પછી–કહો કે કોઇ વાર તો યાતનાઓ પછી પછી પણ–તેના સર્જનની જે ધન્ય ક્ષણ આવે છે, તેની દિવ્ય તૃપ્તિ, તેનો આહ્લાદ, તેનું સંતર્પણ, તેની અગાધ શાંતિ, રસાત્માના આત્મસાક્ષાત્કાર કાજે શી ઉણી છે કે બીજા ત્રીજા બહારના વાદવિવાદોના કલહ અને ક્ષણિક પણ પ્રબળ યાતનાઓ દ્વારા શાંતિ શોધવાની તેને જરુર હોય ? સારામાં સારા પ્રાચીન કવિઓનાં–વાલ્મીકિ ને કાલિદાસ, ભવભૂતિ અને જયદેવનાં–જીવનનો સારબોધ પણ એ જ છે. એમણે કદી યે વિતંડાવાદને વહાલો કર્યાનું જાણમાં નથી. અને આપણે આદર્શ-રૂપ તો એમને જ માનવા જોઇએ ને ?

[આ સંભાષણ ઘણુંખરું ગગન પર દૃષ્ટિ માંડીને જગન્નાથ કરે છે. એ પુરું થવા આવે ત્યાં એમની આંખો વીંચાય છે. લવંગીના વદને ગાંભીર્ય છવાયું છે. એ પતિના તપ્તપ્રાય લલાટે હાથ ફેરવતી થોડી વાર મૌન ધારી બેસી રહે છે. પછી જગન્નાથનાં સંદેહાતુર નયન ઉઘડે છે એટલે—

લવંગી

ખોટું ન લગાડશો, નાથ; પણ એક વાત પુછું ?

જગન્નાથ

પુછ ને.

લવંગી

તમે કર્યું એ નિરૂપણ નિરૂપણ તરીકે બહુ સરસ છે. સાચું છે એમ પણ કહેવાય. પણ એ સંપૂર્ણ છે ખરું ? એક-તરફી નથી ?

જગન્નાથ

કેવી રીતે ?

લવંગી

તમે જ વિચારો ને. તમે કહો છો એવો કવિ એટલે તો કાવ્યોત્પાદક યંત્ર. એથી વધુ કશું નહીં. પ્રેરણાની ચાવી ફરે એટલે તેના હૈયામાંથી ખળખળ કાવ્ય વહે, ને ચાવી બંધ થાય એટલે એ પાછો નિશ્ચેતન બને. એ જીવતો છે એમ જણાય તે એની સર્જનની ક્ષણ પહોંચે ત્યાં લગી જ. ત્યાર પહેલાં કે પછી તેને ન હોય લાગણી, કે નહીં વિચારઃ નહીં કલ્પના હરખશોક કે રાગદ્વેષ.

જગન્નાથ (ફીક્કું હસીને)

એમ તો કેમ બને ?

લવંગી

ન કેમ બને ? તમે એની બાપડાની માણસાઇને જ મૂળ-માંથી છેદતા લાગો છો. એમ ન હોય, તો કવિ તરીકે જે

આટલો સુકુમાર અને સુંવાળા દીલનો છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ રસિકતા ભોગવવાનો જે ત્રિલોકમાં એકલો જ અધિકારી છે, તે માણસ તરીકે સંસારના વહેવારોમાં પથ્થર જેવો જડ રહે, ગમે તેવા નીચોએ કરેલ અપમાનોને મુંગે મોંએ ગળી જાય, ગમે તેવાનાં ચઢાવેલ આળોને જાણે તે વસ્ત્ર પરની ધુળ હોય તેમ ખંખેરી નાંખે, ન તો સત્ય ધર્મને ખાતર પોતાનો સાદ કાઢે, ન તો ટેક જાળવવા ખાતર ઉગ્ર ક્લેશને પણ મીઠી શાંતિ માને,–એ બધું સંભવે જ શી રીતે ?

જગન્નાથ (પળેક રહીને)

પણ તું આલેખે છે એ તો નબળા મનનો કવિ. અને મેં કહ્યા તે જુના મહાકવિઓનું શું ? એમને કલહ ને વિવાદ ગમતાં કે શુદ્ધ સર્જન ?

લવંગી

એમાં બે વાત છે. પણ નબળા મન માટે પહેલાં કહી લઉં. તમે જેને મજબુત કહેતા હશો તેવું મન ચિન્તનપ્રધાન પ્રજાનાયકનું હોય, કે કોઇ વિરલ ફીલસુફનું હોય. બાકી તો કવિ એટલે જ આળાઈ;–ધન્ય અને ઉત્કટ, કલ્યાણપરિણામી નબળાઈ–એને જો નબળાઇ કહેવી જ હોય તો. પણ એ છે તો એની સૌથી પ્રબળ શક્તિ. એ શક્તિ એક તરફ કવિ અને કલાકારને સંસાર અને સમગ્ર વિશ્વનાં ઉંડામાં ઉંડાં રહસ્યો પ્રીછવા પ્રેરે છે, તો બીજી તરફ સંસારીઓની સ્વાર્થ-પરાયણતા અને બહુરૂપી નીચતાથી દઝાડે છે.

જગન્નાથ

(સકટાક્ષ સ્મિતથી)

ત્યારે તો પ્રત્યેક કવિએ બસ બંડખોર જ બનવું; સંસાર પર જરાકે દાઝ ચઢતાં તેને તારાજ કરવાની પ્રતિજ્ઞા લઇને તેનો અમલ કરવા કુદી પડવું.

લવંગી

(સહેજ મોં મરડી)

તમારે હસવું હોય તો હસો. પણ તમારા કટાક્ષનો એ જવાબ નથી એમ નહીં. એકેએક કવિ બંડખોર થઈને હૈયાહોળીમાં જીવન વીતાડતો નથી તેનું કારણ એટલું જ કે સૌના સંજોગો સરખા નથી હોતા. મેં કહ્યો તે કવિસ્વભાવ પણ સર્વ કવિજીવોમાં એકસરખી તીવ્રતાથી નથી વિલસતો. અને મહાકવિ વિશે તમે પુછતા'તા, તેને માટે તો બેમાંથી એક રીતે બન્યું હોયઃ કાં તો એમને સર્વને અનુકૂળ સંજોગો સાંપડ્યા હોય, એટલે અસાધારણ ક્લેશકંકાસ સહેવાનો વારો જ એમને ન આવ્યો હોય, અથવા તો, એમનાં જીવન વિશેની જે ઘણીખરી પ્રમાણભૂત વિગતો કાળનાં પડમાં દટાઇ ગઇ છે, તેમાં પણ તેમનાં જીવનની પ્રભુ જાણે કેટલીય કરુણ કથાઓ લુપ્ત થઇ હોય.

જગન્નાથ

એકંદરે તારું કહેવું ખરું છે.

[આમ કહેતા તે લવંગીના ખોળામાંથી બેઠા થાય છે, એટલે એ તેમનાં વસ્ત્રને વળગેલ કચરોકસ્તર હળવે હાથે ખંખેરે છે.]

અને મને વધારે શાતા તો એટલા સારુ વળે છે કે હું હવે ઉમાનાથ શાસ્ત્રીને બરાબર જવાબ દઈ શકીશ. એ કાલ કે પરમ આવવાના છે. અમે છેલ્લા મળ્યા ત્યારે, પોતાની તેજીલી ને ચટકદાર શૈલીમાં એ મારી પાસે એક લાંબું પ્રવચન કરી ગએલા. અને તે આ જ સૂત્ર પર કે કવિએ તો સર્જન-માં જ મશગુલ રહેવું જોઇએ, તેણે કશી—

લવંગી (સાશ્ચર્ય)

ઓ હો ! ત્યારે તો એમનાં આંજણે અંજાઈને તમે આજે આ વાદ આદરેલો કેમ ?

જગન્નાથ

(મસ્તીભરી આંખે)

એનું હતું તે આંજણ કર્યું તો કેમ જાણ્યું કે તારું છે એ કામણ નહીં નીવડે ?

લવંગી

(કૃત્રિમ બેકાળજીથી)

એ તો જેવા તમારા સંસ્કાર. બાકી અમે થોડાં જ તમને વશ કરવા આવ્યાં'તાં ? તમે ગમે તેમ તર્કો દોડાવ્યા, ત્યારે વળી ન ચાલ્યું તે આ થોડાં ડહાપણનાં મોતી વેરી નાંખ્યાં.

જગન્નાથ (હસતાં)

જરૂર જરૂર ! જગતમાં તું સરખી કોઈ વેરનાર નહીં ને હું સરખો ઝીલનાર નહીં, ખરું ને ? (ગંભીર થઈ) પણ મને એમ થાય છે, લવંગી, કે કોઈ દહાડો તું નહીં હો, અને સંસારમાં—

લવંગી (ઉભી થતી)

'કોઇ દહાડો' શું વળી ? તમે તો હમણાંથી જ મને મરેલી નથી કલ્પી ? આજે જ સવાર કહેતા'તા કે શૃંગારવિલાસ પુરો થાય એટલે તને સદ્દગત થએલી માની લઇને કરુણવિલાસ શરુ કરવો છે ?

જગન્નાથ

(હાસ્ય રોકવાનો પ્રયત્ન કરીને)

પણ એ તો ઉલટું સારું ને ? એક વાર કલ્પનાબળે વિયોગ થઇ ગયો હોય, તો ખરા વિયોગ વખતે એટલું વસમું ઓછું લાગે. ખરું કે નહીં ?

લવંગી (કટાક્ષથી)

હા હા ખરું. તદ્દન ખરું.

[હવે જગન્નાથ પણ ઉભા થાય છે, સ્થિરતાથી એકી ટશે થોડી વાર ગંગાપ્રવાહને નીરખી રહે છે. થોડી પળો પછી—

જગન્નાથ

હે લવંગી એક શ્લોક તો રચાયો પણ ખરો. સંભળાવું ?

લવંગી

(આડો હાથ ધરી)

ના ... ... હજી હું જીવતી છું.

જગન્નાથ

અરે ઘેલી ! જીવતી છે, પણ આ તો તને અમર કરશેઃ

काव्यात्मना मनसि पर्यणमन्पुरा मे
पीयूषसारसरसास्तव ये विलासाः ।
तानन्तरेण रमणी रमणीयशीले
चेतोहरा सुकविता भविता कथं नः ॥२॥

લવંગી

આ પણ ઠીક ! બહાનું ત્યારે મને અમર કરવાનું, ને શોક તો એનો થાય છે કે કવિતા માગ વિના નહીં રચાય. કેટલા સ્વાર્થી છો !

[જવાબમાં જગન્નાથ તેને પ્રગાઢ આલિંગન દે છે. બંને રસભરતી હરે અનુભવતાં શહેર તરફ પગલાં કરે છે.]

શ્લોકોનું ભાષાંતર

૧. અરે ! વેદો ભેદોરહિત પણ કૈં ના કહી શકે,
ન જીવોનાં વાણી મન પણ વળી જ્યાં જઇ શકે.
પ્રભાવે એ પોતે તમ દૂર કરે નિત્ય, અગુણી,
પ્રકાશી તે તત્ત્વ તું જ, વિષય ના તું સુરધુની.

૨. પૂર્વે થયા મમ મને દૃઢ કાવ્યરૂપે
પીયૂષના રસ સમા તુજ જે વિલાસો;
તેના વિના મમ, મનોહરશીલવાળી !
ક્યાંથી થશે સુકવિતા પણ ચિત્તહારી ?

પ્રેમાનન્દ અને નાથાશંકર

[સ્વર્ગની વાડીનો એકાન્ત ભાગ. આખ્યાન પુરું થતાં માણ પર બે હાથ ટેકવીને પ્રેમાનંદ ઉભા થાય છે, ત્યાં વીખરાતા શ્રોતૃમંડળના છેલછેલ્લા ઝુમખામાંથી એક જણ છુટો પડીને તેમની તરફ આવે છે. આવનારને મુખે મેધાની આછેરી છાંટ છે; સંસ્કૃતના અતિ સેવનથી ઉપજેલી જડ રસિકતા છે; આધેડ આંખોમાં ખંધાઇ ને મસ્તીખોરી વારાફરતી ચમકતાં હોય છે. તેને જોઇ-

પ્રેમાનન્દ

કેમ નાથાશંકર, કૈં નવાજુની દુનીયાની ?

નાથાશંકર

હા રે, એક જીવ હમણાં જ પૃથ્વી પરથી આવ્યો. કહે છે કે ફરી પાછી પેલી ચોળાચોળ ઉભી થવાની છે.

પ્રેમાનન્દ

કઈ ચોળાચોળ ?

નાથાશંકર

તમારાં નાટકોની.

[પ્રેમાનંદની ભ્રુકુટી ચઢે છે ને બત્રીસી સખ્તાઇથી બીડાય છે. નાથાશંકર હસી પડે છે.]

પ્રેમાનન્દ

હસે છે શાનો ? એક તો—પણ કંઈ નહીં, જવા દે. તને ઠપકો આપવો એટલે ધુળ પણ લીંપણ. પણ બોલ તો ખરો, વાત શી છે ?

નાથાશંકર

કહ્યું નહીં કે તમારાં નાટકોની ? તમારા એક ઉસ્તાદ વકીલે, વકીલોને વહાલામાં વહાલી રીતોની મદદ વડે, નીસ્તી-માંથી હસ્તી ઉભી કરવાનો હુન્નર માંડ્યો છે: ‘ પ્રેમાનંદનાં જ નાટકો ’ નામે ચોપડી છપાવી છે.

પ્રેમાનન્દ

અરે જજ્જાની વાત તો દૂર રહી, પણ પહેલપ્રથમ તો ‘ પ્રેમાનંદ ’ ને ‘ નાટકો ’ એ બે શબ્દો ભેગા સંભવે કેમ ? અમારા વખતમાં નહોતી રંગભૂમિ, નહોતી નાટકોની ગુજરાતી પ્રણાલિકા, ને નહોતો તેનો અનુભવ. એ મહાસમર્થ ભાસ, કાલિદાસ ને ભવભૂતિના પેંગડામાં પગ ઘાલનાર અમે તે કોણ ? અમારાં તે શાં ગજાં કે મુનિવર ભરતનાં શાસનો સમજવાની પણ તાકાત અમારામાં હોય ?—પાળવાની વાત તો ઘેર ગઈ.

નાથાશંકર

(જરા લાડ કરતો, જરા પટાવતો)

છેક એમ તો શું ? તમારાં આખ્યાનોમાં પણ કેટલુંક નાટ્યતત્ત્વ તો ઝળકે જ છે ને ?

પ્રેમાનન્દ

અરે ઝળકયાં ! અમે તો પુરાણી જેવા પુરાણી હતા. પેલા પેટબળ્યા સંસ્કૃત પુરાણીઓ તેમ અમે—એનાથી જરા સારા—પ્રાકૃત પુરાણીઓ: બીજું શું ? પાઈ પૈસો કે ચપટી ચોખાની આશાએ અમે અમારું કામ કર્યા કરતા. અને ચકલે કે પોળમાં અમારી માણના રણકા ને રાગના લહેકા લોકોને આકર્ષતા ... ... હા, એટલું ખરું કે જે માણભટ્ટ કશીક દૈવી શક્તિ લઈને અવતર્યો હોય તે બીજા અરચુરણ પરચુરણ કરતાં ચઢીઆતાં ને મનોરમ આખ્યાન કરી જાણે. પણ એથી વધુ કૈં નહીં.

[આ લાંબા સંભાષણ દરમીઆન તેઓ વાડીનો ઝાડઝુંડવાળો ભાગ છોડીને ચાલતા ચાલતા ઉઘાડા ચોગાનમાં આવે છે. ત્યાં જુના ઝાડના થડમાં કોરેલી બેઠકમાં પ્રે. બેસે છે. સાથી તેમના પગ પાસે, જરા આઘો, ઘાસમાં શરીર લંબાવે છે. થોડી પળ પછી —

પ્રેમાનન્દ

એ બધું તો ઠીક, પણ નાથાશંકર ! —

નાથાશંકર (હાથ જોડી)

મહારાજ !

પ્રેમાનન્દ

હું જાણું છું ને તમે જાણો છો કે એ નાટક મારાં લખેલાં તો નથી.

નાથાશંકર

નથી–નથી જ, ભટજી. પણ—

પ્રેમાનન્દ

શું 'પણ' ?

નાથાશંકર

ના-પણ-હું-હું એમ કહેતો'તો કે એ હવે આપને નામે ચઢ્યાં જ છે, ને આપની કલમને છેક અણછાજતાં નથી તો પછી—

પ્રેમાનન્દ

તો પછી ગમે તેવું તુત ચાલવા દેવું, એમ ને?

નાથાશંકર

તુત! એમાં તુત ક્યાં આવ્યું, મહારાજ? આપને મેં એ વાત કદી માંડીને કહી નથી એટલે એમ લાગે. બાકી આપ ખરી વાત જાણો તો ખબર પડે કે એમાં વાંક કોઇનો જ નથી—એક વિધાતા શીવાય.

પ્રેમાનન્દ

ખરેખર? ત્યારે તો કહી નાંખો ને વાત માંડીને જ, કે પંચાત પતે વહેલી વહેલી.

[**ના.** બેઠા થઇ પલોંઠી વાળી અક્કડ બને છે, પળભર આકાશ તરફ મીટ માંડે છે, અને ધારીવાળા મોટા કપાળ પર હાથ ફેરવતાં મનમાં જુની વાત તાજી કરતા દેખાય છે. પછી—

નાથાશંકર

થયું એમ, પ્રેમાનંદજી! કે આપના વતન અને આજે સાહિત્યના પરમ પોષક એવા વડોદરા રાજ્યે મણિભાઈ જશભાઈની પ્રેરણાથી સાહિત્યને ઉત્તેજન આપવામાં ખર્ચવા માટે બાદશાહી રકમો જુદી કાઢી. એ યોજનાનું પહેલું પગલું જુનાં અપ્રસિદ્ધ કાવ્યો છપાવવાં એ હતું. યોજનાનો કારોબાર હતો હરગોવિંદદાસભાઈ જેવા ઉત્સાહી ને ખંતીલા, પણ જરા

ભોળા અધિકારીના હાથમાં. તેમણે પોતાનાથી બધો ભાર ન ઉઠાવાય માટે બે સહાયકો રાખ્યા. તેમાંનો એક (હાથ જોડી) આપનો નમ્ર સેવક હતો.

[પ્રે. પોતાના લટકતા પગને ઉંચા લઇ પલોંઠો મારે છે, અદબ વાળી દે છે, ને સવિશેષ ગંભીર, એકચિત્ત બને છે.]

નાથાશંકર

કાવ્યોની જે હાથપ્રતો મને સોંપાઈ, અથવા મેં જે મેળવી, તે સંપાદનકામ માટે તપાસતાં મને જણાયું કે તેમાં સારાં સારાં પદો ને આખ્યાનો હતાં, પણ નાટક એકે મળે નહિ. આ મને બહુ ખુંચ્યું. અમે સૌ તેવામાં દેશપરદેશનું સાહિત્ય ઓળખતા થયા હતા, સંસ્કૃતનો પણ નવેસરથી અભ્યાસ કરવા માંડયો હતો અને નર્મદે આપેલી પ્રેરણાને પ્રતાપે, ગુજરાતી ભાષા અને સાહિત્ય માટે પણ શું શું કરી નાંખીએ એમ થતું હતું. એવી મનોદશામાં, દુનીઆની લગભગ દરેક ભાષાના સાહિત્યમાં નાટકો રચાઈ ચુકયાં છે ને એક ગુર્જરી ગિરા જ એ વાતમાં વાંઝણી રહી છે એ મારાથી સાંખ્યું જતું નહોતું. એ કલંક શેં ધોવાય તેની ઘડભાંગમાં હું દિવસની ભુખ ને રાતની ઉંઘ ખોઇ બેઠો.

પ્રેમાનન્દ

અને એ પાછી મેળવવાનો એક જ રસ્તો હતો—એકાદ જુના કવિને નામે ચઢી શકે તેવાં નાટકો બનાવવાં અને ખુબ વંચાય માટે એને નામે ચઢાવવાં.

નાથાશંકર

(ખુશામતબાજને જ આવડે તેવું હસતાં)

એમ જ, મહારાજ. અને એ કવિ આપ શીવાય બીજો

કર્યો હોઈ શકે? પહેલાં મને આપના સપુત વલ્લભનું નામ વાપરવાનું—

પ્રેમાનન્દ

કોણ—ઉતપાતીઓ વલ્લભ?

નાથાશંકર

એ જ, મહારાજ. પણ પછી આપનું જ નામ રાખ્યું …… મેં નાટકો લખવાનો વિચાર કર્યો. તૈઆરી શરુ કરી. પહેલાં તો કામ ભારે વિકટ લાગ્યું. આપના યુગનાં માની શકાય તેવાં નાટકો રચવા માટે ગુજરાતનું જુનું સાહિત્ય ઘોળીને પી ગયો હોઉં એટલું બધું મારે તેનું અધ્યયન કરવું પડ્યું. કેટલાક નાટ્યશાસ્ત્રના સંસ્કૃત ગ્રન્થો પણ તાજા કરી ગયો. અને આપની કૃતિઓ તો આખી યે જાગતી જીંદગી દરમીઆન મનમાં ને મનમાં ઘુંટયા જ કરવી પડતી. પણ એ બધી મગજમારી મેં આનંદથી કરી—ગુજરાતી પ્રજાને સાહિત્ય-સૃષ્ટિમાં ઉજળે મુખે ઉભી રાખવાના ઉંડા અભિલાષથી.

પ્રેમાનન્દ

અને નીતિની સૃષ્ટિમાં તેનું મોં ઝાંખું પડે તો પડવા દેવાની ધૃષ્ટતાથી—એમ પણ કહો.

નાથાશંકર

નીતિ—હા—નીતિ—પણ મહારાજ, બધું સાથે તો કેમ સચવાય?

પ્રેમાનન્દ

(કટાક્ષના ધ્વનિથી)

ખરી વાત છે.

[પ્રેમાનંદે જવાબ આમ આપ્યો પણ અંદરથી તે પેલાની સામે ધુંધવાતા હોય છે.

નાથાશંકર અનીતિની ભેર તાણે છે ને વળી પુરી વાત કરતો નથી, પોતાના સ્વાર્થની બાજુ છુપાવે છે, તેથી પ્રે. ક્રોધાયમાન થાય છે. તેમના મોંની સખત બનતી રેખાઓ, પીસાતા હોઠ ને આંખની રતાશ જોઇ—

નાથાશંકર

મ—મહા ... ...

પ્રેમાનંદ

(સંયમ જ ખોઇને)

હરામખોર, રજેરજ સાચેસાચું કહી દેવાની પ્રતિજ્ઞા કરીને બોલવા બેઠો છતાં હૃદયનો મેલ હજી છુપાવે છે! જાણતો નથી મને ગુરુપ્રતાપે ત્રિકાળદૃષ્ટિ છે! ... ... બોલ, ગઢીઆ, તેં નાટક કંપની કાઢી હતી કે નહીં?

નાથાશંકર

જી, આપ સર્વજ્ઞ તે ... ...

પ્રેમાનંદ

ચૂપ કર! અને દેવાળું આવ્યું હતું કે નહીં? અને—

નાથાશંકર

જી ... ...

પ્રેમાનંદ

ચુપ. અને આ નાટકો સ્વાંગ કરી, પાછી કંપની કાઢી, વિમોહમયી નગરીની રસિક પ્રજાને રીઝવી રોજના ત્રણ ચાર હજાર કમાઇને એ ત્રણ વરસમાં ન્યાલ થઇ જવાની તારી ઉંડી અભિલાષા હતી કે નહીં? બોલ લુચ્ચા, તારા ઈશ્વરને સાક્ષી રાખીને બોલજે.

નાથાશંકર

(અત્યંત દીન વાણીથી)

મહારાજ, મેં જે કર્યું તેને માટે મારો ગુનોહ અને મને

દંડ. તે ઉપરાંત જે કરવા ધારેલું તે તો વિધિએ જ અટકાવી દીધું, પછી તે છતાં તેનો ય દોષ, એ જે પાતક મારે હાથે થતું રહી ગયું તેનો ય દોષ મારે માથે એ કયાંનો ન્યાય, મહારાજ ?

પ્રેમાનંદ

(કૃત્રિમ ક્રોધ વાળી લઇ હસી પડે છે.)

બસ. હવે ઠેકાણે આવ્યા ... પણ પછી શું થયું ? નાટકો લખવાનો વિચાર કર્યો: પછી ?

નાથાશંકર

પછી–હા–પછી–પણ આપનું કયાં કૈં અજાણ્યું છે ?

[‘ ત્રિકાળદૃષ્ટિ ’ પરનો આ ટાઢો કટાક્ષ પ્રે. સમજી લે છે. પણ હવે પેલાને દબાવવાની જરુર નથી એટલે મર્માળુ સ્મિત કરતા—

પ્રેમાનંદ

ના ના, એમ હોય ? તમારી જીભે વાત સાંભળતાં નવો જ રસ જામે છે. કહો, આગળ કહો.

નાથાશંકર

પછી તો એક બાજુથી મેં નાટકરૂપે ‘ તપત્યાખ્યાન ’ ને એ બધાં ગુંથવા માંડયાં, ને બીજી બાજુથી સાહિત્યરસિકોને તેનો સત્કાર કરવા માટે તૈયાર પણ કરવા માંડયા. તે એવી રીતે કે પ્રાચીન કાવ્યમાળાના અંકોની શરુઆતમાં જે ગ્રન્થ-વિવેચનો લખવાનાં હતાં, તેમાં મને મરજી પડે તે લખવાની છુટ હતી, એટલે તેમાં આછાં કે આડકતરાં સૂચનોથી મેં બતાવવા માંડયું કે પ્રેમાનંદે નાટકો લખ્યાનો સંભવ છે. ક્રમસર એ અંકોને ધ્યાનથી તપાસનાર આ જુક્તિ તરત કળી શકે તેમ છે.

પ્રેમાનંદ

હં … … પણ તમે ત્રણ નાટકો લખ્યાં ક્યાંથી ? કલ્પના-માંથી જ ઉપજાવ્યાં ?

નાથાશંકર

ના રે મહારાજ, એટલી બધી તો મારી લાયકાત કેવી ? પણ સંપાદનનું કામ કરતાં કેટલાં નવાં અજાણ્યાં આખ્યાન આખ્યાનરૂપે જ જોવામાં આવ્યાં તેની હાથપ્રતોનો ઉપયોગ નાટકો લખવામાં કર્યો.

પ્રેમાનંદ

એમ. તેથી જ તમે દરેક નાટકના નામને છેડે 'આખ્યાન' શબ્દ જોડયો હશે ?

નાથાશંકર

હા. પણ એ જરા ભુલ થઇ ગઈ. અને એને અંગે તો ઝગડો ચાલે છે. એક પક્ષ કહે છે કે નાટકોને વળી પ્રેમાનંદે આખ્યાનો કેમ કહ્યાં ? ને બીજો તેનાં કારણો શોધી આપે છે.

પ્રેમાનંદ

અરે હા, આ સબબે તો યુદ્ધો ને કચાકચી પણ થયાં છે, ખરું ને ? શાં મારાં પણ સદ્ભાગ્ય ! આટલી બધી મફતની પ્રખ્યાતિની આશા તો મને સ્વપ્ને યે શીદ હોય ?

નાથાશંકર

એ તો મહારાજ, આ બધો ઉધામો માંડેલો જ આપની ઉજળી કીર્તિને વધુ ઉજળી કરવા માટે ને ? … … એમાં કેટલુંક અણધારેલું યે બની ગયું ખરું. નાટકો ચર્ચાવા લાગ્યાં ત્યારે મારા અન્નદાતા હરગોવિંદદાસભાઈને નકામું તહોમત-દારના પીંજરામાં ઉભું રહેવું પડયું—ફરીઆદી નરસિંહરાવની સામે. બાકી એમણે તો નિર્દોષપણે જશ લેવા ને દેવા માટે જ આખું કામ ઉપાડેલું.

પ્રેમાનંદ

એ તો તમે પણ એક વખત કૈં કહેતા હતા ખરા કે કોઇ શબ્દશૌર્યના મહારથીઓ આ બાબતમાં સખત ટપાટપી કરી રહ્યા છે.

નાથાશંકર

એમ જ. પણ અન્નદાતાને તો મેં જ (સજળ આંખે) છેહ દીધો એનું હવે મને બહુ લાગે છે. મેં એમને હાથપ્રત દેખાડવાની તો ના પાડી (કેમકે મૂળે જ બીચારાં નાટકની હાથપ્રત નહોતી ને હું રજોઠીએ બેઠો બેઠો બારીબારણાં, દાદરનું કમાડ, બધું બંધ કરીને નકલ કરતો ને કમાડમાંથી મારાં લખેલાં નાટકની નકલ કરીને સેરવતો ને પ્રેસમાં પહોંચતી) પણ પાછળથી તેમના રુડા નામને આમ હીણું લાગવા વારો આવ્યો એ મને સાલ્યા કરે છે ... ... બાકી મારું પાપ તો મારા પરલોકવાસ વખતે મને થોડી ઘડી રૌરવમાં લઇ ગયું એટલું જ; પછી તો અહીં નંદનવનમાં વિહરવા આવ્યો છું. અને હેં ભટજી! મને અહીં આવવાનું મળ્યું એ તો નાટકો લખવામાં ભાષાભક્તિનો મારો મૂળ આશય શુદ્ધ હતો માટે જ હશે ને?

પ્રેમાનંદ

હા રે. એમાં શક શો? ... ... પણ નાથાશંકર, તમે જેને અન્નદાતા અન્નદાતા કહ્યા કરો છો, ને જે ભોળા હતા—છે— એમ જાણો છો, તેમની સાથે આ પ્રમાણે પેચ રમવા એ લક્ષણ બ્રાહ્મણનાં ખરાં? બ્રહ્મરાક્ષસનાં નહિ? કે તમારા હડહડતા કળિકાળમાં બ્રાહ્મણ ને બ્રહ્મરાક્ષસ બે ય એક?

(**ના.** નીચું ઘાલી દે છે. તેનાં આંસુ હવે સુકાયાં છે. મોં પ્રફુલ્લ થતું આવે છે. જરા રહીને એ ખડખડાટ હસે છે એ જોઈ—

પ્રેમાનંદ

કેમ શું છે? કૈં એકદમ ગેલમાં આવી ગયા?

નાથાશંકર

મને પેલા ઝુઝણહારોનો વિચાર આવે છે. એમની લડાઈ પ્રલયકાળની પળ સુધી ચાલવાની કે શું, એમ કોઇ વાર તો થાય છે. ને જોવાનું એ છે કે બેઉ પક્ષ અંદરની સાચી વાત ઓછીવત્તી જાણે છે છતાં, પ્રેમાનંદીઓથી તે કહેવાય તેમ નથી, ને વિરોધીઓમાં તે કહેવાની હીંમત નથી. પરિણામે, મારાં આ ત્રણે નાટકોમાં જે પ્રાચીનપણાની આબાદ નકલ મેં કરી છે તેને પ્રેમાનંદીઓ આગળ કરે છે, ને જે અર્વાચીનપણું આવતાં આવી ગયું છે, તેને ચીંધીને પેલા બીજાઓ ખુલાસો માગે છે. "કુતરું તાણે ગામ ભણી, શીઆળ તાણે સીમ ભણી"નો આથી સરસ દાખલો બીજે ક્યાં જડે?

પ્રેમાનંદ

ખરેખર. અને ભીતરની બધી વાત કોઈ પ્રસિદ્ધ કરવા માગે તો 'નાથાશંકરનાં જ નાટકો' નામે પુસ્તકો લખવાની તેને જરુર પડે, નહીં?

નાથાશંકર

એમ જ વળી. અને કેટલાકો આપના વખતની હાથપ્રત માગે છે, પણ જો મારા મરણ પછી મારું ઘર તપાસાવવાનું કોઇ ને સુઝયું હોત તો નાટકોની ખાસ્સી મજાની મારા હાથની લખાયલી નવીનક્કોર પ્રતો જ એમને મળી રહત, ને એ જ વખતે કજીઆનો અંત આપમેળે આવી જાત.

પ્રેમાનંદ

હાસ્તો. અને ખરેખરી જુની પ્રતો મળત તો પણ પેલાં ફુટકળ આખ્યાનોની જ, જેને આધારે તમે નાટકો રચ્યાં.

પણ નાથાશંકર, એમ વપરાયલાં આખ્યાનો પણ મારાં તો નહોતાં, મને યાદ છે ત્યાં સુધી તો.

નાથાશંકર

એ તો મહારાજ, હું પણ ચોક્કસ ન કહી શકું; કારણ કે છેવટનો ભાગ દરેકનો હાથ નહોતો લાગ્યો.

પ્રેમાનંદ

ચા...લો. જે થાય તે. (ઉભા થતાં) પણ સાહિત્યોના ઇતિહાસમાં આ બનાવ અદ્‌ભુત બની ગયો. તમે એક વાર કહેતા'તા તે એક-એકન કે કોણ?—ને શીક્ષીપીરવાળી વાતને પણ કોરે બેસાડે તેવો.

નાથાશંકર

એમ જ એમ જ. પણ મને તો પેલા (ખડખડાટ હસીને) જોદ્ધાઓની ફીકર થાય છે. હસવું આવે છે ને દયા પણ આવે છે.

પ્રેમાનંદ

હોય. એ પણ શમી જશે એમ ને એમ. કાળ કાળનું કામ કર્યે જશે. સત્ય ક્યારે કાયમનું ઢાંક્યું રહ્યું છે કે આજ રહેશે ? ... ... ચાલો ત્યારે જય જય. બહુ મોડું થયું.

[બંને જણ વાડીમાંના મણિમહાલય તરફ વળે છે. પ્રે નું મુખ વધુ ગંભીર થતું જાય છે. **ના.** ના ચહેરા પરનો તોફાની મલકાટ શાન્ત થયો નથી.]

ફરજને અંગે મહેન્દ્રે વૃત્રાસુરને મારવો પડયો. પણ અસુરને-બ્રાહ્મણપુત્રને માર્યો એ તો પાપ થયું. એ ધોવું જોઇએ. એટલે ઇન્દ્રદેવ પવિત્ર થવા માનસરોવર પર તપ કરવા ગયા.

અહીં ઇન્દ્રાસન ખાલી પડયું. કોઇકે તો ઇન્દ્રપદ શોભાવવું જ જોઇએ. દેવોએ સર્વાનુમતે નહુષરાજાની પસંદગી એ સ્થાન માટે કરીને તેમને રાજ્યાભિષેક કર્યો.

પણ એ ઉપકાર કૈં નહુષના મનમાં વસ્યો નહીં. તેને હૈયે ઇન્દ્રના સિંહાસન જોડે ઇન્દ્રની શચીસુન્દરી પણ પામવાના કોડ જાગ્યા. ... ...

નહુષ અને શચી

સ્વર્ગની વાડીનો એક વિશાળ, સુગંધીથી મહેકતો લતામંડપ. તેમાં ફુલની ગેંદો ઉછાળતી શચીસુંદરી નફકરે જીવે રમતી હોય છે. રમતની લેહમાં તે મંડપને સામે છેડેથી અંદર પ્રવેશેલા નહુષને જોતી નથી. અંતે એક ગેંદ આડી ઉછળીને રાજાની આંખ પર પડે છે. ચારે આંખ મળે છે. શચી ચમકે છે.

નહુષ

કૃતાર્થ કર્યો, દેવી.

શચી (સંકોચ પામતી)

અહો, મહારાજા નહુષ ! ક્ષમા—

નહુષ (જરા કચવાતો)

હવે તો મહેન્દ્ર નહુષ.

શચી

હા ... ... એ–એ ખરું.

[બંને હવે ચાલતાં ચાલતાં મંડપને આ બાજુને છેડે આવ્યાં છે. ત્યાં જુઇ ને ચંપાનાં ફુલોથી આચ્છાદેલા મંચ પર નહુષ આસન લે છે. તેના જમણા પગ

પાસે જરા આઘે પડેલી સ્ફટિકમણિની લંબ-
ચોરસ શિલા પર શચીસુન્દરી બિરાજે છે. તેને
નહુષ થોડી વાર તાકીને જોઇ રહે છે.

નહુષ

શચી ! આ તમારી અમરાવતી—

શચી

મહારાજ, અહીં બધા મને શચીદેવી જ કહે છે. ને ખરું પુછાવો તો (અખંડ ગંભીરાઇ મોં પર છાઇ દેતી) મને પણ એ જ ગમે છે.

[નહુષ ખસીઆણો પડે છે. ફરીથી શચીને ટીકવા-
નું કરે છે. પણ આંખ માંડી મંડાતી નથી.]

શચી

પણ હશે એ તો. આપ શું અમરાવતી વિશે કૈં કહેતા હતા ?

નહુષ (નીચે મોંએ જ)

હા. એટ—એટલે હું એમ કહેતો હતો કે તમારી અમરાવતીમાં કશીએ વાતની ખોટ નથી. એકેકની સરસાઇ કરે તેવી અપ્સરાઓ રંભા ને મેનકા, ઉર્વશી ને ઘ્રતાચીથી માંડીને જે જોઇએ તે બધું છે. છતાં કોણ જાણે કેમ મને કૈં ઉણું ઉણું લાગ્યા કરે છે.

શચી

એ તો હોય, મહારાજ. દૈવી પદ માટેની લાયકાત આપે અનેક વાર બતાવી છે, પણ જન્મથી તો મનુષ્ય જ ને ?

નહુષ

(ગુંચવાતો, ક્રોધે ભરાવા ચહાતો)

એટલે ? એનો અર્થ ન સમજાયો.

શચી

(અપમાન વાળી લેતી)

એટલે એમ, મહારાજ, કે માણસનો જીવ રાતદહાડો વધુ ને વધુ સંપૂર્ણતા વાંછ્યા કરે, તેથી તેને અમરોનો વૈભવ પણ ઉણો લાગે–એમાંએ કૈંક રહી જતું હોય એમ થયા કરે. પણ અમે તો ઉછરેલાં જ સુરલોકમાં. અમારે નહીં કોઇ વાતની નવાઈ, નહીં કશો અસંતોષ, નહીં જરાય ઓછપની વૃત્તિ.

નહુષ

(હસવાનો ડાળ કરી)

એ તો, દેવી, તમે મને સામાન્ય કોટિનો માનવી ગણી કાઢયો. પણ વીસરી કેમ ગયાં કે હું અમીવર્ષણ ચંદ્રદેવનો જ વંશજ છું. પ્રતાપી પુરુરવા મારા પિતામહ ને મહારાજા આયુષ મારા પિતા થાય. ને એ સૌ તો ઇન્દ્રના સાથીઓ ને મદદગારો જ, ત્યારે હું તો તેના જ સિંહાસને બિરાજવાનો અધિકારી ઠરું એવાં મારાં પરાક્રમોને તમારા દેવગણે જ માન્યાં છે. કેમ, ખરું કે નહીં ?

[નહુષની મદઘેરી, વિકારી આંખો હવે ભાન ભુલતી, શચીના અંગેઅંગને નીહાળવામાં પરોવાય છે.]

શચી (શરમાતી)

ખરું જ, મહારાજ. એની ના કેમ કહેવાય ? પણ મને એ થાય છે કે આપ આવા પરાક્રમી ને બલિષ્ઠ છો, ઇન્દ્રાસન પામ્યા છો અને સ્વર્ગનાં સુખ માણો છો, પછી તે વળી શાની ઝંખના રહી હોય ?

નહુષ

બીજી તો શાની–કોની ?

શચી (જરા છણકાથી)

એમ વ્યંગ્યમાં વાતો ન કરો, મહારાજ. નહીં તો મારે એ સમજવા વળી ઉશના કે બૃહસ્પતિને બોલાવવા પડશે. ને (લાગણીઓ ઉભરાતી હોય તેમ) આપણી વાતો કૈં એમને કહી દેવાની થોડી જ છે ?

[આ છેલ્લાં વચનો રાજાના હૃદયમાં આશાના અંકુર પ્રગટાવેછે. રોમાંચ અનુભવતો તે શચીસુન્દરીના લાવણ્યને ફરી એક વાર નયનથી પી લે છે. પંખીને જાળમાં આવતું જોઇ—

શચી (લાડના સ્વરે)

કહો ને, શાની ઝંખના છે ?

નહુષ

તા–તા–તમારી જ, શચીદેવી !

શચી

મારી ને ? પણ હું તો આપની જ (હાથ જોડી માથું નમાવી) છું, મહારાજ. આપની ચરણરજ દાસી છું.

[આમ કહેતી તેના પગ પાસેથી સોનેરી રેતીની ચપટી ભરી માથે ચઢાવે છે. નહુષ રોમે રોમે અગ્નિ અનુભવતો—

નહુષ

ત્યારે દેવી ! દૂરનાં દૂર કેમ રહો છો ?

શચી

તેનું તો કારણ છે, મારા દેવ !

[આ નવું સંબોધન નહુષનું હૈયું વલોવી નાંખે છે. રસના ઘુંટડા ગળે ઉતારતો તે સાંભળી રહે છે.]

શચી

દૂર આપના જ ભલા સારુ રહું છું.

નહુષ

એ કેમ વળી ?

શચી

એ એમ જ. આજે ત્રિભુવન જાણે છે કે આપ ઇન્દ્ર છો ને હું ઇન્દ્રાણી. પણ આપણે એક આસને બેસીએ ને હું આપના કોડ પુરું તેમાં આપને જ હાનિ છે.

નહુષ

અરે કૈં વાત ! મને વળી શી હાનિ થાય ? કોનાથી થાય ? હવે મારે કોનો ભય રહ્યો છે ? જે આખા સુરલોકનો ધણી, તેત્રીસ કરોડ દેવો ને દેવીઓ પર આધિપત્ય સ્થાપનાર ને ચલાવનાર, તેને તે હાનિ કેવી ? તેણે ભલુંભુંડું શું જોવાનું રહ્યું ?

શચી

તે તો કોણ જાણે ... ... પણ ચાલો, આપની આટલી બધી મરજી છે તો હું આપની થઈશ. પણ એક શરતે.

નહુષ

કહે. જે કહે તે કરવા તૈઆર છું.

શચી

(ભમર ચઢાવતી)

કૃપા કરીને બહુવચન વાપરશો, મહારાજ ? મને તું-તાં સાંભળવાની ટેવ નથી ... ... હું કેવી 'આપ'ને 'મહારાજ'થી જ વાત કરું છું ?

નહુષ (હાથ જોડતો)

ક્ષમા, દેવી, ક્ષમા કરો. તુષ્ટમાન થાઓ. એટલો અપરાધ ક્ષમા કરીએ ... ... પણ પેલી શરત ?

શચી

(નફ્ફરા અવાજથી)

બહુ નજીવી છે. ... જુઓ ને, આપ અપૂર્વ સંજોગોમાં, અપૂર્વ રીતે ઇન્દ્રપદ પામ્યા છો—

નહુષ

હા.

શચી

તો મારી એવી મનોવાંછના છે કે આપ મારે મહોલે પણ અપૂર્વ એવી કોઇક રીતે જ પધારો.

નહુષ

હા હ્ હા ... ... ! એ જ તારી–ત–મારી મોટી શરત ને, દેવી ? એ તો એક ઘડીક વારમાં કર્યું સમજો. પણ વાહન કયું મંગાવશું, દેવી ?

શચી

પાલખી. અને તે બ્રાહ્મણોએ ઉંચકેલી એવીઃ આ તેની ખાસ અપૂર્વતા. આપને એવી પાલખીમાં બેઠેલા જોવાનું મને બહુ મન છે.

નહુષ

ઓ ... હો ! એમાં તે શી મોટી વાત ?

[આમ કહેતો નહુષ મંડપની બહાર જઇને બુલંદ સ્વરે પોકારે છે—

નહુષ

અરે છે કે કોઇ ? ... ...

[હાજર થએલા પરિચારકને—

નહુષ

જા જા. જલદી જા. સપ્તર્ષિઓને બોલાવી લાવ.

શચી

અરે પણ સપ્તર્ષિની જ શી જરુર—

નહુષ

(લાંબા કરેલા હાથ આડા ધરતો)

તમે વચ્ચે ન પડશો, દેવી. (પરિચારકને, અધીરો થતો) અરે જા ... જતો કેમ નથી? હાલ ને હાલ બધાને પકડી આવ.

[પેલો ગભરાતો ગભરાતો જાય એટલે શચીને—

નહુષ

સુરેન્દ્રની પાલખી સપ્તર્ષિઓ નહીં તો શું બીજાત્રીજા ઋષિઓ ઉપાડવાના હતા? તમે પણ!

[શચી મોં મરકાવી મુંગી રહે છે. પળ બે પળમાં સંસ્કારમૂર્તિ વસિષ્ઠ અને પ્રચંડકાય અગસ્ત્ય આવીને હાથ જોડતા સામા ઉભા રહે છે.]

અગસ્ત્ય

(જરા રાતી આંખે)

કેં અચાનક અમને તેડાવ્યા, મઘવા?

[પણ તરત તેની નજર શચી તરફ જાય છે. શચી આંખનો મીચકારો કરે છે એટલે અગસ્ત્ય નરમ પડે છે.]

નહુષ (અધીરાઇથી)

હા હા. બહુ જરુરનું કામ છે. બીજા પાંચ ક્યાં?

વસિષ્ઠ

પધારે છે.

નહુષ

જાઓ, ઝટ બોલાવો. ને તમે ને એ બધા વહેલા વહેલા

એક પાલખી ક્યાંકથી લઇ આવો પાલખી, સમજ્યા ? આટલા-માં ક્યાંય ન હોય તો સરજી કાઢજો સત્વર, તપોબળથી.

અગસ્ત્ય (વસિષ્ઠને)

આ શું સમજતો હશે એના મનમાં ? ઋષિઓનાં તપો-બળ વળી કામાન્ધો સારુ પાલખી સરજવા સંઘરાતાં હશે ?

વસિષ્ઠ (અગસ્ત્યને)

નહીંજ. (સૂચક સ્વરે) અને આપનું તો ક્યાં અજાણ્યું છે કે—

નહુષ

અરે તમે બે કાન શા કરડી રહ્યા છો, ક્યારક્યારના ? જાઓ ને વહેલા જતા હો તો !

અગસ્ત્ય

આ ચાલ્યા મહારાજ. એ તો જરા નક્કી કરી લીધું કે પૃથ્વી પર જવું પાલખી લેવા કે અહીંજ ઉત્પન્ન કરવી.

નહુષ

ના ના, અહીં જ. પૃથ્વી પર જવાનો વળી વખત ક્યાં છે ? ને પેલા પાંચ શું કરે છે ? હજી આવ્યા નહીં. એને પણ લેતા આવો વેળાસર. સાતેની જરૂર પડશે.

વસિષ્ઠ

વારુ, સુરાધિપતિ.

[બંને જાય છે]

શચી

ત્યારે મહારાજ; હું પણ હમણાં તો જાઉં છું. પેલા સામેના મણિમહાલયમાં જ—

નહુષ

હા, હા. તમારા શણગાર સો—

શચી

અરે એ બધું મારી પર જ છોડો ને! ... ...

[એટલું કહેતી પેલાને બેજાર કરી મુકતો કટાક્ષ મારીને પાએક યોજન આઘે આવેલા ભવન તરફ નાજુક પગલે સરે છે.]

નહુષ

ચા ... લો. આખરે આ જીત પણ થઈ ગઈ. હવે મારે શું બાકી રહ્યું? ... પણ બધાંને કાબુમાં રાખવાં કઠણ છે. શચી તો આટલી પ્રતાપી ને તોફાની છે જ. માંડ વશ થઇ. પણ પેલો અગસ્ત્ય કેવો દમથી વાત કરવા લાગ્યો, આવીને તરત? પાલખીમાં બેસું એટલે એની વાત (પગના અંગુઠા તરફ પળવાર નજર જાય છે) કોઇ કોઈવાર તો—પણ પેલા કોઇ જ કેમ ન આવ્યા હજી? એવા ઉદ્ધત ને બેપરવા થઈ ગયા છે બધા...

[ત્યાં તો સાતે ઋષિઓ પાલખી ઉંચકીને લાવે છે, મંડપ પાસે મુકે છે ને ફરતા કુંડાળું વળીને હાથ જોડી ઉભા રહે છે. નહુષ અંદર પેસે છે અને તકીઆને અઢીંગી દમામભેર ગોઠવાય છે.]

નહુષ (તોરથી)

ચાલો. ઉઠાવો. મણિમહાલય તરફ.

[તેની આંખ મહાલયની અટારીને શોધી રહી છે. હજી ત્યાં શચી નથી આવી જાણીને તે સંયમ કેળવવા માંડે છે.

સાતે ઋષિઓ પાલખી ઉંચકે છે. નહુષના ડાબા પગ પાસેનો હાથો અગસ્ત્યને ખભે છે. નહુષ એ વાત મનમાં નોંધે છે. પાલખી ચાલવા માંડે છે. ગતિ ધીરી છે એ નહુષના ધ્યાનમાં તરત આવતું નથી.

જરા આગળ જતાં, મહાલયની અટારી બરાબર કળાય છે ને ત્યાં શ્રૃંગારશોભન શચીનાં દર્શન થાય છે. હવે આની ધીરજ કેમ રહે ?]

નહુષ

અરે ! અરે ! આ તે ચાલો છો કે મશ્કરી કરો છો ? કેટલા થાંથા છો ! (અગસ્ત્યના માથાને પોતાના ડાબા પગથી હડસેલતો) સર્પ સર્પ ૧ !

[તરત જ ઉપાડનારા ઉભા રહે છે. પાલખી હેઠી ઉતરે છે.]

અગસ્ત્ય

(આંખેથી આગ ઝરતા)

'સર્પ'! દુષ્ટ, ભાન છે કોને સર્પ કહે છે તેનું ? ને ઋષિવરને પગ અડકાડનાર તું કોણ ? પાપી ! અનાચારી ! ઉભો રહે હમણાં જ તારી વલે કરું છું તે.

[એમ કહીને ભૂમિ પરથી અંજલિમાં રેતી લે છે. તેનું તરત પાણી થઈ જાય છે. પાણી-મંત્રીને નહુષ પર છાંટતાં—

અગસ્ત્ય

જા દુષ્ટ! તું જ સર્પ થઇને પૃથ્વી પર પડ. સ્વર્ગને તારા ભારે મા માર હવે.

[એક વિપળમાં જ આખી પાલખી ફુંફાડા મારતા, જંગી, ગુંચળું વળેલા સાપથી ભરાઈ જાય છે. ફેણુ પછાડતો, અકળાતો, છુટો થવા ફાંફાં મારતો, અંતે તેમાંથી

નીકળીને સળવળતો સળવળતો, તે વાડીના ડાબા છેડાની કોર પરથી નીચે ભુવર્લોકમાં, ત્યાંથી ભૂર્લોકમાં જઇને પડે છે.

અહીં ઋષિઓ મહાલયની અટારી સામે મસ્તક નમાવી ઉભા છે. શચીનું રમતીઆળપણું હવે ગયું છે. તેને વદને ગાંભીર્ય ને શુચિતા દેખાય છે. અંતરિક્ષમાંથી તેની પર દેવો અને અપ્સરાઓ ફુલ વરસાવે છે.

૧. ચાલ ચાલ.

વાર્તાઓ

સ્વયંવર

"તું તો ઘેલી થઈ છે, કૌમુદી."

"ભલે થઈ, હું તને કહું છું કની ? જાની, જતી હોય તો."

"ને પછી ? બાપાજી ના કહેશે ત્યારે ?"

"નહીં કહે, કૌમુદીના બોલ કરતાં બાપાજી ને કૈં વધુ નથી."

"એ તો કોણ જાણે, પણ તારો આટલો આગ્રહ છે તો હું જઈ આવું–જોખમ બધું તારે માથે હોં !"

"હા,—ને જશ પણ."

"એ તો મળી રહ્યો. ચાલ બોલ, શી રીતે કહેવાનું છે ?"

"આ તે કૈં છોકરી છે ?" ડ્રેસીંગ ટેબલ પર હાથ પછાડતાં કૌમુદીએ ભમર ચઢાવી કહ્યું. "સત્તર વખત તો કહ્યું તને કે શું કહેવું."

"શું બ્રેસલેટ આવ્યાં નથી, એમ ?"

"હા, ને લેવા માટે નારણને મોટરમાં દોડાવ્યો છે."

"પણ કહેશે કે વહેલો કેમ ન મોકલ્યો તો—"

"હવે તારે જવું છે કે—" કહેતાં કૌમુદીએ દાંતીઓ નિરંજના પર ફેંકવા ઉગામ્યો. નિરંજના દોર મરડી ચાલી ગઈ. એ ગઈ એટલે બીજે બારેથી ચાકરડી ભાગીરથીએ આવીને સંદેશો કહ્યો:

"બા, બાપાજી કહેવડાવે છે કે—"

"શું વખત થયો, એમ ને?"

"હા."

"કહે કે હું આ આવી."

ભાગીરથી ગઇ એટલે તેની પાછળ કૌમુદીએ બારની સાંકળ દીધી. બીજું બાર નિરંજનાને આવવા ખુલ્લું રાખ્યું. ફરી એક વાર અરીસામાં જોયું. સાળુની એક ઢીલી રહેલી પીન ઠીક કરીને બાગમાં પડતી બારી પાસે ગઇ. સાળુ સંકોરીને બે હાથના પહોંચા બારીના કઠોડા પર એકેક પર ગોઠવીને, નાનકડા હલકાફુલ શરીરથી હવામાં અર્ધવર્તુલ દોરતી, બાજુના બાગમાં જમીન પર કુદી પડી.

ત્રણચાર મીનીટમાં નિરંજના આવી. તેણે ઉડતી નજર ઓરડામાં નાખી: "ક્યાં ગઈ કૌ—"

"શ્—શ્—શ્" અવાજ કરીને કૌમુદીએ નાક પર આંગળી ધરી. "ગડબડ નહીં કર. ખેલ શરુ થઇ ચુક્યો."

"ઓ બા! તું તો—"

"ચુપ ચુપ, કોઇ સાંભળશે. જલદી કર. મોડું થશે તો ભોગ મળશે."

"પણ હું શી રીતે બહાર આવું?"

"મારી રીતે."

"કુદીને?"

"હાસ્તો."

"નારે બા" અને નિરંજનાએ પોતાના સ્થૂલ, ભારે શરીર પર જોવા માંડ્યું.

કૌમુદી હસી. "ચાલ જો, હું કહું તેમ કર. એક ખુરસી બારી આગળ લઇ તું ઉપર ચઢ, ને આ બાજુ મારો હાથ કઠોડા પર હું ટેકવું છું તેને આધારે અહીં ઉતરી પડ."

"પણ બહારને બારણેથી આવું તો—"

"કોઇ જુએ નહીં કે ? તારી તે કૈં અક્કલ ?"

આખરે નછુટકે નિરંજનાએ સૂચવાયલો માર્ગ સ્વીકાર્યો, કૌમુદીના ટેકવાયલા હાથ પર પગ મુક્યો અને તેના બીજા હાથથી પોતાના હાથને ટેકો આપીને બીતાં બીતાં, પડતી પડતી માંડ બચીને, બાગમાં ઉતરી. તુરત જ બંનેએ ઝડપબંધ ચાલવા માંડ્યું.

"શું કહ્યું બાપાજીએ ?" ખીસામાંથી બ્રેસલેટ કાઢી પહેરતાં પહેરતાં કૌમુદીએ પુછ્યું.

"શું કહે ? પહેલાં તો તારી પાસે આવવાના હતા–"

"પછી ?"

"પછી મેં સમજાવ્યા એટલે—"

"થયું, સમજાવ્યા ને ? હવે બોલ નહીં. આપણે આવી પહોંચ્યાં."

ઝાડપાનથી ઘેરાયલો એવો બાગનો એક ઘીચ ભાગ શરુ થયો. પાછું ફરીને જોતાં મકાન તો લગભગ દેખાતું બંધ થયું હતું. આજુબાજુ ઘટાદાર લીલાંછમ વૃક્ષ હતાં. બંને જણની સન્મુખ માત્ર એક થોડી જગ્યા છુટી હતી અને તેની આરપાર જોતાં, કેટલાક વારને છેટે, ગાર્ડનપાર્ટીનો સમારંભ ચાલી રહેલો દેખાતો.

ઘણાંખરાં આવનાર આવી ગયાં હતાં ને નાની ટોળીઓમાં ગોઠવાઇ વાતચીત કરતાં હતાં. કૌમુદીના પિતા મનોહરલાલ દૂર, દરવાજા પાસે, નવાં આવનારનો સત્કાર કરવા ઉભા હતા; પણ તેમની નજર મકાનમાંથી પાર્ટીને સ્થળે આવવાના મુખ્ય રસ્તા પર વારંવાર ફરતી.

કૌમુદી ને નીરુ મોટાં થડવાળાં બે ઝાડ પાછળ લપાયાં. તેઓ દેખાયા વિના જોઈ બધું શકતાં ને કોઇ કોઇ વાર પરોણાની વાતોનો શબ્દ પણ ઉડીને આ બાજુ આવતો.

"તું આ બધાને જ ઓળખે છે કે, નીરુ ?"

"હા, પણ જો બાપાજી—"

"હમણાં તેમની વાત નહીં કર. પુછું તેના જવાબ દે. પણે ડાબા હાથ તરફ કાળા કોટવાળો કોણ ?"

"ઇંગ્લીશ ડ્રેસમાં ?"

"નહીં, ધોતીઉં ને હંગેરીઅન ટોપી. નંદલાલકાકાની પ્રમિલા જોડે 'ફ્લર્ટ' (નખરાં) કરે છે તે."

"એ તો નવનીતલાલ. એમ. એ. છે. કહે છે કોલેજમાં સહુનો માનીતો હતો.

"શી લાયકાતથી ?"

"એ તો શી ખબર ? કહે છે છોકરીઓમાં બહુ—"

"હં, સમજી. વધુ તસદી ન લે. પેલા ખાદીધારી મહાત્મા હમણાં જ બાપાજી પાસેથી ખસ્યા એને તો ક્યાંક જોયા લાગે છે. શાથીએ એને મારા હાથની ઉમેદ થઇ આવી હશે ?"

"ધીરી બોલ, કમુ. જો પેલાં બે આ તરફ વળ્યાં."

"તું બીધા નહીં કર. આપણને કોઇ નહીં જુએ. આ

જગ્યા જ એવી છે. પણ મારું સાંભળ. મહાત્માને કોઇ દહાડો મળે તો કહેજે મારાં કોમ્પ્લીમેંટસ સાથે કે—"

પાર્ટીમાં કૈંક ઘોંઘાટ થયો. "કમુ-કૌમુદી ક્યાં?" એમ બુમો પડવા લાગી. નીરુ ગભરાઇ. "ચાલ કમુ, જતાં રહીએ. ઝટ કર."

"અરે જાય ક્યાં? હજી તો મારે વરમાળનો અધિકારી વીર શોધવાનો છે. ભુલી ગઇ?"

"પણ ત્યાં જઇને—"

"ના. અહીં જ મજા પડે છે. ચાલ, તું આ પડખે ઉભી રહે જોઉં" કહી કૌમુદીએ હાથ વતી નીરુને જમણી બાજુ ખસેડી. સાડીનો છુટો છેડો શરીરને વીંટતી નીરુ કેડે હાથ દેતી પડખે થઇને કૌમુદીની સ્વસ્થતા કેમ ઓછી થઇ તેનું કારણ શોધવામાં રોકાઇ.

એક ટીપાઇની આસપાસ ગોઠવાયલાં બે યુવતી અને એક યુવકની વાતચીતમાં એક નવા આવનારે ભંગ પાડ્યો હતો. આવનારે યુવકને જોયો અને એ બે વચ્ચે પરસ્પર "અલ્લો" થયું. એ ધ્વનિ કમુનીરુ સુધી પહોંચ્યો. યુવકે બંને યુવતીઓ સાથે પોતાના મિત્રનો પરિચય કરાવ્યો ને ચારે વાતે વળગ્યાં.

કૌમુદી જાણતી–ધારતી હતી કે આજની પાર્ટીમાં આવનાર બધા જ મગતરાં હોવાનાઃ એક પોતાને મળનાર વારસાના ધ્યાનમાં નિશદિન મશગુલ; બીજો છોકરીઓ જોડે પ્રેમ ખેલવામાં એક્કો; કોઈ અર્થશાસ્ત્રનો ઉપલકીઓ ઉસ્તાદ તો કોઈ આડંબરી વક્તા; કોઈ વેપારધંધામાં પાવરધો થવાની મહેચ્છા રાખનાર ને નીચમાં નીચ માર્ગે એ પુરી પાડવા મથનાર; કોઇ છકેલ મિત્રના હાથમાં હથીઆર, કોઇ નિર્દોષતાનો નિર્માલ્ય નમુનો, કોઇ આછોતરા ડહાપણનો અખુટ ભંડાર.

આવા સંગ્રહસ્થાનને દૂરથી નીરખવામાં જ મજા છે એમ તેને લાગતું. એ જંતુઓ માટે પોતાનો પ્રતાપ નથી એમ એ માનતી. એવાઓની સાથે ઓછામાં ઓછું ભળવું અને તેમના રંગઢંગ ખરા રૂપમાં દૂરથી વધુમાં વધુ નીહાળી પોતાના પ્રભુત્વનું તીવ્ર ભાન અનુભવવું એમાં તે મોજ માનતી. તેથી જ પોતાના વેવીશાળના નિમિત્તથી ગોઠવાયલી આ પાર્ટીમાંથી પણ છટકીને અહીં ઉભી ઉભી, તે એકેએક ઉમેદવારનો તોલ કરવામાં ગુંથાઇ હતી.

પણ પેલી ચોથી વ્યક્તિએ તેની તુલનાશક્તિને વધુ સચેત કરી. પોતે અંજાઇ કે શું એમ તેને થયું.

" નીરુ ? "

" કેમ ? " નીરુએ કૌમુદી સામું જોયું. કોણ જાણે કેમ, પણ તેનો પોતાનો પણ એક હાથ પેલી વ્યક્તિને જ નિર્દેશી રહ્યો હતો.

નિરંજનાએ કૌમુદી તરફ જોઇ ફરી પુછ્યું " કેમ શું છે કમુ ? " પણ તેની સખીએ જુદા જગતમાં વિહરવા માંડયું હતું. બંને હાથ સ્થિર થઇને એકેકમાં બીડાઇ રહ્યા હતા. હોઠ ઉઘાડવા ધારે તો પણ ઉઘડે તેમ ન્હોતું. મુખરેખાઓ અસ્પષ્ટ–અકથ્ય ભાવો કહી રહી હતી ને મનનાં એકમાત્ર માર્ગદર્શક નયનમાં બે વિરોધી ઊર્મિઓનો વિગ્રહ ચાલતો હતો.

ચક્રવર્તીની સત્તા સામે કોઈ શિર ઉંચકે ત્યારે તેને જે લાગણી થાય તે કૌમુદીને થઇ. તે આવી હતી અહીં સામ્રાજ્ય ભોગવવા, પણ સામ્રાજ્ય તો સરી પડતું લાગ્યું. અત્યાર પહેલાં તે સૌ સાથે ભળી હોત તો હરકોઈ તેને પાયે પડતું આવત. હવે તેમાં ભાગ પડાવનાર આવ્યો એટલે એ મનોરથ અણપુર્યા રહેશે એવો ઝાંખો વિચાર તેને આવ્યો.

એ માનભંગની શકયતા તેને સાલી. તેની તોફાની આંખોમાં તુચ્છકાર છવાયો–કૃત્રિમ ક્ષણિક તુચ્છકાર, કારણ હૃદય તો હસુંહસું થઇ રહ્યું હતું. પળવારમાં આછું સ્મિત પણ હોઠ પર ફરકયું.

“ કમુ, કૌમુદી, શું થયું છે તને ?” મુઝાયેલી નીરુએ વધુ મુંઝાતાં કહ્યું. “ ચાલ, જવું છે ને હવે ? બાપાજી કયારના શોધી રહ્યા છે તને. જેટલી વાર થશે એટલા એ વધુ ગુસ્સે થશે.” અને તે તેને દોરીને બાગના બીજા ભાગમાં લઇ ગઇ. કૌમુદી મુંગી મુંગી તાબે થઇ, કૈંક સ્વસ્થ બની ને બંને જણ આસ્તે આસ્તે બાગના મુખ્ય રસ્તા પર થઇને પાર્ટીમાં દાખલ થયાં.

*

તે રાત્રે મનોહરલાલ પરવારીને પોતાના ખંડમાં ભારે પગલે અને અશાંત ચિત્તે દાખલ થયા. અંદરથી બાર બંધ કરીને એક ડેકચેર પર લંબાવ્યું. સામેના સમુદ્રમાં ભરતી પુરેપુરી જામી હતી અને મોજાં ગર્જના પર ગર્જના કરી રહ્યાં હતાં. મનોહરલાલ ઉઠયા ને સુસવાટબંધ વાતા પવનનું જોર કમી કરવા બારીનું એક બારણું ઢાંકી ખુરશી પર પડયા.

એ હમેશના સ્વસ્થ અને નિશ્ચિત માણસનું મન આજે કહ્યું કરતું નહોતું. હમેશ અદાલતમાં સ્થિરતાથી દલીલો રજુ કરતું મગજ અત્યારે ધુમી રહ્યું હતું. ઊર્મિના એક પણ પલકાર વિના અસહાય અસીલોને દબાવનારું, છેતરનારું, ચીરનારૂં હૃદય અત્યારે તોફાની ઊર્મિઓનું સમરાંગણ બન્યું. લક્ષ્મી અચલ છે, વૈભવસુખનો અંત નથી, પ્રતિષ્ઠા નિત્યસ્થાયી વસ્તુ છે,

જીંદગી છે તેવી જ સર્વદા રહેશે—આવી આવી કૈંક સ્પષ્ટ—અસ્પષ્ટ ભ્રમણામાં રાતદહાડો રમનાર આત્માને આજે પોતાના નાનકડા જગતનો અંતકાળ છેક સમીપ લાગ્યો.

શાંતિ મેળવવાના બધા સામાન્ય ઉપાય તેમણે અજમાવ્યા. મોં ધોયું, દીવો વધારી વાંચવાનું કર્યું, બીછાનામાં આળોટી જોયું, ઓરડામાં આંટા મારવા માંડયા. એક્કે રીતે ફાવ્યું નહીં એટલે પાછા ડેકચેરમાં પડયા ને સામેની એક ખુરશી પર પગ લંબાવીને આંખો મીંચી.

ચિંતા અને શ્રમના ભારથી લચી રહેલી આંખોને આખરે અર્ધજાગૃતિનો અનુભવ થયો એટલે માનસિક ચક્ષુઓએ કલ્પનાપટ પર દશ્ય પછી દશ્ય અખુટ તલ્લીનતાથી નીરખવાં માંડયાં. ... ...

ડુમસમાં ૧૯—નો ઉનાળો. સુનંદા સાથે પોતાનું ઓળખાણ; ઓળખાણમાંથી આકર્ષણ; આકર્ષણમાંથી અધઃપતન.

પછી તુરત વૈશાખમાં જ સુનંદા તેને ગામ ગઈ ને પરણી. વરસ દિવસમાં તેને દીકરો થયો. દીકરો જોઇને, કુથલી માટે વિષય શોધનારાંને વહેમ ગયો. થોડી ચકચાર થઇ પણ સુનંદાના પિતાનો અને પતિનો મોભો નાતજાતમાં ઉંચો એટલે વાત બહુ વધી નહીં. દરમીઆનમાં પોતે મુંબાઇ આવી છેલ્લી એલએલ. બી. પસાર કરી. થોડા માસમાં લગન થયાં. પછી એક પાસ ધંધામાં લાભ અને બીજી પાસ કૌમુદીનો જન્મ થયો.

સુનંદા સાથેનો પરિચય છેક છોડયો નહોતો. એક વાર તે દીકરાને રમાડતી બેઠી હતી. ત્યાં પોતે પહોંચ્યા. દીકરાને પોતે રમાડવા માંડયો ત્યાં માને મોંએ શેરડા પડયા. તે જ વખતે પોતે ખરી વાત જાણી. જુનાં સ્મરણો જાગ્યાં પણ હૃદયહીન બની તેને ગુંગળાવી નાંખ્યાં.

તે દિવસથી, ને શ્રીકાંત મોટો થતો ગયો તેમ તેમ વધુ, સુનંદાના કુટુંબ સાથેનો સંબંધ પોતે ઓછો કરવા માંડયો. કોણ જાણે શાથી, પણ કૌમુદી અને શ્રીકાંત એકેકને ન જ મળે એ હિતકર છે એમ પોતાને લાગ્યા કરતું હતું.

કૌમુદી મોટી થઇ ને ભણી. સ્વેચ્છાવર વરવાના તેના કોડને પોતે ઉત્તેજન આપતા પણ શ્રીકાંતથી દૂરની દૂર રાખતા.

આજે પાર્ટીની ગોઠવણ પણ કૌમુદીની માગણીને માન આપીને જ કરેલી. શ્રીકાંતને નોતરવાની ભુલ પોતે તો શી રીતે કરે ? નોતરાયલા એક મિત્ર જોડે તે આવ્યો. “ આ આપણા અમુલખરાયના ચિરંજીવી મી. શ્રીકાંત. ” મિત્રે મનોહરલાલને કહ્યું. “ હું નીકળતો’તો ત્યાં આવી ચઢ્યા એટલે મેં કહ્યું ચાલો તમે પણ. મનોહરલાલનો ને તમારા ઘરનો સંબંધ તો ઘણા વખતનો. કેમ ખરું ને, શ્રીકાંત ? ”

હા કહેતે કહેતે શ્રીકાંતે પોતાના મુખ પરની લાગણીઓ વાંચી એમ મનોહરલાલને થયું.

એ તો જે હોય તે. પણ હજુ બાજી હાથમાં હતી. કૌમુદી પાર્ટીમાં આવ્યા પહેલાં આને અહીંથી ગમે તેમ કરીને ખસેડવો જોઇએ. પોતાના શૉફરને બોલાવી કાનમાં કૈંક કહ્યું ને પછી “ મી. શ્રીકાંત, જરા એક કામ કરશો ? મારા ખાસ મિત્ર અંબાશંકર બારીસ્ટર હજુ આવ્યા નથી. તમારા જેવો ઘરનો કોઇક માણસ તેમને તેડવા જાય એ ઠીક. મારી ‘ કાર ’ તૈયાર છે. જશો તમે ? ” શ્રીકાંતને આ જરા વિચિત્ર લાગ્યું. તેનો મિત્ર પણ ગુંચવાયો. આખરે મનોહરલાલની ઉતાવળ અને નહીં સમજાતા ગભરાટથી દોરવાઇને નછુટકે એ બંનેએ જવાની હા કહી. બેઉ જણ જેવા ઉઠીને જવા લાગ્યા તેવાં જ

દૂરથી કૌમુદી ને નિરંજના આવ્યાં. " આમાં મનોહરલાલની છોકરી કઇ ?"

" પીરોજી સાળુવાળી–જમણા હાથ તરફની " ... ...

અર્ધસ્વપ્ન ઉડી ગયું. બાકીની રાત, કર્યું ન કર્યું શી રીતે થાય તેની વીમાસણમાં મનોહરલાલે ગાળી.

*

ગુજરાત મેલના સેકંડ ક્લાસમાં રાતના ચારેકનો સમય.

" કાંત, ઉંઘ તો નથી આવતી."

" કેમ, વિચારો બહુ આવ્યા કરે છે ?"

" હા."

" શાના–કોના ?"

" પહેલાં તો–તમારા."

" ખોટ્ટાબોલી !"

કૌમુદી હસી પડી: " બાપાજી જેવા સમજુ અને કેળવાયલા માણસને આ શું સુઝ્યું એ વાત ક્યારક્યારની મનમાં ઘોળાયા કરે છે."

" સુઝવું'તું શું વળી ? સાડી બુદ્ધિનો જ મહિમા બધો. નહીં તો એકપુરી છોકરીને કોઇ આમ કરે ?"

" પણ ના કાંત, એ પહેલાં એવા નહોતા હો. આંખની કીકી હોઉં એવી રીતે મને રાખતા."

" માટેસ્તો આઠઆઠ દહાડાથી તને બંગલામાં કેદ કરી'તી ! ને હું જ્યારે આવું ત્યારે ' ઘરમાં નથી ' એ જ એક સરખો ઉત્તર ! પાર્ટીને દહાડે પણ મને વચ્ચેથી કોણ જાણે કોને ઘેર દાદર તરફ મોકલ્યો. તોછડાઇની પણ કૈં હદ ?"

કૌમુદી નિરુત્તર રહી.

" એ તો સારું થયું કે આજે હું આવ્યો ત્યારે તેં પેલી ચીઠ્ઠી બારીમાંથી નાંખીને ગોઠવણ પ્રમાણે સાંજે પાછલે બારણેથી નીકળી આવવાની હીંમત કરી. નહીં તો જન્મારો જ–"

" હીંમત ? કાંત, કૌમુદીમાં ગમે તે ખોડ હશે પણ બીકણપણું તો–"

" નથી જ; ખરી વાત " અને પોતાની સીટ પરથી ઉઠી તે બેઠી હતી ત્યાં જતાં તેણે ઉમેર્યું " હોત તો શ્રીકાંતની ભાર્યા થવાનો સંભવ પણ થોડો."

કલાકેક ગયા પછી વડોદરા આવ્યું. બંને જણ શ્રીકાંતના એક ભાઇબંધને ત્યાં ગયા. કૌમુદીનો હરખ હવે માતો નહોતો. તેની દુનીઆ નવી જ બની. રાતોરાત મુંબાઇથી છટકીને પોતે બે અહીં 'સીવીલ મેરેજ' કરવા આવ્યાં હતાં એ વાત પણ તે વીસરી ગઇ.

મુંબાઇમાં કૌમુદી ગુમ થયાના ખબર મળે કે તુરત હોહા થાય ને પકડાવાનો ભય રહે. અહીં તો તપાસ પણ થાય તે પહેલાં બધું ખતમ થઇ ચુકયું હશે એમ બંનેના મનમાં હતું.

શ્રીકાંતે અને તેના મિત્રે તે જ દિવસે લગ્નની ક્રિયાવિધિ કરવાનું ચોક્કસ કરી નાખ્યું. સમય થતાં ત્રણે રજીસ્ટ્રારની ઑફીસમાં પહોંચ્યાં. ફોર્મ ભરવાનું કામ થઇ રહ્યું. શ્રીકાંતે પહેલી સહી કરી. કૌમુદીનો હાથ હોલ્ડર પકડતાં સહેજ ધ્રુજ્યો. શ્રીકાંતે એ બરાબર જોયું: " કૌમુદી, તારી હીંમત–"

એ વાકય પુરું થવા સરજાયું જ નહોતું.

નીચે કૈંક ધાંધાટભરી પુછપરછ, દાદરા પર બે ત્રણ જણનું ધસારાબંધ ચઢવું, ને " સબુર ! સહીઓ થઇ ? " ના ઉદ્દગાર

સાથે વૃદ્ધ પુરુષનું ખંડમાં આવી પહોંચવું—બધું વિપળમાં બની ગયું.

"બોલોને કોઈકિ—સહી થઈ ગઇ ?"

"એક થઇ, બીજી થાય છે." આવનારને સ્થિરતાથી જોઈ રહેલા રજીસ્ટ્રારે ઠંડે પેટે ઉત્તર દીધો. "તમે કોણ છો ?"

મનોહરલાલના હોશકોશ ઠેકાણે આવ્યા. જીવ જાણે શરીરમાંથી ઉડી જતો હતો તે કૈંક હેઠો પડ્યો. પ્રશ્નનો ઉત્તર દીધા પહેલાં તે પાસેની આરામખુરશી પર બેસી ગયા. પછી થડકાતે સ્વરે બોલ્યા: "કોણ છું ! આ તમારાં વરવહુનો બાપ—એઉનો સગો બાપ."

"બાપ !" શ્રીકાંતે ત્રાડ મારી.

જવાબમાં મનોહરલાલે જરા બાજુ પર ખસીને, બાર પાસે ઉભી રહેલી એક વ્યક્તિ તરફ નજર કરી, ને તુરત શરમના અવતાર સમી બીતી—થથરતી સુનંદા તરફ બધાંની નજર ગઈ.

તેના મોં ઉપરના ભાવો જોતાંવેંત શ્રીકાંતનાં ગાત્ર ગળવા લાગ્યાં.

સરી પડતી સ્વસ્થતાને એકત્ર કરવા મથતા રજીસ્ટ્રારે આભા બની પ્રશ્નપુછતી આંખે એકથી બીજા તરફ જોવા માંડ્યું.

અને કૌમુદીની આંખે અંધારાં આવ્યાં. "ઓ ... બાપાજી "ની ચીસ નાંખતી તે પડખે ઉભેલા શ્રીકાંતના હાથમાં ઢળી પડી.

જુવાની

અસાડની એક સવારે ગીરગામ પરની સ્ટેશનરીની એક દુકાનમાં ઓગણીસેક વર્ષનો યુવક ગણગણતો હતો:

“ આ તે કૈં જીંદગી છે ? સવારથી સાંજ લગી એક ને એક ઠેકાણે જકડાઇ રહેવું. એની એ જ માણસોની વગરમફતની આવ-જા, એ જ ગાડી મોટર ને ટ્રામના ઘસારા ને ઘોંઘાટ, એ જ ધુળ ને એ જ કાદવ રોજ ને રોજ જોવાનાં—બેસતા વરસથી દીવાળી સુધી. ને મારે અહીં બેઠા કાગળીઆનો વકરો કરવાનો—બદલામાં ખાવાપીવા ને રહેવાપહેરવાનું મોટાભાઈ આપે ને ...”

એટલામાં ઘરાકે આવીને હિમાલય પેન્સીલનો ભાવ પુછ્યો. જગન્નાથે ધુનમાં ખરા ભાવથી દોઢ–પોણાબે–ગણો કહ્યો એટલે પેલો કડવું હસીને બબડતો ચાલ્યો ગયો.

જડતાભરી આંખે તેણે ફરીથી રસ્તો અને ત્યાંનો અવર-જવર જોવા માંડ્યો. ત્યાં તો થોડી વારે ઘનઘોર ઘેરાયલા આકાશમાંથી વરસાદ જોસબંધ શરુ થયો. છત્રીઓ ટપોટપ ઉઘડી. છત્રી વગરના કેટલાક ચમકીને દોડવા લાગ્યા; કેટલાક

આમ તેમ ઘસતા ઘરના ઓટલા શોધવા મંડ્યા. જગન્નાથે આંખો પટપટાવીને ગાવા માંડ્યું:

> વાયુ વાયે ઘસઇ પ્રગટે દેવદારૂની ડાળો,
> વેરે તનખા ચમરી પુછથી, તે દવાગ્નિ પીડે, તો
> એ ગિરિના સૌ દવ શમવજો કોટિધા નીરધારે;
> દુઃખીઆરાંના દવ શમવવા સંપદો શ્રેષ્ઠની જ.

પછી તરત:

"દાવાનળ શમતો નથી તે એક મારા દીલનો જ. શા માટે મને કૉલેજ છોડાવી હશે? એક જ છેલ્લું વરસ રહ્યું'તું. જેમ તેમ જ્યાં ત્યાંથી માગીતાગીને; છોકરાં ભણાવીને પણ હું મારું ભણ્યા કરતો'તો, ને ખરચ કાઢતો. એ પણ તેનાથી ન ખમાયું. 'મારે દુકાન માટે માણસ જોઇએ છીએ; પારકો પરવડે નહીં ને તેને વળી પગાર આપવો પડે'—આ તેની દલીલો! એ તો ઠીક છે કે મારા જેવો પોચા મનનો ભાઇ મળ્યો છે. બાકી તો ખબર પડત."

"રાઇટીંગ પેડ છે કે?"

"હા. ઘણાં."

"કઈ કઈ જાત છે, બતાવો જોઉં."

"આ રહ્યાં જુઓને—હાથી, ફ્લાવર, બાસ્કેટ, સ્ટીમર, શીકારી: બધાં જોઇએ તેટલાં." આમ ગણાવતાં ગણાવતો જગન્નાથ પેડ લેવા અંદરના ભાગમાં ગયો એટલે ઘરાકે મોઢા આગળ પડેલાં પેન્સીલનાં બે ત્રણ બંડલ ઉપાડીને એકદમ છત્રીમાં સેરવી દીધાં.

જગન્નાથે પાછા આવીને પેડનો થોકડો તેને આપ્યો તેમાંથી એક ખરીદીને ઘરાક ગયો.

પાછું આત્મસંભાષણ ચાલ્યું.

" એ જમાનો જ કેવો અદ્દભુત હતો? કાલિદાસ પણ એક રસનો અવતાર થઇ ગયો. એના વખતમાં નહોતી કશી જંજાળ કે નહોતી કશી કમાવાની પીડા. રાતદહાડો બસ ભોગવિલાસ, મસ્તી ને નાટારંગ જ મચી રહેતા હશે. ફુલોની સુગંધ, સંગીતના સરોદ, ને કોમલાંગી સુંદરીઓ: એમાં જ આખી સંસ્કૃતિ સમાઇ જતી. શી મજાહ ! દુ:ખ કે શોકનું નામ જ શાનું હોય ? એના યક્ષની નગરી વિશે કહ્યું છે તે એના પોતાના વખતમાંએ હશેસ્તો !—

આનંદાશ્રુ નયન મહીં ત્યાં, અન્ય ના કારણે કો;
શામે પ્રિયને મિલન, સ્મરનો એ જ, ના અન્ય તાપ;
પ્રીતિકલહો વિણ વિરહ તો અન્ય-

" અરે જગુ, પડયો કે પાછો તારી લતમાં ?" બહારથી આવેલા શાંતિનાથે અચાનક તેને તડાકાવ્યો " અહીંઆં પણ કવિતાઓ સુઝે છે ? જો તો ખરો આ વરસાદથી માલ કેટલો ભીંજાઈ ગયો ? આમ દુકાન ચલાવાતી હશે ? ને પેન્સીલનું બંડલ અહીં ફુટપાથ પર કયાંથી પડયું ? "

" કોણ જા. ... ... મને ખબર ... લઇ લઉં." તે નીચે ઉતરવા ગયો પણ શાંતિનાથે બંડલ ઉંચકીને બાજુ પર ફેંકયું. " લીધાં હવે તેં. ચાલ જા જમવા જતો હોય તો ... કેટલો વકરો થયો આજે ? પૈસા આપતો જા, નહીં તો વળી ખોઇ આવીશ કયાંક, તારી ધુનમાં ને ધુનમાં." જગન્નાથે હોઠ પીસતાં પીસતાં ખાનામાંથી કાઢીને સાડાસાત આના તેના હાથમાં મૂકયા.

" શું વેચાયું ? "

" એક પેડ."

"એના સાડાસાત આના શી રીતે? ને અહીંથી પેન્સીલનાં બંડલ ક્યાં ગયાં? સવાર સુધી તો સાત હતાં."

જગન્નાથ ગુંચવાતો આમતેમ જોવા લાગ્યો. પેડના પૈસા ઓછા લેવાયા એ તે વખતે તેને સુઝયું.

પેલો દાંત કચકચાવતો ક્ષણભર તેને જોઇ રહ્યો: "બોલ ક્યાં ગયાં? કે કોઇ કૉલેજના ભાઇબંધબાઇબિંધને આપી આવ્યો છે?—બદલામાં ચોપડીનાં થોથાં લેવા?"

જગન્નાથનું મોં લાલચોળ થયું." મોટાભાઈ, વધારે પડતી વાત ન કરતા, સમજ્યા કે? કૉલેજ તમને ગમે તેટલી ખુંચતી હશે. મારે મન તો દેવદેવીથીએ વધુ છે. જ્યારે ત્યારે કૉલેજને શીદ વગોવ..."

"ચુપ રહે, બેવકુફ! સામું બોલવાની વાત નહીં."

"સામું તો સાત વાર બોલીશ. તમે કોણ મારા ભણતરને વગોવનાર?" અધપળ તેણે શ્વાસ ખાધો: "પોતાને મળ્યું નહીં એટલે બીજાની અદેખાઇ, એ જ કે કૈં બીજું છે આમાં?"

જવાબમાં શાંતિનાથે કકડાવીને થપાટ નાના ભાઇને મારી: "નીકળ હરામખોર! નીકળ મારા ઘરમાંથી. કામ જ નથી તારું, બેવકુફ! નફ્ટ! નીકળ અત્તરઘડી, ને ફરી મોઢું દેખાડીશ તો ..." પુરું બોલી રહેવાની પણ ધીરજ તેનામાં નહોતી. બાવડું પકડીને તેણે અપરાધીને નીચે હડસેલ્યો. પેલાએ સામો હડસેલો માર્યો, દોટ મુકી, ને પસાર થતી ટ્રામમાં ચઢી બેઠો.

૨

વળતે દિવસે બપોરના એકના સુમારે, અમદાવાદથી દીલ્હી જતા મેલમાંથી ઉત્તર ગુજરાતના એક નાના શહેરના સ્ટેશન પર એક છડો છુટો જુવાન ઉતર્યો.

પ્રેમની જેમ સ્વાતંત્ર્યનો પ્રથમ અનુભવ પણ સ્વર્ગનો

સાક્ષાત્કાર કરાવે છે. પૃથ્વીની વસ્તુ માત્ર એ ક્ષણે અલૌકિક રંગથી રંગાય છે. અને તેની આગળ સામ્રાજ્યોનાં સુખવૈભવ પણ તુચ્છ લાગે છે. સંસારના ત્રિવિધ તાપની જાણ છતાં, તત્ત્વજ્ઞાનીઓના માયાવિરોધી મંત્રો છતાં, વિશ્વરચનામાં માનવી તો અણુના પણ અણુ જેવડો છે એવા ઉપદેશ છતાં, આ થોડી પણ ધન્ય પળો જ આપણા પાશવમય ઐહિક જીવનમાં માનવતા સાચવી રહે છે. ... અને આ યુગમાં તો અંતરે પ્રતિપળ છવાતી અંધારઘટામાં એ જ અનુભવો આશાની ઝગઝગતી તેજરેખા દોરી શકે છે.

જગન્નાથ સ્ટેશનમાંથી બહાર નીકળ્યો એટલે એવા જ અંકુર તેના હૃદયમાં ફુટી રહ્યા. રસ્તા ધુળભર્યા હતા; મકાનો બેડોળ અને નીરસ હતાં; માણસો નિસ્તેજ ને સાહસહીણાં હતાં: આ બધું સ્પષ્ટ હતું. પણ અત્યારે તેની સચેત કલ્પનાએ એ પ્રત્યેકમાં અદ્દ્ભુતતા ને રસિકતા પુરી. તેનો આત્મા અત્યારે જડચેતનના ભેદ ભુલીને સૃષ્ટિના અંગેઅંગમાંથી રસ પીવા આતુર બન્યો હતો. રોમરોમમાંથી સ્ફુર્તિની રોકી રોકાય નહીં તેવી સેરો છુટીને, જે કૈં માર્ગમાં આવ્યું તેની સાથે અખંડ તન્મયતા ભોગવાવતી હતી.

આવી દશામાં બેપરવા પગલે ને વિલોલ નયને તેણે વીસેક મીનીટ સુધી રસ્તો કાપ્યા કર્યો. તે શેરીઓ વટાવી બજારમાં પેઠો, ત્યાંથી નગરના ચોકમાં રખડયો, વળી પાછો નગર બહાર મોટી સડકે નીકળ્યો. ભુખતરસને જીતી પરવર્યો હોય તેમ એકસરખી ઝડપે, થાકયા વિના, તેણે સડક પરના ઘણા બંગલા પાછળ મુકી દીધા.

અચાનક તેની રસગ્રેલછામાં ભંગ પડયો. પાછળ કૈંક તાળીઓનો અવાજ થવા લાગ્યો. જગન્નાથે ચાલ્યા કર્યું. ગઇ

રાતે અધજાગતાં સ્વપ્નોમાં અનુભવેલાં પરીચહેર રમણીઓનાં ને અપાર્થિવ સુગંધોથી લચી રહેલાં ઉપવનોનાં ચિત્ર કલ્પના-પટે ચીતરાયલાં નીહાળવામાં તેનું મન મશગુલ હતું. કોઈની તાળીઓ સાંભળવાની મરજી કે ફુરસદ તે વખતે નહોતી.

બોલાવનાર દોડયો, બુમ પાડી, ને હાંફતાં હાંફતાં તેની પાસે આવી ખભો ઝાલ્યો.

ક્રોધથી નહીં એટલું વિસ્મયથી, ભયથી નહીં એટલું કૌતુકથી, જગન્નાથે તેની તરફ ડોકું ફેરવ્યું ને ચાલતો અટક્યો.

“ સાંભળતા નથી ક્યારક્યારના ? બોલાવે છે તમને.”

“ કોણ ? “ અને જગન્નાથે પાછું વાળીને જોયું તો ડાબે હાથે રહેલા સફેદ બંગલાના રવેશમાં આધેડ વયની થુળ શરીર-વાળી વિધવા ઉભેલી હતી.

નોકરે જરા હસીને કહ્યું. “ એ જ. અમારાં ગીરજાશેઠાણી. તમને જરા મળવા માગે છે. ”

“ પણ હું તેમને ઓળખતો નથી. આ ગામમાં આજે પહેલી જ વાર આવ્યો. ”

“ હરકત નહીં. જરા આવી જાઓ. પછી જવું હોય તો જજો ફાવે ત્યાં. ”

અજાણ્યો યુવક પળભર ગુંચવાયો. અણજાણી બાઇ આ ગામમાં તેને શું કામ બોલાવે ? જવું કે નહીં ?

તેણે રસ્તા પર આગળ પાછળ જોયું. એટલામાં બીજું કોઈ હતું પણ નહીં, કે બાઇએ બીજાને તેડાવ્યો હોય ને નોકર ભુલથી પોતાને લઈ જતો હોય.

પાછી તેણે બારી તરફ નજર નાંખી. બાઈ આબરુદાર ને પીઢ લાગી. તે નોકર સાથે બંગલા ભણી ચાલ્યો.

૩

શેઠાણીએ કલ્પ્યું પણ નહોતું કે એક બપોરે પોતે જે રસ્તે જતા જુવાનને નોતર્યો હતો તે આટલો વિચક્ષણ ને સંસ્કારી હશે. કૈંક કુતૂહલથી, અને કૈંક અંશે, તે પોતાના તરતમાં જ મરી ગએલા પુત્રનું સ્મરણ કરાવતો તેથી, પોતે તેને બોલાવેલો. પહેલી જ મુલાકાત વખતે તેની ઠરેલ ચાલ, સંસ્કારી મુખમુદ્રા ને શરમાળપણું; તેના સુકુમાર આત્માનાં સૂચક રસાર્દ્ર લોચન ને સગૌરવ ડોકનો જરાક શો લહેકો: એ સર્વએ ઉંડી છાપ પોતાના મન પર પાડેલી. તેનો ઇતિહાસ પુછતાં તેને માટે સમભાવ થયો. પરિણામે જગન્નાથ ‘મણિપ્રસાદ’ એવા નામથી તેને ત્યાં રહ્યો.

ત્યાં એને ગોઠવા માંડ્યું. આસપાસનાં ગામડામાં ફરી તે નિર્દોષ ગ્રામ્ય જીવનના પ્રત્યક્ષ અનુભવ લેતો. કવિતામાં વાંચેલું હવે હૃદયથી સમજતો. તેનો સાહિત્યશોખ પણ ત્યાં પોષાતો. થોડા વખતમાં તો તેણે પૈસાના પંકમાં ડુબેલી રસવિમુખ શેઠાણીને પણ સંસ્કૃત નાટકો–કાવ્યોનાં ગુજરાતી ભાષાંતરો આનંદપૂર્વક વાંચતી કરી દીધી.

જરુર પડયે તે માલેતુજાર જમીનદારણની મીલકતના વહીવટમાં પણ તેનું ઠરેલપણું ને વિચારમયતા કામ આવતાં.

વરસ દોઢવરસ આમ ને આમ વહી ગયું. નચીંત ને સ્વતંત્ર જગન્નાથનું આરોગ્ય હવે મુંબાઇ કરતાં અનેકગણું સરસ થયું. ચિત્ત અને કલ્પના પણ પ્રતિદિન વધુ વધુ પ્રફુલ્લ બન્યાં. અનુકૂળ ને વધુ સ્વાભાવિક વાતાવરણમાં નવા અભિલાષ જાગ્યા. તે સર્વએ તૃપ્તિનાં સાધન શોધવા માંડ્યાં. સુખભોગની આજ સુધીની જીંદગી પણ હવે, ધીમે ધીમે, અધુરી ને છેવટ ખાલી લાગવા માંડી. એ જુના જીવના નવા અવતાર માટે તે સ્થાન સાંકડું ને આકર્ષણવીહોણું બન્યું.

આ વિકાસનો શેઠાણી અનુભવની આંખે અભ્યાસ કરી રહ્યાં હતાં. મણિપ્રસાદને પોતાથી અલગ ક્યાંય વિચરવા દેવાનો વખત નજીક છે એમ તેમને વારંવાર થતું. ક્યાં મોકલીએ એમ વિચાર કરતાં ને ચિંતા પણ થતી. મોટાં શહેરોના પ્રલોભનનો ભય લાગતો, તેમ આધુનિક મહેચ્છાઓ પોષવા એ શીવાય બીજાં સ્થળ નથી એમ પણ થતું.

આખરે તેમણે પોતાની લાગવગને પરિણામે અમદાવાદની એક સારી મીલમાં જગન્નાથને આસીસ્ટંટ મેનેજર નીમાવ્યો.

જગન્નાથ જાણતો હતો કે એ નોકરી પોતાને ફાવવાની નથી. પણ તે વખતે એ સ્વીકારી લેવામાં જ ડહાપણ જણાયું.

માતા કે મોટી બહેન તુલ્ય ગીરજાશેઠાણીના આશીર્વાદ પામીને તેણે તેમનો સહવાસ છોડયો અને અમદાવાદમાં નિવાસ કર્યો.

૪

"પણ હજુ તો તમે મને પુરી ઓળખતાએ નથી."

"કેમ ઓળખું? શી રીતે ઓળખું? અકળ–તો ઇશ્વરી માયા જેવી; અસ્પષ્ટ–તો મનોરથના રંગતરંગ જેવી; ચપળ–તો વાદળવાદળને વીંધતી વીજળી સમી; કુશળ તો ..."

"હાં–હાં ધીમે, જરા ધીમે. કવિતારસ બધો ઉભરાઈ–ઢોળાઈ–રેલાઇ ચાલ્યો. જરા મને સમજવા તો દ્યો, પુરું. અસ્પષ્ટ–તો શાના જેવી?"

"એમ નહીં. મશ્કરી ન કર. દિવસો–કદાચ મહીનાઓ થઇ ગયા, પણ મેં તારું ખરું નામ સુદ્ધાં પુછ્યું છે? મને રુચ્યું તે પાડી લીધું. મને નામની શી પરવા? તું માનીશ નહીં, ખુશામત લાગશે, પણ તે દહાડે વરસતા વરસાદમાંથી બચવા માટે તેં આ અજાણ્યાને ઘરમાં લીધો ત્યારથી મારાં સ્વર્ગીય સ્વપ્નોને પણ વિસારે નાખે તેવું સુખ તારા સહવાસમાં માણ્યું છે. પછી બીજી શી દરકાર?"

યુવતીએ આ ભાષણ નિશ્ચલ નયને અને આછા સ્મિત સાથે સાંભળ્યા કર્યું. પછી કટાક્ષમય સ્વરે પુછ્યું.

" અહીં આવવાથી તમારી આબરુ કેટલી વધી ? "

" તેની પીડા તારે ન કરવી. મારા બળતા દીલને ઠારે એવી સુંદરીની સોબત મારે જોઈતી હતી. તેં એ આપી, પહેલાં મિત્ર તરીકે ને હવે"–તે હીંચકાના સામા છેડા પરથી પેલીની થડમાં ગયો. તે ઉભી થઇ ગઈ ને ખડખડાટ હસી પડી. જગન્નાથે તેને પકડીને પાછી પડખે બેસાડી. તે તાબે થઇ.

" જુઓ, મસ્તી નહીં. વખતે છે ને હું કોઇને– "

" હા. પરણેલી હોય તો તેથી પણ શું ? તું આબરુની વાત કરે છે પણ આ તારા "–માંસલ બાવડા પર ચીમટો ખણતાં–"માખણ જેવા શરીર ને નાનકડા મનહર મુખ આગળ તેની શી કીમત? "

૫

મીલની નોકરી પુરા ૭ માસ થયા પહેલાં છોડીને જગન્નાથે એક મોટી નિશાળમાં શિક્ષક તરીકે કામ કરવા માંડયું હતું અને ત્યાં આસ્તે આસ્તે પહેલા મદદનીશની જગ્યા મેળવી હતી. શેઠાણીને આ બહુ ગમ્યું નહીં, પણ વચ્ચે પડવામાં તેમને ડહાપણ દેખાયું નહીં. તે વારંવાર પોતાના ખબર મોકલતો ને વખતે વખતે મળી જતો એટલે ગીરજાબાને સંતોષ હતો.

અમદાવાદ જગન્નાથને મુંબાઇ કરતાં અનેકગણું સરસ લાગ્યું. અર્વાચીન જીવનની ચંચળતા સાથે અહીં પ્રાચીન જીવનની નિવૃત્તિ, ઇચ્છે તેનાથી, સેવી શકાતી. ઇતિહાસના અર્થસૂચક અવશેષો અને સમકાલીન ગુજરાતને ઘડતાં પ્રવૃત્તિક્ષેત્રના આ કેન્દ્રમાં જે ખરું ગુજરાતી વાતાવરણ અનુભવી શકાતું તે બીજે અશકય હતું એમ તેને લાગ્યું.

પોતાના જીવ અને વાસ્તવિક જીવન વચ્ચેનો વિરોધ આમ મટયો એટલે નવી દિશામાં મન દોડવા લાગ્યું.

શાળામાં જવાને માર્ગે આવેલું એક નાનું સુઘડ ઘર, હમેશાં દિવસમાં બે વખત, તેની નજર આકર્ષતું. કોઇ વાર નીચેની જાળીમાંથી, કોઇ વાર ઉપલી બારીમાંથી, કોઇ વાર ઓટલા પરથીજ બે નાનાં તેજસ્વી રસભર્યાં નેત્રો તેને જોઇ રહેતાં. પોતે પણ હમેશ આંખથી, ને કદીક, કોઇકિ જ વાર, સ્મિતથી તેનો ઉત્તર વાળતો.

ચોમાસાની શરુઆતમાં એક દહાડો તે છત્રી ઘેર ભુલી આવ્યો ને અચાનક રસ્તામાં વરસાદ તુટયો. પોતે ઉતાવળે ચાલતો પેલા ઘર પાસે આવ્યો ત્યાં વરસાદ ખુબ વધ્યો એટલે જાણે અસહાય બનીને ખેંચાતો હોય તેમ, અર્ધું અજાણતાં, તેનાં પગથીઆં પાસે જ ઉભા રહી જવાયું.

"ભીંજાઓ છો શા માટે ત્યાં? અંદર આવતા રહો ને."

જગન્નાથે પાછું વાળીને જોયું. મેઘઘટાએ ચોપાસ વધારી મુકેલા મોડી સાંજના અંધકારમાં ઘરના ઉંબરા પર જ વદન અને શરીરની કાન્તિથી તેજછટા પાથરતી મૂર્તિનાં દર્શન તેને થયાં. તેનાં અગણિત દર્શનો આજ સુધી થયાં હતાં. પણ આ અપૂર્વ હતું અને અલ્હાદ ને તનમનાટ અંગેઅંગમાં મચાવી મુકતું.

ક્ષણભર તે જોઇ જ રહ્યો.

"આવો તો! વરસાદ વધતો જાય છે. શરદી થશે. રહી જાય એટલે જજો, જવું હોય તો."

ભારે પગલે, કૈંક થડકતે હૈયે, છતાં પોતાના મનથી જીવનની અદ્ભુત પળનો સાક્ષાત્કાર આત્મામાં અનુભવતો, યુવક પગથીઆં ચઢયો ને અંદર ગયો.

કેટલાક જીવો જીંદગીભર બાળક રહેવા સરજાયા હોય છે. કોઇકની પણ ઓથ વિના એમનો વિકાસ કે ઉદ્ધાર થતો નથી. વાડ વગર વેલો ચઢે નહીં તેમ કોઈના આધાર વિના રહેવાય નહીં તેવી એમની મનોદશા હોય છે. એ દશાને ઉચિત વાતાવરણ સાંપડે તો તેઓ સર્વ શક્તિઓને સ્વાભાવિક માર્ગે વાળી શકે છે. પ્રતિકૂળ સંજોગો, પ્રતિકૂળ સ્વભાવોની સોબત, ને કુણા હૈયાને ચીમળાવતાં પ્રતિકૂળ વચનવર્તન તેના પુલશેપ સમા ઉત્કર્ષવાંછુ આત્માને અહોનિશ બાળીને ધગધગતો ભસ્મરાશિ બનાવી મુકે છે. કોઇ હસીને બે મીઠા બોલ તેને કહે ને તેનું કામ નીરાંતે કરવા દે તો આવા માણસોને જગતમાં બીજું કૈં ઇચ્છવાપણું રહેતું નથી.

સ્વાર્થી ભાઇભાભીના સંગમાં જે ન જડયું, એકલવાઇ ગીરજાશેઠાણીની સાથે રહેતાં જે જડયું છતાં ન જડયું, તે જગન્નાથને આ અજાણી સુન્દરીના સમાગમમાં આખરે પુરેપુરું જડયું. યુવાન્ હૃદયોનાં સહજ આકર્ષણ, તેમાંથી નિઃસ્વાર્થ સ્નેહના અંકુર અને અંતે ઉભયની એષણા પોષતા પ્રેમનો આનંદઃ આમ માત્ર સાધારણ પરિચયમાંથી જામેલી મૈત્રી વખત જતાં શરીરસંબંધની રક્તમુદ્રાથી પણ સુદૃઢ થઇ.

તે બે સ્વચ્છંદી ને સ્વસંતોષી જીવોને એકેકની ઝાઝી ઓળખાણ માગવાની જરૂર જણાઈ નહીં; લગ્ન જેવી સંસ્થાની હસ્તી સાંભરી નહીં; લોકોપવાદનો વિચાર કરવાનું સુઝયું નહીં.

૬

રતન સાથે પોતે આમ થોડા માસ ગાળ્યા. ત્યાં એક દિવસે સાંજે શાળામાંથી આવ્યા પછી જગન્નાથને ગીરજા શેઠાણીનો પત્ર મળ્યો. પત્ર વાંચી એ બબડયોઃ

"આજે જ રાતે? ડોસીને પણ ખબર આપતાં આવડે છે! હરકીસનવાળા કેસ માટે આવું છું એમ કહે ઠીક, ચાલો જઈશું સ્ટેશને. ... પણ એ હશે એટલા રતન પાસે ઝાઝું નહીં જવાય. એ ચાલશે કેમ ?–જો એને ખબર તો કરું. એ તો શેઠાણી કોણ એ જાણત નથી ને એને કહેવાની પણ જરુર નથી."

તે પાછો ઘરમાંથી નીકળ્યો ને રતનને ત્યાં ગયો. ર બાજુનાં ગામડાંમાં છોકરાઓ સાથે સહેલગાહે જવાનો શાળાખાતા તરફથી થયો છે, એમ તેને કહ્યું; ને અઠવા બાદ મળશું, બનશે તો વહેલો આવીશ, જવું ગમતું તો પણ ઉપાય શો? નોકરી એવી જ ચીજ છે–વગેરે કચવાતે મોંએ રજા લીધી.

રાત્રે પોતે સ્ટેશને ગયો. ટ્રેન બહુ મોડી થએલી; તે શેઠાણી હાસ્ય વેરતાં ઉતર્યાં. પોતાને ત્યાં ઉતારો રા જગન્નાથે વિવેક ખાતર તેમને કહી જોયું. પણ એ તો પોતાની આગલી ઓળખીતી પડોશણને ત્યા રાયપુરમાં એટલે તે એકલો ઘેર ગયો.

બીજે દિવસે ચારેક વાગે જગન્નાથ તેમને ત્યાં શેઠાણીએ સારો આવકાર આપ્યો.

"કેમ સણિશ્વર, ખુશીમાં તો ખરો? રાત્રે તો બહુ ઉત માં મળ્યાં."

"હા, બા, ખુશીમાં છું. તમને કેમ રહે છે?"

"ઠીક. તારું કામકાજ કેમ ચાલે છે?"

"સારું—મીલવાળી નોકરી કરતાં ઘણું સારું" અને તીક્ષ્ણ નજરે શેઠાણી સામું જોયું.

"એ તો હશે. પણ પગાર ત્યાં કરતાં અરધો પણ

“ એ તો કેમ કરીએ ? એકલા પૈસામાં જીંદગી થોડી જ આવી જાય છે ? ”

“ સમજ્યા એ તો. કાયમ કૈં આમ ચાલવાનું છે ? ઘરબાર માંડશો ત્યારે શું થશે ? ”

જગન્નાથે નીચું જોયું. બીજા પ્રશ્ન માટે તે તૈઆર થઇ રહ્યા.

“ કૈં વિચાર કર્યો છે કે નહીં ? ” શેઠાણીએ પુછ્યું.

“ કરશું. ઉતાવળ શી છે ? ” પળે પળે તેના મોં પરની રતાશ વધતી હતી.

એટલામાં ચા આવી. જગન્નાથે તે લઇને મુંગે મોઢે પીવા માંડી, શેઠાણીએ તે પીતો હતો ત્યારે અનિમિષ આંખે તેની તરફ જોઇને વિચાર્યું કે આ છોકરો પહેલાં જેટલો શરમાળ રહ્યો જણાતો નથી. આંખોમાં આગળ જ્યાં જુવાનીનાં ઘેન ઘેરાતાં ત્યાં તૃપ્તિની શાંતિ હતી–કૈંક અંશે એ દશા પણ ઉતરીને અકાળ ઘડપણ આવતું હોય એવાં ચિહ્ન દેખાયાં. એ શાથી હશે ? એમ મનમાં થયું તો ખરું. પણ તે વખતે કૈં પુછવાનું ઠીક લાગ્યું નહીં.

પાનસોપારી લીધા પછી જગન્નાથે ચાવી માગી: “લાવો કાગળીઆ લઇ આવું. ”

“ હા. ઉપલી મેડીમાં દાદરની પડખે ટ્રૂંક છે તેમાં નાની કેશબોકસમાં છે. સંભાળીને પેલો એક કાઢજે, ને બાકીના બરાબર પાછા મુકી દેજે. ”

“ વારુ. ”

૭

તે ચાવી લઇને ઉપર ગયો ને આઠ દસ મીનીટમાં પાછો આવ્યો. પણ ખંડમાં જ્યાં દાખલ થવા જાય ત્યાં તો ઉંબરા-પર તેના પગ જાણે જડાઈ ગયા ... ...

તેની બરાબર સામે જ, થોડે છેટે શેઠાણીની બાજુમાં, રતન બારીને અઢીંગીને વાતો કરતી બેઠી હતી.

જગન્નાથની નસોમાં લોહી ઠરી ગયું. પાછો જાઉં કે શું કરું એમ તેને થવા માંડયું. વાતમાં પરોવાયલી રતનનું ધ્યાન હજુ તેની તરફ નહોતું. પણ ગીરજાબાએ પોતાના મણિધરમાં થતો ફેરફાર જોયો, સહેજ ગુંચવાયાં, ને પછી મનમાં હસ્યાં.

જગન્નાથે બીજી અધક્ષણમાં પગ પાછો વળ્યો, પણ જેવો તે જવા ફર્યો તેવી જ પેલીની નજર તેના પર પડી, ને તેનું મોં પણ સફેત પુણી સમું થઇ રહ્યું.

“કેમ કમળા, શું થયું ?” જગન્નાથ ગયો એટલે ઠાવકે મોંએ શેઠાણી પુછવા બેઠાં.

“ના. કૈં નહીં” તેણે સ્વસ્થ થવા મથન આદર્યું. “એ તો–ના, જરાક–એ કોણ હતું ?”

“તું ઓળખે છે તે જ.”

“હું !” મોત આવ્યું હોત તો પણ ન થાત તે લાગણી અનુભવતાં રતન બોલી ઉઠી.

“ના ના, મેં જાણ્યું તારે કૈં આગલી પાછલી ઓળખાણ હશે.”

“હા–ના, ક્યાંક જોયા હોય એવું તો લાગ્યું.”

“મુંબાઇમાં હશે–ઘણા વખત પર ?”

“હા, એમ–એમ જ, ઘણું કરીને.”

“હં ... ...”

પછી તે જવા ઉઠી.

“આવજે” શેઠાણીએ કહ્યું. પણ છેક દાદર પાસે પોતે પહોંચી ત્યારે કમળાના મગજમાં એ શબ્દનો પડઘો પડયો. સહેજ પાછું જોઇ તેણે કહ્યું “હો ... ...”

બેત્રણ મીનીટ થઈ ત્યાં જગન્નાથ પાછો શેઠાણી પાસે આવ્યો.

"કેમ મણિધર, આવીને ચાલ્યો કેમ ગયો હતો ?"

તેણે પુછનારીને મનમાં ને મનમાં એક સખત ગાળ દીધી. પછી–"ના. એક દસ્તાવેજ રહી ગયો હતો; ને—"

"ને શું ?"

"કોઇક તમારી પાસે બેઠેલું હતું એટલે કામ પણ તરતમાં થાય એમ લાગ્યું નહીં."

"એને તું ઓળખતો હોઇશ."

"ના–ખાસ નહીં. જો કે ક્યાંક જોયાં લાગે છે."

"ક્યાં આ ગામમાં જ કે–"

"હા. અહીં જ સારંગપુર બાજુએ મારું જુનું ઘર હતું ત્યાં અમે એક જ પોળમાં રહેતાં."

બેમાંથી કોણે પોતાને છેતરવાનો વધુ મોટો પ્રયાસ કર્યો એ પ્રશ્નનો નિર્ણય કરવાનું નીરાંતના વખત માટે રાખીને ગીરજાશેઠાણીએ કાગળીઆ પોતાની તરફ ખેંચ્યા ને તેની વાતચીત શરુ કરી. પેલાએ પણ હીંચોળે ચડેલા દીલને જેમ તેમ કાબુમાં રાખતાં ઉંચે મને કામ આટોપ્યું ને ત્યાંથી નીકળી પરભાર્યો રતનને ત્યાં પહોંચ્યો.

૮

જે મેડીમાં અનેક સુખકર પ્રસંગો બેફીકરીમાં માણ્યા હતા તેમાં જ આજનો બનાવ બન્યો.

કમળા એક આરામ ખુરશી પર પડી હતી. શું બની ગયું એ તેને સમજાતું નહોતું. શું થશે તેની વીમાસણ થતી ત્યારે તે વધુ ગુંચવાડામાં પડતી.

થોડી વાર થઇ ને જગન્નાથ–તેનો 'મણિધર' ત્યાં આવ્યો. આજે એ ચાર આંખો જુદા જ ભાવથી મળી.

તુરત કમળાએ સ્વાસ્થ્ય મેળવવા માંડ્યું. હવે કૈં ખુલાસો થશે જાણી તેણે આશ્વાસન લીધું. પણ આવનારનો ગભરાટ એ જ રહ્યો.

" તું ત્યાં ક્યાંથી, રતન ? "

" તમે તો એમ માનતા હશો કે તમારે એકને જ તાલેવંત સગાં હશે ? "

" મશ્કરી ન કર. વખત વરતતી નથી ? મારો જીવ જાય છે ને તારે રમત થાય છે. "

" જીવ શા માટે જાય ? તમે તો સહેલગાહે ગયા છો. એ આનંદથી તો આત્મા પ્રફુલ્લે–નવું લોહી આવે. "

જગન્નાથ સહેજ હસ્યો ને રતનની સામેના હીંચકા પર બેસી ગયો.

" રતન, એ મારાં શેઠાણી થાય. હું ઘરબાર છોડીને રઝળતો થયો ત્યારે એમણે જ મને આશરો આપેલો. "

" ક્યાં મહેસાણામાં ? "

" હા. તારાં એ શું થાય ? "

" ફોઇ–દૂરદૂરનાં. "

" એમ ? તેં તો મને કોઈ દહાડો કહેલું જ નહીં. "

" તે આપણે રોજ મળતાં, એ એવાં જીવી પરવારેલાંની વાતો માટે કે ? "

જગન્નથ કૈં બોલ્યો નહીં. કમળા તેની પર આંખ ફેરવી રહી. એ મુખના એકેકેક સ્નાયુમાં ને રેખામાં તે કૈંક શોધતી હોય, જોર કરીને હૃદયમાંથી તાજી થવા મથતી કોઇ જુની સ્મૃતિને ઘડીકમાં વશ થતી હોય, ઘડીકમાં તેની સામે ઝુઝતી હોય–એવા ભાવ એ આંખોમાં ઉઘડવા લાગ્યા.

જગન્નાથે ઉંચું જોયું. " શું છે, રતન ? " તેણે ગભરાયલે અવાજે પુછ્યું. જે કલ્લોલ ને તેજસ્વિતા પોતાના આત્માને અહર્નિશ અજવાળતાં તેને આમ વિપળમાં શોષાઈ જતાં તે જોઇ શકયો નહીં.

કમળા પ્રતિપળ વધારે બદલાતી હતી. આ જોઇ તે હીંચકેથી ઉઠયો ને ઇઝીચેરના હાથ પર તેની બાજુમાં બેસવા ગયો—

" નહીં. અહીં આવતા નહીં, હમણાં નહીં–મારું માનો તો નહીં " કહેતી તે ખુરશીમાં વધુવધુ સંકડાઇને ભરાવા માંડી.

જગન્નાથ વધારે મુંઝાયો. પાછો હીંચકા પર ગયો. તેના પગ પણ ધ્રૂજવા માંડયા હતા. " પણ છે શું ? "

" કહું " કમળા સ્વસ્થ થવા લાગી. " કોણ જાણે કેમ, પણ મને એ આટલા દહાડા સુઝયું જ નહીં. તમને જોઉં જોઉં ને હવે એક–એક જણ યાદ આવે છે. "

" કોણ, કોઇ તારો— "

" તમે ઘેરથી રીસાઇને નીકળેલા એમ એક વાર કહેતા હતા ખરું ? "

" રીસાઇને શાનો ? લઢીને જ. પણ તેનું શું ? "

" જે ભાઇભાભીને તમે છોડી ગયા તેના કૈં સમાચાર પાછળથી મળેલા ? "

" ના. મને દરકાર પણ નહોતી. પણ—

"એ ભાભી મરી ગઇ. ભાઈ બીજી પરણ્યા. દુકાન કાઢી નાંખીને તે વધુ વેપાર માટે આફ્રિકા ગયા. " તે જરા અટકી. શુષ્ક એકાગ્રતાથી તેનો સાંભળનાર તેની તરફ જોઈ રહ્યો.

" એ ગયા ને નવી વહુને મુંબાઇ જેવા ગામમાં એકલી રાખવા કરતાં અમદાવાદ મોકલવાનું તેમને વધારે ઠીક લાગ્યું. તે અહીં આવીને રહી, થોડા દહાડા ગાળ્યા ને–ને " તેને ગાલે શેરડા પડયા

"એક અસાડની સમી સાંજે, પોતે રોજ નીરખતી તે સોહામણા જુવાનને—"

"શું ! ... ... તું–ત–તમે—"

"શાંતિનાથની વહુ."

જગન્નાથને હૃદય બંધ પડી જતું લાગ્યું. જાણે હીંચકાનું પાટીઉં પોતાને ગળી જતું હોય, જાણે હાથે પકડેલી સાંકળને પોતે દાબીને પકડતો જાય તેમ તેમ તે વચ્ચેથી તુટતી હોય, પકડમાંથી સરકી જતી હોય, પીગળતી હોય,–તેવો અનુભવ થયો. મગજમાં અકુદરતી ઝણુણાટી બોલી. તમ્મર આવ્યાં. શબ્દો ને ચીસ બેઉ ગળામાં ખુંટી ગયાં.

કમળા એકદમ ઉઠીને તેની પાસે આવી. તેણે હાથ ન પકડી લીધો હોત તો જગન્નાથ નીચે જમીન પર પછડાઇને ઢગલો થાત. હાથને ટેકો મળ્યો એટલે એ હીંચકા પર જ ઢળી પડયો.

૯

. સંનિપાતનો આજ બીજો દિવસ હતો. ડૉકટર નિરાશાનું ડોકું હલાવી ચુકયો હતો. કમળાએ નછુટકે ગીરજાશેઠાણીને તેડાવ્યાં હતાં.

ખાટલાના ઉસીકા પાસેની ખુરશી પર એ હતાં; પાંગત આગળ શરમ અને શોકની મિશ્ર છાયાઓ મુખે ધારતી કમળા નીચું ઘાલી બેઠી હતી. શેઠાણીને હજુ પુરી હકીકત કોઈએ કહી નહોતી.

" ... ... નહીં નહીં મોટા ભાઇ, તમે જ દુશ્મન, તમે જ દગાબાજ–તમારું જ પાપ. કોણે કહ્યું'તું ? પણ તમને કહ્યું'તું કોણે ? પરણ્યા ? હા. પરણ્યા શું કામ ? ને પરણીને

અહીં શાની? ... ... હેં! શું? શું થયું? હવે જાઓ જાઓ. તમારી–ના, એ તમારી છે જ નહીં. કોણે કહ્યું તમારી? મારી–મારી જ રતન. કમળા? હા હ્ હા ... ... એ કોણ? નવી? બીજી તમારી? મારાં ભાભી ક્યાં? કેટલીક પરણતા ફરો છો? આવ, અહીં આવ એ ર ર ર... ... ... "

વળતે દિવસે મળસ્કે તેનો કકળતો આત્મા છુટયો ને કમળાની કંગાળીઅતનો પાર રહ્યો નહીં. તેને ત્રેવડું દુઃખ દમતું હતું: પોતાના મણિધરનો વિયોગ; શાંતિનાથ આવીને સંભરશે કે નહીં એ ચિંતા; અને પોતાના પાપની બધી વાત ગીરજાબા જાણશે ત્યારે વારસામાંથી તદન બાતલ કરશે એ બીક.

અવતાર

આૅકટેવીઅસ ડી સેવીલ કોઈ ભેદભર્યા રોગથી મરવા પડ્યો હતો. એ રોગનો કોઇને ઉપાય સુઝતો નહોતો, કેમકે રોગી પથારીવશ નહોતો, તેમ તેને કોઇ જાતની પીડા પણ થતી નહોતી. અને છતાં તેના દેહમાંથી ચેતન વહી જતું હતું એ તો સ્પષ્ટ હતું.

પોતાની નહીં સમજાતી બીમારી ટાળવા તેણે આરોગ્યદાયક ઝરાઓનાં પાણીનો ઉપચાર કરી જોયો ને ઇટલીના ઉષ્માવંતા તેજોમય પ્રદેશમાં હવાફેર પણ કરી આવ્યો. પણ એ કશાથી તેની તબીયત ન જ સુધરી એટલે તે પેરીસના સેંટ લાઝારમાં આવેલા પોતાના નાનકડા બ્લોકમાં પાછો આવીને રહ્યો હતો.

કુંવારાના ઘરમાં હોઇ શકે તેટલી બધી સોઇસગવડ તે ઘરમાં હતી, પણ રહીશોનાં મન જેવાં હોય તેવું તેમનું રહેઠાણ પણ બની જાય છે; તેવી રીતે દુઃખી, ગ્લાનિમય આૅકટેવીઅસનો નિવાસ પણ આસ્તે આસ્તે નિસ્તેજ થયો હતો.

સ્ત્રીનો હળવો પગરવ જ્યાં કદી સંભળાયો નહોતો એવા આ ગમખાર ને એકાંત ઘરમાં દહાડા ગાળતાં તેણે પોતાના અણસમજાતા દરદ સામે ઝુઝવાનું છોડી દીધું હતું અને જીંદગીનું

રાજીનામું પરમેશ્વરને આપીને તેના સ્વીકારની રાહ જોયા કરતો.

તેનો મંદવાડ વિચિત્ર હતો. એ વરતાઈ આવતો તે ફક્ત તેની તેજહીણી આંખોમાં જ, જ્યાંથી મનોબળ, આશા, કામના, બધું જ અલોપ થયું હતું. તેના સોહામણા મુખમાં જડાએલાં આવાં ચક્ષુથી સાધારણ રોગીની ફીકાશ કરતાં પણ વધારે ખેદકારક અસર જોનારના મન પર થતી.

તેના આવા અકળિત રોગનું કારણ કોઈ સાધારણ ડૉક્ટર સમજી શકયો નહીં એટલે ઑકટેવીઅસે બેલ્થાઝાર શર્બોનો નામના એક અદ્ભુત ડૉકટરની સલાહ લીધી. તે લાંબો વખત હીંદુસ્થાન રહી આવ્યો હતો અને અજબ રીતો વડે રોગ સારા કરેલા હોવાની નામના તેણે મેળવી હતી.

તે આવ્યો ત્યારે ઑકટેવીઅસ દીવાન પર લંબાઇને પડ્યો હતો. ઓરડામાં તે દાખલ થયો એટલે દરદી તેનું વિલક્ષણ સ્વરૂપ નીહાળી રહ્યો. તેની ઘેરાવદાર ખોપરી સુક્કા કોપરા જેવા મોંને જાણે ગળી જતી હતી. ચહેરો કરચલીથી છવાઈ રહ્યો હતો અને આંખ નીચેનાં હાડકાં આગળ તરી આવતાં હતાં. પણ તેનું ખરું આકર્ષણ તેની ભુરછટ આંખોમાં હતું. તે નિર્મળ, તાજગીદાર ને યૌવનભરી હતી. બ્રાહ્મણો અને પંડિતો પાસે શીખેલા મંત્રોને પ્રતાપે તેણે કોઈ બાળકની આંખો લઇને પોતાના મડા જેવા મુખમાં જાણે બેસાડી દીધી હોય નહીં!

બંને જણની દૃષ્ટિ પરથી પરીક્ષા કરીએ તો આ બુઢ્ઢો વીસ વરસનો જુવાન ને પેલો સાઠ વરસનો ડોસો લાગતો.

એક જ નજરમાં બધું પારખી લઇને નવા ડૉકટરે કહ્યું "હાથ લાવો જોઇએ."

નાડ બતાવતો હોય તેમ દર્દીએ હાથ આપ્યો, પણ પેલાએ નાડ તપાસવાને બદલે પોતાના હાથમાં તે હાથ લીધો અને

તેને ખુબ જોરથી મસળવા લાગ્યો. ઑાકટેવીઅસને થયું કે ડૅાક્ટર હાથ દાબતાંદાબતાં જાણે તેનો આત્મા બહાર ખેંચી લેતો હતો. તેના મોં પરથી લોહી ઉડી ગયું.

"મી. ઓાકટેવીઅસ!" બેલ્થાઝારે હાથ મુકી દેતાં કહ્યુંઃ "તમારો જીવ પળેપળે દેહથી છુટો પડતો જાય છે. પણ મને તેડાવ્યો એ ઠીક કર્યું. આપણે તેને ગાંઠ વાળીને બાંધી લઈશું." અને તે પોતાના બે હાથ ઘસતો લહેરથી હસ્યો એટલે રેખાઓનાં વમળ તેના આખા મોં પર અંકાઈ રહ્યાં.

"તમે મને સાજો કરી શકો કે નહીં, પણ મને થાય છે તો તમે કહે છો તેવું જ. ચાળણીમાંથી પાણી ચાલ્યું જાય તેમ મારા રુંવેરુંવામાંથી ચેતનને ચાલ્યું જતું હું અનુભવું છું."

ડૅાક્ટર બોલ્યોઃ "તમને જીવવું ભારે થઇ પડયું છે એ તો દેખાઇ આવે છે. ને હું ધારું છું કે તમારો રોગ માનસિક છે. મનની શક્તિ અજબ છે. પ્રુસીકના તેજાબ કે વીજળીના પ્રવાહની જેમ તે પણ પ્રાણઘાતક નીવડી શકે છે. ... ... પણ તમને થયું છે શું? દુઃખ શું છે? કોઈ મહત્વાકાંક્ષા સિદ્ધ કરવા જતાં તમે પાછા પડયા છો? આ ગંભીરાઇ નીચે કઇ કડવીઝેર નિરાશા છુપાઇ છે? સત્તાનો કાતીલ શોખ તો નહોતો લાગ્યો?–કે પછી કોઇ રમણી હાથતાળી આપીને અદ્દશ્ય થઇ હશે?"

છેલ્લા પ્રશ્ન સાથે જ રોગીના મોં પર શરમના શેરડા પડયા. ડૅાકટર તરત કળી ગયો. છતાં પેલાએ કયાં સુધી તો માન્યું નહીં. પણ પક્કો બેલ્થાઝાર સહેલમાં સમજે તેમ નહોતો. તેણે તેને પટાવીને કળે કળે વાત કઢાવવા માંડી. અંતે ઑાકટેવીઅસ કહેઃ "પણ ડૅાક્ટર, મારી વાત તમને કહેવાથી મને શી શાંતિ વળવાની? ને વળી તે છેક સાદી ને સામાન્ય છે."

"તેની ફીકર નહીં. મને હવે એવી વાતોમાં જ રસ પડે છે."

"ત્યારે સાંભળો, ડૉક્ટર! હું મરણકાંઠે આવ્યો છું, તે પ્રેમના આજારથી પીડાવાને લીધે."

અને તેણે પોતાની કહાણી કહેવા માંડી.

૨

"સને ૧૮૪–ના ઉનાળા આખરે હું ફ્લોરંસમાં હતો. તે વખતે 'સીઝન' પુર બહારમાં હોય છે અને એ ભોગવવા હું ગએલો. મારી પાસે પૈસા, ફુરસદ, સારાં માણસની ઓળખાણ-પીછાન, બધું હતું; ને હું નવજુવાન હતો. એટલે તેવા પુરુષને તો અત્યંત મોહક લાગતી ફ્લોરંસની લહેરી જીંદગી મેં જીવવા માંડી.

ફ્લોરંસનું 'કેસીન' ત્રણથી પાંચ લગણ ખુશહાલીનું બજાર બની રહે છે. ત્યાં ખુલ્લા મેદાનમાં, સુંદર વૃક્ષઘટામાં, નિર્મળ મનોરમ આકાશ નીચે, માલેતુજારોની દમામદાર ગાડીઓ આવીને અર્ધગોળાકારે ગોઠવાય છે. સોળે શણગાર સજેલી યુવતીઓ તેમાં પોચા તકીઆને અઢેલીને બેઠી હોય છે અને ગાડીનાં પગથીઆં પર પગ ટેકવીને ઉઘાડે માથે પોતાના પ્રેમીઓ કે ગામના છેલછબીલાઓ જોડે પ્યારની ગુફતેગો કરી રહી હોય છે.

કોઇ પણ જાતની જરાતરા લાયકાતવાળો દરેક માણસ કેસીનની મુલાકાત લે છે તેમ હું પણ લેતો.

મહીના દહાડા સુધી તો મેં આમ સ્વર્ગ સમું સુખ ભોગવ્યું પણ પછી એક દિવસ કેસીનમાં શાહી ઠાઠમાઠવાળી એક ગાડી આવી અને પેલા અર્ધગોળમાં ગોઠવાઈ. તે વખતે અંદર બેસનારનું મોં સફેદ રેશમની ઝાલરવાળી છત્રી પાછળ ઢંકાએલું

હતું. જેવી ગાડી ઉભી કે છત્રી બંધ થઇ અને અલૌકિક લાવણ્યવતી સુંદરી અમારી દૃષ્ટિએ પડી.

હું ઘોડા પર હતો એટલે પાસે જઈને તે પરીચહેરનાં દર્શન નયન ભરીને કરી શકયો. તેણે રુપેરી સમુદ્રજળના રંગનાં વસ્ત્ર સજ્યાં હતાં ને શ્વેત ચીનાઈ શાલ તેની પર ઓઢી હતી. જળની લહરી સમાં તેનાં સોનેરી કેશનાં લલાટે રમતાં ઝુલ્ફાં અજવાળામાં પ્રકાશની લહરીઓ જેવાં, હિમવાન-ના ઉષઃકાલીન અસ્પૃષ્ટ બરફ કરતાંએ ધવલ લાગતાં. સાગરનાં ઠરી ગએલાં પાણી પર કોઇક વાર રવિકિરણો અદ્‌ભુત રીતે પ્રકાશીને જે ભુરાશ પડતો લીલો રંગ પ્રગટ કરે છે તેવાં તેનાં નેત્રો લાંબાં નાજુક પોપચાં નીચેથી ચળકતાં. જાણે દૈવી કળાથી રચાએલું તેના હોઠોનું નાનકડું સંપુટ વીનસની છીપ જેવો મોહક ગુલાબી રંગ ધરતું, અને બુલબુલના દીલની વાતો લજ્જામણે વદને સુણતા કે પતંગીઆની નાની શી ચુમી ઝીલતા શ્વેત ગુલાબ સમા તેના કપોલ હતા.

એ સુરતને કોઇ માનવીની પીંછી તો આલેખી જ ન શકે. તે એટલી સુંદર ને પ્રફુલ્લ ને પારદર્શક હતી, કે તેમાં પાર્થિવ તત્ત્વ તો જાણે હતુંજ નહીં–તેનો રંગવૈભવ આપણી રગોના પામર રુધિરથી પર એવી કોઇ વિભૂતિના પ્રભાવથી ભરેલ હતો.

સ્વપ્નસૃષ્ટિના કોઇ પાત્ર જેવી, મોહનાં અંજન આંજતી એ રમણીને લઇને ગાડી તો ઘડીક રહીને ચાલી ગઇ.

એ ગયા પછી ત્યાં તપાસ કરવાથી મને જણાયું કે યુવતી લીથ્વાનીઆના ખાનદાન ને તવંગર કુળની અમીરજાદી હતી. તેનું નામ પ્રેસ્કોવીઆ લેબીન્સ્કી હતું. તેનો વર બે વરસથી કૉકેસસના પ્રદેશોમાં લઢાઇ પર ગયો હતો.

મેં અનેક તદબીરો કરીને તથા લાગવગ ચલાવીને તેની ઓળખાણ કરી.

અમારો પરિચય વધ્યો તેમ તેમ સૌંદર્યની ભભક કરતાં પણ તેના સંસ્કારી ને ભાવનાશાળી વિચારોથી હું વધુ આકર્ષાયો. તે ઉત્સાહભર વાતો કરતી ત્યારે તેનો આત્મા જ જાણે પ્રકાશીને જોનારને દૃષ્ટિગોચર થતો. તે પળે સુરલોકની જે જાજ્વલ્યમાન દ્યુતિનાં વર્ણન ડાન્ટેએ કર્યાં છે તેવી દ્યુતિની અપરૂપ ઝલક તેના વદન પરથી સ્ફુરતી અને હું તે ન્યાળતાં આનંદસમાધિમાં ગરક થઇને અવાક્ બની જતો.

મેં હજુ મારા પ્રેમની વાત તેને કહી નહોતી. તેની પાસે હું જતો કે મારી વિચારશક્તિ લુપ્ત થતી અને હીંમત ખુટી જતી. કેટલીએ વાર મેં બોલવાનું કર્યું; પણ વ્યર્થ. ગભરાટથી હું ગુંગળાઇ જતો; આખે શરીરે પરસેવો છુટતો; મોં ઘડીકમાં લાલચોળ તો ઘડીકમાં ફીકુંફચ બની જતું ને જેમ તેમ કરતો બારણું ખોલીને હું મકાન છોડી જતો.

પ્રેસ્કોવીઆ લેબીન્સ્કી એ બે શબ્દો જાણે સ્નેહનું સ્તોત્ર હોય તેમ કોઈ વાર ફરીફરીને, ભજનથી મદમસ્ત બનેલા ભક્તની જેમ હું તે ઉચ્ચારતો, તો કોઈ વાર તેનું મધુરું નામ કીમતી ને ચળકતા કાગળો પર ભાતભાતના મરોડવાળા અક્ષરે લખ્યા કરતો.

આખરે એક દિવસ એકાંતમાં તક સાધીને હું મારી પ્રેમવાર્તા તેને કહેવા જતો હતો ત્યાં તે મારી દશા પામી ગઇ. તેણે મને કૈં પણ કહેતો રોક્યો. મારો ગમે તેવો સાચો પ્રેમ છતાં કાઉંટ માટેની પોતાની અતુલ ભક્તિને લીધે તેનો પ્રત્યુત્તર અશક્ય છે એમ જણાવીને મારી દયા ખાધી, દીલાસો દીધો, અને તેને મળવાથી જો મને શાંતિ થતી હોય તો ખુશીથી પોતાને ત્યાં વારંવાર આવવા સૂચવ્યું.

ત્યાર પછી મેં તેને દીઠી જ નથી. હાલ તે પારીસમાં

છે અને કોઈ પણ ગુરુવારે મળી જવાનું કાર્ડ તેણે મને મોકલ્યું છે.”

૩

શાંઝ—એલીસીમાંથી એવેન્યુ ગેબ્રીઅલના એકાંત ને નીરવ માર્ગ પરના લીલોતરીથી ભરચ્છક અને મોટાં રંગબેરંગી સુવાસિક ફુલોના રોપથી મહેકતા બાગમાંનો રોનકદાર ભવ્ય મહેલ હમેશાં આવતાજતાનું ધ્યાન ખેંચતો.

ઉષાની ઝાંખી થતાં વાર ફરવા નીકળી પડનારો કોઇ કવિ એ રસ્તે આવી ચઢ્યો હોત તો તે બુલબુલના રજની-ગીતની છેલવેલ્ડી સુરીલી હલક સાંભળત કે ઘાસ પર આમતેમ ખુશાલ કુદતાં પંખીઓને નીરખી રહત. એ જ કવિ જો ત્યાં મોડી સાંજે નીકળ્યો હોત તો નિદ્રાવશ નગરની ગંભીર શાન્તિને ભેદતા ગાડીઘોડાના છેલ્લા અવાજો પછી પણ એ બાગમાં એક સ્થળે સોહામણા તરુણના હાથ પર ટેકતી શ્વેત છાયાને તેણે જોઇ હોત અને નીસાસા નાંખતો તે પોતાના એકલડોકલ કાતરીઆમાં જઇને સુઇ રહ્યો હોત.

વાંચનારને સમજાયું જ હશે કે એ મહેલમાં કેટલાક વખતથી કાઉંટેસ પ્રેસ્કોવીઆ લેબીન્સ્કી અને હવે લઢાઇમાંથી પાછો ફરેલો કાઉંટ ઓલફ લેબીન્સ્કી રહેતાં હતાં. કાઉંટ બહાદુર ને બુદ્ધિશાળી પુરુષ હતો; અને પ્રેસ્કોવીઆને બેહદ પ્યારથી ચહાતો. તે પણ તેની પર વારી જતી. કમળપત્ર પર દડતાં ઓસનાં બે બિંદુઓ એકેકને અડકે, મળે ને પરસ્પર ભળીને એક જ મોતી બની જાય તેવા એ બે આત્માઓ હતા.

એમના પ્રેમનું વર્ણન હું શી રીતે કરું? કરવા જાઉં તો આ કલમની શાહીનું ટીપેટીપું પ્રકાશનું બિંદુ બની જાય ને એકેએક શબ્દ સુગંધીના કણની જેમ જ્વાલારૂપ અને સુવાસ-રૂપ થયા વિના ન રહે ... ... અને એવા તેમના સ્વર્ગ સુખમાં

ઉણપ ન આવે માટે પરમેશ્વરે તેમને અઢળક દોલતથી પણ નવાજ્યાં હતાં.

ઓલફ જેવા હરીફ સામે ઑક્ટેવીઅસ ડી સેવીલને કેટલી આશા હોય તે હવે સમજાશે. તેણે તો આ તરંગી ડૉક્ટરની મીઠી મીઠી વાતો છતાં ઝુરી મરવાનું જ રહ્યું.

૪

ઑક્ટેવીઅસની વાત સાંભળી રહ્યા પછી બેલ્થાઝાર બોલ્યો: "તમારે સહેજે આશા રાખવી એ ગાંડાઈ છે. કાઉંટેસ લેબન્સ્કી તમને સહેજે ચહાવાની નથી."

"તેથી જ તો હું કહું છું કે આ ઘસાઈ જતી જીંદગીને લંબાવવાનો યત્ન હવે ન કરવો."

"હું તો એમ કહેતો હતો કે સાધારણ ઉપાયો સફળ થવાની આશા નથી." ડૉક્ટરે આગળ ચલાવ્યું. "પણ આપણી આજકાલની વિદ્યાઓને અજાણ્યા એવા જીવન-મરણના અસંખ્ય ભેદો હીંદુસ્થાનનાં મંદિરોનાં ગેબી ઉંડાણમાં પરંપરાથી સચવાતા આવ્યા છે. ત્યાંના યોગીઓને એવી અદ્દ્ભુત શક્તિઓ લાધી છે, જેને પ્રતાપે તેઓ આત્માને મરજી મુજબ દોરવી શકે છે. તેમનામાંના એક બ્રહ્મર્ષિ જે ધારાપુરીની ગુફામાં વસતા હતા, તેમને ચરણે બેસીને હું પણ એ ભેદો થોડાઘણા શીખી શક્યો છું. મને આપણા પાશ્ચાત્ય જડવાદી વિજ્ઞાનથી કંટાળો આવ્યો. અહીંનાં હીપ્નોટીઝમ ને મેસ્મેરીઝમ પણ અધુરાં લાગ્યાં, એટલે હું હીંદ ગયો. ત્યાં તીર્થો અને મંદિરોમાં મૃગચર્મ પર ધ્યાન ધરી રહેલા અવધૂતોને વરસો સુધી સેવ્યા ને છેવટે ત્રીંકોમાલીમાં આ બ્રહ્મર્ષિ વિશે ખબર પડતાં તેમની પાસે ગયો. હું પહોંચ્યો ત્યારે તેઓ સમાધિમાં હતા. પછી જાગ્યા. જરાક જ

વારે વીજળી જેવી ઝડપથી ભુરાશ પડતો તણખો મારી આંખ પાસે થઇને તપસ્વીના અધખોલ્યા હોઠ પર તર્યો ને તરત ઉડી ગયો. તે આત્મા હતો એમ તેમણે પાછળથી મને કહ્યું. પણ તેઓ પોતે તો સમાધિ છુટ્યા પછી થોડી જ વારે રામશરણ થયા. તે જતાં જતાં મારા કાનમાં ભેદી મંત્ર ફુંકતા ગયા. હું તે મંત્રના પ્રભાવથી એક શરીરમાંનો આત્મા બીજામાં મુકી શકું છું ... ... અને હવે મારે એ જ કહેવાનું છે કે કાઉંટેસ ભાગ્યે જ કળી શકે તેવી સફાઇથી હું તેના પતિના શરીરમાં આપનો આત્મા ને આપના શરીરમાં તેનો આત્મા એમ અદલબદલ કરી શકીશ. એટલે વગરસંકોચે આપની મુરાદ બર આવશે ને રોગ ટળી જશે."

૫

હીંદથી પારીસ આવ્યા પછી ડૉ. બેલ્થાઝારની નામના એકદમ વધી ગઇ હતી. સૌ તેને મુરદાં જીવતાં કરનાર ને નવજીવનનો દાતા કહેતાં, કેમકે તેવા પ્રયોગો તેણે કરી બતાવ્યા હતા, ને પોતાની વિદ્યાનાં ચમત્કારી પરિણામથી તે સૌને મુગ્ધ કરતો.

તેના અજબ ઇલમની વાહવાહ સાંભળીને કૌતુકથી કાઉંટ ઓલફ લેબીન્સ્કી પણ એક દહાડો તેને ત્યાં આવ્યો. ડૉકટરે કાઉંટને જોયો કે તુરત તેની ભુરી તેજસ્વી આંખોમાંથી પળવાર જાણે તણખા ખર્યા હોય તેવું થયું. પણ એકદમ તેણે પ્રયત્નપૂર્વક આંખોને ઝાંખી કરીને, હતી તેવી જ બનાવી મુકી. થોડી સામાન્ય વાતચીત પછી શર્બોનોએ પોતાની હુશીઆરી બતાવવા માંડી:

"તમે મારા ચમત્કારો વિશે સાંભળ્યું તો હશે. મારા

મનોબળના વીજળી સમા સામર્થ્યથી હું પ્રાણ પ્રગટાવી કે નષ્ટ કરી શકું છું. અત્યાર પહેલા મેં કેટલાક કરામતી નુસખા અજમાવ્યા પણ છે, જેનું પરિણામ તમે જાતે જ જોઈ શકશો" આમ કહીને તે ઓરડાને છેડે એક ટેબલ પર સ્ફટિક જેવા સ્વચ્છ પાણીથી ભરેલું પ્યાલું હતું ત્યાં તેને લઇ ગયો ને કહ્યું:

"આમાં જેને નિહાળવાનો તમારો વિચાર હોય તેનું એકાગ્ર ચિત્તે ધ્યાન ધરો. આ લોકમાંથી, કે પરલોકમાંથી, જ્યાં હશે ત્યાંથી, એ તમને દેખાશે.

કાઉંટે તેના કહેવા પ્રમાણે પ્યાલામાં જેવી મીટ માંડી કે પ્યાલાનો રંગ બદલાઇ ગયો, તેની કીનારી પર ધનુષ્યના રંગો છવાયા, ક્ષણભર ધુમ્મસ જેવી સફેદી તેમાં તરવરી ને તુરતજ તળીએ પ્રેસ્કોવીઆ લેબીન્સ્કીની પરમ સુંદર આકૃતિ, કાઉંટની આવેશમય પ્રેમસમાધિને વશ થઈને ત્યાં ખડી થઇ.

"હવે કંઈક વધારે તાજુબી જોઇએ" કહીને ડૉકટરે કાઉંટનો હાથ લીધો અને મંત્રેલા પાણીવાળા એક પાત્રમાંના લોખંડના સળીઆ પર તે મુકયો. અને–તે વીજળીક સળીઆના ઝટકાથી જાણે વજ્રથી ઘાયલ થયો હોય તેવી રીતે કાઉંટ લેબીન્સ્કી ઢગલો થઇને નીચે પડયો. બેલ્થાઝારે પીછું હોય તેમ તેને ઉંચકીને ટેબલ પર સુવાડયો, ઘંટડી બજાવી, ને હાજર થએલા નોકરને ફરમાવ્યું: "જા, મી. ઓકટેવીઅસ ડી સેવીલને તેડી આવ."

૬

થોડીવારે ઓકટેવીઅસ ત્યાં આવીને ઉભો. કાઉંટને મુએલો જાણીને પહેલાં તો એ હબકી ગયો, પણ પછી તેને ધીમે ધીમે શ્વાસ લેતો જોયો એટલે તેને કંઈક નીરાંત વળી.

"ચાલો સાહેબ" ડૉક્ટરે તેની દશાથી રમુજ પામતાં કહ્યું "આ આરામખુરશીમાં મારી સામે બેસો ને વિશ્વાસથી મારી સત્તાને શરણે થજો. આંખ બરાબર મારી આંખ સામે રાખો, ને હાથ મારા હાથમાં. એમ ... ... અસર થવા માંડી. તે શુદ્ધિ ખુએ છે. આંખો બંધ કરે છે મગજના તંતુઓ ઢીલા પડે છે. આત્માને શરીર સાથે જોડતા બંધો છુટવા માંડયા છે."

આટલું બોલતાં પણ તે પોતાના લંબાવેલા હાથ ઉંચા-નીચા કર્યે જતો હતો. હવે તે હાથોમાંથી તેજનાં ટપકાં ખયા અને રોગીના હૃદય કે કપાળ ઉપર અથડાવા લાગ્યાં અને તેના માથાની આસપાસ તેજ:પ્રભાનો પરિવેશ પ્રગટવા લાગ્યો.

"બસ મજાનું" ખુશ થતો ડૉ. શર્બોનો બોલ્યો.

પછી નિશ્ચેષ્ટ પડેલા કાઉંટ લેબીન્સ્કી પાસે તે ગયો ને વારાફરતી તેની ને ઓકટેવીઅસની પાસે ઉભા રહીને મંત્રો ભણવા લાગ્યો ... ...

હવે ત્યાં અદ્ભુત ફેરફારો થયા. તે બંને જણ એકીસાથે મરણની યાતના ભોગવતા દેખાયા. મોં વિવર્ણ થયાં ને હોઠે ફીણ આવી ગયાં. પછી બે ચમકતાં તેજનાં બિંદુઓ દરેકના માથા પર અસ્થિરપણે તરતાં જણાયાં. તેમને દિશા દાખવતો હોય તેમ ડૉકટરે સત્તાવાહી અદાથી પોતાનો હાથ હલાવ્યો એટલે હરેક બિંદુ પ્રકાશરેખા દોરતું પોતપોતાના નવીન નિવાસમાં ઉતરવા આગળ વધ્યું: ઓકટેવીઅસનો આત્મા કાઉંટ લેબીન્સ્કીના શરીરમાં પ્રવેશ્યો અને કાઉંટ ઓલફનો આત્મા ઓકટેવીઅસના શરીરમાં જઇને રહ્યો. અવતારલીલા આમ પુરી થઇ.

થોડી વારે બંનેનાં મોં પર પાછી લાલી આવી, એટલે બાલ્થાઝારની આંખો આનંદથી નાચી રહી. તેણે ઓકટેવીઅ-સ–લેબીન્સ્કીને (એટલે ઓકટેવીઅસના આત્માથી વસાએલા કાઉંટના દેહને) જગાડયો. જાગનાર ફેરફાર જોઈને ઝીણી ચીસ પાડી ઉઠયો પણ જરા રહીને શાંત થયો.

"મેં જાતે આ હેરફેર ન કરી હોત" ડૉકટર બોલ્યો. "તો જાણે કૈં બન્યું જ નથી એમ હું માનત. તમે આબાદ કાઉંટ જેવા જ લાગો છો" અને પછી તેણે વહેલાવહેલા પ્રેસ્કાવીઆને મહેલે જવા આ વેશધારી કાઉંટને સૂચવ્યું.

તે પણ તુરત બહાર નીકળ્યો, કાઉંટવાળી જ ગાડીમાં બેઠો અને તેને મહેલે જઈ પહોંચ્યો. અંદર જતાં પહેલાં તો એ જરા ખંચાયો કેમકે એ વિશાળ મહાલયમાં અજાણ્યાને ઝટ લઇને રસ્તો જડે તેમ ન્હોતું. અટકળે તે સીડી ચઢીને મુખ્ય ખંડમાં ગયો. એક દાસી હાજર થઈ, તેને તેણે પુછ્યું: "કેમ, બાઇસાહેબ આવે છે કે?"

"બાઇસાહેબ કપડાં બદલે છે. અબઘડી આપની સેવામાં પધારશે."

૭

ડૉ. શર્બોનોએ થોડો વખત રહીને ઓલફ્ડી સેવીલને એટલે ઓકટેવીઅસના શરીરમાં વસતા લેબીન્સ્કીના આત્મા-વાળા માણસને જગાડયો. તે જાગ્યો તેવું જ ચોપાસ બધું નાચાનાચ કરી રહ્યું હોય એમ તેને લાગ્યું. ઘડીક રહીને એ સ્વસ્થ થયો, બહાર ગયો, ને ઑકટેવીઅસવાળી ગાડી આવી તેમાં બેઠો. ગાડી અજાણી હતી; ગાડીવાનોએ લેબીન્સ્કી-

નો લેબાસ પહેર્યો ન હતો; તેમનો અવાજ રોજ કરતાં જુદો પડી આવતો હતો. આ બધું બેસનારે ઝાંખુંઝાંખું પારખ્યું પણ તેને બરાબર તો કૈં જ સમજાયું નહીં. ગાડી આવી ને ઓકટેવીઅસના ઘર પાસે ઉભી. બેસનારને રસ્તો ને ઘર અજાણ્યાં લાગ્યાં, એટલે ગાડીવાળાને તેણે બેચાર ગાળો દઇને તે લેબીન્સ્કીના મહેલે લેવાનું ફરમાવ્યું.

ત્યાં એ પહોંચી ત્યારે દરવાનોએ કહ્યું કે કાઉંટસાહેબ તો ક્યારના ઘરમાં આવી ગયા. ને આટલી મોડી રાતે પરોણાઓ સત્કારાતા નથી.

આ સાંભળીને ઓલફ ડી સેવીલનો પીત્તો ઉછળ્યો. પોતાના જ ઘરમાં પેસવાની મનાઇ તે કેમ સાંખી રહે ? તેણે દરવાનો જોડે ખુબ ટંટો કર્યો, પણ તેમણે તેને ગાંડો ગણીને હસી કાઢયો. ઘોંઘાટ પરથી થોડી વારે ઓકટેવીઅસ–લેબીન્સ્કી મહેલના પગથીઆ પર આવ્યો અને ધીમેથી ને કારમી ટાઢાશથી "દિવસના ભાગમાં બારથી બે વચ્ચે તથા ગુરુવારોએ" પરોણાને આવવાનો દિવસ હોવાનું કહીને તે ઢોંગી કાઉંટ અંદર ચાલ્યો ગયો. ઓલફ ડી સેવીલ આ સાંભળીને બેભાન થઇ ગયો.

તેને ભાન આવ્યું ત્યારે તે કોઇકના ઘરમાં કોઇના બીછાનામાં પડયો હતો.

નોકર આવ્યો તેને બત્તી સળગાવવાનું કહીને તેણે રજા આપી અને આયનામાં મોં જોયું. તે એક યુવાનનું સૌમ્ય, ખિન્ન, ફીકકું મોઢું હતું, પણ તેનું પોતાનું ન હતું. હાથ પરની વીંટી પર તેની નજર ગઇ ત્યાં પણ તેણે મહોરછાપ પોતાની જોઇ નહી. ખીસાં તપાસ્યાં તો તેમાંથી ઓકટેવીઅસ ડીનસેવીલ નામે આસમીનાં કાર્ડ નીકળ્યાં ... ... હવે શું કરવું ? તેને

કોઇ કાઉંટ લેબીન્સ્કી તરીકે સ્વીકારે તેમ નહોતું. પોતાના ખરા સ્વરૂપની ખાતરી શી રીતે આપવી? ... એક રસ્તો હતો. કેટલીક વાતો અને વિશ્વાસો જે પ્રેસ્કોવીઆને જ પોતે કહ્યાં હોય તે તેને મળાય તો યાદ આપીને ... ...

આ વિચાર તેને આવ્યો ન આવ્યો ત્યાં એક ભયંકર કલ્પના, જાણે સાપનો ડંખ હોય તેમ તેના મગજને ડસી ... ... હમણાં મારા મહેલનો માલેક થઇ બેઠો છે એ ડોળઘાલુ કાઉંટ લેબીન્સ્કીને એ પિશાચ, એ દૈત, એ જમદૂતને, પોતાનો ખરો પતિ માનીને મારી પ્રેસ્કોવીઆ અત્યારે આજ ઘડીએ તેની પર મીઠું હસી રહેશે; તે પાપીઆને ખભે માથું મુકીને ... ... ઓ! એ કેમ ખમાય ? હું શું કરૂં ? મહેલને આગ લગાડી આવું ? ને ચેતાવું મારી પ્રિયતમાને કે તું જેને આલિંગે છે તે તો ... અરે રે ! એ નિર્દોષતામાં કેવો નીચ અપરાધ કરી બેસશે ? ... ...

તેને તમ્મર આવ્યાં. ... ...

એ જાગ્યો ત્યારે સવાર થઇ ગયું હતું. અને નોકર જોન છાપાં અને ટપાલ ટેબલ પર મુકી ગયો હતો.

૮

થોડી વાર પછી જોને આવીને આલ્ફ્રેડ હમ્બર્ટ નામનો દોસ્ત આવ્યાની ખબર આપી. જોનની પાછળ તુરત એ આવનાર દાખલ થયો. તે ઓકટેવીઅસનો જુનો ને જાની મિત્ર લાગ્યો. ઓલફ ડી સેવીલને તેની રીત ભાત ને વાતો પરથી લાગ્યું કે તે પોતાને ઓકટેવીઅસ જ માનતો હતો. થોડા આમતેમ ગપાટા હાંકીને એ ગયો. પછી રુપેરી વાળવાળી અને ઓરડા-માંની એક છબીને બરાબર મળતી આવતી એવી ડોસી ત્યાં આવી.

“ દીકરા ઑક્ટેવીઅસ, કેમ છે આજે તને? સંભાળતો રહેજે. હમણાં હમણાં તો તું બહુ નખાતો જાય છે ... ” વગેરે કહીને એ ગઈ. કાઉંટને હવે લેશમાત્ર સંદેહ રહ્યો નહીં કે સારી દુનીઆ તેને ઑક્ટેવીઅસ ડી સેવીલ માનતી હતી.

એ માણસ વિશે વધુ માહીતી મેળવવા તેણે મેજ ને તેનાં ખાનાં ખોલવા માંડયાં.

મેજમાં એક પૅકેટબુક હતી ને તેમાં એક કાગળ પર દીલના રંગ નીચોવીને ચીતરી હોય તેવી પેન્સીલથી આલેખેલી કાઉંટેસ પ્રેસ્કોવીઆ લેબીન્સ્કીની છબી હતી. આ શોધથી કાઉંટ આભો બની ગયો. પોતાની વહાલી પત્નીની પવિત્રતા પર તેને પહેલી જ વાર શક આવ્યો. “શી ક્રૂરતા વિધિની ?” તેણે વિચાર્યું. “ હું જે ખરો ધણી, તે પ્રેમીના કલેવરમા આવીને પડયો છું ને એ - ?”

વધુ ખોળાખોળ કરતાં કેટલાક કાગળ જડયા. તેમાં લખ્યું હતું: “ તેણી મને કદી-કદી ચહાવાની નથી. ડાન્ટેના નરકદ્વારમાં દાખલ થનારે વાંચવાના કારમા શબ્દો મારે પણ સ્વીકારવાના: ‘ સઘળી આશા છોડજો ’ ... હું કેવો અભાગી ! સ્વર્ગનું બારણું મારી સામે બંધ છે. એકલો હોઉં ત્યારે અનાયાસે રડી દેવાય છે—જાણે મારાં નેત્રો ખળખળ વહેતાં ઝરણુ હોય તેમ તેમાંથી પાણી વહ્યાં જાય છે ... ... ઘણી વાર રાતની રાત તેનો જ વિચાર કરતો હું પડ્યો રહું છું. ને ઉંઘ આવે ત્યારે સ્વપ્નાં પણ તેનાં જ ! ... નસીબ શી ચીજ છે ? મારે જવું'તું ઇસ્તંબુલ ને હું ફ્લોરંસમાં રહ્યો. ત્યાં રહ્યો એટલે એ દષ્ટે ચઢી અને હવે હું મરવા પડયો છું. મેં આપઘાત કર્યો હોત પણ જે હવાના શ્વાસ તે ભરે છે તેનો અણુ પણ મને

મળે તેને હું અહોભાગ્ય માનું છું. હુંએ વળી એવી સ્ત્રી સાથે પ્રેમમાં શીદ પડયો જે મારા પ્રેમનો પ્રત્યુત્તર દેતી નથી? બીજી કેટલીએ મને બોલાવ્યો છે, પણ મેં એ બધાની સામુંએ જોયું નથી ... ... અરે તેનો વર કેટલો સુખી! કયાં પુણ્યે કરીને તે આવી સુરાંગના સમી પત્ની પામ્યો હશે?"

વધારે વાંચવાની જરુર રહી નહીં. તે ઉઠયો, નાસ્તો ખાધો અને ગાડી જોડાવીને બેલ્થાઝારને ત્યાં ગયો. તેણે મી. 'ઓક-ટેવીઅસ' તરીકે તેને સંબોધ્યો, પણ 'આ બધા તારી મેલી વિદ્યાનાં કામણટુમણ છે.' એમ કાઉંટે કહેવા માડયું કે તરત તે હસી પડયો. 'તમને ચિત્તભ્રમ થયો છે, સાહેબ!' નફટાઈ-થી તે ડોસાએ કહ્યું. ઓલક્ ડી સેવીલને આ સાંભળતાં ઝાળ ચઢી. તેણે ડૉકટર અને તેની ઓલાદ પર શાપો વરસા-વવા માંડયા. એકદમ શર્મોનોએ એક વીજળીક સળીઓ તેના હાથને અડકાડયો; અને ઝટકો લાગ્યો હોય તેમ મુંગોમંતર થઈને કાઉંટ ત્યાંથી ચાલ્યો ગયો.

તે ઘેર આવ્યો. પહેલાં તો કયાં સુધી તેને કૈં સુઝયું નહીં. પછી થોડી વારે, જે આમંત્રણનું કાર્ડ વાર્તાની શરુઆત-માં ઓકટેવીઅસે બેલ્થાઝારને બતાવેલું તે એક ટીપાઇ પર પડેલું તેણે જોયું અને તેને પ્રેરણા થઇ આવીઃ "હા, એ ખરું" તે બબડયો "આ તાવીજને પ્રતાપે હું પ્રેસ્કોવીઆને મળી શકીશ."

૯

ખરા કાઉંટ લેબીન્સ્કીને બેભાન હાલતમાં ગાડીમાં નાંખીને લેબીન્સ્કી મહેલમાંથી લઇ જવામાં આવ્યો એટલે ઓકટેવીઅસ-લેબીન્સ્કી પાછો મહેલમાં ગયો અને દાસીની સાથે પ્રેસ્કોવીઆના ખંડમાં ગયો.

"આખરે તું આવ્યો ખરો, ઓલફ? કેટલો મોડો?" અને તેણે પોતાનો કુસુમથીએ કોમળ હાથ લંબાવ્યો. ઓકટેવીઅસ–લેબીન્સ્કીએ તેની પર અતિ વહાલથી ધગધગતું ચુંબન કર્યું; પણ જેવું તેણે કર્યું કે તુરતજ જાણે કાઉંટેસના હૃદયને કોઇ દૈવી આગાહી થઇ હોય તેમ તે ચમકી અને આસ્તે રહીને હાથ પાછો ખેંચી લીધો. ઓકટેવીઅસના હોઠ તેને તપાવેલા લોઢા જેવા લાગ્યા હતા.

પ્રેસ્કોવીઆને આત્માઓની થએલી અદલાબદલી વિશે કોઇ રીતે ખબર પડે તેમ નહોતી છતાં, પોતે રોજ જે ફીરસ્તાઓના પ્રેમ સમો નિર્મળ શાંત પ્રેમ ઓલફની દૃષ્ટિમાં ઓળખતી તે આજે તેને જણાયો નહીં. ત્યાં જાણે શુદ્ધ પ્રેમને સ્થાને કામવાસના હોય તેવું ભાન તેને એ નજર પરથી થયું. કોઈ છુપા માણસથી પોતે ઝપડાઈ હોય, કોઈ અકળિત આફત આવી પડવાની હોય, એમ તેનું મન સાક્ષી પુરવા લાગ્યું.

ગભરાએલી ને ઉશ્કેરાએલી તે સુવાના ઓરડા ભણી ચાલી. તેની કમ્મરે હાથ વીંટાળીને ઢોંગી કાઉંટ પણ તેની સાથે જ ગયો. પણ જેવાં બંને ઓરડાનાં બાર આગળ પહોંચ્યાં કે આરસની પ્રતિમા સમી શ્વેત ને શીતળ કાઉંટેસ ફરી, જુવાન સામે ભયભીત નજરે જોયું, બાર ઉઘાડીને ઓરડામાં ગઈ, તે ઝડપથી બંધ કર્યું, ને અંદરથી આગળો વાસી દીધો.

"એ તો ઓકટેવીઅસની જ નજર!" સોફા પર અડધી બેશુદ્ધ થઈ પડતાં એ બોલી ઉઠી." પણ આજે એ અણભુલાતી, નિરાશાભરી છાયા ઓલફની આંખમાં કેવી રીતે આવી? પેલાનો જીવ આજે મરતી વખતે મારાં છેલ્લાં દર્શન લેવા મારા પતિમાં આવીને બેઠો હશે શું? ઓલફ! મને

માફ કરજે, પણ મને લાગ્યું કે આજે રાતે તને હું સ્વીકારું તો કોઇ પરપુરુષને સ્વીકારતી હોઉં એવું મને લાગ્યું, તેથી જ મેં આમ કર્યું."

અકળાતી ગભરાતી ને અસંખ્ય દુઃસ્વપ્નોનો ભોગ થતી તે છેક પરોઢીએ સુતી.

આ બાજુ ઓક્ટેવીઅસ અતલ નિરાશામાં ડુબ્યો હતો. પોતે ભયાનક પ્રયોગને પરિણામે પામ્યો તો આ જ દશા! પેલા જાદુગરની કલાને પ્રતાપે પોતે મનમાની સુંદરી જીતવાનું કર્યું પણ તેની પતિભક્તિ ને પતિવ્રત તો ગમે તેવી નાટકી હુન્નરમંદી સામે અખંડિત જ રહ્યાં!

પણ આખી રાત ત્યાં ઉભા રહેવાય તેમ નહોતું એટલે જેમતેમ કરીને તેણે કાઉંટનો શયનખંડ શોધી કાઢ્યો ને બેશ્થાઝાર પર લ્યાનત વરસાવતો મોડી રાતે નિદ્રાધીન થયો.

૧૦

સવારે નાસ્તાના ટેબલ પર બંને મળ્યાં ત્યારે ઓક્ટેવીઅસે પોતાની નજરની કામવશ આતુરતા હળવી કરી. કાઉંટેસ પણ કૈંક સ્વસ્થ હતી. તેણે વાતચીત કરવા માંડી પણ—' પોલ ' ભાષામાં. એ બોલવું પોતે સમજ્યો નહીં એટલે ' પોલીશ ' બહુ અઘરી છે, પોતે તે ભુલી ગયો છે, એવાં બહાનાં બતાવી ઓક્ટેવીઅસ-લેબીન્સ્કી ત્યાંથી ઉઠ્યો ને ઘોડેસ્વાર થઇને ફરવા નીકળ્યો. ત્યાં એકાંતમાં તેણે વિચાર કરી રાખ્યો કે ' કાલ સાંજે પોતે ડૉ. શર્બોનો પાસે ગયો હતો અને તેના પ્રયોગોને શરણ થવાથી ભૂતકાલ ભુલી જવાયો હતો. ' આટલો એકરાર તો કરી દેવો. તે પ્રમાણે ઘેર આવી તેણે કહ્યું. એ સાંભળી પ્રેસ્કોવીઆએ ' ઓલફ, એ ખોટું કર્યું તેં.

હવે તેને ત્યાં ન જતો ' એવો ધીમો ઠપકો આપ્યો. એટલેથી જ પીડા પતી જાણીને ઓક્ટેવીઅસને નીરાંત વળવા માંડી હતી ત્યાં તો એક નોકરે બારણું ઉઘાડ્યું ને મુલાકાતે આવનારનું નામ પોકાર્યું:

" મી. ઓક્ટેવીઅસ ડી સેવીલ. "

આ શબ્દો સાંભળતાં જ ખરા ઓક્ટેવીઅસનું મોં ઉજળુંપુણી થઇ ગયું.

તરત જ નોકરની પાછળ ઓક્ટેવીઅસના રૂપમાં કાઉંટ ઓલફ કાઉંટેસ પાસે આવ્યો અને નીચો વળીને નમ્યો એટલે તેણીએ ઓળખાણ કરાવી અને બંને સભ્યતાનો ડોળ કરતા, અંદરથી ધુરકતા, એકેક તરફ ટાઢાશથી નમ્યા.

થોડી વાર સુધી તો કાઉંટેસ ને ઓલફ–ડી સેવીલ વચ્ચે સાધારણ વાતચીત થઇ. લાંબે વખતે મળ્યાં, આટલા દહાડા કયાં કયાં વસતાં હતાં, ઓક્ટેવીઅસના મોં પર આટલી ગ્લાનિ શાની, વગેરે વાતો થઇ. પછી કાઉંટેસે અત્યંત મધુરતાથી કહ્યું: " ઓક્ટેવીઅસ, મને તમારા દીલના દુ:ખ સાથે સમભાવ છે. જો કે હું તે કમી કરી શકતી નથી. પણ તેમાં ભાગ લઉં છું. પણ તમે શા માટે એકાંત સેવ્યા કરો છો ને જીંદગીની મજાહો માણતા નથી ? શા માટે તમે મેં આપવા ચાહી'તી તે મૈત્રીનો ઇનકાર કર્યો ? "

આ સાદા ને નીખાલસ શબ્દોની બંને સાંભળનાર પર જુદી જુદી અસર થઇ. ઓક્ટેવીઅસને પોતે આ સ્ત્રીને છેલ્લો ફ્લોરંસમાં મળ્યો ત્યારે બોલાએલા શબ્દોનો પુરાવો મળ્યો; અને ઓલ ને પોતાની પત્નીના પતિવ્રત માટે માન થયું: મેલી વિદ્યાથી જ તે પતિત થતી હતી એ હકીકતની વધુ સાબીતી

મળી. આ વિચાર આવતાં જ, તથા પોતાના શરીરને ને ઘરના થઇ બેઠેલા માલીકને, ધુતારાને જોતાં જ અચાનક ભયંકર ક્રોધ તેની રગેરગે વ્યાપ્યો. તે ઢોંગી કાઉંટ પર તુટી પડયો. " લુંટારા, ઠગારા, હરામખોર, લાવ મારું શરીર પાછું. "

આ સાધારણ વર્તન જોઇને કાઉંટેસે એકદમ ઘંટડી વગાડી નોકરોને બોલાવ્યા. તેઓ ઓલફ ડી સેવીલને છુટો પાડીને બહાર લઇ ગયા. કાઉંટેસે ત્યાર પછી કહ્યું: " એ બાપડો ઓકટેવીઅસ ગાંડો થઇ ગયો છે. "

" હા, " ખરા ઓકટેવીઅસે જવાબ આપ્યો. " પ્રેમથી ઘેલો થઇ ગયો છે. ... કાઉંટેસ તમે ખરેખર બહુ જ સુંદર છો. "

૧૧

એ બનાવ પછી બે કલાકે ઢોંગી કાઉંટને ખરા કાઉંટનો પત્ર મળ્યો. તેમાં લખ્યું હતું: " આ પત્રને બીજું કોઇ તો ગાંડાની ઇસ્પીતાલમાંથી લખેલો માને પણ તું એમ નહીં માને એની મને ખાતરી છે. તું જાણે છે કે તું મારું નામ, શરીર, ઘર બધું જ પચાવી પડગો છે? કોણ જાણે કેવીએ મલિન વિદ્યાનો હું ભોગ થયો છું અને તને તો એ વાતની સારી રીતે ખબર છે. માટે તું હીચકારો ન હોય તો કાલે સવારે એવેન્યુ ડી પોટો પાસેના મેદાનમાં તારા સહાયકો સાથે દ્વંદ્વ યુદ્ધથી આ વાતનો નીવેડો લાવવા હાજર થજે. "

આ વાંચીને થોડી વિસામણ પછી ઓકટેવીઅસે યુદ્ધની તૈયારીઓ કરી. લેબીન્સ્કીની મુલાકાતે આવનારાઓના કાર્ડનો ઢગ એક ટેબલ પર હતો. તેમાંથી બેનાં નામ ઉંચકાને તેમને સહાયકો બનવાનું પણ તે કહી આવ્યો.

બીજા દિવસનું મળસ્કું થયું એટલે ઓકટેવીઅસ લેબી-

ન્સ્કીએ ડૉ. શર્બાનોને તેડાવ્યો. તે આવ્યો એટલે બંને
યુદ્ધની જગાએ જવા ઉપડ્યા.

"ઓક્ટેવીઅસ!" રસ્તામાં ડૉક્ટરે કહ્યું: "તારા
માંથી તો આફત આવી પડી. યોગીઓ અને પંડિતો
શીખેલા મંત્રોની અસરમાં પણ ખામી રહી જાય છે
આજે જાણ્યું. પણ કહે તો ખરો, પ્રેસ્કોવીઆએ પોતાના
રંસના પ્રેમીને કેવી રીતે સત્કાર્યો?"

ગયા બે દિવસની આપવીતીની કથારૂપે ઓક્ટેવી
સત્કાર વર્ણવ્યો અને ઉમેર્યું, "આપણે પહેલવહેલા મ
દિવસ કરતાં પણ આજે હું વધારે દુઃખી છું."

તેઓ નક્કી કરેલે સ્થળે આવી પહોંચ્યા. ડૉ. બેલ્થ
જોઇને કાઉંટ ઓલફ–ડી સેવીલને આઘાત થયો પણ ત
તે સ્વસ્થ થયો.

યુદ્ધની તૈયારીઓ હવે થઇ અને થોડી વારમાં બંને ત
ફરવા માંડી.

કાઉંટને લશ્કરી તાલીમ મળી હતી પણ અત્યારે
ઓક્ટેવીઅસના નબળા કાંડાથી લડવાનું હતું. બીજી
ઓક્ટેવીએસ લડવામાં બહુ કુશળ નહોતો પણ આ
કાઉંટના પહેલવાની શરીરનો લાભ તેને પક્ષે હતો.

થોડી ઝપાઝપી પછી કાઉંટ જીવ પર આવીને સખત ઘ
ગયો ત્યાં નીશાન ચુક્યો અને તેની તરવાર ઉછળીને આઘે

હવે તેની જીંદગી ઓક્ટેવીઅસના હાથમાં હતી; પ
મારી નાંખવાને બદલે કાઉંટને–ઓલફ ડી સેવીલને–આખ
વિસ્તારપૂર્વક સમજાવી પોતાનો પ્રેસ્કોવીઆ માટેનો પ્રેમ
હતો, તેમાં નિષ્ફળતા મળતાં આ તદબીર કોણે કેવી રીતે
આત્માઓ કેમ બદલાયા, ત્યાર પછી પણ પ્રેસ્કોવીઆએ પે

કેવો અસ્વીકાર કર્યો, અને આ દ્વંદ્વયુદ્ધ લંબાવાય તો તેમાં ઓક્ટેવીઅસના શરીરવાળો ઓલફ માર્યો જાય–જેમ બને તે ચોક્કસ હતું–તો પોતાની ઘરડી માતાને કેટલું ઉંડું દુઃખ થાય, બધું ફોડ પાડીને ઓક્ટેવીઅસે લેબીન્સ્કીને સમજાવ્યું. ઓલફને તેનો અક્ષરે અક્ષર સાચો લાગ્યો અને બંનેએ નક્કી કર્યું કે ડાક્ટર પાસે દરેકનો આત્મા પોતપોતાના શરીરમાં પાછો મુકાવવો.

ઝાડીમાંથી બહાર આવીને તેમણે જાહેર કર્યું કે કજીઆનું સમાધાન થઇ ગયું છે. સૌ વીખરાયા. સહાયકો પોતાને ઘેર ચાલ્યા ગયા અને બીજી ગાડીમાં ઓક્ટેવીઅસ, ઓલફ અને શર્બોનો તેની પ્રયોગશાળા તરફ વળ્યા.

૧૨

રસ્તામાં ઓક્ટેવીઅસે ડૉક્ટરને સૂચવી દીધું કે દરેકના આત્માને તેણે પોતાની વિદ્યાના પ્રતાપથી પાછો તેના અસલ શરીરમાં મુકી દેવાનો છે; અને બેલ્થાઝારે તેમ કરવાનું કબુલ્યું.

તેને મકાને તેઓ આવી પહોંચ્યાં ને અંદર પ્રયોગવાળા ઓરડામાં ગયા. ડૉક્ટરે બધી તૈયારીઓ પહેલાંની જેમ કરી લીધી અને બંને જણાના હાથમાં એકેક વીજળીક બળવાળો સળીઓ આપ્યો એ ઝાલ્યો તેવા જ બંને શબવત બની ગયા. ડૉક્ટરે એકથી બીજા તરફ હાથ વડે નીશાનીઓ કરવા માંડી, એટલે આગળની જેમ તેજસ્વી પ્રકાશબિંદુઓ હરેકના માથા પર દેખાયાં. તેમાં કાઉંટ ઓલફનો આત્મા તો સત્વર પોતાના સ્થાનકમાં પ્રવેશ્યો પણ પોતાના મૂળ શરીરમાં પાછા ઉતરવાને બદલે, શર્બોનોની ઘણી ઘણી મથામણ ને ગંભીર મંત્રોચ્ચારો છતાં, હવામાં તરતો ઉંચો ચઢ્યો અને એક ઝળકારો કરીને બારી વાટે અદશ્ય થઇ ગયો.

ડૉક્ટર પહેલાં તો ગુંચવણમાં પડયો પણ પછી તરત તેને એક સરસ વિચાર સુઝયો. તે તેણે વગરવિલંબે અમલમાં મુક્યો. ટેબલ પાસે જઇને તેણે પોતાનું વસીઅતનામું ઘડી કાઢ્યું અને તેની પોતાની મીલકત વગેરેનો વારસો લેવાનું ને વ્યવસ્થા કરવાનું મી. ઑકટેવીઅસ ડી સેવીલને સુચવ્યું. પછી પોતાના જર્જરિત દેહ તરફ જોયું. જુનો ડગલો કોઇ તિરસ્કારથી ફેંકી દેતું હોય તેવો ચાળો કરીને તે મંત્રો ભણ્યો અને વજ્રપાત થયો હોય તેમ ડો. બેલ્થાઝાર શર્બોનો મુડદું થઇને પડયો; ઓકટેવીઅસ ડી સેવીલ આળસ મરડીને બેઠો થયો. ... ...

કાઉંટ ઓલફ લેબન્સ્કી પાછો પોતાને ઘેર પહોંચ્યો ત્યારે પહેલાં તો જરા દહેશતથી પ્રેસ્કોવીઆએ તેની તરફ જોયું, કેમકે ફરી પાછી ઓકટેવીઅસ જેવી જ ભેદી નજર ત્યાં દેખાશે એવું તેને થયા કરતું હતું. પણ જ્યારે પોતાના ઓલફનાં નિષ્કામ, સ્થિર નયન ફરી પાછાં અસલ સ્વરૂપે તેણે નિહાળ્યાં ત્યારે તેનો જીવ હેઠો પડયો, અને અનેક જુનાં જુનાં મધુરાં સ્મરણો તાજાં કરતાં દંપતીએ સુખે રાત્રિ વીતાવી. ... ...

બીજે દહાડે શર્બોનોનો આત્મા ધારણ કરેલો એવો ઑકટેવીઅસ ડી સેવીલ ઘટતી ગંભીરાઇથી અને માનમરતબા સહિત, પોતાને મળેલા નોતરા પ્રમાણે પોતાના શરીરને દફનાવી આવ્યો. મીલકત પોતાને હસ્તક લઇને તેણે નવા શરીરના સાધનથી જુના જ્ઞાનને વિકાસવવા અને સમૃદ્ધ કરવાનું શરુ કર્યું અને ગામનાં અખબારોમાં તો સમાચાર છપાયા કે " કોઈ નહીં જણાએલા કારણથી ડૉ. શર્બોનો મરણ પામ્યો છે ને મી. ઓકટેવીઅસ ડી સેવીલને પોતાનો વારસ નીમતા ગયા છે. "

પતિતપાવની

પુણ્યશાળી આત્મા પાપમાં પડે તો તેને પ્રાયશ્ચિત્ત આપીને પુનઃ પુણ્યપન્થે કોણ વાળશે?

વિનયકુમાર એક વિશુદ્ધ ને સંસ્કારી યુવાન હતો. સોળ વર્ષની ઉમ્મર, ખીલતાં યૌવન ને જન્મથી જ સૌજન્યના પ્રભાવ—એ ત્રણનો સુહાગી સંગમ થાય ત્યારે જીવનપન્થ ઉજ્જવળ તે આલ્હાદક જણાય તો આશ્ચર્ય શું?

તેને જીવનપન્થ સુગંધી પુષ્પોથી ભર્યો ભર્યો જ લાગતો. તે નિર્ભયતાથી એ પન્થે પળતો અને અતુલ સુખ અનુભવતો.

પરન્તુ આનન્દ ને ઉલ્લાસ કોના ટકી રહ્યા છે કે વિનયના ટકે?

સૌરભવન્તાં એ સુમન નીચે સર્પો હતા. એકદા તેવા એક વિષ—ઝરતા વિષધરે વિનયના આત્માને દંશ દીધો અને તે દિવસથી તેના જ્યોતિભર્યા જીવનપ્રદેશે અંધારાં ઉતરવા માંડયાં. શરીરને ઝેર ચઢે તો પળેકમાં રગે રગે વ્યાપે છે; આત્માને એટલી ઝડપથી નથી ચઢતાં. વિનયને તો તેથી ખબરે ન પડી કે પોતે કુમાર્ગે જાય છે. પણ તેથી શું?—ઈશ્વરના અટળ નિયમો કોના નિવાર્યા નિવારાય છે? વિનયની પ્રાણદીપ્તિ-

અને દેહકાન્તિ—દહાડે દહાડે ઝંખાવા લાગી. તો ય તેને પોતાનો વાંક વસતો નહીં. તેને કોઇએ કહ્યું હોત કે વિનય તેં શયતાનને ભગવાન માન્યો છે, તો એવાં સાથે એ ક્રોધે ભરાત. ભરાય જ: તે તો નિર્દોષ અને અજ્ઞાન હતો. તેને ભાન નહોતું કે પોતે આત્માની વિરલ વિશુદ્ધતાને કલંકિત કરે છે. તે તો માનતો કે હું સાચાં સુખો માણું છું.

*

આમ ને આમ બેચાર વરસ વીતી ગયાં. એક દિવસ વિનય અગાસીમાં ઉભો ઉભો ક્ષિતિજ પરનાં ગળતાં—પીગળતાં વાદળને જોઈ રહ્યો હતો. એકાએક તેને કૈંક થઇ આવ્યું. તેને લાગ્યું કે આકાશઅવનીનો જ્યાં સંગમ થતો હતો, ત્યાંથી એક ભયાનક કાળી ને કદરૂપી રાક્ષસ સમી કોઇ મૂર્તિ જાણે ધીરે ધીરે ઉપર નીકળતી હતી. પળવાર તો વિનય પત્થર સરખો થઇ ઉભો.

બીજી પળે પેલી આકૃતિ ઓગળી ગઈ. તે ઓગળતાં જ વિનયને ચક્કરી આવી ને એ જમીન પર પટકાયો.

માણસોએ દોડાદોડ કરી મુકી. દાક્તરો આવ્યા. વૈદ્યો આવ્યા. પરંતુ આત્માના રોગ એમને હાથે અસાધ્ય છે.

*

વિનયનાં ઘોર પાપોએ જાણે તે દિન તેને સાક્ષાત દર્શન દીધાં. હવે તેને લાગવા માંડ્યું કે મલિનતા પોતાના અંગેઅંગે ઝરે છે, પણ તેનું મન કહ્યું કરે એમ નહોતું. પોતે પાપી છે એ ખ્યાલ જ તેને અસહ્ય ને અસંભવિત લાગતો.

તે વિમાસતો: “ હું પાપી ? વિનય પાપી ? ના ના, મારામાં પાપ ક્યાંથી આવે ?

મારું પહેલાંનું જીવન કેવું સુંદર હતું ? કેટલું નિર્મળ હતું ? કવિમહાકવિનો હું પૂજક હતો; સૌન્દર્યનો હું સાચો ઉપાસક હતો; મારા યૌવનની વસન્તને વ્હાલે વ્હાલે ને વિશુદ્ધ ભાવે વધાવતો અને રસિકતા મારે રુંવેરુંવે ઉભરાતી. આવો માણસ પાપ કરે ? ના ના, એ બને નહીં."

બને નહીં એમ લાગતું પણ બીજી ક્ષણે પેલો બીહામણો આકાર આંખ આગળ તરતો અને વિનયના શરીરબન્ધ એકે-એક ત્રુટતા.

*

તેના અંતરમાં મહાયુદ્ધ મચી રહેતાં. પહેલાંનાં પુણ્યતેજ અને હમણાંનાં પાપતિમિર એ બે વચ્ચે દીર્ઘ અને દારુણ યુદ્ધ જામતાં.

અંતે વિનયનો આત્મા ઉછળ્યો. તેણે બધાએ અંકુશ દૂર ફેંક્યા. પશ્ચાત્તાપની પળ તેણે સાચવી લીધી નહીં અને ઈશ્વર સામે સંગ્રામ માંડયા.

નાસ્તિકતાએ તેને ઘેર્યો. તેણે માન્યું કે મારી ચિત્તવિમલતા ઈશ્વરથી સંખાઈ નહીં ને વિનાકારણ મારા માર્ગમાં દુર્જનોને મોકલીને તેણે મને ફસાવ્યો. સાથે સાથે માનવ જાતિને કેટલા ય શાપ દીધા. માણસમાત્રને દુશ્મન લેખ્યા અને હૈયા-સૂનો થઇને જગતને ઝેરી નજરે જોતાં તે શીખ્યો.

શૂન્યતાના ઘેરાતા અન્ધારામાં તે અહર્નિશ ઉંડો ને ઉંડો ડુબતો ગયો.

*

તે હતો ત્યાં જ રહ્યો હત તો ઝાઝો વખત જીવત નહીં. પણ તેના સ્નેહીઓ તેને એક રળીઆમણી શીતળ ટેકરી પર

હવાફેર માટે લઈ ગયાં. ત્યાં પહોંચ્યાં ત્યારથી જ વિનયના બળતા જીવને કૈંક રાહત મળી—કોઇક અપૂર્વ શાંતિ વળવા માંડી. તો યે સંપૂર્ણ શ્રદ્ધાનાં અમૃતે તેના પ્રાણને હજી પ્રફુલ્લિત નહોતો કર્યો. પાપનાં લાંછન હજી ક્યાંક ક્યાંક વળગેલાં હતાં.

તે રાહત અને શાંતિ, શ્રદ્ધાસમીરની તે મીઠી લહર, તેને ઉગારનાર મહાશક્તિના સાન્નિધ્યની નિશાનીરૂપ હતાં.

*

કિશોરી તેમની સામેના જ બંગલામાં રહેતી. ફરીને જતાં-આવતાં એકાદ બે વાર વિનયે તેને જોઈ હતી—અને જોઈ ત્યારથી જ તે મહાલય તેના મનથી દેવમંદિર સમાન હતું.

કલાકોના કલાકો સુધી વિનય તે મનમાન્યા મંદિર ભણી જોતો જોતો બારીમાં બેસતો. બારી પાસે એક ફુલબાગ વિસ્તરતો હતો અને તેમાંનાં ઉંચાં ઉંચાં ઝાડનાં ડાળીપાંદડાં ગુંથાઇને કિશોરીની સામે આવેલી બારીથી વિનયને સંતાડતાં. કુદરતની તે જાળીઆળી જવનિકામાંથી કથાકારો જેને તારા-મૈત્રક કહે છે તે પ્રયોગની ભજવણી સંભવે તેમ નહોતું. વિનયને તેની જરુરે નહોતી.

ભરબપોરે જ્યારે સુસ્તી ને ઉષ્ણતા જગતને પજવતી હોય ત્યારે જો કિશોરી સામી બારીમાં સહેજ વારે આવીને ઉભે, તો ગરમી અને સુસ્તી પણ વિનયને મીઠીસાકર લાગે. સમી સાંજનો શાન્તિપ્રેરક સમો હોય, ધ્યાનવિલીન યોગી સમાં ગાંભીર્ય જ્યારે વિશ્વને અંગે અંગે પસરતાં હોય, પવન-લહરો ફરકીને ઉડતી જાય, શીતળતા છાંટતી જાય—પણ દેવીનાં દર્શન ન હોય તો સારું યે સૃજન જાણે ખાવા ધાતું.

તેવે સમે એ વાટ જોતાં થાકીને કદીક તેની મૂર્તિને કલ્પતો, ઘડતો, ખાલી બારીમાં જાણે બેસાડતો. "તને કેમ વર્ણવું?—

શા માટે વર્ણવું ?—કવિઓની કલ્પના સમી, માધુર્યના સત્વ સમી, સરિતા સમી નિર્બન્ધ તો યે સબન્ધ—યૌવનથી લહરાતી તો યે ગૌરવભરી, તો યે ગુણવંતી ને ગંભીર; પુણ્યના જેવા પ્રતાપ તેવાં તારાં ઓજસ, પાપને પ્રજાળનાર, મુક્તિપન્થે દોરનાર; કિશોરી, તને શા માટે વર્ણવું ? કેમ કરીને વર્ણવું ? " સ્વપનું આમ સરજાતું ને સરતું. સન્ધ્યાનું ભળભાંખળું ઓસરીને જગત-ને ઉર ધીરે—ધીરે ધીરે—અંધારાં ઉતરતાં ત્યારે વિનયના ઉરમાં યે—સામે નજર પડતાં—સૂનકાર છવાતા.

*

અંતે તપસ્વીની તપશ્ચર્યા ફળી. વિનયની બહેને કિશોરી સાથે સહીપણાં બાંધ્યાં અને અજાણમાં જ વીરાના ઘાવમાં અમૃતૌષધી સીંચી. કિશોરી નમતે પહોરે કાન્તા આગળ આવતી અને નયનમાત્રથી વિનયના દુઃખદાઝયા દીલમાં અવનવી ઊર્મિઓ ઉપજાવીને ચાલી જતી.

ધીમે ધીમે બંને જણાં એકમેક સાથે બોલવા લાગ્યાં. વખત વહેવા સાથે પરિચયે વધ્યો અને વિનયના અંતરપટે શાંતિના સુખદ રંગો ઘેરા થયા; વૈશાખની સાંજે વાયુલહરી મીઠ્ઠી લાગે તેવી મીઠ્ઠી એ શાન્તિ—અને ઉગતી આશા—તેને લાગતી.

વિનય તેને ચહાતો—પણ લોહીમાંસની એક લાવણ્યવતી પુતળી તરીકે નહીં. અખંડ પુણ્યની કો પુણ્યકલિકા સરખી કિશોરીને જોઇને પૂજ્યતા ઉદ્‌ભવતી, ઉન્માદ નહીં. રસિકતા એ રેલતી અને તો યે વાસનાને રોકતી. ઉરમાં એ ઉલ્લાસ રેડતી અને તો ય તેનાં સદ્‌ગુણસુગન્ધ અને શીલભાવના પદે પદે ફોરતાં.

તેના શબ્દમાં ને નેત્રમાં વિનયે પોતાના પુનરુદ્ધારના પહેલા મન્ત્રો વાંચ્યા.

*

એક સાંજે બંને જણાં નિયમ પ્રમાણે સાથે ફરવા ગયાં. મનુષ્યના નિવાસસ્થાન અને પદસંચારને દૂર દૂર છોડીને એકાન્ત સ્થળે પહોંચ્યાં. વિનય ઘાસ પર અળોટાઇને પડ્યો અને કિશોરી તેની પાસે બેઠી.

ચારે પાસ અત્યન્ત શાન્તિ પસરતી. એકાદ પાંદડું પણ ફરકતું, તો તે અગાધ નીરવતાના શત્રુ સરખું લાગતું. કોઈ પંખી સહેજ ચીં ચીં કરતું, તો આંખમાં કણું પડતાં જેવી અસ્વસ્થતા થાય તેવી, શાન્તિના ચહાનારને થતી.

બાળક માતાના ખોળામાં સુવે તેમ વિનયે હવે કિશોરીના ખોળામાં માથું મુકયું. થોડી થોડી વારે તે આંખો ઉઘાડતો ને બંધ કરતો–તે પણ ઘડીકમાં તેની તરફ જોતી, ઘડીકમાં ઝાડપાન તરફ, તો ઘડીકમાં અનન્તાનન્ત આકાશ તરફ.

એટલામાં એક નાનું સોનેરી વાદળું, વ્યોમસાગરમાં સરતા નાના શા નાવ જેવું, માથે આવ્યું. તેની કોમળતાને, તેના ઝુલસુનેરી રંગને, તેની મન્દ મન્દ ગતિને, કિશોરી થોડી વાર જોઈ રહી. વિનયને એ બતાવવાનું મન થયું. તેની મીંચેલી આંખ પર જરા હાથ અડકાડ્યો: “ વિનય! ”

“ શું ? ” સહેજ ચમકી વિનય જાગ્યો.

“પેલું વાદળું જોયું ? કેવું સુંદર છે ? કેવું ધીમે ધીમે સરે છે ?” વિનયની નજર ત્યાં ઠરી. પળવાર એમ જોયું ન જોયું ત્યાં તો તે ઓસરવા લાગ્યું–જેવું તે ઓસર્યું કે વિનયને ભૂતકાળ તાજો થયો. પેલો અગાસીવાળો દિવસ–પેલું પીગળતું વાદળું– પેલી રાક્ષસી કાળમૂર્તિ–સૌ યે તેને સ્મરણપટે એક પછી એક ઉગ્યાં.

ઉગતાં જ તેનાં નેત્રોની આર્દ્રતા ઉડી ગઇ. કોમળતા ઉડી ગઈ. સીસા જેવી આંખે આ ઓગળતા વાદળાની છેલ્લી કણીને

તે નિરખી રહ્યો અને એક ચીસ પડાઈ ગઈ: “ ઓ કિશોરી !”

કિશોરી ચમકી. પણ તરત જ સ્વચ્છ થઇ.

“ શું છે, વિનય ! શું થયું ? ” તેણે વિનયને કપાળે હાથ મુકયો. “ ગભરાટ થાય છે ? છાતીમાં દુખે છે ? ” આટલું કહેતાં તેણે આસપાસ નજર નાંખી. કોઈ એટલામાં નહોતું. વિનયનું માથું આસ્તે રહીને ઘાસ પર મુકી, તે પાસેના ઝરામાં રુમાલ ભીંજવવા ચાલી.

“ કિશોરી ! કિશોરી ! ”

તે પાછી ફરી વિનયની પાસે આવીને ઘુંટણભર બેઠી. વિનયે તરત જ કિશોરીના હાથમાં મોં છુપાવ્યું ને આંસુના ધોધથી તે કુમળા હાથને પલાળી મુકયા.

*

સૂર્યાસ્ત થવા આવ્યો ત્યાં સુધી વિનયે એમ ને એમ ધ્રુસકે ધ્રુસકે રડયા કર્યું. કિશોરીએ તેને રડવા દીધું.

આવી અણુકથ ઘડીઓ પછી વિનય માંડમાંડ સ્વસ્થ થયો—પણ ફરીને અસ્વસ્થ થવા માટે જ. આ વખત આંસુ નહોતાં પડતાં—અગ્નિભર્યા શબ્દતણખા ખરતા હતા. વર્ષો લગી હૃદયમાં ધુંધવાઈ રહેલા પશ્ચાત્તાપનો એ ભભુકો હતો.

“ કિશોરી ! કિશોરી ! મને શું થયું તું જાણે છે ? મને મારાં પાપ સાંભર્યાં. મને મારી શરમ સાંભરી. ઓ દેવી, તું ધારે છે કે હું દેહનો જ રોગી છું, પણ હું તો આત્માનો ય છું. મારા જેવાને સ્નેહ નથી, શાન્તિ નથી, આનન્દ નથી. કિશોરી ! કિશોરી ! હું પાપી છું—પાપી છું, વિષયી છું, દંભી ને પાખંડી છું, મોતને જ લાયક છું. ઓ દેવી ! દેવી ! તું મારી પાસે આવીશ માં. તું અભડાઈશ. તારાં તેજ ઝંખાશે. હું તો અસુર છું. ઇશ્વર સામે મેં બંડ કર્યાં છે. મારા માનવ

બન્ધુઓને શાપ્યા છે, અને પરાણે પરાણે નરક નોતર્યાં છે, અરેરેરેરે ! મને કોણ ઉગારશે ? કોણ સુધારશે ? "

*

પાએક કલાક વીતી ગયો.

કિશોરી ભીના રુમાલથી તેની આંખો લુછતી હતી. પછી થોડી વાર તેને કપાળે રુમાલ મુકયો. પણ તે તો ધીમે સાદે ગણગણ્યા કરતો: " કોણ ઉગારશે ? કોણ સુધારશે ? "

કિશોરીએ ફરીને તેનું માથું ખોળામાં લીધું અને માથા પર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું: " વિનય, શાન્ત થાઓ. સૌ સારાં વાનાં થશે. "

બાળક માતાની આજ્ઞા માને તેમ વિનય આધીન થયો. બોલવાનું બંધ કર્યું અને આંખો મીંચી ગયો.

તે નિદ્રામાં પડયો હોય તેવું લાગતું હતું. સ્નેહભીનાં માર્દવ ઝરતાં નયને કિશોરી તેની તરફ જોઈ રહી.

હળવેથી આંખો ઉઘાડીને વિનયે પુછ્યું " કિશોરી, તું મને સુધારીશ ? "

ઉત્તર મળ્યો નહીં. કિશોરીની સ્નેહાર્દ્ર દૃષ્ટિ તેવી ને તેવી જ હતી.

એકદમ બેઠા થઇને વિનયે કિશોરીના બેઉ હાથ પકડીને મોં પર ચાંપ્યા–ચુમ્યા. " કિશોરી, તારી એ નજરમાં અખંડ અમીઝરણાં છે, પુણ્યની ઉજ્જવળતા છે, જગદુદ્ધારના મંત્ર છે. કિશોરી, તું મને નહીં સુધારે ? કહે ને ? "

ફરીથી વિનયે તેના બંને હાથ જોરથી આંખ સાથે ચાંપ્યા અને કિશોરીની આંખમાંથી ટપકતાં આંસુ વિનયના નીચા નમેલા માથા પર પડયાં.

મહાજ્યોતિના કો બિન્દુ સમો શુક્રતારક પશ્ચિમમાં પ્રકાશ્યો. ઉઘડતી સન્ધ્યાના ફુલગુલાબી આકાશમાં તે ચક્રવર્તી રાજેન્દ્ર જેવો એકલો જ ચમકતો હતો. એક દુ:ખી જીવનો જીર્ણોદ્ધાર થયાની ખુશાલીમાં તેના નાનકડા વદન પર જાણે તેજ-સ્મિત ફરકતાં.

બંને જણાં ઉઠીને ઉભા થયાં. ઘર તરફ ચાલ્યાં. કિશોરી-ના શક્તિમંત હાથનો ટેકો લઇને વિનય ચાલતો હતો. તેનાં મોંમન હવે શાન્ત હતાં. અને મોક્ષમંદિર ભણી દોરતા કો ફીરસ્તા સમી કિશોરી પણ ધીરાં અડગ નિશ્ચિત પગલાં ભરતી, વિનયને તેના પુનર્જન્મેલા સંસારમાં લઈ જતી.

પુણ્યશાળી આત્મા પાપમાં પડે તો સુન્દરીના સ્નેહપ્રભાવ તેને પ્રાયશ્ચિત્ત આપીને પુનઃ પુણ્યપન્થે વાળશે.

વિનોદલહરી

વિદ્વાનોને અર્પણ

લોકો મને 'વેદીઓ ઢોર' કહે છે પણ હું ખાત્રી આપી શકું છું કે મારામાં વેદીઆની ગોખણ-શક્તિ નથી તેમ ઢોરની વાગોળવાની, વેઠ કરવાની અથવા ઉપકાર ચઢાવવાની શક્તિ નથી. હું ઉપકારનો બદલો અપકારથી વાળનાર, આળસુનો પીર અને વેદોને માત્ર નામથી જ ઓળખનાર છું.

આ બધું દીવા જેવું સ્પષ્ટ છે, છતાં કોઇ જોતું નથી. હું વેદીઓ હોઉં ને સૌ મને તેવો કહેતા હોય તો તો જાણે સમજ્યા. આપણે મન વાળીએ કે ખરી વાતનો વળી ખાર શો ? વેદીઆ ન કહેવાવું હોય તો બહુ વાંચવાંચ ન કરવું, ઘરસંસારમાં બરાબર ધ્યાન આપવું, સગાંસંબંધીઓ ગમે તેવાં મળ્યાં હોય–અટકચાળાં હોય, બહુ અક્કલવાળાં ન હોય, કે બહુ નીતિમાન ન હોય–તોએ એમની જોડે સારાસારી રાખવી ને જીંદગીના પ્રપંચો સમજીને તેમાં ભાગ લેવા માંડવો ... આવાં વિચાર ને વર્તન પછી સાક્ષરી સ્વભાવવાળો માણસ પણ સુધરવાની આશા રાખી શકે.

પણ જેણે એ ગુન્હો કર્યો જ નથી તેણે પણ લોકોનાં વાગ્બાણથી વીંધાયા કરવું એ ક્યાંનો ન્યાય ? સુખી માણસને કોઇ દીલાસો દેતું હશે ? કે લુહારવાડે સોય વેચાતી હશે ?

છતાં–તમે માનશો ?–દુનીઆને એવું એવું જ કરવાનું સુઝે છે. તેણે અસતમાંથી સત્ ઉપજાવવાનો હુન્નર હાથ કર્યો છે તેવો ભલભલા અસુરોએ પણ નહોતો કર્યો. મારામાં વેદીઆ-પણું કે વાચકવેડા જરાય નહીં (જે વાત આ નીચેનાં પૃષ્ઠ સાબીત કરશે) ને કોઇથી મને વેદીઓ ઢોર કહેવાય કેમ? ખરેખર, મને તો એ સાંભળીને બહુ માઠું લાગ્યું છે. આવું અપમાન આ યુગના દેવાધિદેવ આમવર્ગ તરફથી પણ હું ખમી શકું તેમ નથી. અને તેથી જ, માનરક્ષા ખાતર, સ્વાતંત્ર્ય ખાતર, સ્વરાજ્યોમાં શ્રેષ્ઠ એવા અંગત સ્વરાજ્ય ખાતર હું આજે દુનીઆ સામે નીડરપણે એકો બળવો જગાડું છું.

ત્યારે મારી ભયંકર પ્રતિજ્ઞા સાંભળો, ઓ પૃથ્વીના લોક!

લેખકોએ ને વિચારકોએ આજ સુધી વાચન, પુસ્તકો વિદ્વાનો વ્યાસંગ, એ બધાનાં વખાણ છુટે મોંએ કર્યાં છે અને દુનીઆએ તેમની હાએ હા ભણી છે; પણ મારે આ દુનીઆ અને તેના ખુશામતી લેખકો બેઉને બતાવી આપવું છે કે વાચન કેટલી દુષ્ટ વસ્તુ છે, લેખકો ભૂમિને કેટલા ભારરૂપ છે, તેમનાં પુસ્તકો કેટલા બધા મુગા જુલમો માટે જવાબદાર છે.

હું પોતે વાચક, લેખક કે વિચારક નથી એટલે આ મતનું પ્રતિપાદન કરવાનું મને વધુ સુલભ થશે. રમતનો જોનાર તેને રમનાર કરતાં વધુ સમજી શકે છે તેમ.

"જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી": આ લીટી કલાપીની છે. તેમણે પણ બાંધે ભારે એમ તો નથી કહી નાંખ્યું કે "જીવીશ બસ હવે તો એકલાં પુસ્તકોથી,"–એ હકીકત સૂચવે છે કે તેમને આ વાતની મુશ્કેલીઓની કૈંક ખબર હતી. તેમણે 'બની શકે તો' એવી શરત મુકી કેમકે લીટી લખતી વખતે પોતાને જે ભાવના ઉદ્ભવેલી તે કાયમ

રહે કે વહી જાય–ચંચળ પ્રકૃતિને લીધે–એની તેમને પોતાને ખાતરી નહોતી. ને વધુ ઉંડું કારણ તો એ કે પુસ્તકો કરતાં માણસનો સહવાસ કેટલો વધારે જરુરી અને લાભકર્તા છે એ તેમનો સ્નેહવાંછુ આત્મા સમજી શકયો હતો.

અસ્તુ. કલાપીનું ડહાપણ બધા કવિઓ ને સાક્ષરોમાં નથી હોતું. એમની મનોદશા જ એટલી સાહિત્યરંગી થઇ ગઈ હોય છે કે ખરું જીવન છોડીને એવા મૃગજળીઆ જીવનમાં જ તેઓ મશગુલ બને છે. 'ઇલીઅડ' કે 'ઋગ્વેદ' નું નામ તેમને રોમાંચ કરાવે છે; કાલિદાસના કાલનિર્ણયની વાત આવે કે એમની આંખો અનેરાં તેજથી ચમકે છે; પ્રેમાનંદનાં નાટકોની ચર્ચા એમની ભુખતરસ ભુલવી શકે છે. આવા માણસોએ જીંદગી શરુ કરતાં કોઇક દુર્ભાગી પળે, અજાણતાં છતાં અચુકપણે, નિશ્ચય કર્યો હોય છે કે: "જીવીશ બસ હવે તો એકલાં પુસ્તકોથી."

એવા નિશ્ચયને સાક્ષરંમન્યોની અનુમતિ છતાં મારું અધીન મત એવું છે કે પુસ્તકોથી જીવવાની પ્રતિજ્ઞા મરવાની પ્રતિજ્ઞા બરાબર છે. જે દેશકાલો દુનીઆમાંથી પરવારી ગયા છે તેમનાં માણસોનો-તેવાઓની કૃતિઓનો–ચાલુ સમાગમ તમે જેમ વધુ રાખો તેમ તમારું હૃદય, મન, આત્મા, રસિકતા બધુંએ પરવારવાને જ પંથે વિચરે. એક અઠંગ અભ્યાસી ને ખાઉધરો વાચક તો આ વાત ચોખ્ખેચોખ્ખી કબુલ પણ કરી ગયો છે: "મારા દિવસો મુએલાંની સોબતમાં પસાર થાય છે; તેમના વિચાર તે મારા, તેમની આશાઓ તે માંરી... ... ..." શી ધૃષ્ટતા? જીવતાંજીવત પરલોક સેવવાનો કેવો પ્રગલ્ભ પ્રયોગ! 'જીવને શ્વાસ તણી સગાઇ' હોય ત્યાં સુધી તો આ લોકમાં જ રહેવું લાજમ છે એ સૃષ્ટિકાર બ્રહ્માના નિયમનો કેવો નિર્લજ્જ ભંગ!

અને એ સજ્જને પંડિત તરીકે પંકાવાના લોભથી ખુબ વાંચ્યું અને અમર થવાની અભિલાષાથી ખુબ લખ્યું, તેનું પરિણામ શું ? એટલું જ કે આજે તેની એકાદ બે કવિતાઓ નિશાળીઆઓ ગોખે છે. તે શીવાય તે કોઇને સાંભરતોએ નથી. મરેલા જોડે જીવવામાં ચમત્કાર હશે; મરેલાના વિચાર આપણા કરવામાં હુશીઆરી હશેઃ બ્રહ્માનો નિયમ તોડી તેનો ખોફ વહોરવો એ પરાક્રમની નીશાની હશેઃ પણ–પણ, એ બધાના બદલામાં કીર્તિની આવડી જબરી ખોટ ખમવાનો વેપાર, આદિકાલથી જ અનંત ને અક્ષય કીર્તિના ઉપાસક એવા મનુષ્યાત્માને ખેડવાનું મન ન થાય તો કોઇથી તેને દોષ દેવાય તેમ નથી.

મરેલાં માણસોના વિચાર વાંચ્યા કરવા સામે અને તેમાં રચ્યાપચ્યા રહીને જીવન ગાળવા સામે મારો સૌથી મોટો વાંધો એ છે કે એ ટેવ મારા વ્યક્તિત્વને વણસાડે છે. રાતદહાડો એમના વિચારો વગોળ્યા કરવાને લીધે મને નવો વિચાર એકે સ્ફુરતો નથી તેમ તાજગીથી એકે લાગણી અનુભવાતી નથી. કોઈ પણ વિષય વિચારવા બેસું કે તરત એને વિશે બેકને શું કહ્યું, શેકસ્પીઅર શું સમજાવી ગયો, શેલીનો મત કેવો હતો એ જ બધું મને સાંભરવા માંડે. મારે તો જાણે મગજ કે વિચારશક્તિ જ ન હોય ! અને મારી આબરુને ધક્કો પહોંચે તે તો જુદો. એક દાખલો ટાંકું.

મેં સાત વરસ પર ‘ આધુનિક કેવળણીના ગુણદોષો ’ વિશે એક વિદ્વત્તાપૂર્ણ ઈનામી નિબંધ લખેલો. તેમાં મેં પ્લેટોથી માંડીને ફ્રૂબલ, પેસ્ટાલોઝી, રુસો, હર્બર્ટ સ્પેન્સર, મોંટે-સોરી, એડમંડ હોમ્સ ને બીજા અગણિત વિદ્વાનો ને વિદુષી-ઓના અભિપ્રાયો ઉતાર્યા હતા. પણ મારા પરીક્ષકોને એ

પંડીતાઇની કૈં કીંમત જણાઇ નહીં. એ નિષ્ઠુરોએ મારી મોંઘેરી કૃતિ પર શેરો માર્યો કે

બહુ ખાવાથી પચતું નથી તેમ બહુ વાંચવાથી વિચારાતું નથી. તમે કેળવણી વિશે વાંચ્યું છે આટલું બધું, પણ નવીન કે અપૂર્વ વિચાર એકે આપી શકયા નથી એના પર ધ્યાન ખેંચીએ છીએ ભવિષ્યમાં કોઇ પણ વિષય હાથમાં લ્યો ત્યારે ... ... વગેરે.

તે દિવસથી મારી ઉપલી કુટેવ ઓછી થઇ. અને બીજાનાં લખાણુમાં પણ હવે જ્યારે જ્યારે હું ટાંચણો, અવતરણો કે ઉતારાનાં ભરતીઆં જોઉં છું ત્યારે અનેક દયાના વિચારો મને આવે છે. એ બાપડા લેખકે કેટલી ગોખણપટ્ટી કરી હશે? કેટલી બધી નોટબુકોમાં સંભાળપૂર્વક પારકા અભિપ્રાયો સીંચ્યા હશે? તેણે એ બધાને કદાચ વિષયવાર ગોઠવ્યા હશે, કદાચ લેખકવાર. પછી લેખ લખતી વખતે પોતે બધા વાંચી જતો હશે, સૌથી સરસ લાગે તે ચુંટીને જુદા કાઢતો હશે, એ કયાં ગોઠવ્યાં શોભશે તેની વીમાસણમાં દિવસની ભુખ ને રાતની ઉંઘ ખોતો હશે–અને આખરે? આખરે તે એવી કૃતિ રચશે જે પાંડિત્યના અસહ્ય ભાર નીચે આરડતી હશે, જે ભાડુતી રસિકતાની ભવ્ય બની હશે–અને જે ડાન્ટે કે ગેટે, માઘ, શેકસ્પીઅર કે ભર્તૃહરિનાં નામો ધારતી છતી, અપૂર્વતાથી, કલ્પના, સર્ગશક્તિ અથવા ચમત્કૃતિથી છેક જ વંચિત હશે.

આ બાબતમાં એક નવતર પ્રથા પાડવાનું માન ચાર્લ્સ લૅમ્બને ઘટે છે. કોઇક જગ્યાએ તે લખે છે: "મારી વતી વિચારવાનું કામ મારાં પુસ્તકો કરે છે." મને તેની ઇર્ષ્યા થાય છે. કેટલો સુખી માણસ! કહે છે કે દુનીઆમાં સૌથી આકરું કામ કોઇ પણ હોય તો કોઇથી દોરાયા વિના સ્વતંત્ર-પણે હરેક બાબતનો વિચાર કરવો એ છે. પણ લૅમ્બે ચાલા-કીથી વચલો માર્ગ કાઢયો છે. તે નથી પોતે વિચારતો કે

નથી કોઇના વિચારથી દોરાતો. પોતાનાં પુસ્તકો, જેની પર તેનો કાબુ રહી શકે તેમને જ એ કામ સોંપે છે, એટલે પોતાની તસદી મટી જાય ને વળી પુસ્તકો ખોટું કે આડું-અવળું વિચારે તો તેને સીધાં ચાલવાનું પોતે ફરમાવી પણ શકે. ખરેખર, ચાર્લ્સ લૅમ્બ કેટલો સુખી માણસ !

એ ભાવના પ્રસારવા કોઇએ હજી સંપ્રદાય નથી કાઢ્યો એટલી ઊણપ છે. આ ખોડ મને વધુ એટલા માટે સાલે છે કે એને મળતા ઘણા સંપ્રદાયો હસ્તીમાં છે ને આ એક જ બાપડાનો ઉદ્ધારક કોઇ નીકળતો નથી. આ દુનીઆમાં આપણી વતી કેટલી બધી ચીજો બીજા કરી શકે છે એ વિચારો. માબાપ તમારી વહુ પસંદ કરે; બાપ તમારી નોકરી પસંદ કરે; ભાષણકર્તાઓ તમારે સ્વીકારવાના મત તૈયાર કરેઃ ધર્મ-ગુરુઓ તમને પરમેશ્વર પસંદ કરી આપે; વહુઓ રોજની તમારી રસોઈ ગોઠવેઃ આમ મને ને તમને મહેનતમાંથી મુક્ત કરવાની ચિંતા સારી આલમને થયા કરે છે. એ બધાંનું કામ સંસ્થાઓ ને સંઘબળને જોરે ઘણાં વર્ષોથી ધીકે ને ધપે છે. એકએકનું બજાર મંદી કરતાં તેજી તરફ વધારે ઢળે છે. આ સંયોગોમાં કોઇ ઉત્સાહી સંપ્રદાય–સ્થાપક માથે લે કે હરહંમેશ પુસ્તકોને આપણી વતી વિચાર કરવાનું સોંપવું, ને તેની રીતસર સંસ્થા યોજે, તો સ્વાતંત્ર્ય અને આત્મનિર્ણયને નામે થનગની રહેલો આ જમાનો પણ તેને હજારો અનુયાયીઓ પુરા પાડશે એ નિઃસંદેહ છે.

આ કાળનું ખરું વિદ્યાપીઠ તો પુસ્તકાલય જ છે એ મત-લબની કાર્લાઇલની ઉક્તિ છે. મારે મતે, આ કે કોઇ પણ કાળનું ખરું વિદ્યાપીઠ, જ્યાં સ્વભાવોનો પરિચય થાય, શક્તિઓ કસાય, લાયકાત મળે ને અનુભવો સંઘરી શકાય–એવો સંસાર-

વ્યવહાર છે. સજીવ રીતે જીંદગી ગાળવી હોય તો સજીવ માણસો પાસેથી જ ખરું જ્ઞાન મેળવાય. એ વખતે ગોખેલાં ડહાપણોની મદદ નકામી નીવડે છે. અનુભવના રત્નાકરમાંથી જે મળે તે પંડીતાઈના ભોંયરામાં કદી મળ્યું જાણ્યું છે? અંધારું, ધુળધમાસા ને જાળાંબાચકાં એ જ પંડિતમગજ ને પંડિતહૃદયની મીલકત હોય છે તેની કોણ ના કહી શકશે? અલબત્ત, એ ત્રણે ચીજોનું પણ સૃષ્ટિક્રમમાં સ્થાન છે એની ના નહીં; નહીં તો તો પ્લેટોના મનોરાજ્યમાં કવિઓના હાલ થયા હતા તેમ અત્યાર પહેલાં જ પંડિતો અને પુસ્તકપાનાંને આપણે દુનીઆમાંથી બાતલ કર્યાં હોત.

પાંડિત્યના પ્રેમીઓને એક બીજી ચેતવણી એ આપવાની કે પંડિત થયા એટલે હમેશાં માન જ મળશે એવી ભ્રમણામાં રખે રહેતા. પંડિતો અપમાન પામ્યાના દાખલા જોઈએ તેટલા મળે છે. विद्वान् सर्वत्र पूज्यते। એ સૂત્રનો ઉચ્ચારનાર ત્રિકાલદર્શી નહોતો એમ બતાવવું અઘરું નથી. તાંજોરનરેશના નાદાન વર્તનથી પંડિત જગન્નાથને ઓછું આવેલું ને તેમણે એ દેશ છોડેલો; ‘ભોજપ્રબંધ’કારના કહેવા પ્રમાણે કાલિદાસના ચારિત્ર્યથી વહેમાઇને ભોજરાજાએ તેને સભાનીકાલ કર્યો હતો; ડાન્ટેને એના સમકાલીનોએ ફ્લોરેંસમાંથી કાઢી મુક્યાની વાત જાણીતી છે. અને મોંતેન તો પ્લુટાર્કને આધારે એટલે સુધી કહે છે કે રોમમાં એક કાળે વિદ્વાન્ ગણાવું એ ગાળ ખાવા બરાબર હતું; તેમ જ રોમનો જ્યારે સૌથી ઓછા વિદ્યાસેવી હતા ત્યારે જ સૌથી વધારે બહાદુર ને હિંમતવાન હતા. આથી સચોટ દૃષ્ટાંતો પાંડિત્યની પામરતાનાં ક્યાં હોઈ શકે?

આજકાલ ભાતભાતનાં લખાણો ને ગ્રંથો મનને મુંઝવી નાંખે એટલી સંખ્યામાં ને એવી ઝડપથી બહાર પડે છે. તેમાં

શું વાંચવું ને શું નહીં, કોનું કહ્યું માનવું ને કોની સામે પડવું, કોના આદેશને અનુસરવું ને કોને હૃદયાધાર કરી તેનું રટણ રાતદિવસ કરવું–એ કશાની સમજ પડતી નથી. મુશ્કેલી-માંથી બચવાનો એક માત્ર ઉપાય મને તો એ દેખાય છે કે ચોપડી જેવી ચીજનું અસ્તિત્વ જ નકારવું. નિજ વિચાર ને નિજાનંદમાં આપણે જેટલા વધારે મસ્ત રહીશું તેટલી રસિકતા ને પ્રતિભા આપણામાં વધારે વિકસવાની એ ચોક્કસ. ઉદાહરણથી આ વાત સાબીત કરવાની જરુર હોય તો કહીશ કે મંત્રદ્રષ્ટાઓ વાલ્મીકિ, હોમરઃ એ લોકોએ એકે પુસ્તક વાંચ્યાનું કોઇની જાણમાં નથી. એવો આત્મપ્રભાવ ફરીથી જગતમાં પ્રગટાવવો હોય તો એક દૂરદર્શી વિજેતાએ આગલા વખતમાં એલેકઝાંડ્રીઆ ખાતે કરેલું તેમ, આપણા એકેએક પુસ્તકાલયને અગ્નિનારાયણને સ્વાધીન કરવાનો પ્રબંધ થવો જોઇએ. એથી અલબત્ત નવા ગ્રંથો લખાતા બંધ થશે નહીં, પણ દર ફાલ્ગુની પુનમે આ ગ્રંથહુતાશનીની પણ ગોઠવણ થાય તો ટુંક વખતમાં જ અવનવું ને ઉદ્ધારક પરિણામ આવ્યા વિના રહે નહીં.

સફલતાથી એ પ્રયોગ થઈ શકે તો, 'ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે' એ કહેવતનો હાલ પૂર્વાર્ધ જ આપણે ખરો પાડીએ છીએ તેને બદલે તે આખી સાર્થ થશે અને કાગળ-પેન્સીલની કરુણ પરતંત્રતા મટતાં સ્મરણશક્તિ પુષ્કળ કેળ-વાશે. બીજું કેટલીક વાસનાઓ, રોગીલી મનોદશા ને અધી-અલપણું પણ દુનીઆમાંથી ટળશે. આની સાબીતીમાં થોડાં દૃષ્ટાંત લઇએ.

પુસ્તકઘેલા માણસોનાં મન રોગિષ્ટ થઈ ગયાના કે એ ઘેલછાએ તેમને ગંભીર હાનિ કર્યાના દાખલા જગતના કેટ-લાક સૌથી મહાન્ લેખકો પુરા પાડે છે. મહાકવિ મીલ્ટને

અતિવાચનને પરિણામે અંધાપો નોતર્યો. ઇમેન્યુઅલ કાન્ટ વિશે એમ કહેવાય છે કે સતત વાંચન અને વિચારટેવને લીધે એ એટલો સંચારૂપ થઈ ગયો હતો કે વર્ગમાં એ શીખવતો હોય ત્યારે વિદ્યાર્થી વચ્ચે શંકા પુછે તો દિવસો સુધી કાન્ટ વ્યાખ્યાનનો તુટેલો તાર સાંધી શકતો નહીં. પણ કવિ ને ફીલસુફ જ એવા નથી થઇ જતા; વાર્તાનવેશો પણ કોઇ વાર અક્ષરગુલામીની જંજીરમાં જકડાય છે. 'જ્યોર્જ ઇલીઅટ': તેણે ઐતિહાસિક વાર્તા 'રોમોલા' લખવાનાં સાધન ભેગાં કરવાં સેંકડો ઇટાલીઅન ચોપડીઓ વાંચી ને એ વાંચનના ભારે વાર્તાને એટલી ચગદી કે એ તેની સૌથી ઓછી લોકપ્રિય કૃતિ બની.

તમે કદાચ ધારતા હશો કે ભૂતકાળમાં ને પરદેશોમાં જ એ મહામારીનો ઉપદ્રવ ચાલતો હશે, પણ તેમ નથી. બીજી ઘણીખરી બાબતમાં તેમ આમાં પણ આપણું સ્વદેશગૌરવ અણીશુદ્ધ રહી શકે તેમ છે. તેનાં સૌથી સારાં દૃષ્ટાંત સમકાલીન સાહિત્યમાંથી મળે તેમ છે. પણ તે અહીં રજુ કરીને હું સાક્ષરમિત્રો સાથેના મારા મીઠા મધ જેવા સંબંધો જોખમમાં નાંખવા તૈયાર નથી, તેથી પ્રમાણમાં અજ્ઞાત એવા એક સાહિત્યરોગીને હું ઓળખું છું તેની વાત કહીને જ સંતોષ ધરીશ.

મારા એ બાળપણના સ્નેહી થાય. સમજણા થયા ત્યારથી જ તેમને એવી આદત પડેલી કે જુની ચુંથાએલી મેલી કે ફાટેલી ગમે તેવી પણ ચોપડી તેમણે જોઇ એટલે એ ઉપાડીને દયા ઉપજાવે તેવા પૂજ્યભાવથી તેને તપાસવી. મેં કેટલીએ વાર તેમને એવી માનસપૂજામાં મગ્ન જોયા છે. સ્થલકાલના ભેદ એમના સરખા ફીલસુફને મન વસે નહીં એટલે રાત કે દિવસના ગમે તે વખતે ખાનગી કે જાહેર લાઇબ્રેરીમાં,

કોઇ બુકસેલરને ત્યાં કે જુની ચોપડીવાળા વહોરાની દુકાને, એ નાની નિર્બલ નાજુક આકૃતિ વીખરાયલા વાળે, મેલેઘેલે વેષે, હજુ છેક ચીથરું ન થએલી છત્રી હાથે લટકાવીને, ચોપડી ડાબા હાથમાં ઉઘાડી ધરીને બીજે હાથે તેનાં પાનાં ફેરવતી, કેટલીએ વાર મારા મીજાજ અનુસાર મારી અદેખાઇ, દયા કે અચરજ આકર્ષતી. અને ઘરમાં પણ સવારે ચા પીને, પછી જમીને. સાંજે ફરવા જતાં ને છેવટ મોડી મધરાત સુધી તેઓ પ્રિયતમા ચોપડીના પાશમાંથી છુટા થતા નહીં. દુષ્યંત, મજનુ, રોમીઓ: એ ત્રણેને તેઓ પ્રિયાભક્તિનો અનુકરણીય આદર્શ પુરો પાડે તેવા હતા.

એક વાર એમને બહારગામ જવાનું હતું. ઘેરથી નીકળ-વાનો વખત બરાબર થયો ત્યારે જ તેમનાં વહાલસોયાં સ્વજ-નોને તેમના અભ્યાસખંડમાં ખબર મોકલી કે હવે ચાલો નહીં તો ટ્રેન ચુકશો. એ આવ્યા—હવાઇ તરંગોમાં રમતા, આકાશે મીટ માંડતા, જડતાની મૂર્તિ જેવા અને તત્ત્વજ્ઞાનનો કોઇક સજડ કોયડો ઉકેલવાની અથડામણમાં પડેલા.

એ આવ્યા, ગાડીને પગથીએ એક પગ મુકયો ને—પાછું એમનું મન ચરવા ગયું. એમના એમ જ તેઓ ત્યાં થંભ્યા; થોડી વારે કોઇકે ખોંખારો ખાધો એટલે સહેજ જાગ્યા અને ગાડીવાન પર રાતી આંખ તાકીને તેને તપડાવ્યો "ચલાવ, જોઈ શું રહ્યો છે ?" ... ...

—વેદીઆઢોરોને હું કેટલામાં લેખવું છું તેના આગલા સવિસ્તાર ને નીખાલસ કથન પછી દુનીઆ મને તે ગાળ દેવાનું બંધ કરે તો સારું, એ આશા વધુપડતી ગણાશે ?

નવલકથાલેખન

ગ્રન્થાવલોકન લખવાનું કામ જેટલું સહેલું છે એથી વધુ સહેલું કામ નવલકથા લખવાનું છે. એક કુદકો મારવા જેટલું સહેલું છે; બીજું, ભુસકો મારવા જેટલું. અવલોકન લખતાં તો વિદ્ત્તાનો ડૉળ સરખો પણ કરવો પડે, સાહિત્ય-શાસ્ત્રના નિયમો આ નહીં તો આગલા જન્મમાં પણ આપણે જાણ્યા હતા એવો દેખાવ કરવો પડે. વાર્તા લખવામાં તેવી જરુર નથી પડતી. તેમાં નથી જરુર અનુભવની, કે નથી જરુર નિરીક્ષણની. તેમાં જરુર પડે છે માત્ર કાગળની, શાહીની, કલમની, અને અખુટ શક્તિવાળા હાથની.

તે સાધનો મળ્યાં કે તુરત તમે શરુઆત કરી શકશો. તેમ કરતાં પહેલી અને મોટી મુશ્કેલી તમને કથાના નામ વિશે પડશે. પણ યુક્તિથી કામ લેશો તો તમે સહેજમાં જીતી જશો. તે યુક્તિ એટલે અનુપ્રાસ ને અંતર્યમકનો ઉદાર ઉપયોગ. જગતની વખણાએલી અને વખણાવાની કથાઓનાં નામ યાદ કરી જશો તો આ ખુબી વિનાથી તમને ભાગ્યે એકાદ જડશે. જુઓ: Roderick Random; A Race with Ruin, Pride and Prejudice; Nicholas Nickleby; The Man from Manchester, Napoleon

of Nottinghamhill; પેશ્વાઈની પડતીનો પ્રસ્તાવ; રઝળતો રાજહંસ; ચાળીસ હજારનો ચાનજી; કચ્છનો કાર્કિ-ક્યે; સોરઠનું સત; નરગીઝ નાટકકાર; ન્યાયના ખુનમાં નીતિ! મીલનું અમૂલ્ય મણિ; રતન લૉજનું રમખાણ; પાપી પિતા અને સદ્‌ગુણી સીતા; પ્રેમીઓના પ્રેમનો પોષાક; વેરની વસુલાત; પાટણની પ્રભુતાઃ આ અમર અને શિષ્ટ લેખકોના નમ્ર અનુયાયી તરીકે તમારી કથાનું નામ પણ 'તકદીરની તકસીર કે તસબીરની તદબીર?' એવું કૈંક રાખશો તો ચોપડીની અંદર શું છે કે શું નથી તેની બહુ પંચાત કર્યા વગર લોકો તે ચપોચપ ખરીદી લેશે. અને તેવું અસાધારણ વેચાણ એ જ તમારા જેવા ઉછરતા લેખકનો આદર્શ હોઇ શકે.

પછી વિચાર કરવાનો પ્રકરણોનો; તેમનાં મથાળામાં બને તેટલો અદ્‌ભુત રસ છાંટવો, જેથી કરીને તેની લિજ્જત, ખરીદદાર અનુક્રમણી પર નજર ફેરવે ત્યારે, તેને આકર્ષે. બીજું એ પણ ધ્યાનમાં રાખવું કે દરેક પ્રકરણ કોઇક મહાલેખકનાં વચન સાથે શરુ થવું જોઇએ. તે વચનોને પ્રકરણની બીના જોડે જરીકે સંબંધ નહીં હોય તો પણ ચાલશે; જોવાનું એટલું જ કે તે પંક્તિઓ કે ફકરાઓમાં સરસ શબ્દો વપરાયા છે કે નહીં, કોઇ પણ પ્રકારના ઉન્નત ભાવો પ્રદર્શિત થયા છે કે નહીં. વળી એ પણ સંભાળ રાખવાની કે તે મહાલેખકનું નામ સામાન્ય થઇ પડેલું ન જોઇએ. શેકસ્પીઅર ને કાલિદાસ ને કલાપી તો હવે બહુ જુના થઈ ગયા. માટે નવામાંથી જ, ગાય દ મૅાપાસાં, મૅઅટરલિંક, ડૅાસ્ટૅાયેવસ્કી, દાનન્ઝીઓ, એવાં એવાં પ્રૌઢ ને પ્રભાવદર્શી નામો પસંદ કરવાં. આ નામોનો એક બીજો લાભ પણ તમ સરખા વિચક્ષણ પ્રયોજક સાનમાં સમજી જશે. તમે ચૂંટેલી તેમની શબ્દકળીઓમાં કદાચ બહુ સુવાસ નહીં હોય તો પણ, તે ઉણપનો ખંગ તેમના નામોચ્ચારની ભવ્યતાથી વળી રહેશે.

ચૌદે ભુવનમાં, દશે દિશામાં, પાંચે ખંડમાં, ત્રણે કાળમાં, નવલકથાનો વિષય એક જ હોઈ શકયો છે, શકે છે, ને શકશે. તેની એક ખાસ ખુબી એ છે કે જાતે અનુભવ્યા વિના તે આલેખી શકાય છે. અને તેનાં વિશેના લખાણથી ભરવાં હોય તેટલાં પાનાં ઓછામાં ઓછી મહેનતે ભરી શકાય છે. ધુળથી માંડીને આકાશ સુધીની પ્રત્યેક વસ્તુમાં તેનાં દર્શન કરવાનું તમે તમારા મનને શીખવી શકો છો. તેમ જ તે વિષયનાં દૃષ્ટાંતો શોધવામાં પણ જરીકે મુશ્કેલી નડી શકતી નથી. લયલા અને મજનૂ, શિરીં અને ફરહાદ, જુલીઅટ, રોમીઓ અને (સ્વદેશી માલના શોખીન હો તો,) શકુંતલા ને દુષ્યન્ત, મહાશ્વેતા અને ચન્દ્રાપીડ, માલતી અને માધવ, આ નામોમાં જ એવો ચમત્કાર છે કે, બીજું કૈં નહીં તો તેમના ઉલ્લેખથી જ તમારું અરધું કામ પતી જશે. બાકીનું પ્રભુ પર છોડજો; કારણ કે, ખાસ કરીને આ વિષય પર લખવાનું હોય છે ત્યારે તે દયાસાગર ગમે તેવા પામર લેખકને પણ કોઇ ને કોઇ પ્રકારની પ્રેરણાઓ પાઠવવાનું ચુકતો નથી. માટે તેની પર શ્રદ્ધા રાખવી. શ્રદ્ધા એ મોટી વાત છે.

હવે બે બોલ નાયકનાયિકા વિશે. નાયકના નામના છેડે '–ચન્દ્ર' કે '– કુમાર' આવવા દેવામાં ઉત્તમ લેખકપણું રહેલું છે તે ઉચી કલાની પણ નિશાની છે. પછી નાયિકાના નામ તરીકે સરલા અને બહુ તો પ્રમિલા એ નામો સ્વીકારવાં. બીજાં નામો એટલાં ઘસાઇ પીસાઈ ગયાં છે, અને આ નામોની અમર પ્રફુલ્લતા એટલી પ્રબળ છે કે સારા અને સ્વતંત્ર કથાકાર ગણવા માટે તમારે તે પસંદ કરવાં જ જોઇએ. ઉપરાંત તમારે નાયિકાનું વર્ણન આપવું પડશે. આપણા પ્રજ્ઞાન–રત્નાકર પૂર્વજોએ બીજી ઘણી તેમ આ બાબતમાં પણ, આપણી વતી એવું સુંદર કામ કર્યું છે કે તેમણે મહામહેનતે સરજેલા અલંકારો અને ઉપમા-

ઓને અવગણવાં એ ઘોર પાપની નીશાની છે. તમારી નાયિકાના ગુણોની યાદી કાંઇક આવી હોય એ સલાહકારક છેઃ

મુદ્દો ૧ લોઃ તેનું મુખ ચન્દ્રમા જેવું હતું.
„ ૨ જોઃ તેની આંખો હરિણીની આંખો સમાન હતી.
„ ૩ જોઃ તેનો કેશકલાપ નાગેણુ સમો સોહન્તો ને પહાનીની નીચે યે પથરાતન્તો.
„ ૪ થોઃ અધરૌષ્ઠ તેના જાણે પરવરળાંના નાના શા બેટ !
„ ૫ મોઃ કટિ; કેસરીકટિસમોવડ સુહાતી.
„ ૬ ઠોઃ હંસ સમી ચાલે તે ચાલતી.
„ ૭ મોઃ માલતીલતા સમી તેની દેહ ડોલતી.
„ ૮ મોઃ દાડિમકળી શી રચાયલ તેની દંતાવલિ હતી.

હવે એક જ વાતનો ખાસ વિચાર કરવાનો રહ્યોઃ વાર્તાની વસ્તુસંકલના. તેને માટે જેમ ઓછી કાળજી રાખીએ તેમ તે સારી રચાય છે. પક્ષીની પેઠે સર્ગશક્તિને પણ નિર્બન્ધ વાતાવરણમાં સ્વચ્છન્દે વિહાર કરવા દેવાની જરુર છે. માટે, વાર્તા જેમ લખાયે જાય તેમ તેને લખવા દેવી. પંડિતો ને સાહિત્યમીમાંસકો તેવી કથાઓમાં છિદ્રો શોધવાને તત્પર થશે. તેમાં રહેલી "અસંબદ્ધતાઓ" "અસુસંગતતાઓ" અને "પ્રસંગાન્તરતાઓ" વિશે અનન્ત વિવેચનો લખશે. પણ એમ સહુને જ ખુશ કરવા બેસીએ તો વાર્તાનો આરંભ સુદ્ધાં અશક્ય નીવડે. વાસ્તે હાંક્યે રાખવાની નીતિને જ સમજુ કથાકારો સ્વીકારે છે; તમારે ય તેમ કરવું.

તે જ પંડિતો જેને " પ્રતિભાશક્તિ " કહે છે તે તમારામાં ન હોય એ બનવાજોગ છે. (આમ કહીને હું તમારી બદનક્ષી કરવા ચહાતો નથી. માત્ર એક શક્યતા સૂચવું છું.) પણ તે શક્તિના અભાવથી ડરવાની જરુર નથી, કારણ કે તે બહુ શ્રમ વિના ઉપજાવી શકાય છે. જે ગ્રીક ગ્રંથકારે પોતાના શંકાસ્પદ ડહાપણનું પ્રદર્શન કરીને કહ્યું કે " કવિઓ જન્મે છે, બનાવતા

નથી," તેને વીસમી સદી વિશે સહેજે ખ્યાલ નહોતો એ તો દેખીતી વાત છે. તે કથન તેના સમય માટે સાચું હોય તો હોય, પણ બે હજાર વર્ષમાં જગતે એટલી પ્રગતિ કરી છે કે કવિત્વશક્તિ અને પ્રતિભાશક્તિ આ યંત્રોના જમાનામાં ખુશીથી મરજી મુજબ ઉત્પન્ન કરી શકાય છે. તેની ઉત્પત્તિનાં યંત્રો કેવાં અને ક્યાં તે સવિસ્તર ચર્ચવાનો આ પ્રસંગ કે અવકાશ નથી. જગ્યા પણ નથી. લેખ અતિલાંબો થાય એ બીકે તંત્રીની ખફગીમાંથી મારે બચવાનું છે.

આ સ્થિતિમાં આપણે માની લઇશું કે તમે હમણાંથી જ પ્રતિભાશાળી છો. તમે પણ, તમારામાં પ્રતિભા છે એમ માનીને જ આગળ વધજો. આત્મવિશ્વાસ ખીલવવાની એ એક ચાવી છે. 'સ્વસૂચનાનું મહત્ત્વ' એને વિશે તો એક આખું અર્વાચીન શાસ્ત્ર રચાયું છે, એ તમે ક્યાં નથી જાણતા?

પ્રતિભાની પહેલી નિશાની ચમત્કાર છે. તે કદાચ તમારી કૃતિમાં ન હોય તો ચમકાર તો અવસ્ય હોવો જોઇએ, કારણ કે, એક ખોડા 'ત્'ની તે કેટલી કીમત? અને ચમકારા કરવાનું કામ સર્ચલાઇટો પણ કરી શકે છે, તો માણસ જેવા માણસ તમે તે શા માટે નહીં કરી શકો?

હવે એક છેલ્લી વાત કહી લઉં: તમારો સૌથી સરસ ચમકારો આરંભમાં હોવો જોઇએ. "First blow is half the battle" એ ન્યાયે, જો પહેલી લીટીથી જ તમારો પ્રભાવ વાચક પર પડ્યો હશે, તો ખાતરી રાખજો કે તે જાદુમાંથી છુટવાની શક્તિ તેનામાં નથી. આથી તે આદિથી અન્ત સુધી તમને નમ્રપણે અનુસર્યા કરશે. માટે શરુઆત આવી કોઇક રીતની કરજો—

ઉચેરા કો ગિરિની અણીઆળી ભેખડોની કિનારી પર મનોહારિણી એક મુગ્ધા હૈયાફાટ સ્વરે પુકારી રહી હતી કે ... તેવામાં પ્રતાપી એક વીર તરુણે તેનો હાથ સાહીને આત્મહત્યાના અમાપ પાપમાંથી. ...

તમને ઠીક પડે તો મુગ્ધાને સ્થાને યુવાન અને તરુણ ને સ્થાને યોગીરાજને પણ તમે આણી શકશો. અને આમ આરંભમાં નહીં તો આગળ ઉપર પણ યોગીરાજ કે તપસ્વી કે અવધૂતનો ઉપયોગ તમારે જરુર કરવો પડવાનો. જડવાદી પાશ્ચાત્યોની કથાઓમાં તે સિદ્ધ મહાત્માઓ વિના ચાલી શકે, પણ આ આર્યાવર્તમાં લખાયેલા પ્રત્યેક નાટક કે નવલકથાને માટે તો, પાણી ઉંચાણમાંથી નીચાણમાં વહે છે એ સત્ય જેટલું સહજ અને સુનિશ્ચિત છે, તેટલું જ સહજ અને સુનિશ્ચિત આ સત્ય છે કે તેમાં ઓછામાં ઓછા એક જોગીડાની ધુણી તો જગવી જ જોઈએ. તે પાશ્ચાત્યોના નાસ્તિકવાદની શામળી છાયા તમારા આત્મા પર ઉતરી હશે તો દિવ્ય પુરુષોને વાર્તામાં આણતાં તમે વખતે અચકાશો. પણ તેવી અચકામણ નિરુપયોગી છે. આ બાબતમાં હું ને તમે બન્ને નિરુપાય છીએ. આ પુણ્યપુરાણ ભારતવર્ષમાં સફળ નવલકથા લખવી હોય તો અલખઘેલા કોઇક જોગીઓના બાળને આરાધ્યા વિના આપણો છુટકો જ નથી.

આ ઉપરાંત, પાત્રોનાં સર્જન, મનોદશાનાં ચિત્રણ, સંવાદોનાં ગ્રથન, કુદરતનાં વર્ણન, શૈલીનાં ઝરણ, એ પ્રત્યેક વિશે કેટલુંક કહેવા વિચાર હતો. પણ મારી આશા છે કે, ઉપલા સવિસ્તર નિરૂપણના પ્રતાપે તમારી પ્રતિભાને જે પોષણ મળ્યું હશે, અને જેથી તે પ્રફુલ્લિત થઇ હશે, તેની જ સહાયતાથી તમે તે તે વિષયો સમજીને સફળતા પામશો—ખાસ કરીને એટલા માટે કે, આજ પહેલાં અનેક વાર આ સૂચનાઓ, શીખામણો ને સલાહોએ અનેક ઉત્સાહી લેખકોની કીર્તિ અને કાંચનની ભુખ મટાડી છે. તમને પણ તે પરમ તૃપ્તિ મળો એ જ અંતિમ આશિષ.

મોહ પામવાની શક્તિ

મોહ પામવાની શક્તિને જગતે ઘણો અન્યાય કર્યો છે. જ્ઞાનીઓ તેને નરકમાં નાખનાર કહે છે; દુનીઆદારો નિરંતર તેની સામે સાવચેતીનો શબ્દ ઉચ્ચારે છે; હિતેચ્છુઓ ને વડીલો તેનાં માઠાં ફળની મીમાંસા વખતે ને ક-વખતે કરવાનું ચુકતાં નથી. વધુમાં, કેટલાક કવિઓ ને વાર્તા-કારોએ સ્નેહ ને મોહ વચ્ચેના ભેદોનું પારાયણ કરીકરીને પોતાના અજ્ઞાનનું પ્રદર્શન કર્યું છે–'અજ્ઞાનનું પ્રદર્શન' કારણ કે સ્નેહ દિવ્ય હોવાથી દેવલોકમાં સીધાવ્યા વિના તે નકામો છે, ને મોહ આ લોકની જ વિભૂતિ હોવાથી અહીં તો મોક્ષ-સાધન એ જ છે;–આવી સાદી વાત પણ તેમની અક્કલમાં ઉતરી શકી નહીં.

પણ એવાં બધાં સસ્તાં ને આછોતરાં ડહાપણોની ગુંચમાં અંટવાયા વગર સ્વતંત્ર દૃષ્ટિએ વિચાર કરી જુઓ તો જણાશે કે ધર્મ જેટલો અમોઘ છે, ફીલસુફી જેટલી ગગનગામી છે, કલા જેટલી સંપૂર્ણ છે, કવિતા જેટલી રસાળ છે, કુદરત જેટલી વ્યાપક છે ને કર્મની ગતિ જેટલી ગહન છે, તેટલી જ ગહન વિશાળ ને વ્યાપક, તેટલી જ રસભરી; પૂર્ણ ને ગગન-વિહારી, તેટલી જ અમોઘ, આ મોહ પામવાની શક્તિ છે.

તે જીવમાત્રની સહચરી ને જીવનની પ્રેરણા છે. તે તત્ત્વનું તત્ત્વ ને સકળ વસ્તુનો સાર છે. નરી નિવૃત્તિની બાધક છે. પ્રવૃત્તિની પોષક છે. અને આ છેલ્લા ગુણોને પ્રતાપે, તે જગતને તદ્દન જડ બનતું અટકાવીને તેમાં રસિકતા, આનંદ અને ચેતન અહર્નિશ પુર્યા કરે છે.

ભર્યા વિશ્વને આમ પોતાના પ્રભાવથી વશવર્તી બનાવનારી મહાશક્તિને ઉવેખવાનું બળ કયા કાળા માથાના માનવીએ કદી પણ દાખવ્યું છે? જીવનનું કોઈ પણ અંગ લ્યો—હરેક એની એ જ વાત ફરીફરીને ઉચ્ચારશે. એ કહેશે કે યોગીને સદૈવ બ્રહ્મદર્શનનો મોહ થયો છે; ભોગીથી ભોગતૃષ્ણા કદી છોડાઇ નથી; રોગીઓ—શું મનના, શું તનના, હમેશાં પોતપોતાના વળગાડોથી છુટવાના મોહને જ સેવી રહ્યા હોય છે. આમ મોહના પાશથી તદ્દન મુક્ત રહેલો માનવ ઘડવાનું જ બ્રહ્માજી ભુલી ગયા છે.

એ સમજુ ને બલવાન્ સરજનહારે રચેલો સૃષ્ટિક્રમ આપણને પણ માન્ય ને મુબારક હોવો જોઇએ—મને તો છે જ. મારા જેવો મોહનિદ્રાનો કુંભકર્ણ, મોહ પાશોનો બેહાલ કેદી, મોહમાયાનો પરમ ભક્ત, તમને કોઇક જ જડશે. આ સાંભળીને મારા મિત્રો ગભરાશે ને હિતૈષીઓ શોકમાં ડુબશે. તેમાંના કોઈ મને ધિક્કારતાં શીખશે; કોઈ અણદબાતી દાનાઇથી મને સમજાવવા આવશે; કોઇ વળી આઘા બેઠાબેઠા મને સારી બુદ્ધિ સુઝાડવાની પ્રાર્થના પરમેશ્વરને કરવા માંડશે. પણ ગુણ પર અવગુણ કરવાની મારી પહેલેથી જ પ્રકૃતિ છે; એટલે સ્નેહીઓની શુભેચ્છા અને મનાઇઓ છતાં, હું સર્વથા મોહાધીન છું અને રહીશ. તેમજ, નિર્મોહની જાળમાં ફસાએલા ભવાટવીના કોઇ રંક બંધુને ઉપયોગી થાય એ હેતુથી, મોહની

કળા અને તેના લાભોનાં કેટલાંક સ્વાનુભવથી સાધેલાં રહસ્યો અહીં ચોખવટથી સમજાવીશ.

મોહને મુદ્દગર મારવાના હીમાયતી એક સાધુરાજ નિર્દય સાદાઇથી પુછે છેઃ " તારી કાંતા કોણ ? ને વળી પુત્ર કોણ ? " અને સૌ યે મોહસાધકોને તો ક્યારનું જણાઈ ચુકેલું સત્ય જાણે કે નવી વાત હોય તેમ ઉમેરે છે " આ સંસાર અત્યંત વિચિત્ર છે. "

એ પુછનારની અનુપમ વિદ્વત્તા અને તપશ્ચર્યા માટે મને માન છે; છતાં એમના ઉપદેશે મારા પર કદી અસર કરી નથી એટલું નમ્રતાથી જાહેર કરવાની રજા લઉં છું. આ સાંભળીને એ સ્વર્ગસ્થ મહાત્માનો અમર આત્મા (મહાત્માઓની પ્રકૃતિથી જરા વિરુદ્ધ વર્તતો) કદાચ રૌદ્ર રૂપ ધરશે, પણ હું તેમને ખાતરી આપું છું કે મને કાંતાનો મોહ સાધારણ કારણોથી નથી લાગ્યો. એ સ્વરૂપવતી હોત તો તેના સૌંદર્યથી હું લોભાત; એ સુલક્ષણી હોત તો તેના ગુણભંડારની ગણતરીમાં રાતદહાડો ગાળત; એ ઘરકામમાં કાબેલ હોત તો સંસારસાગરમાં નચીંતાઈથી સુખ ભોગવતો વહ્યા જવાની લાલચને હું વશ થાત અને એ કારણથી તેના પર મુગ્ધ રહત.

પણ એમાંનું એકકે મારે લલાટે લખાયું નથી. રૂપ ગુણ અને આવડતની ત્રિવેણી તો શું, તેમાંની એકાદ વેણી પણ મારાં ઘરમાં નથી વહેતી; અને છતાં, એ ઘરની ઘરુણીનો મોહ મને આ લોકમાં છુટનાર નથી, ને પરલોકમાં પણ એ જ મોક્ષ અપાવશે તે વિશે કશી શંકા નથી.

આમ શા માટે ?

જેનું અભિમાન ઈંદ્રાણીને પણ દાખલો બેસાડે અને જેનો સ્વતંત્ર મીજાજ એક વાર તો ભલભલી સફ્રેજેટોની સરસાઇ

કરે, એવાં જોગમાયા મને સાંપડયાં છે. એમનું દીલ જરા જરામાં દુભાય છે; એમણે છણુકો કર્યા વગર કોઇ દિવસ સવારની સાંજ પડવા દીધી નથી; અને પોતાનાં બદ્ધાં જ પીઅરીઆં દેવદેવીઓ અને અમે લોકો તો ભૂમિને ભારરૂપ જંતુઓ, એવો તેમનો ચોક્કસ ને મજબુત અભિપ્રાય બંધાયો છે.

તમે કહેશો કે આવી બૈરીનો મોહ શો ? તેની પર તો ચીઢ ચઢવી જોઇએ.

ખોટી વાત. એના આવા આવા પ્રયત્નપ્રેરક સ્વભાવની છાપથી જે પ્રકારે મારું ચારિત્ર્ય ઘડાય છે, તે તમે જાણો તો મોહનું કારણ વગરમહેનતે તમને સમજાય.

તેના ગુમાનથી માંરો ગર્વ ગળે છે ને હું દુનીઆમાં શાંત ને શરમાળ જુવાન તરીકે પંકાઈ શકું છું. તેણે કરેલાં આજ્ઞાઓનાં ઉલ્લંઘન પરથી હું પણ આત્મનિર્ણયના અમોલા પદાર્થપાઠ શીખી શકું છું. તેની હઠ સામે થતાં મારામાંએ શૂરાતન પ્રગટવા માંડે છે. અને તે માનિનીને મનાવવાના દૈનિક યત્નો દરમીઆન મળેલી તાલીમને પ્રતાપે, આ મેલા સંસારના વહેવારમાં જરુરી એવા દાવપેચ, જુઠાં વચનો ને પ્રપંચખેલનું પ્રત્યક્ષ જ્ઞાન પણ મને મળી રહે છે.

આવા અગણિત ઉપકારોની કરનાર, અનાયાસે ને અહોનિશ વીર રસની સીંચનાર અને વહેવારની વાટિકામાં થથરતાં મારાં પગલાંને સ્થિર રાખવામાં મોટી મદદ દેનાર અપૂર્વ તેટલી જ અદ્વિતીય ઉદ્ધારિણી પર મને મોહ ન હોય, તો હું કેટલો નગુરો ગણાઉં ? કેટલાં નીચ ગણાઉં ?

પુત્રનો મોહ એ સ્વતંત્ર મોહ નહીં, પણ કેટલાક નાનામોટા મોહોનો પોષનાર છે એટલે મારા જેવા મોહવીરને તેના

વિના પણ શી રીતે ચાલે ? અને પુત્રના ઉપયોગો સમજનાર કોઇ પણ માણસ આ વાત સ્વીકારશે. જેની હુશીઆરીની જાહેરાત મિત્રમંડળમાં અને સગામાં કરીને આપણે વગરપૈસે વડાઇ લઇ શકીએ, જેની પર-તેના જ હિતને ખાતર-દોર ચલાવીને આપણા સત્તાશોખને અખંડપણે પોષી શકીએ, કોઇ વાર પ્રસંગ આવ્યે જેનો ભોગ આપીને અર્વાચીન સગાળશા બનવાની સવડ મળે, ને સ્વર્ગની મુસાફરી વખતે જેણે મુકેલાં પિંડ ને પાણી આપણા અટુલા જીવની ભુખ ભાગે ને તરસ છીપાવે: આવા સર્વતોમુખી સુખસાધન પુત્રનો મોહ રાખીએ નહીં, તેને હુલાવીએ નહીં, ફુલાવીએ નહીં, ને સાજો તાજો રાખીએ નહીં તો જીવનમરણના કેટલા બધા સવળા પાડવા ધારેલા પાસા અવળા પડીને શોકના કારણરૂપ થઇ પડે ?

મારે કેટલાક મિત્રો છે. એમને દુનીઆનો બહુ અનુભવ હોવાનું કહેવાય છે. અને તેમણે એ અનુભવની આંખે શોધી કાઢ્યું છે કે મને પૈસા માટે બીલકુલ દરકાર નથી. હું કેવળ આધ્યાત્મિક સત્યોનો અન્વેષક ને ભાવનાઓનો શુદ્ધ ભક્ત છું એમ તેમણે પોતાના સંતોષપૂર્વક નક્કી કર્યું છે.

કેવી ભુલ! કેટલો અકુદરતી આરોપ! અનુભવી આંખોના કેટલા ઝાંખા પ્રકાશનું પરિણામ !

પૈસાનો મોહ ન હોય ? એ આરોપ, બીજું કૈં નહીં તો, મારી માણસાઇને કેટલું અપમાન કરે છે ? જે વિશ્વવિજેતાને માટે ‘ જર ચાહે સો કર’ કહેવાયું તેનું પ્રતાપી શાસનચક્ર મારે શિર ન ફરતું હોય તો હું મનુમહારાજનો કાયદેસર વારસ ન ગણાઉં તેનું પણ કોઇને ભાન રહેતું હોય તેમ લાગતું નથી. અને આ બાબતની મારી લાગણીઓનો તેમને ખ્યાલ હોય તો કૈં ઉતાવળું બોલી નાંખતાં પહેલાં બધા જરૂર બે વાર વિચાર

કરે. જ્યારે કલદાર રુપીઆના ખણુણાટથી મનમોહક બની રહેતી કરંસી બેંક પાસેથી હું પસાર થાઉં છું; જ્યારે કોઇ સંસ્થાના ખજાનચી તરીકે હજારોની નોટોનો થોકડો નજર સામે જોઉં છું; જ્યારે કોઇ નસીબના લીલાને ડર્બીની ટીકીટ ફળેલી સાંભળું છું; જ્યારે એકાદ લખપતિએ લાખોની બાદશાહી સખાવત કરી એમ વાંચું છું; કે જ્યારે કોઇ છેલછકેલને અનગળ ધન વારસામાં મળ્યું એમ જાણું છું; ત્યારે ત્યારે મારી આંખમાં જુદો જ ચમકાર વરતાય છે ને મોંમાં તો પાણીનાં ઝરણાં છુટવા માંડે છે.

અને છતાં, એ જ માણસને પૈસા વહાલો નથી એવી વાતો કરનાર અને સાંભળનાર આ દુનીઆમાં વસે છે. એમાં લોકો એટલા ડુબી ગયા છે કે ખરો ભેદ પામવાની શક્તિ પણ તેમનામાં રહી નથી. મને પૈસા પાસે જવાનું ઘણું મન છે પણ તે જ મારી પાસે ન આવવાની હઠ લઇને બેઠો છે એ ઉકેલ કોઇને સુઝતો નથી. મારામાં કમાવાની આવડત નથી એ અશક્તિને તેમણે અનિચ્છા માની લીધી છે. અને હું એમની અકળ, ઉંડી પરીક્ષકબુદ્ધિનો વિચાર માપવાની કોશેશ હોઠેથી આછું હાસ્ય વેરતો કરી રહ્યો છું.

મહાન મોહોમાં ચોથો મોહ માણસને કીર્તિનો હોય છે. પણ મને કીર્તિનો મોહ જ નથી; તેનો હું આંધળો આશક છું. અગણિત વીરોની એ જરા અવિશ્વસનીય વધૂનો કોડામણો કંથ થવાના મને યે અભિલાષ છે. તેણે આજ પહેલાં કેટલાયને ચઢાવ્યા ને કેટલાયને પાડચા છે; કેટલાયને મલકાતે મુખે ભુજપાશમાં સમાવ્યા છે ને કેટલાયને નફ્ટાઇથી હાથતાળી આપીને દૂર નાઠી છે; કોઇને તેણે જીંદગીભર અમર

આશામાં લટકાવ્યા છે તો કોઇની પર કૃપાદષ્ટિનાં મધુરાં અમૃત સદાસર્વદા વરસાવ્યા કર્યાં છે. આ સઘળાં તેનાં ચરિત્ર જાણવા છતાં, કોટિ ઉપાયે પણ કીર્તિ મેળવવી એવી મારી ઝંખના છે. તેની અજબ મોહનીથી આકર્ષાવું; તેના સ્વર્ગીય કેફમાં ચકચુર રહેવું, તેની હુંફાળી ઓથે રહીને ભલા ભૂપતિ-ઓને પણ તુચ્છ ગણવા; તેના હીરે જડયા સોનેરી સિંહાસને ચઢીને હું મારા જગતનો સર્વસત્તાધિકારી નિયામક છું એમ નિઃશંકપણે માનવું:આ બધા મારા જીવનના સૌથી અમોલા ને સૌથી મીઠા લહાવા છે.

એ અનુભવો આજકાલના નથી; ને ભવિષ્યમાં કેટલે સુધી લંબાશે તેનો ક્યાસ અત્યારે અશક્ય છે.

એ વાત માંડીને કહું:

મને લાડનો હળવો તમાચો મારીને પીરછલ્લાની નિશાળના કુબેર માસ્તરે જે દહાડે મત આપ્યો કે " છોકરો ચાલાક છે " તે દહાડાથી જ મારી કીર્તિની ભુખ ઉઘડેલી. પછી તો નિશાળમાં વારેઘડીએ પહેલે નંબરે પાસ થઇને, કોલેજમાં ઉપરાઉપરી ઇનામો મેળવીને, ક્રીકેટમાં શીલ્ડ જીતવામાં મદદ કરીને, એમ ધીરે ધીરે પેલા પીરછલ્લાયુગના અંકુરો પોષાતા ગયા.

પછી હું ભણી ઉતર્યો એટલે વિકાસ ઝડપબંધ વધ્યો. મેં છાપાં ને ચોપાનીઆંમાં લેખો લખ્યા ને મારી શૈલી વખણાઇ. મેં સાક્ષરો પર હુમલા કર્યા ને તેમના દુસ્મનોએ મારી પીઠ થાબડી. હું તંત્રી બન્યો ને મારી મહેરબાનીથી અણગણ્યા આશાવંત લેખકો બહાર આવ્યા. અને આ હરેક બનતું ગયું તેમ તેમ મારી આંખો મદઘેરી બની, ગતિનું ગૌરવ વધી પડયું, મસ્તકે ઉંચેથી નીચે જોવાની ના પાડી, અને આત્માની વિશ્વવ્યાપકતાનો અદ્દ્ભુત અનુભવ થવા લાગ્યો.

પણ હજી તો જ્યારે હું મોટો થઇશ ને દુનીઆના સાહિત્યક્ષેત્રને વિશે અમર ' સાહિત્યક ' તરીકે પંકાઇશ; જ્યારે હું કુટુંબનો મુખી થઇશ ને દીકરા પરણાવી તથા નાતવરા કરીને મારા વહાલા નાતભાઇઓની વાહ વાહ પામીશ; જ્યારે ધુરંધર શાહસોદાગર તરીકે હું સદ્દગત ચુનીલાલ સરયાની જેમ જગતભરનું રુપું હાથ કરીને ' રુપાનો રાજા ' બનીશ; જ્યારે હું જબરી રકમોનાં જાહેર દાન કરીને છાપાંવાળાઓની પ્રશંસામાં અવતારની ધન્યતા માનીશ; કે જ્યારે તે પ્રતિપળ પાસે ધસી આવતા ભારતીય સ્વરાજ્યની પાર્લામેંટનો પ્રમુખ ચુંટાઇને, કાઉન્સીલરોના વડા મહેતાજી તરીકે મરહુમ આદર્શરૂપ પ્રમુખ શ્રી ચંદાવરકર જેવી કે આપણા વિઠ્ઠલભાઇ પટેલ જેવી સ્વતંત્રતા દઢતા ને ઉગ્રતા તે પદેથી દાખવીશ, ત્યારે–ત્યારે જ મારો કીર્તિમોહ કૈંક સંતોષાશે ને આત્મસિદ્ધિનાં અતુલ સુખોની મને ઝાંખી થશે.

આવી મારી મોહકથા છે. દીલનો એ જરા અસાધારણ એકરાર છે. મેં એ ખચિત જ ન કર્યો હોત, પણ મારી કથા એ–માફ કરશો ?–કદાચ તમારા દીલની પણ કથા હોય એવા સહજ સંદેહથી પ્રેરાઇને, આપણા સમાન મોહના રસિક અનુભવો સરખાવી જોવાની તક મળે માટે જ આ પ્રસિદ્ધ કરું છું.

શરીરમહિમાનું સ્તોત્ર

હે શરીર ! ત્રિલોકમાં તું સરખો મારે મિત્ર નથી, ત્રિકાલમાં તારા સમી શક્તિ લાધી નથી, ત્રિગુણના અનુભવ તેં કરાવ્યા છે તેવા કોઇએ કરાવ્યા નથી.

સત્તાવીશ વર્ષ ! ક્યારે એ આવ્યાં ને ગયાં તેની કોઈને ખબર પણ પડી ? અને છતાં, કલ્પોના અનુભવ એટલા વખતમાં આપણે લીધા. એ અખંડ સહચારની પળેપળ કેટલી બેમૂલ ને બેનમુન હતી ? આવેશની એકેક લહરી આપણ બેઉને કેવું અવનવું વિકસાવતી ? સુખદુ:ખની ઘટમાળે એ વર્ષોમાં શાં શાં સૂક્ષ્મ બંધનથી આપણને નથી બાંધ્યાં ?

આવી અલૌકિક વિભૂતિઓ ધારનારનું સ્વરૂપ પણ, વર્ણવતાં વાચસ્પતિ યે થાકે તેવું પરમ મોહક છે. મારે એના વર્ણનનો પ્રયાસ પણ કરવો એ મિથ્યાભિમાનનું જ પ્રદર્શન છે. છતાં આ ક્ષુદ્ર લેખનીને પહેલેથી જ એવી એવી લાલચોને વશ થવાની ટેવ છે.

તારી સુંવાળી સપાટી, તારી રેખારેખાનો મરોડ, તારાં અંગેઅંગનું લાલિત્ય–ઓ ! સૌંદર્યનો આવો નૌત્તમ નિધિ

બ્રહ્માએ કઈ દૈવી પળે સરજ્યો હશે ? એક તત્ત્વમાંથી તે વિશ્વપિતાએ દમયંતી ઘડી ને તેમાંથી જે વાસીકુસી વધ્યું તેનો ચંદ્ર ઘડયો. મને ઘણી વાર લાગ્યું કે જે પ્રતાપી તત્ત્વમાંથી તારો ઉદ્‌ભવ થયો તેના બાકીભાગમાંથી સૂર્યમાળાઓ અને નક્ષત્રગણો રચાયાં. તેથી જ તારાં ઝહળહળતાં ઓજસમાં સારો ય નરલોક નમાવી શકવાનો પ્રભાવ વિલસે છે.

તારી સુકુમાર શિરાઓમાં કેવું શાંત લોહી વહે છે ? તેમાં ઉછાળાટ નથી, અગ્નિ નથી, વેગ કે ધમાલનો શોખ નથી: છતાં ઉષ્મા તો જોઇએ તેટલી છે. કોઇની કર્કશતા નામે ઝુઝવું હોય કે અંગત અત્યાચારો સામે રક્ષણ શોધવું હોય ત્યારે તારી જ નસોના ધબકારા મને સદૈવ પ્રોત્સાહન આપી શકે છે.

પણ એ પ્રોત્સાહનને હદમાં રાખનારો અંકુશ પણ તને પ્રભુએ બક્ષ્યો છે. શસ્ત્ર ઉગામવાની તાકાત તારામાં નથી. અને તેથી યુગધર્મ પાળવાની સુગમતા તને કેટલી બધી થઇ છે ? એ ખરું છે કે, તને સત્ય શીવાય બીજી વસ્તુઓનો આગ્રહ વિશેષ છે; કદાચ સૃષ્ટ પદાર્થોમાં સૌથી ઓછો આગ્રહ તને સત્ય માટે હશે. પણ અહિંસાનો આદેશ તો તેં પુરેપુરો ઝીલ્યો છે: ખરેખર, કોઈ ઘા કરીને ચાલ્યું જાય તોપણ આંખ સરખી તું ઉંચી કરે એ બનવાનું નથી. એ અસિધારા-વ્રતનું આવું ઘોર પાલન શું ઓછું છે કે એથીએ આકરી કસોટીઓમાંથી તારે પસાર થવું જોઇએ ?

પણ તારી સહનશીલતાએ તારા સત્ત્વને છેક ઝાંખું નથી પાડયું, તારા દીદાર કે દેખાવનાં તેજ હણ્યાં નથી, એ પણ સંતોષ લેવા જેવું છે. અને તેમાં પણ તારી ચાલ ! તેના સવિસ્તર વર્ણન વિના આ નાનું શું ચિત્ર અધુરું જ રહે.

તું ચાલે છે ત્યારે આ અરસિક વીસમી સદીનાં માણસો પણ ધારીધારીને તને નીરખી રહે છે. શો રુઆબ! શાં ગૌરવ! પગલે ને પગલે જાણે–પણ આપણે કવિતા કરવી નથી.

વળી માણસ તો શું, જડ સૃષ્ટિ પણ તને જોઇને મુગ્ધ બને તેમ છે. તારો વિકાસ હજુ વધતો જશે ને તેની સકળ કળા ખીલી રહેશે ત્યારે, પ્રિય સુહૃદ્! મને ખાત્રી છે કે તને પધારતું પેખીને વૃક્ષો, વેલો, ફુલો, બધાં જ, મન્વંતરો પહેલાં મહાગાયક ઓર્ફ્યુઅસની વીણાસંગીતથી વિવશ બનીને તેની પાછળ પાછળ ભમ્યાં હતાં તેમ, તારા ગતિસંગીતનાં એ પિપાસુ બનીને તને જ અહોરાત્ર અનુસરશે ને તેમાં જ અવતારનું સાફલ્ય માનશે.

તારા આવા આવા અનેક ગુણોથી આકર્ષાઇને જ મેં પ્રભુના પદે તને વગરસંકોચે સ્થાપ્યું છે. આ સાંભળીને ધર્મના ધુરંધરો ભ્રકુટી ચઢાવશે, પણ જેનો સાક્ષાત્કાર પુરેપુરો થયો હોય તેને જ પ્રભુ માનવો એ ધર્મમાત્રનો સિદ્ધાંત નથી શું? અને ધર્મના ઉપદેશકોએ તને દેવાય તેટલી ગાળો દીધી છે, છતાં હું સર્વ ધર્મોને પરિત્યજીને તારે એકને જ શરણે આવ્યો છું તે પણ આ જ કારણથીઃ તારા સમો બીજો કોઇ ઉદ્ધારક કલ્પવા મારી સબળ કલ્પના પણ નિષ્ફળ નીવડી છે.

તને મારે લડાવવું નહીં, તારી માગણીઓને વશ થવું નહીં, તારા કોઇ પણ મોહમાં મારે ફસાવું નહીં–આવી આવી આજ્ઞાઓ છે. તને પીડવાનું પરલોક માટે મોકુફ રાખીને અને તારી એકેએકે આશાને ઉલ્લાસથી પુરીને મેં એ આજ્ઞાઓ પાળી છે. એથી વધુ કરવું એ વાત મારી પામર શક્તિઓથી પર હતી.

તારી આટઆટલી ખુબીઓ છતાં, મારા મિત્ર! મેં

દુર્બુદ્ધિએ કેટલી બધી વાર તારું અમોલું ગૌરવ જાળ- વવાની બેદરકારી બતાવી છે ? વાનરની માફક વાળીને તને ડુંગરા ચઢાવ્યા છે, જાહેરસભાનાં ટોળાની ગીરદીમાં તારાં હાડકાં ચંપાવ્યાં છે ને રોજરોજ પેલી નવ–દસની ટ્રેન પકડવા કેટલીએ વાર વીલેપારલેની કાંટાળી વાડો પરથી જીવને જોખમે પણ તને કુદાવ્યું છે. આ ઘોર ને વજ્રલેપી પાપોનું કલંક મારે કયે તીર્થે જઇને ધોવું ?

એક છેલ્લી વાત:

કેટલાક તારી દુર્બળતાને રડે છે ને સબળ કરવાના ઉપાયો સૂચવ્યા કરે છે. એ બાબતની મેં જન્મભરમાં નથી કરી એટલી ચિંતા તેમને છે. અને તબીઅત સુધારવાની એ ભલામણો એકાદ બે કે જેવી તેવી નથી. મારે ફેલોઝ સીરપ પીવું; ચહામાં ક્રુશન સોલ્ટસ ઓગાળવાં: આતંકનિગ્રહવાળાને ખટાવવો: સુવર્ણપર્પટી કે વસંતમાલતી લેવી; વીસનગરના સુવિખ્યાત સ્વામીજીનો મત પુછવો; માથેરાનના લોખંડી પાણીનો લાભ લેવો; છેવટ કૈં નહીં તો બહુચરાજીની બાધા રાખવી કે પછી રોજ ઉઠીને મૃત્યુંજયનો પાઠ કરવો—આ મતલબની વણમાગી, વણખરચાળ સલાહો મારે કાને વાયુની લહરેલહર પર ચાલી જ આવે છે.

પણ શરીર ! આપણા સહચારના એક છુપા ભેદની એ ક્ષુદ્ર જીવોને શી ખબર હોય ? આપણો સંબંધ સાધારણ માટીના માનવી જેવો નથી કે નબળાઇ તેમાં નડતરરૂપ થાય. આનું એ સસ્તા સલાહકારોને શું ભાન ? કહેશે એ કોઇ મને, કે ગાત્રેગાત્ર ઢીલું પડયું હોય છતાં હું આખું મુંબાઈ રખડી શકું, કે નસનસમાં લોહી મુડદાલ પડયું હોય છતાં કલાકોના અખંડ ઉજાગરા કરતો હું લેખો સુધાર્યાં કે પ્રુફો તપાસ્યા કરું, એ

કઇ શક્તિના પ્રભાવે બનતું? ... ... મને તો તેનું એક જ કારણ જડે છે: તારા તરફની મારી બેહદ ચાહનાથી પ્રેરાઇને તેં ગમે તેવી કપરી કસોટીને વખતે પણ મારી સેવા દીલોજાનીથી ઉઠાવી છે. ને કાળને કાંઠે પહોંચવા સુધી પણ તેમ જ ઉઠાવશે એમાં કશો સંદેહ નથી.

'કાળને કાંઠે': એ કરુણાર્દ્ર શબ્દોથી પ્રેરાયલી કલ્પના એક અનિવાર્ય અપૂર્વ દિવસનું ઉજળુંધેરું ચિત્ર આલેખે છે.

નિર્જન વેરાન. ખળખળ વહેતી નદી. જાણે અનંતતા સુધી સીમાઓ વિસ્તારતી વગડાની નીરસ અને નિયમહીણી વિશાલતા. ચોમેરથી સ્વચ્છંદે ધુમતા વાયુના વેગીલા સુસવાટ.

નદીતીરે તારી છેલ્લી શય્યાને વીંટળાઇને આજ સુધીના બંધુજનો બેઠા છે. તેમનો પહેરવેશ પવિત્રતાનું વાતાવરણ સરજે છે; તેમનો કોલાહલ કંટાળો આણે છે; તેમાં કોઇકોઇની બનાવટી ગંભીરતા દયા ઉપજાવે છે.

પણ શય્યા તો એમણે કલા ને કાળજીથી રચી છે. એક લાકડું આડું કે અણસરખું નથી રાખ્યું; એક તણખલું અસ્વચ્છ કે લાંબુંટૂંકું ન રહે એ જોયું છે; એક અવયવ વાંકો કે ચુંકો રહેવા દીધો નથી.

ઉંચે અંતરીક્ષમાં સૂક્ષ્મ સ્વરૂપે વિહરતો હું આ લીલા નીહાળી રહ્યો છું. જે હતું ને જે છે તેની વચ્ચેનું અમાપ અંતર માપવા મથી રહ્યો છું. તારી તરફનો પ્યાર મને રડાવે છે અને વિધિની ફાંટાબાજ રીતો વિચારું છું ત્યારે હસી પડાય છે.

એક ઘડી–બે–ત્રણ. રાખ છંટાઈ; હાડકાં વીણાયાં ને પાણીમાં પધરાવાયાં. ... ...

પણ એ ભૂમિ પરનાં તારાં રહ્યાં સહ્યાં રજકણ પરથીએ મારી આસક્તિ ખસે તેમ નથી. હું એ દિવસ પછી પણ પવનની લહરી પર સ્વાર થઇને તેને અજાણ્યા મુલકોમાં તાણી જઇશ; તારો બનીને મારાં ઝીણકડાં કિરણોથી અંધારી એકાંત રાતે તેને ચુમી લઇશ; વરસાદનાં ટીપાંમાં ભળીને તેના દિવસોના દાહ ઠારીશ; સુરજને સુવર્ણરથે ચઢીને ઉષ્મા વેરતો ટાઢ કે શરદીથી તેની રક્ષા કરીશ.

એમ, ઓ શરીર! આપણે આ લોક જીતશું, પરની પરવા નહીં કરીએ ને અનિર્વાચ્ય એકતા ચંદ્ર ચમકે ને દિનકર તપે ત્યાં સુધી અનુભવશું.

ઓ! આનંદની અવધિ; મોક્ષનો પરમ પ્રસંગ; કાળને પણ હાથતાળી! ... ...

કારણની શોધમાં

મને તે વિશે બીલકુલ જ સમજ પડતી નથી. તે પ્રશ્ન મને જેટલો અકળાવે છે તેટલો એકકે પ્રશ્ને આજ સુધી અકળાવ્યો નથી.

તમે કદાચ વિચારમાં પડશો ને કંઈ કંઈ વિચિત્ર તર્કવિતર્ક કરશો પણ પહેલેથી જ ખુલાસો કરીને હું તમારી ચિન્તા ટાળું છું કે માનવજીવનના મહાપ્રશ્નોમાંનો એકાદ તે નથી. "તું કોણ છે? ક્યાંથી આવ્યો? ક્યાં જવાનો?" એવા એવા જે પ્રશ્નો જીવને પુછવાની ધર્મગુરુઓએ આજ્ઞા કરી છે તેવો એ નથી. તેમજ, "જડવાદ વડો કે ચૈતન્યવાદ? પૂર્વની સંસ્કૃતિ ઉત્તમ કે પશ્ચિમની? સ્વાતંત્ર્ય સારું કે દાસત્વ સારું? 'બ્યુરૉક્રસી' સારી કે 'ડેમૉક્રસી'? મજૂરો ભલા કે મુડીવાળા?" એ સાંપ્રત સમયની પ્રશ્નાવલિમાં પણ તેને સ્થાન નથી.

અને છતાં, મારી સઘળી ય શક્તિઓને તે મહીનાઓથી કસી રહ્યો છે. તેનું ખરેખરું, મૂળ કારણ શોધવા માટે, તેનો સંતોષકારક ઉત્તર મેળવવા માટે, હું ફરીફરીને તે પ્રશ્નને રાતદહાડો મારી સમક્ષ રજુ કરું છું: "રસ્તે જતાં બધાં જ માણસો મારી તરફ ટીકીટીકીને જોયા કરે છે તેનું કારણ શું?"

હું રુપાળો નથી, ધનવાન નથી, પ્રતિભાશાળી નથી; મારી શાન્ત આંખોમાં કનૈયાનાં કામણ નથી; ગ્લેડસ્ટન કે ફીરોઝશા કે ચિત્તરંજનદાસ કે શ્રદ્ધાનંદજી જેવો તેજસ્વી મારો સીનો નથી; તેમ, કોઇક શેકસ્પીઅર કે રવીન્દ્રનાથ જેવી પ્રખર બુદ્ધિમત્તા પણ મારે લલાટે ચમકતી નથી. અને છતાં, હું રસ્તામાં જતો હોઉં કે વાહનમાં બેસીને પસાર થતો હોઉં ત્યારે ઘણાં ઘણાં માણસ મારી પર નજર ઠેરવી રહે છે. રસમૂર્તિ સુન્દરી હોય, શૉખીન જુવાનીઓ હોય, શ્વેતવસની અસહકારી હોય, પાંચ વરસનું બાળક હોય, કડક ચહેરાનો વેપારી હોય, દાઢીવાળો પાદરી હોય, કોઇ મજુર, ટ્રામડ્રાઇવર કે આયા હોય, પણ બધાં–બસ બધાં જ માણસો મને નીરખી રહે છે.

એ શાને લીધે હશે? હું ઠાઠમાઠભર્યાં કપડાં પહેરતો નથી, ટાઇ કે કોલર ચઢાવતો નથી, વગરફ્રેમનાં ચશ્માં પહેરતો નથી, ગર્વથી નાકને ફુલેલું રાખતો નથી, ચાલતી વખત છાતીને સવા ગજ ખીલવતો નથી; તેમ ઘડીએ ઘડીએ કપડાં સમારીને લોકોનું ધ્યાન મારી ભણી ખેંચવાની પણ મને ટેવ નથી. હું તો સાદા વેશમાં, સાદી ગતિથી, સાદી રીતભાતથી, બહુ આમતેમ જોયા વિના, મારે કામે ચાલ્યો જતો હોઉં છું. પણ જગત તો, મેં જાણે તેને ભુરકી નાંખ્યું હોય તેમ મને ને મને જ દેખ્યા કરતું લાગે છે.

એ હશે શાથી? મારો ચહેરો ખાસ કદરુપો નથી. મારા મોં પર મસ નથી; કોઈ ઘાની નીશાની નથી; શીળીના ગોબા નથી; અને બંને આંખો પણ પ્રભુકૃપાથી સલામત છે. જેને “તાડનો ત્રીજો ભાગ” કહે છે તેવો હું ઉંચો નથી. ભદ્રંભદ્ર કે સુદામાને સ્મરાવે તેવું કૈં પણ મારામાં નથી.

ચીના જેવું ચીબું મારું નાક નથી. અને ચીની જેવા નાના શા પગ નથી. જે પગ છે તે પણ, ભર્યું બ્રહ્માંડ જેને

ફુદડી ફરતું લાગે તેવા નીશાબાજના પગની જેમ ચાલતાં ચાલતાં ભાંગી પડતા નથી. હું ગટરનું માપ લેતો લેતો ચાલતો હોત તો, અલબત્ત, માણસો મને જોઇ રહે એ કુદરતી છે; પણ તેમ નથી.

વળી, સત્યાગ્રહીઓની જેમ હજી હું ધોળી ટોપી પહેરતો નથી; પૈડા જેવી ભાવનગરી પાઘડી પહેરતો નથી; બાબુની માફક ખુલ્લે માથે ફરતો નથી.

ત્યારે એ અદ્ભુત, અપૂર્વ, સર્વવ્યાપક આકર્ષણનું શું કારણ? જે મહા સદ્‌ગુણો મારામાં હું પોતે નથી જોઇ શકતો તે બીજાં જોતાં હશે? ભવિષ્યના કોઇક મહાત્મા કે પયગંબરનાં બીજ તેમને મારામાં દેખાતાં હશે? કે પ્રજાનાયકની ઉભરાતી ઉત્સાહિતાના અંકુર મારી મુખમુદ્રા પર ફુટી રહ્યા હશે? કે ... ...

એ હશે શું? મારી શક્તિમાત્રને કસી રહેલા એ અકળ કારણનો ઉત્તર આ પ્રશ્નોની પરંપરા પછી પણ નહીં સાંપડે? એ મુંઝવણનો અન્ત જ નહીં? પૂર્વનાં અસંખ્ય શાસ્ત્રપુરાણો છતાં, પશ્ચિમની અસંખ્ય વિદ્યાઓ છતાં, તપસ્વીઓનાં તપ અને ચિન્તકોનાં ચિન્તવન છતાં, મારી ભીડ શું અણભાંગી જ રહેવાની?

જ્યાં ભલભલા આમ થાકયા છે ત્યાં એક ધૃષ્ટ મિત્રે એક વાર સૂચવ્યું: "એમ તો નહીં હોય કે તું દરેક માણસ ભણી નજર ઠેરવીને જુએ છે તેથી જ એ પણ તારી તરફ તેવી રીતે જોતું હશે?"

આ કેટલી અપમાનકારક સૂચના છે? તેમાં સત્યાંશ હોય તો પણ મારા નિર્મળ ચારિત્ર્ય પર તે કેવાં કેવાં ગંભીર આળ ચઢાવે છે? મારી પ્રતિષ્ઠાને કેટલી અસહ્ય હાનિ પહોંચાડે છે? ... ...

વહેવારની વાટિકા

મગજને બહુ જ શ્રમ આપવાથી અને દોડધામ કરાવનારી દુનીઆની પ્રવૃત્તિઓમાં શરીરસંભાળની દરકાર કર્યા વિના જાણે આંખે પાટા બાંધીને જ ધસવું પડતું હોય તેવી રીતે રચ્યાપચ્યા રહેવાથી રાજપુરુષોનાં ને સાક્ષરોનાં મૃત્યુ પણ થયાં છે એ સત્ય જાણવા છતાં મારા સાહિત્યવિલાસી મિત્ર વિદ્યારામ એ પાળતા નહીં. સવારથી તે સાંજ સુધી, મધ્યાન્હથી તે મધરાત સુધી; તેમના હાથમાં પુસ્તક તો હોવાનું જ અને તેને વાંચવામાં તેઓ એકચિત્તે પરોવાઇ રહેવાના જ. આમ કરતાં કરતાં શરીર ક્ષીણ થવા લાગ્યું અને ઓળખીતાં અને સંબન્ધીઓ જાણે ઓછાં ઓછાં થઈ જતાં હોય તેમ "આ તમારા વિદ્યુંભાઇએ તો વાંચનમાં ને વાંચનમાં જ જીવતર પુરું કરવા ધાર્યું હોય એમ લાગે છે." એમ તેનાં માબાપને કહેવા માંડ્યું. પણ તેની કં અસર મેરુ શા અડગ એવા જ્ઞાનપરાયણ, સરસ્વતી માતાના પરમ ઉપાસક વિદ્યારામભાઈ પર થઇ નહીં.

પછી એક દિવસે આ શબ્દો એમને કાને પડ્યા: "આજ-કાલના છોકરાઓનાં તે કૈં શરીર છે ? કાગળની કોથળી જેવાં ! ફુંક મારીએ ત્યાં ઉડી જાય." તે સાંભળ્યા તે પળથી જ

વિષ્ણુભાઈએ પોતાના ભવિષ્યનું પ્રોગ્રામ ફેરવી નાખ્યું. પૂરતો આરામ, કસરત, આનંદભાવના, શાંત ચિત્ત, સાદો અને પૌષ્ટિક અને સાત્વિક ખોરાક: એ વગેરે તંદુરસ્તીના મુકમશહુર નિયમો તેમણે પાળવા માંડ્યા અને થોડા દિવસ રહીને તો ધીમે ધીમે ‘ કાગળની કોથળી ’માં કંઈક સંગીન પદાર્થની ભરતી થવા માંડી હોય એમ આસપાસનાંઓને લાગ્યું.

પણ લોભને કંઈ થોભ છે ? પોતે ભણવામાં હુશીઆર અને વળી શરીર સારું થવા માંડ્યું એટલે વિદ્યારામભાઈએ મનમાં ને મનમાં જ નિશ્ચય કર્યો કે હવે દુનીઆદારીમાં, વહેવારમાં, અને ઘરના કામકાજ, બજાર લાવવું, ઈત્યાદિ બાબતોમાં પણ થોડું મન દેવું જોઈએ. વિદ્વત્તા અને વ્યાવહારિકતા એ **નિસર્ગ[illegible]** શક્તિઓને પોતાના જીવનમાં ઘટાવવાના આ વિચારનાં આન્દોલનો, માનસશાસ્ત્રના અદ્દભુત અને અકથિત નિયમાનુસાર, તેમનાં બ્હેન અક્કલવતીના મનઃપ્રદેશ પર થઈને અથડાયાં કે કોણ જાણે કેમ, પણ આ નિશ્ચય કર્યો પછી થોડીવારે જ તેમનાં એ મોટાં બ્હેન વિષ્ણુભાઈના અભ્યાસ-ગૃહમાં આવ્યાં.

“ ભાઈ વિષ્ણુ, ત્હને હમણાં જરા વખત છે ? ” તેણે પૂછ્યું.

“ હા, કેમ ? ” વિચારવનમાં ભટકતાં જાણે કોઈ પંખી-રવ અચાનક સંભળાયો હોય તેમ જરા ચમકીને તે બોલ્યા.

“ આ જોને, હરજી તો આજ આવ્યો નથી, ને આપણે મગજ કરવું છે તે ચણાનો લોટ ને એલચી ને ઘી લાવવું છે, તે તું જરા બજારમાંથી લઈ આવીશ ? ” અક્કલવતીએ કંઈક અચકાતાં અચકાતાં આ કહ્યું, કેમકે પહેલી જ વાર તેને

આવું કામ સોપવાનું હોવાથી એ ઝટ લઈને હા પાડશે કે અને કમને જશે કે "તેમાં મ્હને ક્યાં 'ડીસ્ટર્બ' કરવા આવ્યા" એમ મુંઝવાઇ ઉઠશે એની તેને સમજ નહોતી પડતી પણ, "પાણીને બદલે દુધ હાજર કરવા" જેવી વાત થઇ.

"હા લાવોને, એમાં તે શું?" કહીને ધડાક કરતા ઉત્સાહભેર વિદ્યુભાઇ ઉઠ્યા ને હરખમાં ને હરખમાંથી વર્ડઝ-વર્થનો કાવ્યસંગ્રહ જમીન પર પડી ગયો.

"અરરર, જો તો, તારી ચોપડી હેઠે પડી ગઇ" હેતાળ બ્હેને પુસ્તક ઉંચકી લેતાં કહ્યું.

"અરે એમાં તે શું? લાવો; ખંખેરીને મુકો ઉંચું." ચોપડીને સહેજ ડાઘ પડે કે પાનું વળી જાય તો નળરાજા જેવું કષ્ટ આવી પડ્યું હોય તેમ જે વિદ્યારામ દુઃખી થઇ જતા તેમણે અત્યારે વહેવારુ જ્ઞાનના મૂળાક્ષર શીખવા માંડવાના આવેશમાં ચોપડી ધડ કરતીકને બુકકેસ પર ફેંકી અને લાવવાની વસ્તુઓની યાદી કરી લીધી કેમકે અંગ્રેજી કવિતાની ચાલીશ લીટીઓ યાદ રહી જતી પણ આ ચાર વાનાં લાવ-વાનાં તે યાદ રહેવાનો ભરોસો ઓછો. ઝટ કપડાં પહેરી, પૈસા લઇને કોટનાં બટન ખુલ્લાં જ રહેવા દઈ ઘર બ્હાર નીકળ્યા. ટોપીને ઉતાવળમાં છેક વીસરી તો ન ગયા પણ શિખાનું નાનકડું છોગું એક બાજુથી વસન્તવાયુની લહરીમાં રમણ કરી રહ્યું હતું તેની કૈં ખબર પડી નહીં.

બજારના ઘોંઘાટ ને દોડાદોડીમાં આપણે તેમની સાથે જઇએ ત્યાર પહેલાં વાંચનારે એક વાત કાનમાં સાંભળી લેવાની છે. ભાઈશ્રી વિદ્યારામના પિતાનું કુટુંબ સનાતન ધર્માવલંબી ને ઘણું જ ચુસ્ત હતું. વળી તેઓ સર્વોત્તમ ને શ્રેષ્ઠ એવી

નાગર જ્ઞાતિના એટલે ખાવાપીવામાં શુદ્ધતા સાચવવાની તો વાત જ શી કરવી ? વિદ્યારામના સહાધ્યાયીઓ અંદર અંદર આ વિષે ખૂબ મશ્કરી કરતા. "અલ્યા મોહન, આ વિદ્યારામની ધર્મચુસ્તતા તો કૈં ઑર જ છે; જેમ કીડી કરડવા માંડે તે મરે ત્યારે પણ વળગી હોય ત્યાંથી ઉખડે નહીં તેમ ધર્મચુસ્તતા આને તો એવી વળગી છે કે મરતાં યે એ છોડે તેમ નથી. ધર્મ પાળતાં મૃત્યુ થાય અને પરલોકમાં ઈશ્વરને ઘેર જો શાસ્ત્રાર્થ માટે સભાઓ ભરાતી હોય તો પંડિત શ્રી વિદ્યારામ વાક્ભૂષણ તેમાં જરુર અગ્ર ભાગ લેવાના."

આ કટાક્ષોનો ચટકો વિદ્યારામને ઘણો લાગતો, પણ શું કરે ? ખાણીપીણી અને રહેણીકરણીની બાબતોમાં સાંકડા વિચારનાં પડ તેના મન પર એવાં તો વજ્ર સમાન વળગેલાં કે તેને ભેદીને ભીતરમાંનો આત્મપ્રકાશ ખુલ્લો કરવાને મીલ મિલ્ટન ને શેલીની સ્વાતંત્ર્યભાવનાનું સામર્થ્ય પણ ઓછું પડતું. પણ આજે વિદ્યારામના સ્વતંત્ર વર્તનનો જયધ્વજ ફરકી રહેવાનો હતો, વહેમની શ્રૃંખલાઓ એક જ ઝટકે તુટવાની હતી અને વાંચેલું વર્તનમાં મુકવાનો લાભ ક્યારે મળે એમ ઘણા વખતથી મુંઝવણ થયા કરતી તે વખત આજે આવ્યો હતો.

પહેલાં તો અથાણાં વેચનાર એક ગાંધીની દુકાને જઈ ખીસામાંથી નોંધનો કાગળ કાઢીને પુછ્યું : "ભાઈ, ચણાનો લોટ મળશે અહીંઆં ?"

તેની જ નાતનો એક તેનાથી નાનો તોફાની છોકરો ત્યાં બેઠો હતો તે આ સાંભળી ખડખડ હસી પડ્યો. "ચણાનો લોટ અહિંયા ? વિદ્યારામ, મોદીને ત્યાં જાઓ મોદીને ત્યાં, આ તો ગાંધીની દુકાન, આપણે જેને 'ગ્રોસર' કહીએ

તે; 'ગ્રેન-ડીલર' નહીં, સમજ્યા ?" અભિમન્યુ જેવો બાળયોદ્ધો મોટા મહારથીઓને એક પછી એક પરાજિત કરીને હેઠળ પાડતો જાય ને તેઓના મનમાં એથી જ ક્ષોભ અને લજ્જા ઉત્પન્ન થાય તેવી શરમ અત્યારે વિદ્યારામને લાગી : "તેર વર્ષનો થર્ડ સ્ટાંડર્ડ ભણતો લલિત મને વીશ વર્ષના બી. એ ભણતાને આમ કહે ?"

તે દુકાનેથી ઝટ વિદ્યારામ હેઠે ઉતર્યા. બાજુની દુકાન એક ઓળખીતા વૈદ્યરાજની હતી. પહેલાં તો આઘેથી આડી નજરે જોયું કે કોણ કોણ ત્યાં છે. વૈદ્યરાજનો આધેડ વયનો ઓસડ ઘુંટનાર એકલો જ હતો. અને કોઇ ચવીત્રો છોકરો નહોતો એમ ખાત્રી થતાં ત્યાં વહેવારજ્ઞાનપિપાસુ વિદ્યાર્થી ચ્હડયા.

"આપણે ... હરિશંકરભાઇ, આટલામાં ક્યાંઇ એલચી મળશે ?" આ તો આડકતરો જ પ્રશ્ન હતો. દેશી ઓસડમાં કેટલીક વાર એલચી વપરાય છે એવું ક્યાંઇક વાંચ્યું કે સાંભળ્યું હતું તેથી વિદ્યારામના મનમાં એમ જ થયું કે આ ઓળખીતા હરિશંકરભાઇ "હા, આવોને, અહીંથી જ લઇ જાઓ" એમ કહે તો વળી બીજે ક્યાંઇ ઝંખવાણા પડવાનું થાય નહીં.

પણ હરિશંકરભાઇએ "હા આવોને" તો કૈં કહ્યું નહીં, તેમ બાજુની ગાંધીવાળી દુકાન પણ ચીંધી નહીં. સુતારનું મન બાવળીએ એ રીતનું જ તેમણે આદર્યું. "ના ભાઈ અહીંયા ન્હોય" તેમણે ઠંડે કલેજે કહ્યું. "પણ વિદ્યુભાઇ, જરા બેસોને અહિં બાંકડે; કહો, અલક બહેનને કેમ છે ? ઉકાળાની યાદી લખી આપું કે પડીકાં લઇ જવાં છે ?"

દુનીઆદારીની અનુભવવાટિકામાં પ્રથમ પગલાં માંડતા ભોળા સત્યપ્રિય યુવાને જવાબમાં ભરડી દીધું : "હરિશંકર-

ભાઇ, ઉકાળો શો ને દવા શી? મારાં અલક બ્હેનને તો કૈં એ ઠીક ન હોય એમ લાગતું નથી. આજે તો એ ચણાના લોટનું મગજ કરીને ખાવાનાં છે. આ જુઓને, હું બધું લેવા માટે પોણી કલાકથી નીકળ્યાં પણ હજી કૈં સાળું મળતું નથી." એમ કહીને ખીસામાંથી બધી યાદી કરી લીધેલી તે હરિશંકરના હાથમાં મૂકી. તેણે તે લીધી અને છૂટા છવાયા સફાઇદાર અક્ષરે લખેલું વાંચ્યું :

ચણાનો લોટ શેર ૨ાા
ઘી રુપીઆ ૨ાનું
એલચી ૨ાા ભાર
પેંડા ... ત્રણ શેર

કાગળ ઘડી વાળીને પાછો આપતાં હરિશંકરે વિચારવા માંડયું કે હજી તો કાલે જ વૈદ્યરાજ અલકલતાને તાવ તથા ઉધરસ માટે દવા આપી આવ્યા અને આજે તો એ બહેન આ સૌ માલમશાલાની મોજમાં પડે છે ત્યારે ઓસડ કાર ન કરે અને વૈદ્યની આબરુ જાય તો વાંક કોનો?

પણ તેનું પોતાનું દુનીઆનું જ્ઞાન આજે શરૂ થતું ન્હોતું તેથી તે વિદ્યારામ આગળ કૈં આ સંબન્ધી બોલ્યા નહીં ને હાવકે મોંએ યાદી પાછી આપી. વિદ્યારામ અર્ધ-નિરાશ મોંએ ઉઠ્યા અને પગથીઆં ઉતરતા હતા ત્યાં હરિશંકરની નજર પેલી ફુમતા પેરે ઉડતી ચોટલીની અલકલટ પર પડી અને આ બીચારાની કોઈ નાહક ફેકડી કરી હેરાન કરશે એમ વિચારી વિદ્યારામને પાછા બોલાવ્યા, "અરે વિદ્યુભાઈ, જરા આમ આવો તો." "શું છે?" પાછા ફરતાં તેણે પૂછ્યું, "જરા અહીં મારી પાસે બેસો કામ છે."

હરિશંકર વસ્તુઓ ખરીદવાનો કોઈ અવનવો, અણમુલો

સરળ રીત દાખવનાર મંત્ર કાનમાં સંભળાવશે એવી ઝાંખી આશા ધરતા વિદ્યુભાઇ જાજમ પર તેની પાસે બેઠા એટલે તેણે ધીમે રહીને ટોપી ઉંચી કરીને છોગું અંદર સમાવી દીધું. "બસ જાઓ હવે, કોઈ જુએ તો ખરાબ જણાય તેવું હતું."

શરમથી લાલચોળ થતે મ્હોંએ વિદ્યારામ દુકાન છોડી આગળ ચાલ્યા. બધી ખરીદી કરવાની તો ઘેર ગઇ, પણ સ્વમાનના કુંળા છોડ પર આમ ઉપરાઉપરી કાપ મુકાતા દેખી તેના હૃદયને બહુ લાગી આવ્યું. પણ જેમ તેમ મન કઠણ કરીને હવે તો કપડાં પહેરવામાં કૈં ખોડખાંપણ નથી ને એમ તપાસતા તપાસતા અને હવે બોલવા ચાલવામાં પણ ખુબ ધ્યાન રાખીશ એમ નિશ્ચય કરતા બજારમાં આવી પહોંચ્યા.

આસપાસ નજર કરી પણ ક્યાંઈ મોદીની દુકાન જેવું જણાયું નહીં તેમ ન મળે ઘીવાળાની દુકાન. વળી એ પણ મુસીબત હતી કે એ દુકાનો ઓળખવી શી રીતે? ઘીનું તો જાણ્યે સમજ્યા કે તેનાં ઠામ પડયાં હોય, મસોતાં જેવાં કપડાં પહેરેલા દુકાનદાર હોય અને ચારે બાજુ તાજા સારા મઘમઘતાં ઘીની સુરમ ઉડી રહી હોય એ ઘીવાળાનું હાટ હોય. પણ દાણાવાળાનું શી રીતે જણાશે? તેમાં દાણાની ગુણો હશે કે લોટ દાળનાં મોટાં મોટાં પીપ ભરેલાં હશે કે શું હશે?

આમ વીમાસતા વીમાસતા વિદ્યારામભાઈ તો ગભરાયલે ચહેરે આમતેમ જોતા હતા ત્યાં તો વિચારનાં વમળ દૂર થયાં ને આશાનાં કમળ ઉઘડયાં. એક સુખડીયાની દુકાનપર તેમની નજર પડી. આગળના ભાગમાં જુદાં જુદાં ઠામોમાં લાડુ, ગાંઠીઆ, પુરી, સેવ વગેરે સફાઇબંધ ગોઠવી દીધું હતું. ડોક ઉંચી કરીને જોતાં માલુમ પડયું કે દુકાનની પાછળના ભાગમાં

સેવ ગાંઠીઆ એક બાજુ વણાતું જતું અને બીજી બાજુ તળાતું હતું. પછી સદ્‌ભાગ્યયોગે એક ખુણામાં કબાટપર નજર પડી. ત્યાં એક મોટા કથરોટમાં શું ભર્યું હતું ? હા, એ જ એ જ. શું ? ચણાનો લોટ ! વળી બીજી બાજુમાં જ ઘીના ગાડવા પડયા હતા. વિઘુભાઈ વિચાર્યું કે ચા–લો, અર્ધું કામ તો અહીં જ પતી જશે.

દુકાનદાર પાસે જઈને પુછ્યું: " ભાઈ મારે બે રુપીઆનું ઘી ને અઢીશેર ચણાનો લોટ જોઈએ છે તે આપશો ? " આટલું પુછતાંની સાથે જ યાદ આવ્યું કે " આપણે તો નાગર. એઠા હાથે આપેલું અહીંનું ઘી લોટ ચાલતું હશે કે નહીં ? હશે, તેને કહીશું કે હાથ ચોકખા કરીને આપે." આમ વિચારમાં પોતાની તીક્ષ્ણ દૃષ્ટિ રસ્તાપર ચારે દિશામાં ફેંકી અને બરાબર જોઈ લીધું કે વળી કોઇ ચાડીચુંગલી કરે તેવો નાતભાઇ તો આટલામાં નથીને ? આ બાબતની ખાત્રી થતાં દુકાનવાળા તરફ જવાબ મેળવવા જોયું." અલ્યા, તું કોણ છે; કાંઇ સમજે છે છે કે નૈ ? હંઈ તે વળી લોટ વેચતા હશે ને ઘી આપતાં હશે ? માલ હમે હમારે હારૂ લાવીએ છીએ કે વેચી મારવા ? " આવું અસંસ્કારી અને તોછડું બોલવું નવાસવા અનુભવરસીઆને રુચ્યું નહીં. સંસ્કારમૂર્તિઓ ટેનિસન અને એમર્સનના અભ્યાસકને આ વચનો બહુ દુઃખ ઉપજાવનારાં લાગ્યાં પણ આ છેવટના એક કલાકના અનુભવે વ્યવહારકુશળતાનાં કૈંક થોડાં પરમાણું તો આણ્યાં હશે જ કેમકે વિદ્યારામને ઝટ લઇને સૂજ્યું કે આને લલચાવ્યો હોય તો કેમ ? એકના દોઢા ભલે આપવા પડે પણ વધુ રખડપટી તો ના થાય ?

" હવે લાવને ભાઈ, તારે જે લેવું હોય તે લેજે; મ્હારે થોડું થોડું જ જોઇએ છે." કહીને પાંચની નોટ ખીસામાંથી

કાઢી. દુકાનવાળાએ બીજું કામ પડતું મુકીને જલદી થી ને લોટ જોખી આપ્યાં. કૈં "હાથ ચોખ્ખા" તો કર્યાં નહીં. ગરજના માર્યા ને અકળા ગભરાયલા વિદ્યારામ એ વિશે કૈં કહી શક્યા પણ નહીં. અઢીને બદલે પાંચ રૂપીઆ લીધા ને વિદ્યારામ જેવા "ભણ્યા પણ ગણ્યા નહીં" એવા છોકરાઓ રોજ ને રોજ મારી દુકાને આવે એમ ઇચ્છતો તે અંદર ગયો.

વિદ્યારામે બંને વાનાં બે હાથમાં લઈને ફરી એકવાર બધે નજર નાંખી અને જલદીથી એ દુકાનવાળા ભાગમાંથી દૂર ખસી જઇને એક મજુરને બોલાવી તેને માથે તે જ બંને ચીજો મુકાવી ને તેને સાથે સાથે રહેવાનું ફરમાવ્યું "એ નાતજાતનાં બંધનમાં લોખંડી સાંકળોની જેમ જકડાઈ રહેતાં પાર ક્યાં આવે? હું અત્યારે બીજી દુકાનો ખોળવા બેસું તો મ્હારો વાંચવાનો કેટલો બધો વખત બગડે; ને વળી આ કંદોઈ સુખડીઆ વગેરે પણ આપણા જેવાં માણસો જ છે ને? તેની પાસેથી લેવામાં આપણું નાગરત્વ શી રીતે નષ્ટ કે ભ્રષ્ટ થઈ જવાનું? હવે તો સર્વ મનુષ્યોને સરખા ભાઈ જેવા ગણવાનો જમાનો આવવો જોઈએ; નહીં તો ટેનિસનની સાથે આપણે men my brothers એ શબ્દો ક્યાંથી વાપરી શકીએ અને એ સમર્થ મહાકવિરાજની 'અખિલ મનુષ્યજાતિની મહાસભા'ની ઉન્નત ને વિશાલહૃદયી ભાવના કેમ કરીને ખરી પાડી શકીએ!"

આમ વિદ્યારામ વિચારતા જાય ને ધબકતે હૈયે પાછા ચારે પાસ જોતા જાય. વળી મનમાં એમ પણ થતું કે આવી ભીરૂતા શું કામ રાખવી? સમાજસુધારામાં નિડરતા અને નૈતિક હિમ્મતની આવશ્યકતા તો સૌથી પહેલી છે.

આમ વિચારસાગરમાં ઝોલાં ખાતા હતા ત્યાં વળી કોણ

જાણે શાથી તેને મજુર પર ધ્યાન રાખવાનું સાંભર્યું પાછું વાળીને જોયું તો એ ભલો માણસ બરાબર એક ગલીમાં પેસી જવાની પેરવી કરતો હતો. નજર ચુકાવવાની અણી પર એ હતો ત્યાંજ તેને પકડી પાડીને રોફના ચાર છ શબ્દો સંભળાવી દીધા, અનીતિના દોષ અને અપ્રમાણિકતાના પાપ વિશે એક નાનકડું ભાષણ ત્યાં ને ત્યાં તેને આપ્યું અને હવે તો પોતાની આગળ આગળ ચાલવાનો હુકમ આપ્યો.

હવે લેવામાં રહ્યા પેંડા ને એલચી. તેમાં વળી શાંશાં યે વીતક વીતશે ને કેટલો યે વખત લાગશે એમ મનમાં થયા કરતું હતું. પણ ના. અનાથનો બેલી ઇશ્વર છે; તે દુઃખીયાંની વહારે ધાય છે; સંકટ સમયમાં તે જ અલૌકિક કો સાંકળ ખેંચે છે ને છુટકારો બક્ષે છે.

ચાકર હરજી મોડો મોડો પણ નોકરી પર આવ્યો હતો. તેને ખૂબ "ખખડાવ્યા" પછી સ્નેહાળ બ્હેન અલકલતાએ બન્ધુની સ્હાયે તેને મોકલ્યો. વિઠ્ઠુભાઈ મજુરને ભાષણ આપી રહ્યા કે તરત એ સામો આવીને ઉભો.

"અરે હરજી, તું તે ક્યાં હતો અત્યાર સુધી ?" પોતાના છોડાવનહારને આદર દેતાં વિઠ્ઠુભાઇ બોલ્યાઃ "મારું તો છેક માથું પાકી આવ્યું આ બધી કૂટથી !"

"પણ વિઠ્ઠુભાઇ, શું કરૂં ? મારાં ફુઇસાસુ આજે દેવલોક થયાં તે જરા જવું પડયું'તું; લ્યો, લાવો તમે શું શું લીધું ?"

"આ લોટ ને ઘી."

હરજીએ લોટ ને ઘી સુંઘી જોયું. "અરરર, વિઠ્ઠુભાઇ આ ઘી તો ખોરૂં છે. ને લોટના પડીકા પર આ કણક શી ચોંટી છે? તમે ક્યાંથી લીધું. આ ?"

"ગમે ત્યાંથી. તારે કૈં કામ ? સારું ન હોય તો લઇ આવ બીજું. આ રહ્યા રુપીઆ."

હરજીએ રૂપીઆ લીધા.

"પણ કહો તો ખરા, તમે આવું આવું કયાંથી લઈ આવ્યા ? પૈસા બગાડયા તેનો જવાબ તો દેવો પડશેને, અલકબ્હેનને ?"

"એ લીધું ગાંધી–અરે સુખ–પેલા મોદીને ત્યાંથી."

"કીયો મોદી ? આમ થોથવાઓ છ શીદ ?"

"ગમે તે મોદી ! હું કૈં ગામબધાને ઓળખવા બેઠો છું તે આમ પુછ પુછ કરે છે ? જા, મુગો મુગો બધું ખરીદીને આપી આવ ઘેર. મારે એક ભાઈબંધને ત્યાં જવું છે ચોપડી લેવા, તે આવીશ મોડો, કહેજે અલકબ્હેનને."

આટલું કહીને વિદ્યારામ ઝડપબંધ બજારનો લતો છોડી ચાલ્યા. રસ્તામાં વિચાર કર્યો કે આપણે બધું જ વાંચી વાંચીને શીખ્યા છીએ ને આ કામમાં વાંચ્યા વિના,–સિદ્ધાંતના જ્ઞાન વિના આ માથે લીધું માટે જ આમ થયું. બધી બાબતમાં પહેલાં બોધપાઠ ને પછી પદાર્થપાઠ હોય છે એમ તેમને લાગ્યું. તેથી રસ્તામાંની એક જુના પુસ્તકવાળાની દુકાનેથી "વહેવારજ્ઞાનનાં મૂળતત્ત્વો" એ નામની ચોપડી બહુ સારી લાગી તે લઈ લીધી અને ભાઈબંધના ઘર તરફ ચાલ્યા. પણ સાવચેતી એટલી રાખી કે ચોપડી જોઈને મિત્ર મશ્કરી ન કરે માટે ડગલાના અંદરના ખીસામાં એ મુકી દીધી.

ખુલ્લાં બટન

ઉર્ફે યોગી મટી ભોગી બનેલા
આત્માની હરકથામાંથી
અર્ધું પાનું

"અરે છબીલ, પેલા વિનોદકાંતને તું ઓળખે છે કે ?"

"ના ઓળખતો'તો નથી પણ નામ ક્યાંક સાંભળ્યું છે."

"કેમ ભુલી ગયો ? પેલો ! 'વીસમી સદી'માં લખતો'તો; ને હજુ પણ કોઇ કોઇ વાર ક્યાંક દેખા દે છે."

"હા, હા, 'સમાલોચક'માં તેનું કૈંક વાંચ્યું'તું ખરૂં એકબે વાર'

"તેમાં તો વળી કવિતાઓ આપે છે; ને હમણાં વળી નવલકથા કેમ લખવી તેનું શિક્ષણ પણ એ જ માસિક મારફત દુનીઆને આપવા નીકળ્યો'તો."

"એમ કે ?"

"હા, પણ હું તો તને બીજું કહેતો'તો. એના લખાણમાં તો બહુ ભલોભોળો જણાય છે. તેનો હ્યુમર પણ આછો શાંત ને ધીરો છે. પણ તેને પંડને તેં જોયો હોય તો–"

"શું ? કાંઈ......?" (આમ કહેતાં છબીલે અંગુઠો હોઠે અરકાડીને પુછી જોયું કે મને છાંટાપાણીની ટેવ તો નથીને ?)

"ના ના, એવું કાંઇ તો હજી નથી, ને હું તો તેને ઝાઝું

ઓળખતો પણ નથી. પણ એક દહાડો હું ને પેલો કિશોરીલાલ બેંક સ્ટ્રીટમાંથી જતા'તા ત્યાં કિશોરીલાલે એક ઑફીસમાંથી એ વિનોદકાંતને ઉતરતો મને બતાવ્યો. "

"હં ... ... તે કેવો હતો ?"

"છબીલ. તું માનીશ ?"

"હા...ના...કોણ જાણે...પણ હતું શું, કહે તો ખરો ?"

"અરે બીજું તો ઠીક બધું, પણ કોટનાં બટન સાવ ખુલ્લાં."

"સાવ !"

"સાવ. આપણે જાણીએ કેવો ય સદ્‌ગૃહસ્થ ને સમજુ જુવાન હશે. નાગરનો દીકરો એટલે રીતભાત પણ સારી હશે એમ ધારીએ પણ આ તો કૈંજ નહીં"

"કેવું ખરાબ !"

"અરે ખરાબ તો ખરાબ પણ એવું ખરાબ કે ચહેરા પરથી બહુ શાણો ને ગંભીર દેખાય ને આમ જુએ તો ઉઘાડે બટને ઘડીઆળનો સોનાનો છેડો દુનીઆને દેખાડતો ફરે–જાણે એને જ એકને આખા ગામમાં ઘડીઆળ પહેરવા મળતી હશે !"

છબીલ તિરસ્કારભર્યું હસ્યો ને પુછ્યું, "તે એ પહેલેથી જ એવો છે કે કોઇ છેલછબીલ દોસ્તને હાથે દીક્ષા પામીને એવો બન્યો ?"

"નારે, પહેલાં બે વરસ પર એક બેંકમાં નોકર હતો ત્યારે તો કોટનાં પાંચેપાંચ બટન બીડતો. પણ મુર્ખોએ કેવો કે એ સોની નોકરી છોડીને પોણોસોમાં 'ભરતખંડ'નો તંત્રી બન્યો. તે દહાડાથી ભાઈના મગજમાં રાઈ આવી, ને આમ કોટ પહેરવા માંડયો."

"રાઇ તો આવેજને ? આજે તંત્રી એટલે જાણે દેશનો રાજા. એનું પેપર પણ અસહકારી હશે, ખરૂં ને ?"

" હા. મહીનામાં પચીસ દહાડા. બાકીના દિવસે સહકારી–"

પાયધુની—મારકીટ—ફરનાક બંદર—રે રોડ—જાનેવાળા ઉતર જાઓ! બદલી કરો!

અમારી ટ્રામના કંડકટરે આમ બુમ મારી એટલે એ બે જણા ઉઠીને ઉતર્યા અને જેને માત્ર વિવેકખાતર "દસ માણસોને ઉભા રહેવાની જગા" કહેવામાં આવે છે, ત્યાંનાં પંદર–સત્તર માણસોમાં દબાઇને હું ઉભો રહીને ઉપલું સાંભળી રહ્યો હતો, ત્યાંથી નીકળ્યો અને બાંકપર બેઠો. ટ્રામ કોટ તરફ આગળ ચાલી.

* *

અને છબીલનો ભાઇબંધ–આર્યોચિત વિશુદ્ધ વિનયનો એ પરમપૂજક, શયતાની પશ્ચિમની સંસ્કૃતિનો અડગ વિરોધક–છેક ખોટો નહોતો. તેનું દૃષ્ટિબિંદુ એક વખતે મને પણ ખરૂં લાગતું હતું. મારી મુક્તિ મેં મેળવી ત્યાર પહેલાં મારા વિચારો પણ સર્વાંશે તેના જેવા જ હતા.

હું પણ માનતો કે સર્વે અનર્થોનું મૂળ એવી પાશ્ચાત્ય સંસ્કૃતિએ આ દેશને માથે ઠોકી બેસાડેલાં અનિષ્ટોનો પાર નથી. એ રાક્ષસીની વિકરાલ અને અણીદાર દાઢોમાં આખી આર્ય સંસ્કૃતિ ચવાઇને ચુરા થઇ જતી જોઇને દરેક સાચા હિંદપુત્રની પેઠે મને પણ ઘણો ખેદ થતો. હું વીમાસતો કે એ નાસ્તિક સંસ્કૃતિએ આપણને નામશેષ કરી મુક્યા છે. નાતવરા, બાળલગ્ન, રડનકુટ્ટન રીતિ એ અને એવી આપણી પુરાણી અને પુણ્યશાળી સંસ્થાઓ પણ તેને જ લીધે નષ્ટ થશેને? પણ એ દિશાઓમાં તેણે કરેલું નુકશાન તેણે કરેલ એક બીજા નુકસાનને મુકાબલે, સાગરમાં બિંદુ સમાન છે એમ મને વારંવાર લાગતું.

આપણા ઇતિહાસના હિંદુ સમય દરમીયાન આપણે વિવેક-મર્યાદા જાળવીને પોષાક પહેરી શકતા. તે વખતમાં મજેદાર કેડીઆં અને બંડીની રચના જ એવી વિનયવતી હતી કે તેનાં બટન —કે કસ, કે જે હોય તે,—બંધ કર્યાં વગર ચાલે જ નહીં. અરે મુસલમાની સમય દરમીઆન પણ બીજી બાબતોનું ગમે તેમ હોય તોએ, આ વિષયમાં તો આપણી લાજશરમ સગવાયલી. પાસે પાસે ટાંકેલાં ઘીચ બુતાનોનું તે સમયનું અંગરખું જેટલું શોભીતું તેટલું જ વિનયરક્ષક હતું.

એ વિનયના હણનાર પેલા ટોપીવાળાઓ. એણે એવી તરેહના કોટડગલા આયાત કર્યાં કે તેનાં બટન ખુલ્લાં રાખી શકાય, છાલકાઇને ઉત્તેજન મળે અને આર્ય સંસ્કૃતિની વિશુદ્ધ-તાને એક વધુ ફટકો પડે. આજે અસ્પષ્ટ થઈ ગયેલા એ દૂરદૂરના ભૂતકાળમાં જ્યારે મારા આવા વિચારો હતા ત્યારે હું પરમ વિનયભક્ત કહેવાતો. વિનયશીલતા ને શરમાળપણાની બાબતમાં તો મારા મિત્રો કહેતા કે મુગ્ધા પણ કદાચ મારી બરોબરી કરી શકે નહીં.

પણ તે વખતે મારા જીવનનો વિકાસ થએલો નહીં, જીવતાંજીવત સ્વર્ગે વિહરવાની કુંચી હાથ લાગેલી નહીં, વિમોનનો દાંડો હાથમાં આવેલો નહીં. જ્યારથી બેંકનો કલાર્ક મટી તંત્રી થયો ત્યારથી હું જીવનમુક્ત થયો. એ મુક્તિ મેં માત્ર ખુલ્લાં બટન રાખીને મેળવી.

આ મન્ત્ર શીખનાર મારો નવો ધંધો હતો. તંત્રી થએલાને કેટકેટલાં દૈનિકો, અઠવાડીકો ને માસિકો, ને વાર્ષિકો વાંચવાં ને વિચારવાં પડે છે એ તો જેણે માણ્યું હોય તે જ જાણે. એ મીઠી મોજના સ્વાદનું લેશ પણ ભાન આ ગાદીના કારકુન છમીલને ક્યાંથી હોય? એ બધાં વિધવિધ પત્રોમાંના

જે જે નાનાં હોય ને ગજવામાં સમાઇ શકે તેને તેમ મુકવાને લીધે ગજવાં ઠીસોઠીસ ભરાઇ જાય, ને કોટનાં બટન બીડી શકાય જ નહીં તેની એ ક્ષુદ્ર ટીકાકારને શી ખબર ? તે તો એમ જ સમજતો હશે કે ખુલ્લાં બટન રાખીને આર્ય સંસ્કૃતિની વિનયભાવના પર મેં કરેલા અત્યાચારને ઉઘાડો પાડવો એ જ પોતાનું શ્રેષ્ઠ કર્તવ્ય છે.

* *

માયા દેખી મુનિવર ચળ્યા. અને આપણે એમના ધન્ય વંશજો એ પરંપરા અખંડ રાખીને એમની પ્રતિષ્ઠા સાચવીએ નહીં તો પિતૃદ્રોહી ગણાઇએ.

તંત્રી થયો ત્યારે તો ઉપર પ્રમાણે વ્યવહારુ ઉપયોગિતાને લીધે બટન ખુલ્લાં રાખ્યાં પણ હવે ટુંક મુદતમાં તંત્રી મટી જનાર છું. સહુ કોઇ એમ જ માને કે નવી નોકરી કરવામાં છાપા ખીસામાં ભરવાનાં નહીં એટલે હું ફરી પાછો બટન બંધ રાખીને મારૂં આર્યત્વ પુઃન પ્રકાશીશ. પણ–પણ–

ખુલ્લાં બટનની માયા અનેરી છે. મેં હવે તેના ભેદ પ્રીછ્યા છે. એ સાદા અક્ષરોની ઉકેલણ કરતાં કૈં કૈં ગહન તત્વ જડે છે.

શું તમે એમ માનો છો કે હું બંધ બટને ચાલવા માંડું તો બૅંકસ્ટ્રીટ, ગ્રીનસ્ટ્રીટ ને એપોલો સ્ટ્રીટનાં માણસો, આજની જેમ, મને નીરખીને જોવાનું ચાલુ રાખશે ? નહીં જ ! ખુલ્લાં બટન જે મોભ્ભો સાચવે છે, જે ગૌરવ બક્ષે છે, જે ખુશામત આકર્ષે છે, સ્વાતંત્ર્યહીન હીંદમાં અલૌકિક સ્વાતંત્ર્યનો જે મીઠો સ્વાદ ચખાડે છે,–એ સ્વાદ ને ખુશામત, એ ગૌરવ ને મોભ્ભો, પછી તો ઉડી જ જવાના. પછી હું જીવું શાના પર ? આજે જ્યાંરે હું દમામથી પાટલુનના ખીસામાં હાથ રાખીને ભારદાર સ્થિર પગલાં માંડતો ચાલું છું, પવનના ઝપાટામાં કોટની બંને પાંખોને ફફડતી અનુભવીને જાણે આકાશમાં ઉડતો હોઉં તેમ ચતુલ

આનંદ માણું છું. ચાલતાં ચાલતાં ક્યારેક મારા સોનાના છેડા પર દૃષ્ટિ નાંખીને મગરૂરીનાં ઉછળતાં મોજાંમાં નહાઉં છું–ત્યારે–ત્યારે જે સ્વર્ગો સાંપડે છે, એ તો ખોવાનાં જ ને, ખુલ્લાં બટન ન રાખું તો ? ભલે શંકરાચાર્ય કહે કે એ બધી માયા છે, **ब्रह्म सत्यं जगन्मिथ्या** પણ મારી તો ખાત્રી છે કે નદીકાંઠે બેસીને ચાર શિષ્યોને ભણાવવાને બદલે જગદ્ગુરુના નસીબમાં વિધાતાએ આજના શેઠીઆઓ અને યુરોપીઅનોનાં મંડલોમાં હરવાફરવાનું નીરમ્યું હોત તો તેઓ એવા વિચિત્ર અભિપ્રાયો આપી ધૃષ્ટતા કરવા પહેલાં બહુ ઉંડા વિચારો કરત; બહુ તો, એ મહામંત્રપર ચિંતન કરીને સંતોષ માનત. તેને આચરણમાં મુકી શકત નહીં.

બીજું એ કે છેલ્લાં પોણાબે વરસથી મેં આખા મુંબાઇના ખુલ્લાં બટન રાખનારાઓનો અભ્યાસ કર્યો છે. તેમાંના કોઇ બેદરકારીને લીધે, તો કોઇ તુટેલાં બટન ટાંકી આપવાની વહુ આનાકાની કરતી હોય તેને લીધે, તો કોઈ પોતાની ઉદ્ધતાઈનું પ્રદર્શન કરવાના મિથ્યા તોરને લીધે, બટન ખુલ્લાં રાખવા માંડે છે. પણ જે છટા, જે રુઆબ ને ભવ્યતા મારાં પોતાનાં ખુલ્લાં બટનોમાં છે તે સારા મુંબઇમાં ય શોધ્યાં જડતાં નથી.

આવાં બેશરમ કથનોને ઠીક પડે તો હડહડતો સ્વાર્થ કહો, ઠીક પડે તો આજની પાશ્ચાત્ય સંસ્કૃતિનો ચસ્કો કહો; ને ઠીક પડે તો આ કીર્તિભુખને, કવિના શબ્દ વાપરીને "અભિજાત આત્માની અંતિમ નિર્બલતા" કહો.

ઠીક પડે તેમ કહો. હું તો પ્રાણાંતે પણ ખુલ્લાં બટન રાખવાનો ને આ સવિનયભંગના યુગમાં પણ મર્યાદાના કાયદાનો અવિનયભંગ કરવાનો જ; કેમકે એ જ માર્ગે વિચરતાં સનાતન ને પરમ શાંત મુક્તિનાં દ્વાર મારે માટે ઉઘડતાં હું દેખી રહ્યો છું.

બે તંત્રીઓની વાત

"એ તો બધું ઠીક, પણ વિનોદકાન્ત, કોઈ સારો તંત્રી તમારા ધ્યાનમાં છે, તંત્રી? મારે એક છાપું કાઢવું છે પણ કોઈ તંત્રી જડતો નથી. તમે જરા જો જો ને, હોય તો."

તંત્રીઓ શોધવાનું કામ ઘાટી કે કારકુન શોધવા કરતાં વધારે અઘરું ન હોય તેવા સાદે મારા મિત્ર શેઠ મનજીએ ઉપલી વિનંતિ મને કરી.

"તંત્રી? હા, જોઈશ હશે તો. પણ આ વખતમાં કાંઈ ચોક્કસ કહેવાય નહીં. તમારે સારો તંત્રી જોઈએ ખરું ને?"

"હાસ્તો, જેવો તેવો નહીં. કોઈક મજા...નો માણસ ગોતી કાઢો જે વિદ્વાન હોય, ફક્કડ લખનારો હોય ને–ને બહુ મોંઘો પણ પડે નહીં."

"ભલે હું તપાસ કરીશ ને મળશે તો આપને ખબર આપીશ." પછી અમે તુરત છુટા પડ્યા.

વિદ્વાન, ફક્કડ લખનાર, મોંઘો ન પડે તેવો: ત્રણે ગુણો મેં થોડીક વાર ગોખી યાદ કરી લીધા; અને એ ધંધાના

મારા ઓળખીતાઓમાં પુછપરછ શરુ કરી. એ બધાએ હસીને કહ્યું કે એ નવતર ત્રિવેણીસંગમ આ સંસારમાં અશક્ય છે. “પહેલી બે લાયકાત વાળો પૈસા બહુ માંગશે; સસ્તો શોધવા જશો તો ઝડઝમકીઆં લખાણ લખનાર મળશે પણ એનામાં વિદ્વત્તા કેવી ? ને કોઇ ખરો વિદ્વાન તો ગુજરાતમાં આ ધંધામાં પડયો નથી. એ દિવસ હજી ... ... ” આવા આવા જવાબો મને મળતા.

પણ હું આટલામાં જ આશા છોડું તેમ નહોતું. મને એ જ સવાલ થયા કરતો કે એ સંગમ અશક્ય હોય તો તેની માંગણી કરનાર મનજી શેઠ મુરખા જ ઠરે ને ? શેઠની બુદ્ધિ-શક્તિ માટે મને એટલું માન હતું કે એમનામાં મુરખાઈ આરોપવા કરતાં ઉપલા જવાબ આપનારાઓને અજ્ઞાન માનવા એ જ મને વધારે ઠીક લાગ્યું.

આખરે ભવિષ્યભાખુઓ ખોટા પડ્યા. શોધતાં શોધતાં પેલો ત્રિગુણાત્મક યુવાન મને જડી આવ્યો, અલબત, તેની ‘વિદ્વત્તા’ વર્તમાનપત્રો કરતાં બીજા વિષય માટે વધારે ઉપયોગી હતી. પણ મને લાગ્યું કે તે ચાલશે, મનજીભાઇને પણ લાગ્યું કે ઉછરતા યુવાન મંગળપ્રસાદ નવા પત્રનું તંત્રી-પદ સરસ રીતે શોભાવશે.

પત્ર શરુ થયું કે મંગળપ્રસાદે સરકાર સામે કકડાવીને ધુબ્બારો શરૂ કર્યો. માતૃભૂમિ તરફનો તેમનો પ્રેમ અલબત્ત પ્રબળ અને અખંડ હતો; પણ તેથી યે પ્રબળ સરકાર તરફનો તેમનો ક્રોધ હતો. “આ નિરંકુશ નોકરશાહી શું એમ સમજે છે કે જુલ્મ જહાંગીરી હજુ પણ–” આ વાક્યથી તેમના લેખો વારંવાર શરુ થતા. તેમના આ ઉછળતા, વેગીલા ઉત્સાહના પૂરમાં તેમની વિદ્વત્તા તો ક્યાંય ડુબી જતી અને આખા

લેખ પર અમારા શેઠે માગેલ પેલા ફક્કડપણાનો પ્રભાવ પડી રહેતો.

બે ત્રણ મહિના રહીને મનજીભાઇએ મને એકવાર પુછ્યું.

“ આપણે... ...વિનોદકાંત, આ મંગળપ્રસાદે દેશ પરદેશના મોટા મોટા સવાલોનો અભ્યાસ કર્યો હશે કે નહીં ?”

“ હા હું ધારૂં છું કે–”

“ ધારવામાં શું વળ્યું ? હકીકત કહો. ને સૌથી વધુ તો એના લેખો જુઓને ? કેટલા ઉપલકીઆ ને ચોરાઉ આવે છે ? જે તે અંગ્રેજી છાપામાંથી મુદ્દાઓ અદ્ધર ઉંચકીને ભરે છે. આપણા પેપરમાં એમ કૈં હોય ? તંત્રીઓએ તો આ વખતમાં હીંદની આર્થિક સ્થિતિ, ઈજીપ્તની ભાંજગડો, ફ્શીઝમ ને બોલશેવીઝમ, ફ્રેંચોનો લશ્કરીવાદ, આયર્લૅંડની લડત, સામ્યવાદની ફીલસુફી–એવું એવું બધું ઘણું જાણવું જોઇએ ને અહીં તો કૈએ મળે નહીં ”

“ જુઓ મનજી શેઠ ” મારે કબુલ કરવું પડ્યું. “ એ હજુ ગયે વરસે તો કોલેજમાંથી બહાર પડ્યા છે. બી. એ. માં પહેલા વર્ગમાં પાસ થયા છે અને સંસ્કૃત સારૂં જાણે છે બાકી–”

“ પણ એની સાક્ષરીઆ ભાષા કોણ સમજતું હશે ?”

“ –બાકી બીજા વિષયોનું એને ઝાઝું જ્ઞાન નથી. પણ હું તો ધારું છું આવો માણસ તમને ફરી ફરીને મળનાર નથી. અને ભાષાની ફરીયાદ થાય ? તમે માગતા હતા તેવું સુંદર, જોસદાર, ફાંકડું ગુજરાતી તો એ લખે જ છે.”

“ પણ તેથી શું થયું ? ફાંકડાઈમાં જ કંઇ બધું આવી જાય ? ને એ તો રોજ ને રોજ લોકોને ઉશ્કેરવા લખે છે કે ગાંધી કહે તેમ કરો. એ કૈં આપણા છાપામાં કામ આવે ?”

“ આપણે પહેલેથી જ શી વાત થયેલી, મનજીભાઈ ? કે

રાષ્ટ્રીય હિત સચવાય તેવી પત્રની નીતિ રહેશે. ત્યારે તો મંગળ-પ્રસાદ જોડાયા."

"અરે ભાઈ ખરું, પણ રાષ્ટ્રનું હિત એક જ રીતે કે સાચવી શકાય છે? ને ગાંધી તો ખરું કહેતા હોય ને ખોટુંએ કહેતા હોય. એનો વિચાર કે લોકો કરી શકે તેમ છે? આપણો પત્રકારનો ધર્મ છે કે પ્રજાને વિચારતાં શીખવવું–"

"એટલે કે આપણી જ રીતે વિચારતાં; એ જરા જુદી જાતની ગુલામગીરી."

"એવું કોણ કહે છે? કરોને બંને પક્ષની તપાસ. એની મેં ક્યારે ના પાડી? પણ આ તો જ્યારે હોય ત્યારે ગાંધીજી ને મહાત્માજી ને પૃથ્વી પરનો પુરુષોત્તમ ને—"

એ ભાષણ પુરૂં ઉતારવાની જરૂર નથી. ટુંકમાં એટલું જ કે વળતે મહીનેથી મંગળપ્રસાદને બીજે નોકરી શોધવી પડી.

મનજીભાઇના કોઇક બીજા મિત્રે (કારણ કે હું તો હવે તંત્રીશોધનું જોખમ લઉં તેમ નહોતું) થોડા દિવસમાં નવા તંત્રી–'અભ્યાસી' તંત્રી–આણી આપ્યા. તેમણે આધુનિક પ્રશ્નોનો ખરેખર ખુબ અભ્યાસ કર્યો હતો–એટલો બધો કે વિદ્વત્તા અને વિચારના ભારથી લચી રહેલા મસ્તકમાંથી જે લંખાણ બહાર પડતું, તે શુષ્ક ને હૃદયશૂન્ય બનતું. તેઓ યુરોપ, અમેરીકા અને જાપાનને પ્રવાસે પણ જઈ આવ્યા હતા. ત્યાંથી જાતજાતનાં જ્ઞાન અને અનુભવ લાવીને બદલામાં સ્વભાષા ત્યાં મુકતા આવ્યા હતા. પહેલાં તો ગુજરાતી તેમનાથી લખી શકાતું જ નહીં. અને લખવા માંડ્યું ત્યારે જોડણી વ્યાકરણ ને શબ્દપ્રયોગોની એવી કચ્ચર કરવા માંડી કે તેઓ પોતે, પ્રુફરીડર ને શેઠ મનજી શીવાય કોઇ એ લેખો તરફ નજર સરખી પણ કરવાની દરકાર કરતું નહીં.

મેં માન્યું કે આ દોષોનો ભેગ, જે વિચાર ને અભ્યાસ ને અનુભવ શેઠને જોઈતાં હતાં તેનાથી વળી રહેલો તેઓ માનતા હશે. આ અટકળ ખરી છે કે નહીં તે જોવા મેં તેમને એક દહાડો પુછ્યું.

"કેમ, હવે આ નવા તંત્રી તો તમને સંતોષ આપે છે ને ?"

"અરે શું સંતોષ આપે, કપાળ ? એનું લખેલું તો કોઈથી વાંચ્યું વંચાતું નથી. બધા જ બુમ મારતા આવે છે. એના કરતાં તો મંગળપ્રસાદનું લખાણ સારૂં, જરા અઘરૂં ખરૂં, પણ સમજવામાં જરાય વાંધો નહીં. આ તો જાણે વાંચનારના મગજને ઘાણીમાં ઘાલીને પીલતો હોય તેવો અનુભવ કરાવે છે. લેખક એવા હોતા-હશે ?—ને તે યે છાપાના લેખક ?"

મેં એક બીજા ગુણ તરફ ધ્યાન ખેંચ્યું.

"પણ પેલા તો ગાંધીજીની તરફેણમાં બધાને ઉશ્કેરતાને ? આ તો વિચાર કરતાં શીખવે છે, ખોટામાંથી ખરું પારખી લેવાની વિદ્યા ભણાવે છે."

"વિદ્યા શું ધુળ ભણાવે ?" શેઠે હાથના ચાળા સાથે કહ્યું. "આજકાલ લોકોને ગાંધીજી વિના બીજું જોઈએ છે શું ? અને આ એમની સામે લખ્યા કરે છે તેથી તો ગયા બે મહિનામાં આપણા પેપરનો ફેલાવો અડધોઅડધ ઘટી ગયો."

"એમ, ખરેખર ?"

"હાસ્તો." થોડીવાર રહીને "હવે મંગળપ્રસાદ પાછા આવે કે નહીં ?"

"એ તો એની કોલેજમાં લેકચરર નીમાઈ ગયા. અહીં તેમને ઘણી આશાઓ હતી. દેશોદ્ધારની સરસ તક પોતાને

મળી છે એમ માનતા. પણ હવે તો આપણા વર્તન માટે જ્યાં ત્યાં કડવી ફરીઆદ કરે છે. કહે છે કે એ લોકો મને શોધતા આવ્યા ને છાપું જામી ગયું કે મને વહેલો મુક્યો. બીચારાને બહુ લાગ્યું છે.”

થોડીવારની ચુપકીદી પછી મેં છેલ્લો ડામ દીધો.

“પણ હવે તો સુખી છે. કોલેજમાં ગયા ને એનું જીવન સુધર્યું.”

મનજી શેઠે આ પુરું સાંભળ્યું હોય તેમ દેખાયું નહીં. એ નીસાસો નાંખી ચાલતા થયા. અને હું એમના જેવા ભલા માણસને વિધાતા નાહક હેરાન શા માટે કરતો હશે એ સવાલ વિચારતો ઘેર ગયો.

અગ્રલેખનું લેખન

શનિવારે બપોરના બે થયા હતા. તે દહાડે સાંજે અમારા પત્રની રવિવારની આવૃત્તિ તૈઆર થઇને બહારગામ રવાને થવી જોઇએ. તે અંક માટેનું બધું કામ ખલ્લાસ થયું છે એમ માનીને હું નિદ્રાવસ્થામાં ' ક્રોનીકલ 'ને હાથમાં ઝાલીને બેઠો હતો ... ...

" અરે વિનોદરામ ! આ હું કરોછ તમે ? કાલનું પેપર કાઢવુંછ કે નૈ ? કે પછી–પછી અં...અં...અં...બહારગામનાં પાર્સલ બધાં મોડાં જહે જો ! " હું ઝબક્યો, જાગ્યો અને કાલભૈરવ સ્મરણ કરાવતા અમારા પ્રીન્ટરને–છાપખાના વિભાગના મુખી નારણને–મારી સામે ઉભેલો જોયો.

" કેમ, શું છે ? રવિવારની ' મેટર ' તો મળી ગઇને તમને ? "

" અરે હું મળી ગઇ, કપાળ ? અં...અં...અં...અગ્રલેખ કહાં છે હજુ ? આપવોછ કે આપવો જ નથી આ વખતે ?"

" હેં ! અગ્રલેખ નથી આપ્યો ? એ શું ? એમ કેમ બન્યું ?"

" એ તમે જાણો, મને હું પુછો ? મારી પાંહે તો કૈંએ આઇવું નથી. મોકલો જલદી, જલદી, નૈં તો મેનેજર બુમ

મારેછ કે પાર્સલ નહીં જાય તો અં...અં...પ્રેસને નુકસાન, નુકસાન જહેં, કરો જલદી કરો, વેંકો." અને એ બબડતો બબડતો ચાલ્યો ગયો.

હવે શું કરવું? અગ્રલેખ લખ્યા વિના તો છુટકો ન હતો. પણ અત્યારે, ને ઉતાવળે શું લખવું? મારું મગજ હંમેશાં ધીમેથી કામ કરે છે. હાથને પણ ઝડપબંધ ઘસડવાની ટેવ નથી. પણ અહીં તો, જો પાંચ મીનીટમાં શરુઆત નહીં કરું તો નવો તગાદો આવવાનો જ એની મને ખાતરી હતી.

મારા જ ટેબલ પર સામે બેઠેલા અમારા રીપોર્ટર ભાઇદાસે મારી દયામણી સ્થિતિ જોઇને સલાહ આપી, "એમાં ગભરાઓ છો શું, વિનોદકાંત? આ 'ક્રોનીકલ' છે કે નહીં? એના લીડરનું ભાષાંતર કરીને ઠોકોને! ક્યાં તમારા પેપર વાંચનારા—પેલા મારકીટના કારકુનો ને દેશી વેપારીઓ—'ક્રોનીકલ' વાંચવા જવાના છે? હુંમ્... ચલાવો" તેણે બંને આંખો મીંચીને, હોઠ પીસીને, મને વેગ આપતો હોય તેમ જમણી મુઠી હવામાં ઉછાળી.

"પણ એમ—એમ કરાય? 'ક્રોનીકલ' વાળા પછી ફરીઆદ માંડે તો?"

"મીસ્તર!" ભાઇદાસને મળવા આવેલા એક સાહસિક પારસી પત્રકારથી ન રહેવાયું; "મીસ્તર, મને માફ કરજો. પણ તમે ઘના જ બીહીકન દેખાઓછ. તમે હીંદુ લોકોએ બધ્ધુ એમ ને એમ જ ગુમાવીઉં. તમે લઇ રહ્યા સવરાજ... તમારી જગાએ હું હોઉં કેની, તો આય 'ક્રોનીકલ'ને 'તાઇમ્સ' બેઉના આરતીકલ પરથી એવો સોજ્જો મજેનો આરતીકલ બનાવી કાહરું કે કેં પરખાય નહીં; અને લોક બી ખુસ ખુસ થઇ જાય."

એટલામાં હાંફ્લો ફાંફ્લો નારણ પાછો આવ્યો. "એઇ, વિનોદરામ, મોકલો છ લેખ કે કહું મેનેજરને ?"

"અરે મોકલું, ભાઈ, એમ ઉતાવળો શાનો થાય છે ? હજી તો બે પણ—"

"હા, તે બે વાઇગા એ તમારા મનથી ખૌ વહેલું ઓહે, કેમ ? અને તમને ધીરે ધીરે લખતાં હજુ તો કલાક થાહે. એનું કેમ ? એને કહું તે લખનારાં બી અં...અં..." તે લખનારાઓની રીત ને ટેવ વીશે પોતાના નીખાલસ મત ઉચ્ચારતો છાપખાનામાં ગયો.

તેની પાછળ ભાઇદાસ ને તેનો ભાઇબંધ પણ ચહા પીવા, મને હીંમત રાખવાની શીખામણ આપીને, બહાર ગયા. અદેખી આંખોએ તે લહેરીઓને પલભર હું જતા જોઈ રહ્યો. પછી કહોણીઓ ટેબલ પર ટેકવીને બે હાથ વચ્ચે માથું દબાવ્યું; કૈંક પ્રેરણા થઇ આવે માટે આંખો મીચી પ્રભુનું ધ્યાન ધરવા લાગ્યો.

ગુંચવણ એ હતી કે કયા વિષય પર લખવું ? 'ટાઇમ્સ ઓફ ઇંડીઆ' ને 'બોમ્બે ક્રોનીકલે' તે દિવસે એકજ વિષય પર–શ્રી. શાસ્ત્રી અને શાહી પરિષદ વીશે–લખ્યું હતું. એ બે પત્રોમાંથી તફડંચી કરવાની છુટ કોઇ કોઇ દેશી છાપાવાળા લે છે; મેં પણ કોઇ વાર લીધી હશે. પણ આજે તો મારા મનમાં આ તુક્કો ઉડયો હતો કે એટલા બધા પરતંત્ર રહેવું હોય તો સ્વતંત્રતા માટેના આપણા બધા પછાડા શા કામના ?

પછી એક બીજું સુઝયું. અસહકાર વીશે લખું ! સહેલું ને સટ. પણ તરત જ મને લાગ્યું કે એ બાબત તો ગયે જ અઠવાડીએ મેં ચર્ચેલી. અને લોકો પણ હવે એટલા બધા

અસહકારના જાણકાર છે કે એમના જ્ઞાનમાં હું ઉમેરો કરી શકું એ અશક્ય લાગ્યું. અલબત્ત સીફતથી નિરર્થક પુનરુક્તિઓ કરીને ચીતરવાં હોય એટલાં કોલમ ગમે તે સંજોગોમાં અસહકાર વીશે ચીતરી શકાય છે, પણ મને કૈંક નવું કરી બતાવવાનું ભૂત વળગ્યું હતું. ત્યારે કરવું શું?

ઘણીવાર મને પેન્સીલ ઘડતાં પ્રેરણા થઇ આવે છે. તે ઉપાય પણ પેન્સીલની અણી તુરતની કાઢેલી હોવા છતાં, અજમાવી જોયો. ત્રણ વખત જાણી જોઇને અણી બટકાવી નાખી પણ પ્રેરણા તો ન થઇ તે નજ થઇ.

હવે? મગજ ઘુમતું હતું, તેમાં વળી આગલી રાતે ઉંઘ ખુબ મોડી આવેલી—એક વાગે. પાણી મંગાવીને આંખે છાંટયું. હોટેલમાંથી કોફી લાવવા સીપાઈ ને મોકલ્યો. અને તે આવે ત્યાં સુધી નિદ્રાવશ થઇને ખુરશીના ઓઠીંગણ પર માથું ઢાળ્યું.

"સાબ, પ્રીંટરને વો દીયા."

પ્રીંટરની લેખ માગતી ચીઠ્ઠી અને કોફી સાથે જ આવ્યાં. મેં નારણને લખી મોકલ્યું કે તારે હવે ફીકર કરવી નહીં. મને પ્રેરણા થવા માંડી છે, કોફી પણ આવી પહોંચી છે. લખાય તેમ તેમ લેખનાં પાનાં તને તાબડતોબ મોકલવા માંડું છું.

જે બાબત વીશે વાંચનારાઓ બહુ થોડું જાણતા હોય તેને વીશે જબરા ડોળદમામ સાથે લખવું એ પત્રકારનો ધર્મ છે. આમ કરવાથી આપણી વિદ્વત્તાની છાપ સારી પડે, અને ભુલો પકડાઇ આવવાની ધાસ્તી ન રહે. આ સિદ્ધાંતોને આધારે પશ્ચિમના દેશોની પ્રજાની ઝાટકણી કાઢવાનો વિષય ઠીક પડશે એમ માનીને મેં આખરે શરુ કર્યું:

"પશ્ચિમની પુણ્યહીણી પ્રજાઓના પાપનું માપ માપ્યું મપાય તેવું હવે રહ્યું નથી. તે અમાપ છે, અગાધ છે, અસાધ્ય

છે. મેરુ કદીક ચળશે, સમુદ્ર કદીક માઝા મુકશે, શેષ કદીક શિર્ષ ડોલાવશે, પૃથ્વી કદીક ગંધ તજશે, પ્રકાશ કદીક તિમિર થશે, સૂર્ય કદીક ચંદ્ર બનશે, ચંદ્ર કદીક તારો બનશે ને હરેક તારો કદીક ધૂમકેતુ થઇ જશે,–પણ આ પાપિણી પાશ્ચાત્ય પ્રજાઓ કદી–કદી પણ પુણ્યપરાગસોહાગવંતી નહીં થાય તે નહીં જ થાય!"

એ ફકરો મેં ફરી ફરીને બે ત્રણ વાર વાંચ્યો. તેના સૌંદર્ય પર હજી હું મોહી રહ્યો નહોતો ત્યાં તો બીજું રત્ન મારી પેન્સીલમાંથી ખરી પડ્યું:—

"શી રીતે થાય? ન જ થાય! તેના આજના રંગઢંગ તો જુઓ! આજના તેના કારમા કુછંદ તો જુઓ! તેના રાજપુરુષો મહાભારતભાખ્યા[1] રાવણરાજનાં નહીં તો કોનાં સ્મરણ કરાવે છે? તેના ધંધાદારીઓ ને મુડીવાદીઓ દુર્યોધન–મામા શકુનિ સમા નથી તો કોણ છે? તેની નીતિભ્રષ્ટતા જેટલી નીચ છે તેટલી જ તેની ન્યાયનષ્ટતા ગલીચ નથી શું?" ... ...

"કેમ કૈં થીયું કે જવા દઉં પેપર એમ ને એમ?" નારણનો ચીચવાતો સ્વર મારી કલ્પનાસૃષ્ટિમાં સુણાયો. મેં એ સૃષ્ટિમાં રહ્યે રહ્યે જ–પેલાની સામે જોયા પણ વિના, નીચે માથે લખ્યા કરતાં–તેને બ્લોકમાંથી લખાએલાં પાનાં ફાડી આપ્યાં અને આગળ ઝુકાવ્યું:—

'ત્યારે હવે તેવી પ્રજાઓનું ભવિષ્ય કેવું થશે તે કહેવાની જરુર છે? અમારી માફક જેઓ તે વાંચી શકે છે તેમની આંખ સમક્ષ તો તે ધગધગતા અગ્નિ–અક્ષરે આકાશના ઉંબરામાં અહર્નિશ લખાએલું નજરે ચઢે છે. તે ભવિષ્ય શું છે? તે ભવિષ્ય આ છે–આ યુરોપ! આ અમેરીકા! આ આથ-

મણા દેશોની દુષ્ટ પ્રજાઓ ! પાપોનાં પ્રાયશ્ચિત્ત હવે શરુ કરો, તમારો નાશ નજીક છે—નજીક છે !"

"બસ કરો, બંધ કરો, હવે જગ્યા નથી બંધ કરો" કહેતાં કહેતાં મદદનીશ પ્રીંટરે આવીને, આગળ ઝુકવા તલસી રહેલી મારી પેન્સીલ પર હાથ મુક્યો. મને પણ લાગ્યું કે પયગંબર ચેતવણીના પુકાર પાડે તેવા પુકાર સરખા એ છેલ્લા ભયાનક વાક્ય સાથે લેખ પુરો થવાથી તેની અસર ખુબ થશે એટલે પેલાને ઉતાવળે કાગળીઆં એકઠાં કરવામાં મદદ કરીને રવાને કર્યો.

એ ગયો એટલે અધુરી કૅાફી પુરી કરી, પેન્સીલ ટેબલ પર નાખીને મેં 'ક્રોનીકલ' પાછું ઉથામવા માંડયું. અને લેખનાં પ્રુફ તપાસીને ક્યારે ઘરનો રસ્તો લેવાનું બની શકશે તેની ગણત્રી ઘડીઆળ તરફ જોઇને કરવા માંડી.

૧. અહીં 'રામાયણભાખ્યા' જોઇએ એમ કોઈએ પાછળથી ધ્યાન ખેંચેલું. મેં કહ્યું, 'ભા-ભા' ના અનુપ્રાસની ઝમક માટે આમ લખ્યું છે.

શ્રીયુત શાન્તિપ્રસાદ મ્હેતા બી. એ.

એક શાન્ત વ્યક્તિનું શાન્ત ચરિત્ર

શાન્તમૂર્તિ શાન્તિપ્રસાદ મહેતા મ્હારા અંગત મિત્ર થાય. અમારા બંનેના સ્વભાવમાં તો ઉત્તર દક્ષિણનો તફાવત: મ્હારો સ્વભાવ આકળો ને ધાંધલીઓ; શાન્તિપ્રસાદનો ઠરેલ અને ધૈર્યવાન. આમ હોવા છતાં અમારાં હૃદય વચ્ચે કાંઇ અદ્‌ભુત આકર્ષણ હતું. અને જગતમાં એવી મૈત્રીઓ થોડી જ હશે એમ બધા કહેતા. વળી, મ્હારા ઉતાવળીઆ સ્વભાવ પર શાન્તિપ્રસાદ અંકુશરૂપે પણ હતા, અને એકવાર મ્હને આત્મહત્યાના ઘોર પાપમાંથી બચાવ્યો હતો.

અમે બંને કૉલેજમાં હતા ત્યારથી જ અમારી વચ્ચે ગાઢ સ્નેહ હતો—અને અહિં પણ મ્હને સુધારનાર તરીકે શાન્તિપ્રસાદનો હું ઘણો જ ઋણી છું. મ્હારી ટેવ પ્રમાણે હું તો પ્રોફેસરો સ્હામે ગમે તેવી ટીકા કરતો: તેમની ઢપછપની મશ્કરી કરતો; તેમની બોલવાની રીતના ચાળા પાડતો; ફલાણા પ્રોફેસરને તો કાંઇ જ આવડતું નથી, એવાને અહીં રાખ્યા કોણે ? એમ કહેતો; અને કેટલીક વાર તો ' પ્રોફેસર

અમુક મિસ તમુક સાથે પગથી તે માથા સુધી પ્યારમાં છે' એવું એવું નિર્લજ્જ ભાષણ કરતો. આવે વખતે મ્હારા શાન્તમૂર્તિ મિત્ર મ્હને ધીરો ટપકો આપીને કહેતા કે આવાં અવિચારી અને ઉચ્છૃંખલ વચનોના ઉચ્ચારથી હું વાતાવરણને કલુષિત કરૂં છું. અને મ્હારા અમૂલ્ય આત્માને હેઠો પાડું છું. એ દુષ્ટ ટેવોનો સમૂળગો નાશ કરીને શાન્તવૃત્તિની ખીલવણી માટે તેઓ પોતાના ગંભીર તત્વચિન્તકોનાં–પ્લેટો, ગેટે, એમર્સન ઇત્યાદિનાં–પુસ્તકોનો અભ્યાસ કરવાની મ્હને "મજબુત ભલામણ" કરતા. હું એ મહાગ્રંથો વાંચવા માંડતો અને ત્રણેક પાનાં વાંચીને ત્હેને ટેબલ પર પછાડતો.

આ પ્રકારની ઉદ્યમપ્રિયતા અને અભ્યાસશીલતાને લીધે હું પહેલે જ વર્ષે બી. એ. થઇ શક્યો નહિ, પણ શાન્તિપ્રસાદ તો થઈ ગયા. શાણાં માણસો જેને "પ્રલાપ" કહે એવું મ્હેં ઇર્ષ્યાના આવેશમાં બોલવા માંડ્યું: "એ બીલકુલ 'સ્પિરિટ' વિનાનો માણસ પાસ થઇને લોકોની વાહ વાહ મેળવે, ને મ્હારા જેવા 'સ્પિરિટ'થી ઉભરાતા વિદ્યાર્થીને જગત આગળ નીચું જોઇને ચાલવું પડે. એ તે શું કહેવાય? ઇશ્વર અન્યાયી છે એમ કહેવામાં હવે પાપ શાનું? શું ત્હેની એકલાની જ મહેનત ને મ્હારી નહિ?" (મ્હારી આ 'મહેનત' તો એવી કે આખાં બે વર્ષ ટેનિસની મ્હજામાં ને બિછાનાના સેવનમાં કહાડેલાં; પણ તેથી શું થયું? મ્હેં 'મહેનત' કરેલી એ ચોક્કસ.)

મ્હારી નિષ્ફળતાથી હું બહુ જ નાસીપાસ થયો અને નિરાશાથી દાઝતે હૃદયે ચાલ્યો બજાર તરફ સોમલ ખરીદવા. કોણ જાણે ક્યા દુષ્ટ દૈવે તે વખતે શાન્તિપ્રસાદને પણ તેજ રસ્તે મોકલ્યા. હું તો આડું જોઇને ચાલ્યો જતો હતો કેમકે એ જાણે તો મ્હને અટકાવે એ હું સારી પેઠે સમજતો હતો.

પણ તેમની શાન્ત ને સ્વસ્થ દૃષ્ટિ રસ્તાના ખૂણેખૂણાનું અવલોકન કરી રહેલી એટલે તેમણે મ્હને દીઠો અને હું દૂર જાઉં ત્યાર પહેલાં તો, પોતાની રોજની ધીરી ચાલ એટલી વાર વેગળી કરીને, મ્હને પકડી પાડયો અને હું છટકતો હતો તે કાંઇક નીચ હેતુથી જ હોવું જોઇએ એમ શક પડવાથી, મ્હારી ગમે તેવી નામરજી છતાં એ ખરી વાત મ્હારે મ્હોએ કબૂલ કરાવી.

"અરરર ! વિનોદ, એવું પાપ ?" મ્હારા ભાંગ્યા તૂટચા શબ્દો થોડી વારે સમજાયા (કેમકે તેમની સમજશક્તિ પણ જરા શાન્ત છે) એટલે તેમણે મ્હારો હાથ ઝાલીને કહ્યું.

"શાન્તિપ્રસાદ, જવા દો, જવા દો મ્હને" હાથ છોડવતાં હું બોલ્યો; મ્હારૂં જીવતર જ હવે ઝેર ઝેર થઇ રહેશે ત્યારે હમણાંથી જ ઝેર પીને તેનો અન્ત આણવો શો ખોટો ? હું જીવ્યો જ નહોતો એમ માની લેજો."

"અરે પણ એમ તે હોય ?" મ્હારો હાથ હવે બેવડા જોરથી પકડતાં તેણે કહ્યું "આવું પાપ કયાંઇ થાય ..."

"શા માટે ન થાય ? રોજ થાય છે–મુંબઇનાં છાપાં વાંચો."

"અરે છાપાં શું વાંચે ? આત્મહત્યાને તો સાત સાત ભવ સુધી કીડાનો અવતાર મળે છે. અને આ અમોલો માનવ જન્મ કેટલે ભવે કેમ મળે છે તેનું કાંઇ ભાન છે ત્હમને બધાને ? નાહકના નરકવાસ શોધવા શીદ નીકળો છો ?" ત્યાર પછી ફિલસુફી અને ધર્મજ્ઞાનનો કેટલોક બોધ મ્હને આપ્યો અને ડાન્ટેને સ્મરાવે તેવું નરકયાતનાનું ભયોત્પાદક વર્ણન કરી બતાવ્યું, અને મ્હારી કનેથી વચન લીધું કે આપઘાતનો વિચાર જ છોડી દેવો.

એ પોતાને રસ્તે પડ્યા એટલે મ્હારા હૃદયમાં સેતાન ફરીને જાગૃત થયોઃ "આ તે શું હરિશ્ચંદ્રનો જમાનો છે કે આપેલાં વચનો પાળવાં જ જોઇએ ? નહિ, હું નક્કી આત્મહત્યા કરવાનો. અને શાન્તિપ્રસાદને શું ? મ્હને મ્હોંની શીખામણ આપવામાં એનું શું ગયું ? એને કાંઇ છે પીડા ? સ્હેલથી પાસ થઇને ન ફકરે જીવે ફરે છે. કાલ સવારે નોકરી મળશે પચાસપોણોસોની એટલે એનું જીવન તો ધન્ય ધન્ય થઇ રહેશે, ને મ્હારે હજી એનાં એ થોથાં ઉથલાવવાનાં—એનો એ માથું ખાતો બેકન, એનો એ ધડાકા કરતો કાર્લાઇલ, એનો એ ખુન ચિતરતો શેકસ્પીઅર ! આ તે કાંઇ જીંદગી છે ?"

વિચારમાળાના મણકા આમ પરોવતો પરોવતો હું મરિન લાઇન્સના દરિયા પાસે આવી પહોંચ્યો. જુન માસનો તોફાની સમુદ્ર પૂર જોસથી ઉછળી ઉછળીને કોઇ બન્ધનમાં પડેલા મહારાક્ષસનું સ્મરણ કરાવતો હતો. કિનારા પર અથડાતાં તોફાની મોજાં ભયંકર ઘુઘવાટ કરીને હાંજાં ગગડી જાય તેવા ઘોર નાદ કરી રહ્યાં હતાં અને ઘેરાઇ રહેલું આકાશ હમણાં મૂશળધાર રેડીને જાણે જગને ડુબાડી દેશે એમ લાગતું.

આકાશ અને સાગરનો આ ભયાનક દેખાવ જોઇને હું કંપવા લાગ્યો, મનને અનેક પ્રશ્નો પૂછવા લાગ્યો "આવે વખતે આ દરિયામાં શી રીતે પડાય ? હું પડું ને આ મોટાં મોટાં મોજાં મ્હને પત્થર પર અફાળે તો ? ને એમ રીબાઇને ચૂરા થવાનું તે કેમ સહ્યું જાય ? આના કરતાં તો દરીયો શાન્ત હોય, આકાશ સ્વચ્છ હોય ને તોફાન શમ્યું હોય ત્યારે ધીરે રહીને જળમાં સમાઇ જવું કેટલું સારું ?"

થથરાવનારા અવાજે એક મહામોજ કાંઠા પર અથડાયો. હું બે ડગલાં હઠ્યો, વિચાર આગળ ચાલ્યાઃ

"કાંઇ નહિ, આજે નહિ. હમણાં વિચાર બંધ રાખીએ. ચોમાસા પછી વાત. મોતનો કાંઈ ડર નથી, પણ તોફાન ન હોય તો સારૂં. પછી અવતાર બવતારની ચિન્તા નથી—કીડાનો આવે કે કાગડાનો. આ ઝેરી જીન્દગી કરતાં કીડાની જીન્દગી શી ખોટી ?"

આમ મહાપાપનું કૃત્ય મુલતવી રાખીને હું એક બાંકડા પર બેઠો. ભયભરેલે ચિત્તે આજુબાજુનું દશ્ય હું નિહાળતો હતો એવામાં મ્હારી નજર, મ્હારા પગ નજીક થોડેક દૂર કાંઇક સળવળતું હતું ત્યાં ગઈ. તે એક લાંબો, કાળો, ચોમાસાનો કીડો હતો. જાણે પોતાની સુખી જીન્દગીથી મને એ ચીડવતો હોય એમ લાગ્યું. હું બોલી ઉઠ્યોઃ

"અહા ! શી સ્વતંત્રતા ! કેવો આનન્દી ! કેટલું નિશ્ચિન્ત અને નિર્બન્ધ આનું જીવન ? શા માટે શાન્તિપ્રસાદ જેવા મૂર્ખાઓ એ જીવન ધિક્કારતા હશે ? આને કોઇ પાંચ પંદર શેરનાં થોથાં વાંચવાનાં કહે છે ? આને કોઇ ભેજાનું દહીં કરવાની ફરજ પાડે છે ? પરીક્ષાની કાંઈ આપદા છે ? નપાસ થવાની સળગાવી મૂકનારી ચિન્તા છે ? ખરેખર કીડા " મ્હેં દૃષ્ટિ ફેરવીને સંબોધન કર્યું " ખરેખર, ત્હારા સુખ જોડે સરખાવતાં કુબેર ને કાર્નેજીનાં ધનસુખ પણ પેલા પાણીના પરપોટા સમાન છે ?"

પણ તે સદ્ભાગ્યશાળી કીડો તો, બીજા સૌ ભાગ્યશાળીઓની પેઠે, અભિનન્દનયુક્ત સંબોધનને તુચ્છકારીને આગળ વધ્યો અને ધીમે ધીમે, બાજુમાં આવેલી ફરવાની પગથી તરફ ગયો. એ રસ્તે એ થોડે દૂર ગયો હશે ત્યાં એક માણસ

ઉતાવળે પગલે તેની પાસે આવી લાગ્યો અને તેનો પગ સડપ્ કરતો કીડા પર પડ્યો. કીડાને ચગદાતો જોઇને મ્હને કમકમાટ થયો. "સ્વહત્યા કરૂં તો મ્હારા પણ કોક દિવસ આવા જ હાલ ને" એમ મનને પૂછીને મુલતવેલો વિચાર કાયમ માટે છોડ્યો; અને શાન્તિપ્રસાદના અગણિત ઉપકારો માનતો ઘેર ગયો.

૨

પણ શ્રીયુતના ચરિત્ર તરફ પાછા વળીએ.

પાસ થયા પછી શોધતાં શોધતાં બે-ત્રણ મહિને તેમને નોકરી મળી અને તે પણ તેમના સ્વભાવને માફક આવે તેવી જઃ કોપિઇંગ ક્લાર્કની. મ્હને માત્ર દુઃખ એ થતું કે એ જગ્યાએ તેમના પ્રિય લેખકો, કાર્લાઇલ ને એમર્સનની ફીલસુફીનો ઉપયોગ થઇ શકતો નહિ. પણ શાન્તિપ્રસાદ પોતે તો સંતોષવૃત્તિના માણસ, એટલે તેમને એ કાંઇ સાલતું નહિ. તે નવી નોકરી વીશે એક બીજી વિશેષતા નોંધવા જેવી છે. અને તે તેમના પગાર સંબન્ધીઃ જેવી શાન્ત તેમની ગતિ, જેવી શાન્ત તેમની પ્રકૃતિ, જેવી શાન્ત તેમની વાણી અને રીતભાત, તેવો જ શાન્ત તેમનો પગાર હતો,-માસિક રૂા. ૨૫)નો.

તેમનો પગાર શાન્ત પ્રકારનો હતો પણ દેશમાંની મોંઘવારી તેવી નહોતી. પોતાની અનન્ત નિઃસરણીનું અકકેક સોપાન તે અકકેક સૂર્યોદય સાથે ચ્હડતી. શાન્તિપ્રસાદને પણ એ કાલિકાએ પોતાનો પરચો બતાવવા માંડ્યો એટલે તેમણે વિચાર્યું કે આ શાન્ત પગારથી શાન્તિ વળવાની નથી માટે સાથે સાથે કાંઇ બીજો ઉદ્યમ કરવો. આ હેતુથી તેમણે એક અઠવાડીકમાં લેખો આપવા માંડ્યા, એમ ધારીને કે એક પન્થ દો કાજ થશેઃ કરમાતી વિદ્યા નવપલ્લવિત રહેશે અને દેશસેવાનો મોંઘમોંઘેરો લ્હાવ પણ લેવાશે.

પણ કહેવત બનાવનાર છેક મૂર્ખ તો નહોતો જ: “નસીબ બે ડગલાં આગળનું આગળ.” બેએક માસમાં શાન્તિપ્રસાદને સમજાયું કે જર્નાલિઝમનું ઉતાવળીઉં કામ પોતાને રૂચે એમ નહોતું. પોતે આદર્શપ્રેમી અને ઉચ્ચ ભાવનાઓના પૂજક હતા. તેમનો અવિચળ સિદ્ધાંત એવો કે લેખ લખવો તો ઉત્કૃષ્ટ અને અપૂર્વ લખવો–દરેક નવો લેખ આગલાથી ચ્હડે તેવો. તેવી અનુપમતા સાધવા માટે સામયિક પત્રોનું નિયમિત પરિશીલન આવશ્યક હતું અને તે પણ થોડાં અને ઘણાં છપ્પન ! દર રવિવારના અંકમાં લેખ આપતો. અને શુક્ર જ રાત્રે પેલાં પત્રોનું સૂક્ષ્મ અધ્યયન પૂરૂં થતું. ત્યાર પછી શાન્તિથી તે બધાંને બાજુ પર મૂકતા અને તેવી જ શાન્તિથી લખવાનાં સાધન પાસે લેતા. ત્યાર પછી લમણે હાથ દઇને વિચારસાગરમાં ડૂબતા: “બીજું બધું તો ઠીક, પણ શરૂઆત કેમ કરૂં ? મ્હને ગ્લેડસ્ટનમાંથી ઘણી પ્રેરણા મળે છે. તો પ્હેલો ફકરો તો તેમાંથી જ લેવો. વારૂ, લેખની મધ્યમાં કોનો અભિપ્રાય ટાંકું તો ઠીક ? સ્ટેડ ? કે લેગુ શીઅર કે ડીલેન ? ત્રણમાંથી એક તો આવવો જ જોઇએ. બાબત સાથે કાંઈ સંબન્ધ ન હોય તો પણ તે નામોમાં જ જાદુ છે; એટલે લોકો સ્હેલથી વશ થશે. અને લેખને અન્તે ? ત્યાં તો કોઈ કવિ આવે તો જ સારૂં. હું ધારૂં છું આજે પેલી ટેનિસનની જ પંક્તિઓ લઉં ‘Self–reverence, self–knowledge self–” એવામાં ધડાક કરતું રૂમનું બારણું ઉઘડતું, બહુ જ શાન્તિથી શ્રીયુત તે તરફ ફરતા: “કેમ ભાઇ, કોણ છે તું ?”

“અરે કાય શેઠ “કોન ચે તૂં ?” તંત્રીરાજનો અનુચર જવાબ આપતો.“ એડિટર સાબ ખૂમ મારતે કે આર્ટીકલ

કસાલા નાંય આલા ? બ્રેસ્પતવારચો વાયદા હોતા આણી આજ તો સુક્કરવાર ઝાલા ! ”

આ સાંભળતાં જ, હાથ જરા ઉંચો કરીને શ્રીયુત તેની તરફ ફરીને કહેતા, “ શાન્તિ રાખ્ય, ભાઈ ! શાન્તિ. એમ ઉતાવળે ક્યાંઇ લેખ લખાતા હશે ? બેશ જરા, હમણાં લખી આપીશ.” પણ પેલાને તો અધિપતિએ કાનમાં અશાન્તિનો જ મંત્ર ફુંકીને મોકલેલો એટલે તેના બખાળા ચાલુ રહેતા. પણ શાન્તિપ્રસાદની સ્વસ્થતામાં એથી ભંગાણ પડે તેમ નહોતું. હજુ થોડાક કલાક બાકી હોય એમ તે તો નિરાંતે વિચારવા બેસતા. શાન્તિનું શાસ્ત્ર નહિ સમજનાર પેલા અધીરા મનુષ્યને આથી બેવડી રીસ ચ્હડતી: “ અરે શેઠ ! બસલા કસાલા ? લિહાવા જલ્દી જલ્દી. મલા ઉશિર હોતે-મગ બારા વાજેલ તવા મી તાડી કુઠે પીઆયચા ?”

‘ તાડી ’ શબ્દથી મ્હારા મિત્રના હૃદયમાં દુઃસહ આઘાત થતો: “ અરે રામ ! ક્યારે મ્હારા દેશમાંથી આ પીશાચીય પીણું ટળશે ?” કપાળે હાથ મુકીને એ આમ વિમાસતા અને પેલા માણસને તે બાબતમાં સુધરવા માટે તેની સન્મુખ મદ્ય-પાનનિષેધક ભાષણ આપવું એ નકામું છે એ આગલા અનુભવથી જાણતા હોવાને લીધે, મદ્યપાન વિરૂદ્ધ એક ધમ-ધમતો લેખ, આપણી આળસુ સમાજને જાગ્રત કરવાને લખવા માંડતા. તે અડધોક લખાય ત્યાં તો ફરીને પેલા તાડીપિપા-સુના તગાદા શરૂ થતા. પણ શ્રીયુત તો પોતાના કામમાં મશગુલ રહેતા—જાણે કોઈ નાજુક પંથનીને પોતાના મરોડદાર અક્ષરથી મોહિત કરવાના હોય તેવી રીતે ચીપીચીપીને ત્રણ મિનિટે એક અક્ષર લખતા. દરમિયાન, નિદ્રાદેવીની હુંફાળી પાંખો તંત્રીના નોકર પર પ્રસરતી, જેને “ રીંગણાં જોખવાં ”

કહે છે એ ક્રિયા ક્રિયા કરતે કરતે તે ત્રણચાર વાર જમીન પર ઝીકાતો અને છેવટે દશ વાગવા આવે ત્યારે ફફડતો ચચડતો ચાલ્યો જતો. કવિઓ કહે તેમ "પ્રાણ પાથરી પાથરીને" શાન્તિપ્રસાદ તે રીસાયલા દેવને મનાવવાને મથતા પણ ભીંત સાંભળે તો એ સાંભળે.

ઘણી વાર આ દુઃખદ વ્યતિકર બનતો અને ઘણી વાર આ રીતે શ્રીયુતે અડવાડીક ફી ખોઇ હતી. મ્હને એ વાતની જાણ થતાં હું તેમની આગળ દિલગીરી દર્શાવતો.

"વિનોદ, આમાં દિલગીર થવા જેવું નથી," ટેબલ પર હાથ મૂકીને માથું ટેકવતા એ કહેતા; "આપણો અધિકાર કર્મ પર જ છે, ફળ પર નહિ. મ્હેં મ્હારૂં કર્તવ્ય કર્યું ને બદલો ન મળે તો પ્રભુઇચ્છા. મ્હને ફળપ્રાપ્તિની લાલસા નથી."

મ્હારા વ્યવહારવિષયી મનને એ ફિલસુફી રૂચતી નહિ. "શાન્તિપ્રસાદ" હું દલીલ કરતો, "આપણે કાંઇ ઋષિમુનિઓ નથી કે એવી ફિલસુફી પર હવે બેસી રહેવાય. આપણે હવે યુરપ ને અમેરિકા સાથે કામ પાડવું છે ને વહેવાર બાંધવો છે, ત્યાં આવી વૈરાગ્યવૃત્તિ તે ક્યાં લગી ચાલશે?"

આ સાંભળતાં જ સ્વાસ્થ્યથી તે મ્હારી તરફ જોઈ રહેતા અને શાન્તિ ઝરતાં નયનો મ્હારા પર ઠેરવીને શાન્ત તુચ્છકારથી કહેતા; "વિનોદ, ત્હમે ભૂલો છો. શાન્તિના આનન્દ અનોખા જ છે. ત્હમે એ ન સ્હમજો. ત્હમે જડવાદી છો; હું આર્યાવર્તના આકાશજૂના ચૈતન્યવાદનો એક નમ્ર" માથું નમાવીને-"અનુયાયી છું. મ્હારે ગીતાને ઉપનિષદ; તમારે માટે બેન્થેમ ને ફૅાસેટ." અને, જો એ બેન્થેમ અને ફૅાસેટ આટલા બધા નીચ અને પાપી છે તો ઇશ્વરે તેમને જન્મવાજ શા માટે દીધા હશે એ ફૂટ પ્રશ્ન મનમાં ઉથલાવતો ઉથલાવતો હું ઘેર જતો.

૬

કોણ જાણે કયા જન્મનાં સત્કર્મથી, પોતે પ્રેમલગ્ન કરી શકે એવો પ્રસંગ શાન્તિપ્રસાદને પ્રાપ્ત થયો હતો; અને તે અવસરનો ઉપયોગ તેમણે કેવી રીતે કર્યો ? ઘણી શાન્તિથી:

જડવાદી અંગ્રેજો જેને 'રોમાન્ટિક મૅરેજ' કહે છે તેવું કાંઇ જ આ લગ્નમાં નહોતું. તે પાશ્ચાત્ય પ્રકારનાં લગ્નો તો "છાણ પુટલાનાં નાટક" કહેવાય, એમાં આવેશના દાસ થવું પડે, એ ઉદ્ધતાઇ કહેવાય. શ્રીયુતના મક્કમ અભિપ્રાય પ્રમાણે, તે લગ્નપ્રથા તો આપણી સ્થિરતામાં અને શાન્ત ચિત્તસરોવરમાં તોફાન જગાડનારી છે. ઉકળતા લોહીના જુવાનીઆઓ પ્રિયા પાસે ગોઠણભર થઇને પ્રેમ માગે કે " ઓ દેવી ! હું તો દાસ છું ત્હારો, જરા તો દયાદષ્ટિ કર ! ઓ ક્રૂર કામિની ! મા છોડ ત્હારે નયણેથી તીણાં તીણાં તીર, મા ઘાયલ કર મ્હારૂં કમળકુમળું હૈયું ! ઓ મ્હારી આંખની કીકી, મ્હારા જીવનની જ્યોત, મ્હારા કાળજડાની કોર. મા તલસાવ—મા તલસાવ આ મૃત્યુકાંઠડે આવી રહેલા અભાગીઆને ! ઓ મ્હારી રંભા ! મ્હારી ઉર્વશી ! મ્હારી તિલોત્તમા ! ત્હારા ગર્વસ્વર્ગેથી એક પગથીઉં તો નીચે ઉતર—એક જ પગથીઉં, દેવી ! એક જ. અને તે પછી, અપ્સરા ઓ મ્હારી ! ત્હારી પાસે હું કાંઇ જ—કાંઇ જ નહિ માગું !" આવાં વચનો મ્હારા શાન્તિશૂરા મિત્રને મતે તો નમાલાં ને બાયલાં જ ગણાય. વળી તે કહેતા કે, તે 'દેવી' કે 'અપ્સરા'નાં ચરણમાં પડીને ત્હેની પદરજ માથે ચ્હડાવવા જેવું હલકું કામ કરીને આપણું આત્મમાન ખોવું તેના કરતાં તો સાતે નરક સેવવાં વધુ સારાં.

આ સિદ્ધાન્તને અનુસરીને તેમણે પ્રેમલગ્નનો અમોલો અવસર શી રીતે વાપર્યો એ જુઓ. તેઓ જે ચાલમાં રહેતા

તેને બીજે માળે એક પિતાપુત્રી રહેતાં હતાં. કામ પ્રસંગે શાન્તિપ્રસાદ પિતા પાસે જતા ત્યારે સુશિક્ષિત પુત્રી હસી બોલીને વાતો કરતી. આમ પરિચય વધતો ચાલ્યો. થોડા માસ વીત્યા પછી એક રવિવારે પિતા વાંદરે ગયા હતા ત્યારે બપોરે બેએક વાગે શાન્તિપ્રસાદ સમય સાધીને પ્રભાલક્ષ્મી પાસે પહોંચ્યા. ગોળ ટેબલ પાસેની ખુરસી પર, ખંડની વચ્ચોવચ, તે રૂમાલ ગુંથતાં બેઠાં હતાં. ભીંત પાસેની એક થોડે દૂરની ખુરસી પર તેમના ભાવિ પતિ ગોઠવયા. થોડી આડી અવળી વાતો પછી પ્રેમની મહત્તા અને અમરતાનો વિષય નીકળ્યો. એ વાત ચાલતી હતી ત્યાં અપૂર્વ શાન્તિથી શ્રીયુતે પોતાની બેઠક છોડી અને દૃઢ, ધીરાં, ગૌરવયુક્ત પગલાં ભરતા પ્રભાલક્ષ્મીની ખુરસી પાસે ગયા, ખુરસીની પીઠ પાસે ઉભા; સ્હેજ નીચા નમ્યા, સ્હેજ હોઠ ફુરૂયા, સ્હેજ ઉચ્ચાર થયો: "મ્હને પરણશો, પ્રભાલક્ષ્મી ?" "જેવી તમારી મરજી."

બસ આટલું જ; ન્હોતાં ત્ય્હાં ઉન્હાં ઉન્હાં ચુમ્બનો કે ન્હોતી ત્ય્હાં શીળી શીળી સ્નેહદૃષ્ટિઓ; પેલાં 'રોમાન્ટિક' લગ્નોથી આ ઉલટું જ હતું; શાન્તિપ્રસાદ આને 'ક્લાસિકલ મેરેજ' યાને શાન્ત સંયમવન્તાં લગ્ન કહેતા.

૪

મ્હારા મિત્રનું નામ અને તેમના જીવનપ્રસંગો આ પ્રમાણે દૂધમાં સાકર મળે તેવાં હતાં. આ ઘટના ફક્ત એક અકસ્માત્ હશે એમ કેટલાક વખત સુધી તો મ્હેં માન્યું, પણ એ માન્યતા ઝાઝા દહાડા ટકી નહિ. મ્હારૂં મન મ્હને કહેવા લાગ્યું કે એ બાબતમાં કોઈ ગૂઢ અને અકળ ભેદ રહેલો છે.

એક દિવસ હું એજ વિચાર કરી રહ્યો હતો. ત્યાં શાન્તિપ્રસાદ આવ્યા. તેમને જોતાં જ હું બોલી ઉઠયો: "હેં શાન્તિપ્રસાદ! આનું કારણ શું ?"

મ્હારી તરફ શાન્ત દષ્ટિ માંડતાં તેમણે સ્હામો સવાલ કર્યો: "શાનું ?"

"આ તમારાં નામ ને કામ હરરોજ મળતાં જ આવે છે તેનું. હું તો રોજ દુનિઆમાં જોઉં છું કે નામથી ગુણ ઉલ્ટા હોય; પણ તમારામાં તો સુલ્ટા છે. આ મારોજ દાખલો લ્યો; મ્હારૂં નામ વિનોદકાન્ત છે. પણ હું તો કેમ જાણે સારા ગામની ફીકર મ્હને જ પડી હોય તેમ ધુંધવાયલે મ્હોએ ફરૂં છું. મ્હારાં ફોઇએ તો ખરેખર ભૂલ કરી લાગે છે–' વિષાદ-કાન્ત' નામ પાડતાં મ્હારૂં 'વિનોદકાન્ત' નામ પાડી દીધું એમ મ્હને ઘણી વાર લાગે છે."

"એવી ભૂલ થઇ હોય એ બનવાજોગ છે" તેમણે કહ્યું; "ખાસ કરીને એટલા માટે કે તમારાં ફોઇને આરાધના નહિ હોય" "શું નહિ હોય ?"

"આરાધના, માતાજીની આરાધના."

"માતાજીની આરાધના? એ શું? નામ પાડવા સાથે એને શો સમ્બન્ધ ?"

"'શો સંબંધ' કેમ ?" લાક્ષણિક શાન્તિ ખોતાં તેમણે કહ્યું: પણ તરત જ સ્વસ્થ થયા: "એ સંબંધ તો ગહન છે, દૈવી છે;" અને પછી જરા અટકીને ઉમેર્યું: "ને તમારા જેવા સમજે કે નહિ એ શકપડતી વાત છે."

મ્હારો પાતકી જડવાદ તેમનાં આધ્યાત્મિક સત્યોને નહિ સમજી શકે એ જાણીને હું શરમાયો. મનમાં ચ્હીડાયો પણ ખરો. પણ તેમની પાસે તે ક્રોધનો ઉભરો કઢાય તેમ નહોતું કારણ કે, એ તો ઘણી શાન્તિથી મ્હારૂં સાંભળે ને મ્હને બમણી રીસ ચ્હડે. તેથી મ્હેં પણ એ વખતે તો તેમનું ચારિત્ર્યઆદર્શ તરીકે લઇને પરમ શાન્તિ સાચવી રાખી, અને થોડી વારે

તેમને સમજાવી પટાવીને (અને આ કામ બહુ સહેલું હતું) એ જાડો ભેદ તેમની પાસેથી કઢાવ્યો.

તે ભેદ રહસ્યમય હતો તેમ રસિક પણ હતો. વાતચિત પરથી મ્હને જણાયું કે શાન્તિપ્રસાદનાં એક ફોઇ ધનકોર બા કરીને હતાં. તેમને બચપણથી જ માતાજી પર બહુ આસ્થા. મ્હારા મિત્ર કહેતા કે એ આસ્થાની વાત પરથી રિપ વાન વિંકલની વાર્તા કાંઇક યાદ આવે તેવું છેઃ એ મહાપુરૂષ વરસોનાં વરસો સુધી ડુંગરો પર સુઇ રહ્યો હતો તે પ્રમાણે બીજા દેવો પણ કળજુગનાં ૫૩૫૦૦૦ વરસ દરમિયાન કોઇ આઘેઆઘેના ડુંગરાઓ પર પહોઢી ગયા છે. ફક્ત શક્તિ દેવી જ જાગતાં જ્યોત રહ્યાં છે. આ કારણથી, ઊંઘતા દેવોને પૂજવાને બદલે ધનકોર ફોઇ નિત્યચેતનવન્તાં માતાજીને જ પૂજતાં અને તે ભક્તિ પણ થોડી કે અધુરી નહિ, અનન્ય હતી. ત્હેનાં થોડાંક દષ્ટાંત સાંભળવા જેવાં છે :

સવારમાં માતાજીનું નામ લેતાં લેતાં જ ઉઠવું જોઇએ, નહિ તો આખો દહાડો ઉચાટમાં જાય. ન્હાયા વિના ચ્હા પીવાય નહિ, અને તે પછી પણ માતાજીને નૈવેદ્ય તરીકે ધર્યા પહેલાં એ મ્હોંએ અડકાડાય નહિ; (મ્હેં વિચાર્યું કે માતાજી પણ પશ્ચિમદેશી રિવાજોનાં પૂજક છે, નહિ તો તેમને વળી ચ્હા શી ને કાફી શી?) વિશેષમાં, પૂજા કરતાં બરાબર સવ્વા ત્રણ કલાક થવા જ જોઇએ (આમ કરવાથી રસોઇનું મોડું થાય અને ધનકોરના પતિપુત્રોને નિશાળ ઓફીસનું મોડું થઇ જાય તો ચિન્તા નહિ; માતાજીના કામમાં ચુક ન પડવી જોઇએ. એ પહેલ્લું. ભણવા કમાવાનું તો છે જ ને? એથી કાંઇ આત્માનો ઉદ્ધાર થયો?) ત્યાર પછી, માતાજી પાસે ઘીના દીવા થાય તેમાં એક દિવસનું સવ્વા બશેર ઘી તો જોઇએ જ, અને

તે પણ ઉત્તમ જાતનું (આ વાંચીને કોઇ ઉદ્ધત જુવાની-આએ ટીકા ન કરવી કે "અરરર! આટલું બધું ઘી ફોકટનું શીદ બાળી હો છો? દેશમાં કરોડો માણુસો ભૂખે મરી જાય છે તેને એ પૈસામાંથી ખવાડતાં હો તો કેટલો આશીર્વાદ લાગે?" નહિ, બીલકુલ નહિ. ભોગ એના, મરે તો-કાળ આવ્યો ને મરી ગયાં; એમાં આપણે શું કરીએ? જેટલાં વધુ મરશે તેટલું લોહીથી વધુ તર થશે માતાનું ખપ્પર. તેને મરવા દેવાથી પણ આ રીતે માતાની સેવા જ થાય છે ને, એમાં ખોટું શું?) ધનકોર ફોઇની આવી નિશ્ચલ અને મહા ગંભીર ઉપા-સનાને પરિણામે માતાજીએ તેમના પર પ્રસન્ન થઇને, કોઇની પાસે નહિ હોય તેવી એક અતિ ઉપયોગી શક્તિ તેમને વરદાનમાં આપી હતી. એ શક્તિ તે, ગુણાનુસાર નામ પાડવાની-બાળકનો જન્મ થયા પ્હેલાંથી જ.

શાન્તિપ્રસાદનાં માતુશ્રી પ્રેમકુંવર સગર્ભા હોય ત્યારે ત્યારે ધનકોર ફોઇને એક રાતના સ્વપ્નું આવતું અને માતાજીનો કોમળતાભર્યો મધુર કંઠ ફોઇ સુણતાં: "ધનકોર! ભત્રીજો આવશે ત્હારે. હિમ્મતલાલ નામ પાડજે તેનું. નામ પ્રમાણે ગુણ થશે." શ્રીયુતના મ્હોટાભાઇનો જન્મ થવાનો હતો ત્યારની આ વાત. તે જન્મ થયા પહેલાં જ ધનકોર બાએ પોતાનાં ભોજાઇને કહ્યું હતું "પ્રેમકોર! ત્હારે દીકરો આવવાનો આ વખત. હિમ્મત નામ રાખશું ને માજીની વાણી કદી યે અફળ ગઈ નથી-જાય નહિ. નામ પ્રમાણે દીકરાનાં કામ થવાનાં." અને સપૂત હિમ્મતલાલે જ્યારે ધારાસભામાં પ્રવેશ કર્યો ત્યારે અડગ તેઓ હિમ્મતથી, અત્યંત હઠીલા ગણાતા અધિકારીઓને પણ રોકડે રોકડું પરખાવી દેતા, ને પેલા અધિકારીના હૃદય-ધબકાર એક સેકંડના એકત્રીસની ઝડપે ચાલતા. એક વખત તો હિમ્મત-

લાલના નિડર અને પ્રભાવશાળી વકતૃત્વના અસહ્ય પ્રહારોને લીધે એક બીકણુ બ્યુરોક્રેટ ત્યાં ને ત્યાં જ બેશુદ્ધ થઇ ગયો હતો. પ્રજાની આવી અપ્રતિમ સેવા બજાવવા માટે લોકપક્ષના સભ્યોએ કાંસાના કાસ્કેટમાં તેમને માનપત્ર આપેલું. એ અપૂર્વ ઘટના હિન્દના ઇતિહાસમાં સોનેરી અક્ષરે અમર થશે.

ભાઇ હિમ્મતલાલના જન્મ પછી થોડે વર્ષે જ્યારે ફરીને એમ લાગવા માંડયું કે એ કુટુંબમાં વધારો થવાનો પાકો સંભવ છે, ત્યારે ધનકોર ફોઇને પાછું સ્વપ્ન લાધ્યું હતું; તે જ પરિચિત ને પ્રતાપી સ્વર ફરીને સંભળાયો હતો: "ધનકોર! ભત્રીજી આવશે ત્હારે આ વખતે. સુલોચના નામ પાડજે તેનું. નામ પ્રમાણે ગુણ થશે." કુમારી સુલોચના પધાર્યાં અને આઠ દસ વર્ષનાં ન થયાં, ત્યાં તો તેમના લોચને ઝાંખ વળવા માંડી અને પચીસ રૂપીઆ ખરચીને ચશ્માં લેવાં પડયાં. ત્યાર પછી થોડે દહાડે ધનકોરબાની ચવિત્રી ભાણેજ સુરેશકાન્તિ માસી પાસે આવી પ્હોંચી અને કહ્યું;

"કેમ ધનમાસી! તમે તો કહેતાં'તાંને કે મ્હારાં નામ ખોટાં પડે જ નહિ? જુઓ, સુલોચનાને તો ચશ્માં લેવાં પડયાં; તે વગર જરા ય દેખાતું નથી.-હવે કયાં ગયાં તમારાં માતાજી?"

"ચુપ, ચીબાવલી!" માસીએ જવાબ દીધો, "એવું કહેવાય કે માતાજીને?" પછી જરા ઠંડાં પડીને તેમણે આસ-પાસ સંભાળભરી નજર નાંખી; કોઈ એટલામાં ન્હોતું એ વાતની ખાતરી કરીને ધીરે સાદે બાળક કાન્તિને સ્હમજણ પાડી: "જો કાન્તિ! કોઇને કહીશ માં હોં! પણ મ્હારી જ ભૂલ થઇ'તી આ વખતે. આ રડી મોંઘવારીને લીધે મ્હેં ઘી જરા હલકું મંગાવેલું, ને માજીને ધરવાની લિપ્ટન ચહાનો ડબો યે લાલ મંગાવેલો, પીળો નહિ, સમજી કે? આપણા જ આવા આવા વાંક હોય ત્યાં માતાજી નારાજ થાય એમાં કાંઈ નવાઇ?

એ તો આપણને ધડો મળે એ સારૂ એમણે જરા આ વખત આમ કર્યું, સમજી ને ?" પછી કાન્તિને બે પેંડા અને પાવલી આપીને કહ્યું, "કાન્તિ, લે આ; વાત કોઇને કહીશ માં હોં કે !"

"ના માસી, નહિ કહું," કહેતી સુરેશકાન્તિ એ મિઠ્ઠી લાંચ લઇને દોડી ગઇ.

એ પછી થોડે મહિને જ્યારે જણાયું કે સુલોચનાકુમારીને એકાદ વધારે ભાઇ કે બ્હેન આવવાનું છે એટલે ધનકોર ફોઇએ માતાજીના કામમાં બહુ જ સાવચેતી અને ચોકખાઇ રાખવા માંડી. કેટલાક ખાસ નિયમો પણ ઘડયા; ભીષણ મુનિવ્રત ધારણ કર્યું–ચોવીસે કલાક મ્હોં પર જાણે સીલ મારી રાખતાં અને સઘળું કામ મુગાં બ્હેરાંની ભાષા દ્વારા ચલાવતાં. અપવિત્રતા તો હવે સ્હેજ પણ તેમનાથી સહેવાતી નહિ: જરા થુંકવું પડે, કે છીંક આવે, કે બગાસું આવે તો તુરત ન્હાઇ નાખતાં. વધુમાં 'રઢી મોંઘવારી'ની લેશમાત્ર દરકાર રાખ્યા વિના, "માતાજી આપી રહેશે." એમ અડગ શ્રદ્ધાથી માનીને સોંઘામાં સોંઘું ઘી અને ઉંચામાં ઉંચી ચ્હા પણ માતાજી માટે ખરચ કરીને મંગાવ્યાં.

અસિધારા વ્રત સમી આ તપશ્ચર્યાની અસર માજી પર થયા વિના ન રહી. એક તેજોમય સ્વપ્નમાં દર્શન દઇને તેમણે ધનકોરબા સાથે સલાહ કરીને સંદેશ દીધો: "હું પ્રસન્ન થઇ છું, ત્હારે ભત્રીજો આવવાનો છે; "શાન્તિપ્રસાદ" એવું સુન્દર નામ પાડજે. ત્હેના નામ પ્રમાણે જરૂર ગુણ હશે."

અને કરકંકણને આરસીની શી જરૂર ? શ્રીયુતમાં નામાનુસાર ગુણ હતા એ વાતની સાક્ષી આ તેમનું અદ્ભુત ચરિત્ર પૂરી રહ્યું છે, ને હજી પૂરશે. ફોઈ તો ઘડરીઓ ગઢ જીતી

આવ્યાં હોય તેમ ફુલીને ફાળકા થવા લાગ્યાં. શાન્તિપ્રસાદ તેમના માનીતા થઇ પડ્યા. પણ માસી આ વેળા ખરાં પડવાથી સુરેશકાન્તિને એવડી ખોટ ગઇઃ પેંડા ને પાવલી ન મળ્યાં અને ધનમાસીને ચ્હીડવવાની મ્હજા પણ ન મળી.

૫

એ શાન્ત જીવનના કેટલાક પ્રસંગો આલેખું? ગ્રંથોના ગ્રંથો ભરાય એમ છે, જો બધા જ આલેખવા બેસું તો; કેમકે, સન્તોનાં જીવન સાથે જેમ સેવા ગૂંથાઇ રહે, કવિના જીવન સાથે કવિતા, ને પ્રેમીના જીવન સાથે પ્રેમ, તેવી રીતે મ્હારા આ અખૂટ શાન્તિવન્તા સુહૃદના જીવન સાથે શાન્તિ ગૂંથાઇ રહી છે. એમ કહો તો ચાલે કે "શાન્તિ" એ જ તેમનો ધર્મ છે; અને જગતના બીજા ધર્મો હવે જૂના પુરાણા થઇ ગયા છે માટે એ નવો ધર્મ પ્રસારનાર એક પયગમ્બર તરીકે તેમનું નામ દુનિયામાં અમર થાય એ પણ બનવા જેવું છે.

એક દિવસે મ્હારા પ્રોફેસરને કોટમાં મળવા જવાની મ્હારે 'એપોઇન્ટમેંટ' હતી–સ્હાંજના પાંચ વાગ્યાની. કોણ જાણે કયા ભવનાં પાપે મ્હને સૂઝાડ્યું કે શ્રીયુતને સાથે લઇને જાઉં તો સારૂં. મ્હારા મનમાં એમ કે તેમના જેવા પ્રભાવશાળી અને આર્ય સંસ્કૃતિની પ્રતિમા સમા પુરૂષને મળવાથી હિન્દહિતુ પ્રોફેસર ઑલ્બર્ટ ઘણા ખુશી થશે. પણ વિધાતાએ કાંઇક જૂદો જ ખેલ રચ્યો'તો. શાન્તિપ્રસાદ જેવાના ભાગ્યમાં એ ક્યાંથી કે મ્હારા વિદ્વાન ને સંસ્કારી યુરોપીઅન પ્રોફેસરની ત્હેને મુલાકાત થાય? અથવા, આપણા સ્વદેશપૂજક બન્ધુઓને રીઝવવાને એમ કહીએ, કે મિ. ઑલ્બર્ટ સરખા પાપણી ને જડવાદિની પાશ્ચાત્ય ભૂમિમાં જન્મેલા માણસના નસીબમાં એ ક્યાંથી કે શ્રીયુત જેવા પરમ શુદ્ધ આર્યજનનાં દર્શન પણ પામી શકે?

તે દિવસે ત્યાં જવા માટે હું તેમને તેડવા ગયો ત્યારે શ્રીયુત ધીમે ધીમે અક્ષર ઠેરવીને કાંઇક લખવામાં તલ્લીન હતા.

"શાન્તિપ્રસાદ!" મ્હેં પહોંચતાં વાર બૂમ મારી. શાન્તિના તપસ્વીના તપમાં ભંગ પડ્યો. કપાળે રેખા પાડતા તે ક્ષણભર મ્હારી તરફ જોઇ રહ્યા. હું વધારે તોછડો થયો "ટલૈયું શું ચ્હડાવો છ? ચાલો આવો છ મ્હારી સાથે?" "ક્ય્હાં?"

"પ્રોફેસર ઑલ્બર્ટને ત્યાં. તમે જાણો તો છો ને એ કેવા મળતાવડા ને હસમુખા છે? તમને જોઇને ઘણા રાજી થશે. વળી એક દહાડો મ્હને એ કહેતા પણ હતા" મ્હેં એક વાત જોડી કહાડતાં આગળ ચલાવ્યું "કે તમારા ફ્રેન્ડ મિ. મહેતા સાથે કોઇક વાર મેળાપ કરાવજો."

"એ તો હશે; પણ જુઓને મ્હને હમણાં વખત ક્યાં છે? આ લેખ આજ સૂતા પહેલાં પૂરો કરવો જ જોઇએ: એક માસિકમાં ત્વરાથી મોકલી આપવાનો છે."

"એવો તે શો અગત્યનો લેખ છે?" મ્હેં કાગળીઆ લેતાં પૂછ્યું ને મથાળું વાંચ્યું: "સમર્થ ફિલ્સુફ ગેટેની અશ્રુતપૂર્વ શાન્તિ; અને તે પરથી ઉપજતા થોડાએક ઉડતા વિચાર." મ્હને આશ્ચર્ય ન થયું. જે પુરૂષ પોતાના અણુઅણુમાં શાન્તિ અનુભવી રહ્યો હોય તેના લેખમાં બીજો ત્રીજો અશાન્ત વિષય પ્રવેશી પણ ક્યાંથી શકે?

"ત્યારે તમે નથી આવતા?"

"ના, આજે તો" કાંઇક સાંભરી આવ્યું હોય તેમ "ઉભો રહે, વિનોદ! થોડે સુધી–ગામના નાકા સુધી, ત્હારી સાથે સાથે અવાશે." પછી લેખને ખાનામાં મૂકતાં મૂકતાં ઉમેર્યું "આ લેખમાં બે ત્રણ પુસ્તકોની જરૂર પડે એમ છે, તે લેવા મ્હારે વિદ્યુતકુમારને ત્યાં જવું છે" પછી ખુરસી પરથી ઉઠીને કપડાં

પહેર્યાં–શાન્તિથી; જોડા પહેર્યાં–શાન્તિથી; અને દાદર ઉતરવા લાગ્યા–તે પણ શાન્તિથી.

એ સર્વવ્યાપી શાન્તિને પ્રતાપે, અમે હેઠળ ઉતરીને રસ્તા પર આવ્યા ત્યારે સાડાચાર થયા હતા. મ્હારે પ્રોફેસરને ઘેર પહોંચવાને હવે અડધો જ કલાક બાકી હતો. મ્હને ચટપટી થવા માંડી કે આટલા થોડા વખતમાં મ્હને ટ્રામ મળશે ક્યારે ને હું પહોંચીશ ક્યારે. વળી શાન્તિપ્રસાદ મ્હારી સાથે હતા એટલે ઉતાવળે ચાલવાનો તો સવાલ જ નહોતો. તોપણ, હું ગભરાટમાં હતો એટલે વિચાર્યું કે ચણો ચાંપી જોવામાં શું ગયું ? વળી ભ્રકુટી ચ્હડાવશે તો જોઈ લઈશું.

" શાન્તિપ્રસાદ, જરા ઉતાવળે ચાલશો ?" હૃદય ને મસ્તકનું સઘળું બળ એકઠું કરી મ્હેં પૂછ્યું.

" એ શું બોલ્યા ? મ્હારી શાન્તિમાં આમ ખલેલ કરવાનું તમને ન છાજે. વળી આજે તો હું આખો દિવસ ખુરસી પર બેસી રહીને એવો તો થાકી ગયો છું કે આ પગ કેમ ઉપડે છે એ મ્હારૂં મન જાણે છે."

એટલામાં મ્હેં દૂરથી દેખાતા ટ્રામના પાટા પરથી ઉપરાઉપરી ત્રણચાર ટ્રામ પસાર થતી જોઇ કહ્યું. " જુઓ આ ટ્રામો જાય છે બધીઃ ને પાંચ તો થવા આવ્યા."

તેમની ગતિ ઉલટી ધીમી થઇ.

" વિનોદ " મ્હારે ખભે હાથ મૂકતાં એ બોલ્યા, " આજે તમને એક પાઠ શીખવવાનો મ્હારો વિચાર છે. તમે બધી વાતમાં બહુ ઉતાવળા ને અધીરા છો. તે દહાડે ય કોણ જાણે શું ઘેલું લાગ્યું તે ઝેર ખાવા નીકળ્યા'તા ! મ્હને તો ઘણી વાર એમ થાય છે કે તમે પણ ધીરા અને શાન્ત કેમ ન થઈ શકે ? આજે જ શરૂઆત કરો; સુમન્દ ગતિથી ચાલતાં શીખો

પાછળ કોઇ પકડવા આવતું હોય તેમ દોડવા માંડો માં. જુઓ, આમ ધીરાં પગલાં માંડો: બધામાં ધીરા થાઓ. જિન્દગીનો અર્થ જ ધીરજ ને શાન્તિ." આ એમણે મારો હાથ ઝાલી, અભિનય સાથે કહ્યું.

"અરે શાન્તિપ્રસાદ! આ શું કરો છો, રસ્તા વચ્ચે? મૂકો મ્હારા હાથ" મ્હેં જેમ તેમ કરીને હાથ છોડાવ્યા ને તેમની આગળ ચાલવા લાગ્યો. મ્હારી નજર ટ્રામના રસ્તા ભણી જ હતી. પાંચમી ટ્રામ ચાલી ગઇ. હું ખૂબ ચ્હીડાયો. "જુઓ, પેલી પાંચમી ટ્રામ પણ ગઇ. હવે હું શી રીતે વખતસર પહોંચવાનો હતો? જરાક તો વિચાર કરો! છેક બાળકમત શું કરતા હશો?"

"ધીરા પડો, વિનોદ, ધીરા" હાથ સ્હેજ ઉંચો કરતાં તેમણે ઉપદેશ શરૂ કર્યો; "બાળક તમે છો. હું નહિ. જરાજરામાં વિના કારણ શાન્તિ ગુમાવી બેસે એ 'બાળક' શબ્દની વ્યાખ્યા. અને તે પણ ટ્રામ જેવી ક્ષુલ્લક વસ્તુ માટે! જાણતા નથી કે તમારી ટ્રામ ને તમારા પ્રોફેસર તો આજ છે ને કાલ નથી. એવી ક્ષણભંગુર ચીજોને ખાતર તમારી અનુપમ શાન્તિ ખોવી એ તો હીરો આપીને કાચ લેવા જેવું થાય, સમજ્યા?"

"હા સમજ્યા! એ બધાં દહાડડહાપણ કોરે મુકો જરા વાર. આ મુંબાઇના વહેવારમાં એવું એવું નહિ ચાલે. જો અહિં બધા જ તમારી જેવી વાતો ઘડીએ ને પળે સંભારવા બેસે તો મુંબાઇ બીજે દહાડે ઉજજડ થઇ જાય એ ખબર છે?"

"એ ગમે તે થાય, પણ તમારે સૌએ હવે આ શીખવાની જરૂર છે. તમારૂં મુંબઈ તો આજે છે ને કાલ નથી. આત્મા અમર છે. તેનો વિચાર પ્હેલો થવો જોઇએ. એટલામાં અમે ટ્રામના સ્ટેશન પાસે આવી પહોંચ્યા. મ્હેં ડોક ઉંચી કરીને

દૂર સુધી નજર કરી પણ એકકે ટ્રામ આવતી દેખાતી નહોતી. તેનો વીજળીક પ્રવાહ વખતે "શાન્ત" થઈ ગયો હશે તેથી નહિ આવતી હોય એમ મ્હેં માન્યું અને અકળાવા માંડ્યો. પણ જ્યાં સુધી ઉભા રહેવું પડે ત્યાં સુધી મ્હારા શાન્તમૂર્તિ મિત્રને રોકી રાખવાનો વિચાર કર્યો. એ તો ચાલવા માંડતા હતા પણ મ્હેં તેમની બ્હાંય પકડીને કહ્યું "શાન્તિપ્રસાદ, નહિ જવાય હમણાં. તમારે પણ અહીં મ્હારી સાથે પગે પાણી ઉતારવું પડશે." મ્હારો દુષ્ટ જીવ વેર લેવા તલપી રહ્યો હતો; મ્હેં ઉમેર્યું. "તમે મ્હને મોડું કરાવ્યું તો હું પણ તમને મોડું કરાવીને બદલો લઉં ત્યારે જ ખરો."

"અરે વિનોદ, એ શું બોલ્યા?" પછી ઉપદેશ દીધો: "क्षमा वीरस्य भूषणम् । એમ મિત્ર તરફ વૈરવૃત્તિ રાખીએ? ચાલો સાહેબજી, હું જઇશ; વિદ્યુતકુમાર પાછા બ્હાર નીકળી જશે" એમ કહેતાં મ્હારો હાથ બળ કરીને છોડાવીને ત્હેણે તો ચાલવા માંડયું. મ્હેં દાંત કચકચાવ્યા. ટ્રામ આવતાં લગી બીજું કાંઈ કામ નહિ હોવાથી બરબડાટ શરૂ કર્યો:—"અને મ્હારા પ્રોફેસર બ્હાર નીકળી ગયા હશે તેનું શું? તે માટે કોણ જવાબદાર? તમારા જેવા આત્મા પરમાત્માની ડાહી ડાહી વાતો કર્યા કરે પણ સ્વાર્થ ક્યાં કમી થાય છે તમારા દીલમાંથી? મ્હને નુકસાન થાય તેનું કાંઇ નહિ, ને પોતાનો વારો આવે ત્યારે છટકી જવું! શી દાંભિકતા છે દુનિયાંની!"

કેટલીક વારે ટ્રામ આવી એટલે હું કોર્ટમાં ગયો. અલબત્ત પ્રોફેસર સાહેબ ઘેર નહોતા. તેમનાં મડમે કહ્યું કે તમારી ઘણી ઘણી વાટ જોઇને હમણાં જ એ ગયા. મ્હેં દીલગીરી દર્શાવી ને માફી ચાહી. હું હેઠળ ઉતરવા લાગ્યો એટલે મડમ સાહેબે પાસે બેઠેલી પોતાની સખીને ધીરેથી કહ્યું "આ હિંદીઓમાં

નિયમિતપણું ક્યારે આવશે ? પાંચનો ટાઇમ આપીને ચાલ્યા ચાલ્યા સાડા છએ તો આવે છે. આમ હોમરૂલ લેવાતાં હશે ?" એ ધીરા પણ સ્પષ્ટ શબ્દો મ્હારે કાને પડ્યા. હિન્દીઓ અને હોમરૂલનાં કેટલાંક વગોવણાં શાન્તિપ્રસાદ સરખાં આર્યરત્નોને આભારી હશે ત્હેનો વિચાર કરતો કરતો હું ઘેર પાછો ગયો.

૬

બીજે દહાડે હું મ્હારા એ મિત્ર–શત્રુને ઘેર જવાને તૈયાર થતો હતો. મ્હારા મનમાં હતું કે આજે તડ ને ફડ બધું સંભળાવીને તેમની શાન્તિનાં પરાક્રમો તેમની આગળ વર્ણી બતાવવાં. એટલામાં મ્હને યાદ આવ્યું કે એ જ શાન્તિના શાન્ત બોલને પરિણામે એક વાર મ્હારો જીવ બચ્યો હતો. મ્હારે શું કરવું ત્હેનો મ્હને વિચાર થઇ પડ્યો. જુનો ઉપકાર યાદ લાવીને તેમને જતા કરવા કે તાજી ઇજાને માટે ઉધડા લેવા ? છેવટે મ્હેં બીજો માર્ગ પસંદ કર્યો. શ્રીયુત સાથે સખત ટપાટપી કરવાનું નક્કી કર્યું. આ રીત હું પસંદ કરૂં તેમાં નવાઈ નથી. માણસજાત પહેલેથી જ નગુણી છે. તેમ ન હોત તો શેક્સપીઅરે એમ ન લખવું પડત કે માણસનાં બીજાં સત્કર્મો આપણે રેતી પર લખીએ છીએ અને દુષ્કર્મો પીત્તળની તખ્તી પર અમર કરીએ છીએ. અને મ્હારા હૃદયની તખ્તી પર પણ ગઇ કાલનું અપમાન તાજું જ કોતરાએલું હતું એટલે બળતે હૈયે હું ઘેરથી નીકળ્યો. રસ્તે ચાલતાં આસપાસ શું હતું તેનું કાંઇ ભાન નહોતું. નીચું ઘાલીને સડસડાટ હું ચાલ્યો જતો હતો. અને એક બે વાર તો બોજા સહિતના મજુરો સાથે અથડાતો સ્હેજમાં રહી ગયો. જો અથડાયો હોત તો એ બોજો ધબ્બ દઇને મ્હારી પર ઉતરત અને મ્હને ત્યાં ને ત્યાં જ "શાન્ત" કરી નાખત. પણ મ્હારે

સુભાગ્યે " પૂર્વજોનાં પુણ્ય " આડાં આવ્યાં (આવે વખતે પૂર્વજોનાં જ પુણ્ય આડાં આવે છે, આપણાં નહિ; કેમકે તેઓ પુણ્યની પ્રતિમારૂપ હતા, આપણે પાપનાં પુતળાં છીએ; પુણ્યનો ઇજારો ઇશ્વરે તેમને જ આપેલો ને પાપનો આપણને. હતભાગ્ય આપણાં કે આપણે પૂર્વજો તરીકે નહિ ને પશ્ચિમજો તરીકે જ જન્મ્યા !) આમ પૂર્વજોની છાયાથી રક્ષાયેલો હું મ્હારા મિત્રને ત્યાં સહીસલામત પહોંચ્યો અને ધડધડાટ કરતો દાદર ચડ્યો. બહાર જોડા ઉતાર્યા અને અંદર જવાને પગ ઉપડતો હતો ત્યાં તેમનો ધીરે ગંભીર સ્વર બહારથી જ સંભળાયો:

શોધે અમારાં સહુ શાસ્ત્ર શાન્તિને,
બોધે અમારા સહુ સાક્ષી શાન્તિ તે;
એ છે મહામંત્ર સદાય આર્યનો,
થશે મહામંત્ર નૃલોક સર્વનો.

સાંભળતાં જ મ્હારો ક્રોધાગ્નિ વધારે પ્રજ્વલિત થયો: "હજી આની શાન્તિ જતી નથી ? હજી એનું એ જ પીંજણ ? મ્હને આટલું નુકસાન કરાવ્યું. દેશ આખાને અપમાન કરાવ્યું અને હજી ' શાન્તિ શાન્તિ ' કર્યા કરે છે ?" ધડાક કરતું મ્હેં તેમના ખંડનું બારણું ઉઘાડ્યું.

" અરે શું શાન્તિપ્રસાદ, રાતદહાડો તમારી શાન્તિનો જાપ જપ્યા કરો છો ? શાન્તિએ ગઇ કાલે કેટલો દાટ વાળ્યો ત્હેની કાંઇ ખબર છે તમને ? મ્હને તો ખોટ ગઈ પણ આખા હિન્દને મ્હેણું મળ્યું, તમારા એ મહામંત્રના પ્રતાપે તો !"

જ્વાળામુખી સમો હું ભડભડી ઉઠ્યો પણ મ્હારા મિત્ર તો પ્રશાન્ત વહેતી શરદની સરિતા સરખા હતા.

" શાન્ત પડો, વિનોદ, શાન્ત પડો " અમી વર્ષતી મીટ મારા પર માંડતાં તેમણે કહ્યું; એમ જરાજરામાં ત્રીજું લોચન ઉઘા-

ઠીએ નહિ" મ્હેં કપાળે હાથ ફેરવ્યો; લોચન બોચન તો ત્યાં હતું નહિ, પરસેવો હતો. તે મ્હેં રૂમાલથી લુછ્યો.-" ના, હજી ઉઘડ્યું નથી, પણ સંભવ હતો. બેસો, અહિં આ ખુરસી પર આવો. જરા પાણી બાણી પીઓ ને સ્વસ્થ થઇને મ્હને સમજાવો કે આટલું બધું શું છે."

તેમને ખુલાસા માટે આતુર જોઇને હું ઠંડો પડ્યો. લોચન વિશેની મશ્કરી સ્મિત સાથે ગળી ગયો. અને કાલે છુટા પડ્યા, તે પછીનો વૃતાન્ત સરવાળા ને ગુણાકાર સાથે જણાવ્યો. પાછળથી એ મનોવૃત્તિની પરીક્ષા કરતાં મ્હને જણાયું કે તે સુધારો-વધારો થોડે ભાગે મ્હારા આવેશને લીધે અજાણતાં થયો હતો, અને થોડે ભાગે એમની ઉત્કટ કલ્પના પર સચોટ અસર કરવાને જાણી જોઇને કરેલો હતો. બધી બીના એ પ્રમાણે વર્ણવ્યા પછી મ્હેં કહ્યું.

"કહો શાન્તિપ્રસાદ, હવે તમારી શાન્તિ છોડશો કે નહિ? તેનાથી મ્હને કે તમને જ નહિ પણ આખા દેશને ખમવું પડે છે. તમે કહો છો તેમ શાન્તિમંત્ર હશે કોઇક દિવસ આર્યોનો મહામંત્ર, પણ હવે તો તેનાથી આપણામાં બ્હીકણપણું ને દાસત્વ આવી રહ્યાં છે અને વળી પરદેશીઓની આંખમાં હલકા પડીએ તે તો જુદું."

"વિનોદ, તમારી ભૂલ છે, તમે એ વાત સમજતા નથી. સમજી શકો તેમ નથી." મ્હારા ઉંડા, નિર્લજ્જ જડવાદ માટે મ્હને શરમ આવી-" જે વિદેશીઓનાં મીઠાં વચન ને મીઠી નજર માટે તમે ને તમારા જેવા ઉપરતળે થઈ રહ્યા છો તેમનામાં આટલી અશાન્તિ ને દોડધામ છે તેને લીધે તો એ પ્રજાઓ પેલા નામચીન મહાયુદ્ધમાં પાયમાલ થઇ ગઇ. તાજો જ ઇતિહાસ આમ વિસારો છો તો પ્રાચીન ઇતિહાસમાંથી-

આર્યોના પુરાતન ને પુણ્યવંતા ઇતિહાસમાંથી–તમારા જેવા શી રીતે પ્રેરણા ઝીલી શકશે?"

"એ તો જોઇશું, કાંઇક સગવડ કરશું; પણ મ્હારા બીજા સવાલનો શો જવાબ? શાન્તિના અવળા ઉપયોગથી આપણે આપણું હીર ખોયું તેનું કેમ? આપણું આખુંએ જીવતર લૂખું ને ઉદાસીભરેલું છે તેનું કેમ? એ પ્રતાપ તમારા પુણ્યવન્તા ઇતિહાસ ને ફીલ્સુફીના કે કોઇ બીજાના?

"એ પણ ભૂલ છે, વિનોદ. શાન્તિના આનન્દ અનેરા છે, ત્હેની શક્તિ અપાર છે. તેનાથી કશી યે હાનિ કે અવનતિ સંભવે જ નહિ; સાંભળો.

શાન્તિ નથી રાજવી! કાંઇ ભીરુતા,
શાન્તિ નથી રાજવી! કાંઇ શૂન્યતા,
શાન્તિ નથી રાજવી! કાંઇ હીનતા,
છે શાન્તિ સંવાદ, વિકાસ, આર્યતા."

જાણે હું જ તેમનો "રાજવી" હોઉં તેવી રીતે મ્હારી ભણી ડોકનો લ્હેકો કરીને અને તર્જની આગળ ધરીને તેમણે આ શ્લોક ગાયો. એ ગાઈ રહ્યા કે તરત ખંડનું બારણું ઉઘડયું અને ઉત્સાહ ને સ્ફુર્તિના અવતાર સરખા વિદ્યુત્કુમાર અંદર આવ્યા. તેમની આવી ચપળતા ને તેજ જોઇને મ્હને લાગ્યું કે ગુણાનુસાર નામ પાડનાર કોઇક ધનકોર ફોઇ તેમને પણ મળ્યાં હશે.

"ઓહો વિનોદકાન્ત? તમે ક્યાંથી?" મ્હને જોઇને વિદ્યુતકુમાર બોલ્યા અને અમે બંને બેઠા હતા તે ભાગમાં એક ખુરસી લાવીને તે પર ગોઠવાયા.

"આ શાન્તિપ્રસાદને જરા મળવા આવ્યો છું." મ્હેં કહ્યું; અલબત્ત, આ જુઠ્ઠું હતું–હું તેમની સાથે લ્હડવા ગયો હતો,

મળવા નહિ; પણ સાચી વાત એમ ઝટ દઇને કહી દઇએ તો પછી આપણે " વ્યવહારજ્ઞાની " શાના ? વ્યવહારપ્રેમી ને સત્યપ્રેમી તો જન્મોજન્મના દુશ્મન છે.

" ઠીક. પણ એમની પેલી 'શાન્તિ'થી ચેતતા રહેજો હોં ! મ્હને ઘણા અનુભવ થયા છે ત્હેના–તીખા ને તમતમતા. ને હમણાં હું આવ્યો ત્યારે પણ એ એમની માનીતી પરમ શાન્તિનો જ કાંઇક શ્લોક ગાઈ રહ્યા ને ? મ્હેં તો દાદર પરથી સાંભળ્યો. ત્યારથી જાણ્યું હતું કે ભાઇસાહેબને ફરી આજે ઘેલું લાગ્યું છે. "

" વિદ્યુત, શા માટે વગર લેવેદેવે શાન્તિને હીણી પાડે છે ?" કચવાતે દીલે, દયામણે મ્હોએ શાન્તિના અનન્ય ભક્તે બચાવ આપ્યો; "તમારા સૌના નસીબમાં એ દૈવી વસ્તુ નહિ એટલે તમને ઈર્ષ્યા થતી લાગે છે."

" ના, ઈર્ષ્યા અદેખાઈ કાંઇ નહિ; અમારાં અન્તર તો પવિત્ર છે–નિર્મળ કાચ જેવાં," પવિત્રતાના મહાપ્રેમી તરીકે મ્હેં સ્હામો બચાવ કર્યો; " પણ મ્હને કાલે થયો તેવો અનુભવ તમારી અલૌકિક શાન્તિ કરાવે ત્યારે પણ તમે એ અવળા વિચાર ન બદલો ? "

આ સાંભળી વિદ્યુતકુમારે એ અનુભવ જાણવાની આતુરતા બતાવી એટલે વળી ગઈ કાલની ઘટના વધુ મસાલાદાર બનાવીને તેમની સ્વાદપ્રિય જીભને માટે મેં સફાઇથી એ વાની પીરસી. તે સાંભળ્યા પછી કાંઇક આશ્ચર્યથી, કાંઇય રોષથી તે શ્રીયુત તરફ ફર્યા.

" હેં શાન્તિપ્રસાદ, ખરી વાત કે ? "–શ્રીયુતે ધીરેથી ડોકું હલાવીને હકારમાં ઉત્તર આપ્યો.–" યાદ રાખજો શાન્તિપ્રસાદ" વિદ્યુતે એક આંગળી ઊંચી કરીને ઉમેર્યું, " તમારી આવી

શાન્તિ કોઇક વાર તમને અવળે રસ્તે લઈ જશે. એ શાન્તિમાં વિકાસ નથી ને આર્યતા પણ નથી; તેનાથી ભીરુતા અને શૂન્યતા આવે છે એ નક્કી. તમારા એ કવિઓનાં વચન જરા વિવેકવિચારથી વાપરતા હો તો શું જાય છે?" પણ એ મહાત્મા તો નકારદર્શક ડોકું ધુણાવી રહ્યા હતા–જાણે કહેતા હોય કે 'નહિ, નહિ; એ તમારા દુનિયાંડાહ્યાઓના સ્વાર્થી ઉપદેશ છે. તમારા ભાગ્યમાં ક્યાંથી કે આવો રત્નચિંતામણિ લાધે? તમારો મનખો એળે ગયો. ખાખરાની ખીસકોલી આંબાનો સ્વાદ' ઇત્યાદિ.

પછી મારી તરફ ફરીને વિદ્યુતે પૂછ્યું, "વિનોદકાંત, હવે આપણે આમને અશાન્તિના ડોઝ આપવા માંડીએ તો કેમ? તમને એ જરૂરનું નથી લાગતું?"

"ઘણુંજ જરૂરનું છે." મ્હેં હસતાં હસતાં કહ્યું; "પણ શી રીતે એમને એ આપશું?" આમ કહી મ્હેં શાન્તિપ્રસાદ ભણી જોયું. અકળાટ ગભરાટનાં ચિન્હો તેમના ચ્હેરા પર તરવરવા લાગ્યાં હતાં. અશાન્તિનો પહેલો ડોઝ આમ અપાઇ ચૂક્યો; બીજા માટે વિદ્યુત્કુમારના ફળદ્રુપ ભેજામાં યોજના તૈયાર હતી.

"એમાં શી મ્હોટી વાત?" મ્હારા પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું. "તેમને લઈ જઇએ થોડા દહાડા એકાદ સીનેમા થીએટરમાં, એટલે શાન્તિઘેલું મન આપમેળે અશાન્તિ સમજશે ને શીખશે."

શ્રીયુતના મુખ પરની અશાન્તિની ઓછી લહરિઓમાં એકદમ ભરતી આવી. "ના. ના. વિદ્યુત, મ્હને માફ કર." બંને હાથ આડા ધરતાં એ બોલી ઉઠયા. "એવી ધાંધલધમાલથી ઉભરાતી જગ્યાએ હું ક્યાં આવું? મ્હારાથી એ બનેજ કેમ? તમે તમારે જાઓ જવું હોય તો." પછી કંઈ પ્રેરણા

થઈ આવતાં ઉમેર્યું, “ લ્યો, હું તમને ટીકીટના પૈસા આપું જોઇએ તો.” કર્ણ દાનેશ્વરીએ આમ કહીને ખીસ્સામાંથી પાકીટ કહાડયું.

“અરે વાહ, શાન્તિપ્રસાદ! અમને ભીખારી ભીખારી સમજ્યો કે શું ?” વિદ્યુતકુમારે કહ્યું “તમારી એ લાંચરૂશ્વત અમારી આગળ નહિ ચાલે—કંઇ રેલ્વે કે પોલિસનાં માણસ આગળ ચાલે, સમજ્યા ? અમારે તો તમારા જ હિતને માટે તમને લઇ જવા છે અને તમારે આવવું જ પડશે.”

“ હું નહિ આવું.”

“ નહિ આવો કેમ ? ઉંચકીને લઇ જશું. આ જુઓ ‘છ તો ખરાને કે અમે બે જબરા છીએ ને તમે એક નબળા છો?”

મ્હને હસવું આવ્યું પણ અશાન્ત થઇ ગએલા શાન્તિ-પૂજકની સ્થિતિ દયાજનક હતી. તે કાંઇ બોલ્યા નહિ પણ તેમના દીન વદનથી તેમના અન્તરમાંની પ્રાર્થના બહાર પડી આવતીઃ “ હે ભગવાન ! મ્હારા મિત્રોથી મ્હને બચાવ્ય ! ત્હારા આ શાન્તિસેવક દાસની વ્હારે એક વાર તો ધા ! આજ સુધી મ્હેં ત્હારી મદદ નથી માગી પણ પ્રભો ! હવે વખત આવ્યો જણાય છે. અહો વ્હાલા ! તું નરસૈયાની વ્હારે. કેટલી વાર ચ્હડયો હતો ? ગજેન્દ્રને કેવો ઉગાર્યો’તો ! ત્યારે નાથ ! મ્હને પામર પ્રાણીને એક વાર મદદ નહિ દે ?”

પણ ભગવાન તો નિશ્ચિન્ત જીવે શેષશય્યા પર પ્હોઢી ગયા હશે, કે ચરણ ચાંપતાં લક્ષ્મીજીના કોમળ કરસ્પર્શને આલ્હાદથી ઉપભોગતા હશે, કે ગરૂડનાં મધુરાં પ્રશંસાવચનની કદર કરવામાં રોકાઇ ગયા હશેઃ ગમે તેમ, પણ પ્રાર્થના તેમના કાન સુધી પહોંચવા પામી નહિ ને આધુનિક નરસૈયાને નાથ વિના ચલાવવું પડયું. નાથની બેદરકારીના ખુલાસા

તરીકે કૈં કૈં વિચારો મ્હારા મનમાં સ્ફુર્યા; "એ ઉંઘતા દેવને આ શીદ વીનવતા હશે ? કળજુગમાં તો એક માતાજી જ જાગે છે ને ? ત્હેને પ્રાર્થ્યા હોત તો એ મહિષાસુરમર્દિની જરૂર આ પોતાના અનન્ય ભક્તને ઉગારવાને મહિષાસુર જેવા ક્રૂર પીડક આ વિદ્યુતનો વધ કરત."

કેટલીક વધારે આનાકાની પછી આખરે નછુટકે શ્રીયુતે ઉભા થઇને કપડાં પહેર્યાં, અને એજ મહાભયંકર મહિષાસુરના હાથમા હાથ ભેરવીને તેમને ચાલવું પડયું; મૂછતાં હસતો હું પણ એ બંનેની પાછળ નીચે ઉતર્યો.

૭

અમે દાદરો ઉતરી રહ્યા એટલી વારમાં તો શાન્તિપ્રસાદનું તીવ્ર દુઃખ ઓછું થવા માંડયું અને પોતાની લાક્ષણિક, ધીરી વાણીથી તેમણે વિદ્યુત સાથે વાતચીત કરવા માંડી.

અમે દાદરનું છેલ્લું પગથીઉં ઉતરતા હતા તેવામાં એક સાધારણ–પણ–અસાધારણ એવો બનાવ બન્યો. એક શ્વેતાંગના માર્જારકુમારી પોતાનાં અગ્નિમય નેત્રોથી અમારી સ્હામે જોતી જોતી પગથીયાં આગળથી પસાર થઇ ગઈ. હું ખંચાઇને એકદમ ઉભો રહ્યો. પેલા બે જણ તો વાતમાં ને વાતમાં આગળ ચાલ્યા. જરા રહીને વિદ્યુતે પાછું વળીને જોયું ને પૂછ્યું, "કેમ વિનોદકાન્ત, ઉભા કેમ રહ્યા ?"

પેલું દુષ્ટ જાનવર ચાલ્યું જતું હતું તે બતાવીને મ્હેં કહ્યું, "આ જોતા નથી ?"

"હા, એ તો બિલાડી છે–ત્હેનું શું ?"

"તેનું શું કેમ ? એ આડી ઉતરી !" ભયાનક ઉત્પાતની પળોમાં જેવું હૃદય ધડકે તેમ મ્હારૂં હૃદય ધડકતું હતું. ધ્રુજતે અવાજે મ્હેં આગળ ખુલાસો કર્યો; "એ આડી ઉતરી અને

હવે આપણે સીનેમા જોવા જઇએ, ને ત્યાં આગ લાગે, ને આપણી પાસે જ લાગે, ને તેમાં આપણે જ સહુથી પહેલા બળીએ, ને બળ્યા પછી મરી જઇએ–તો શું કરવું ? હું તો આજે નહિ આવું." એટલામાં શાન્તિપ્રસાદ પાસે આવી પહોંચ્યા. ને મ્હને દાદર ચ્હડતો જોઇને પૂછ્યું, "કેમ વિનોદ, શું છે ? ઉપર કેમ ચાલ્યા પાછા ? કાંઇ રહી ગયું લેવાનું ?"

"અરે રહી શું જાય ? " વિદ્યુતે ચ્હીડાઇને સમજાવ્યું; "તમે જેવા શાન્તિનું પૂતળું તો તેવા એ વહેમનું પૂતળું છે." પછી અકળાતાં મ્હને પૂછ્યું, "આવો છો કે અમે જઇએ ?"

હું તે સવાલના જવાબ તરીકે બે પગથીઆં વધુ ચહડયો: "ના, આજે તો મ્હારાથી નહિ અવાય; તમારે જવું હોય તો જાઓ. પણ જો જો હોં, સંભાળજો ! જલ્દી નાસી છુટાય તેવી જગ્યાએ બેસજો, ને દીવાથી તો દૂર ને દૂર જ રહેજો !"

વિદ્યુત્‌કુમાર આ ડાહી શિખામણનો કાંઇક ઉત્તર વાળવા જતાં'તા તેમને રોકીને શાન્તિપ્રસારક મહાભાગે મ્હને હાથમાં લીધો; "પણ વિનોદ", તેમણે કહ્યું, "અહિં તો આવો જરા, એક વાત કહું" તેમની મનામણી વાણીથી મ્હને પણ કાંઇક રાહત મળી. મ્હેં નીચે ઉતરવા માંડયું. તેમની પાસે પોંચ્યો એટલે શાન્તિપ્રસાદે મ્હારે ખભે હાથ મૂક્યો: "જુઓ, હું તમને સમજાવું," તેમણે કહ્યું, "એ બીલાડી આડી ઉતર્યાનો વ્હેમ કહાડી નાંખવાનો છે હવે, અને તે પણ સકારણ."

"સકારણ ? કારણ શું છે વળી ?" મ્હેં તડુકો કર્યો. "આપણા શાણા વડવાઓએ આટલા સૈકા સુધી સાચવી રાખ્યું તેને શું આપણે એક પળમાં જ કોઇ 'કારણ'ની મદદથી ઉડાવી દેવું એમ ?–અને તે કારણ પણ પેલા જડવાદી અંગ્રેજોએ શીખવેલાં ?"

"હવે 'જડવાદ' ને 'ચેતનવાદ' કરતા સાંભળો ને, સરખા રહીને, જે કહે તે !" વિદ્યુતભાઇ ભભૂક્યા.

હું બ્હીને બે પગલાં પાછળ હટ્યો.

શાન્તિપ્રસાદે જોયું કે બાજી બગડતી હતી તેમણે વિદ્યુત્કુમારને ફરીથી વાર્યા ને મ્હને પાસે બોલાવતાં કહ્યું, "વિનોદ, તમે ગભરાઓ મા. અહિં આવો. હું બધું ય સમજાવી દઉં."

હું તેમની સ્હામે આવીને ઉભો, અદબ વાળી ને બનાવટી હિમ્મત ને દમામથી કહ્યું "ચાલો બોલો શું સમજાવવાના છો ?"

"સાંભળો, એક જ વાક્યમાં સમજી જજો હોં !" આમ કહીને ભારપૂર્વક બોલ્યા "'બિલ્લી વાઘ તણી માસી'. સમજ્યા ?"

"શું સમજે કપાળ ?" કંટાળતાં મ્હેં કહ્યું, મ્હારી નિરાશાનો પાર નહોતો. મેં ધાર્યું'તું કે કોઇ અતિ ઉંડો ભેદ ખુલ્લો કરવાના હશે. "એ કહેતી તો ન્હાનાં છોકરાંને ય ખબર છે, તે બોલીને તમે મ્હારો વહેમ શી રીતે ટાળ્યો ?"

"તમે સ્હમજતા નથી. તમારી બુદ્ધિ કાંઇક ઓછી કુશાગ્ર છે. તેજીને ટુંકારો."

"ને ગધેડાને ડફણાં" વિદ્યુત્કુમારે પુરૂં કર્યું.

"વિદ્યુત્ ! સંભાળજો હોં, તમે બહુ ફાસ્ટ જાઓ છો," મ્હેં કહ્યું; ત્હેણે કાંઇ ગણકાર્યું નહિ. મેં શાન્તિપ્રસાદને કહ્યું. "લ્યો, તમારે હવે જે સમજાવવું હોય તે સીધી રીતે સમજાવો તો પાડ તમારો !"

"હા જુઓ, સમજો ત્યારે," ફરીથી ખભે હાથ મૂકતાં તેમણે કહ્યું "બિલાડી વાઘની માસી થાય એ વાત તો ખરીને?"

"હા, ખરી."

"અને વાઘ છે તે માતાજીનું માનીતું વાહન છે તે વાત પણ ખરી કે નહિ ?" "હા, પણ તેથી શું."

"અધીરા ન થાઓ; બરાબર સાંભળો મ્હારૂં કહેવું. હવે," ભારદર્શક વૃત્તિથી તર્જની આગળ ધરી, જરા હલાવીને મ્હારા ગુરૂજી બોલ્યા, "હવે માતાજીના માનીતા વાહનની જે સગી થાય તે માતાજીની પણ માનીતી જ હોવી જોઇએ ને ?"

"હોય વખતે. સંભવિત છે."

"'સંભવિત' નહિ, સત્ય જ છે." પોતાનો અભિપ્રાય પરાણે મ્હને વળગાડતાં એ બોલ્યા. હું પણ નમી ગયો કેમકે પરિણામ જાણવાની મ્હને બહુ ઉત્કંઠા હતી. "હા સત્ય છે," મ્હેં કહ્યું "ચાલો પછી ?"

"પછી તો સ્હેલું છે સમજવાનું !" સરલતા સૂચવતો હાથનો લ્હેકો કરતાં શાન્તિપ્રસાદે કહ્યું. "તમે જ વિચાર કરો કે માજીનું પ્રિય પાત્ર થઈ પડેલી એવી આ જે વાઘની અતલગની સગી બિલાડી, તેને આપણે અપશુકનીઆળ ગણીએ તેમાં માતાજીને કેટલું ખોટું લાગે ? વળી, પોતાની મનોહર માશીને થએલું અપમાન વાઘ પણ કેમ સાંખી રહે ? તે અપમાનનું વેર માજી પર લેવાનો વિચાર કરે અને તેઓ તેની પર સ્વાર થઇને જગતચર્યા જોવા જવાને તૈયાર થાય, ત્યારે વાઘ અડીયલ ટટ્ટુ બની જાય, ઘોડાહઠ જેવી વાઘહઠ કરવા લાગે, અને અપમાનનું સમાધાન થતાં સુધી ત્યાં ને ત્યાં જ ચીટકી રહેવાની પ્રતિજ્ઞા કરીને માજી જોડે અસહકાર કરે તો તેઓ આપણા પર કેટલાં રોષે ભરાય ? માટે બિલાડીને તુચ્છકારવી ન જોઇએ, સત્કારવી જોઇએ. બહાર જતી વખતે એ આડી ઉતરે તો માતાજીની કૃપા સમજવી, અને જે દહાડે તે આડી ન ઉતરે તે દહાડે નક્કી માનવું કે આજે કાંઇક નવું જૂનું થવાનું. સમજ્યા ?"

આ માર્જાર-ફિલ્સુફી સાંભળીને હું તો ચકિત જ થઇ ગયો અને દેવીભક્ત ધનકોર ફોઇની તીક્ષ્ણ બુદ્ધિનું જ એ

પરિણામ હોવું જોઇએ એ મતલબની સૂચના શ્રીયુતને કરી. પોતે જશ ખાટવા માટે શ્રીયુતે તે સૂચનામાં "બહુ સત્ય નહિ હોવા"નું જણાવ્યું.

વિયુતના મન પર પણ ઘણી અસર થઈ. "શાબ્બાસ, શાન્તિપ્રસાદ! તમે બહુ મ્હજેનો ઉપાય ખોળી કાઢ્યો હોં!" તેમને ઉંચકીને લઈ જવાની ધમકી આપનારે હવે માખણ પીરસવા માંડ્યું; "ચાલો વિનોદકાન્ત, હવે તો તમે આવશો ને!"

મ્હેં હા કહેવાથી અમે ત્રણે જણ ગાડી કરીને સીનેમા થીએટર તરફ ગયા.

ત્યાંની ધમાલ ને ઘોંઘાટથી શાન્તિના પરમપૂજક કેટલા અકળાઇ ગયા, અસંખ્ય માણસોને ક્ષણિક સુખની પાછળ ઘેલાં થતાં જોઇને કેટલા દુઃખી થયા, દુર્બળ કાયાને પ્રતાપે ભીડની અંદર કેટલા દબાયા, ચિત્રોમાંના હેબતનાક બનાવોથી કેટલા ગાભરા પડી ગયા, પાત્રોની પ્રેમચેષ્ટાના અતિરેકથી કેટલા છેડાઇ પડ્યા, હસવાનું આવે તો પણ ગંભીર રહેવાનો ડોળ કરીને કેટલા મૂર્ખ બન્યા, અને આ સઘળી અશાન્તિ, કૃત્રિમતા ને ભોગવિલાસને આપણી શાન્તિપરાયણ પુરાણ પવિત્ર ભરતભૂમિમાં આણનાર પેલી પાપણી પાશ્ચાત્ય સંસ્કૃતિને કેટલા શાપ દીધા—એ સર્વના વિસ્તારી વર્ણન માટે હવે અવકાશ નથી. આટલું જ કહેવું બસ છે કે સીનેમાનાં દર્શન કરાવીને તેમની શાન્તિપ્રિયતા તોડવાનો અમારો યત્ન સર્વથા નિષ્ફળ ગયો. તે દિવસથી શાન્તિપ્રસાદ વધારે શાન્ત, વધારે સ્થિર, વધારે ગંભીર અને જડસુ થવા માંડ્યા.

પ્રોફેસરાષ્ટક

છો જ્ઞાનના જગતના જગદીશ્વરો ને,
બુદ્ધીશ્વરો બૃહત છો મંનદેશ મધ્યે;
પ્રજ્ઞાન વિશ્વ તણું મસ્તકમાં ભરો છો,
ને આંકડો હૃદયજ્ઞાન તણો ન જાણો.

અભ્યાસના ગૃહ મહીં બહુ વેળ ગાળો,
ને પ્રેમભૂખી નિજ પત્ની સદા વિસારો;
ઉન્હાં ઉન્હાં નવ કરો કદી ચુમ્બનો કો,
ટ્હાડાંજ છેક કરી ચુમ્બન, દુઃખ દ્યો છો.

ફિલ્સુફીમાં ધીરજના બહુ પાઠ શીખ્યા,
ને હોય ના જીવનમાં કંઇ ધૈર્ય રાખ્યાં;
કો દિન દાળ મહીં મીઠું પડે વધારે,
તો તુર્ત પત્ની સહ ભવ્ય લડાઇ જાગે.

એ રીસથી ઉકળતે હૃદયે તમે જો,
બેસો પરીક્ષક બની, પછી ભોગ તો તો;
બે માર્ક કાજ બધું જીવન બાળી મૂકો,
એ પુણ્યનાં કયી જીભે કરૂં હું વખાણો?

શિષ્યો થકી અયુત યોજન દૂર ન્હાસો,
ને ગર્વના શિખરથી સઘળું વિલોકો;
વર્ગો મહીં ય તમ ભાષણની શી જેમ,
કે આપબોલ્યું સમજો બધું આપ એક.

જે પાઠ પુસ્તક મહીંથી પઢાવતા એ,
સૌ નિત્ય એક જ ઘરેડ મહીં ઘડાયે;
ના ચારુતા, નહિ જ ચેતન રેડી શકતા,
ને નોટ્સ લાંબી અતિ લુખ્ખી લખાવતા'તા.

ધીમી સગૌરવ રુડી તમ ચાલ મધ્યે,
આડંબરી, અકળ, કર્કશ વાણી મધ્યે;
ભારે ભર્યા શકટ શી તમ શૈલી મધ્યે,
પાંડિત્યનાં પરમ દુઃખદ દર્શનો છે.

ઓ જ્ઞાનમૂર્તિ ! સ્તુતિ કાજ તમારી પૂરી,
કો કાલિદાસ તણી કાવ્યકલા અધુરી;
તો શાં ગજાં મુજ સમા અતિક્ષુદ્ર કેરાં ?
પ્રોફેશ્વરો ! ફુલ નહિ, ફુલપાંખડી આ.

इति श्रीमता कविराजेन कर्कप्रसादाचार्येण
विरचितमिदं प्रोफेश्वराष्टकं संपूर्णम् ।
ॐ शांतिः शांतिः शांतिः ।
सर्वे प्रोफेश्वराः सुखिनो भवन्तु ॥

સાલવારી